

આવરણ રંગ · સ્કેચ : મહેન્દ્ર મિસ્ત્રી
જુઓ : આ અંકમાં 'કલાપાનાં'

કુમાર

સળંગ અંક
૬૨૦

સંસ્થાપક : રવિશંકર રાવળ
તંત્રી
બચુભાઈ રાવત

વર્ષ બાવનમું · અંક આઠમો · માહે ઑગસ્ટ · ઈસ્વી સન · ઓગણીસસો પંચોતેર



કુમાર

ઑગસ્ટ ૧૯૬૫ · અંક ૬૨૦

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ ૨-૫૦



ઉત્પાદક

આઈ. એલ. પી. કું.

૯, દલાલ સ્ટ્રીટ, મુંબઈ-૧ (ફોન : ૩૭૨૭૬૬)

ગુજરાતના એજન્ટ

જે. હરિશ્ચન્દ્ર ઍન્ડ કું.

પોટલિયાવાડ · નવસારી

મુંબઈના એજન્ટ

આર. ડી. શાહ ઍન્ડ કું.

૧૩૫, વી. પી. રોડ, પ્રાર્થના સમાજ
મુંબઈ-૪ (ફોન: ૩૬૦૮૧૯)

વાચકો લખે છે...

સિંહ સંવત-૧

અંક ૬૧૭માં પોરબંદરના ગોસ્વામી મોહનપુરીની 'સિંહ સંવત' અંગે વિશેષ સ્પષ્ટતા વાંચી. સાથે સોંદરડાના શ્રી રાજેન્દ્રસિંહ રાયજાદાનો રા' ખેંગારે સિંહ સંવત પ્રવર્તાવ્યો હશે તેવો તર્ક પણ વાંચ્યો. શ્રી રાજેન્દ્રસિંહની રા' ખેંગારે સિંહ સંવત સિદ્ધરાજના યુદ્ધમાં રોકી-રાખવા બદલ ચલાવ્યાની વાત કોઈ પણ ઇતિહાસના સશે પ્રકન ગળે ઊતરે તેવી નથી. વળી, રા' ખેંગારના નામ સાથે 'સિંહ' શબ્દ જોડાએલો નથી. જો રા' ખેંગારે સિંહ સંવત ચલાવ્યો હોય તો તેને 'ખેંગાર સંવત' તરીકે ઓળખાવતે, જેમ બન્યુ નથી. તે જ પ્રમાણે સિદ્ધરાજ જયસિંહના નામ પાછળ છેડે 'સિંહ' શબ્દ આવે છે, પરંતુ સંવત પ્રવર્તક પોતાનું આખું નામ આપે; એટલે 'જયસિંહ સંવત' કહેવાત, પરંતુ તેમ પણ બન્યું નથી. આ બે તર્કો સાથે શ્રી ગોસ્વામી મોહનપુરી સ્પષ્ટ રીતે ધૂમલીના રાણા સિંહે સિંહ સંવત ચલાવવાનું મંતવ્ય આધારસહિત રજૂ કર્યું છે. વિસાવાડાના લેખનો (હું જાણું છું તેમ) તેમના પાસે ફોટોગ્રાફ પણ છે. તેમણે કરેલી વાચના સ્પષ્ટ શબ્દોના આધારે છે. આમ સમગ્ર દૃષ્ટિએ અત્યારના ઉપલબ્ધ પુરાવાઓની નજરે ધૂમલીના રાણા સિંહે જ સિંહ સંવત સૌરાષ્ટ્રમાં જ ચલાવ્યાનું માનવામાં કશો વાંધો જણાતો નથી.

(ભુજ-કચ્છ) —કંચનપ્રસાદ કે. છાયા

૨

'કુમાર' એપ્રિલ '૭૪માં 'સિંહ સંવત સાથે સિદ્ધરાજનો કોઈ મેળ નથી' એ મતલબના મારા પત્રનો 'કુમાર' ઑગસ્ટ '૭૪માં શ્રી કંચનલાલ કે. છાયાએ તથા શ્રી હરિપ્રસાદ શાસ્ત્રીએ જે ઉત્તર વાળ્યો તેમાં શ્રી છાયા મને સમજી શક્યા છે અને મારી સાથે સહમત જણાય છે, જ્યારે શ્રી શાસ્ત્રીએ અતિવ્યાપ્તિનો દોષ વહોરી લઈ હું ગોસ્વામી મોહનપુરીનો મત પ્રચાવતો હોઈશ એવી અટકળ બાંધી લીધી છે; અને આ કંઈ નવીન નથી, કારણ કે ગુજરાતના ઇતિહાસક્ષેત્રે હકીકત કરતાં અટકળોનું જ પ્રાધાન્ય જોવા મળે છે. સિંહ સંવત વિષે પણ આવું જ થયું છે. આજથી લગભગ ૮૦ વર્ષ પર બૉમ્બે ગૅઝેટીઅરે 'સિંહ સંવત સિદ્ધરાજે પ્રવર્તાવ્યો હશે' એવી જે અટકળ બાંધી તે પરત્વે કશો જ તર્ક કર્યા વિના આપણે તેને સ્વીકારતા આવ્યા છીએ। સિંહ સંવત સિદ્ધરાજ જયસિંહે નથી પ્રવર્તાવ્યો તેના સમર્થનમાં થોડાક મુદ્દાઓ અહીં રજૂ કરું છું:

(૧) સિંહ સંવત સૌરાષ્ટ્રના દક્ષિણ-પશ્ચિમ કિનારે જ મળે છે; સિદ્ધરાજે શરૂ કર્યો હોત તો સમગ્ર ગુજરાતમાં મળત.

(૨) સિંહ સંવતવાળા જે શિલાલેખો છે તેમાંથી એકેયમાં સિદ્ધરાજનું નામ પ્રાપ્ત નથી કે નથી સૂચવાતો એની સાથેનો કશો જ સબંધ.

(૩) 'સિદ્ધરાજે નવો સવત શરૂ કર્યો' એવો વાઙ્મય પુરાવો પણ એકે નથી.

(૪) રાજાએ પોતે જે સંવત ચલાવ્યો હોય તેનો ઉપયોગ રાજા પોતે તો પોતાના લેખમાં કરે જ, જનતામાં તે પ્રચલિત ન થયો હોય તો ય. ત્યારે અહીં પરિસ્થિતિ ઊલટી છે: સિંહ સવત વિ સં. ૧૧૭૦મા શરૂ થયા પછી આજ સુધીમાં સિદ્ધરાજના કે સિદ્ધરાજના સમયના જેટલા શિલાલેખો, તામ્રપત્રો, ગ્રંથોની પુષ્પિકાઓ મળ્યાં છે તેમાથી એકેમાં સિંહ સવત નથી.

(૫) સિદ્ધરાજને અંતિમ કાળમાં આ સંવત શરૂ કરવાનું સૂઝ્યું હોય અથવા સિદ્ધરાજના સોરઠ-વિજયની યાદમાં તેના કોઈ વંશજે આ સંવત શરૂ કર્યો હોય તો સ્વાભાવિક છે કે સિદ્ધરાજ પછીના તેના વંશના રાજાઓ આ સંવતનો ઉપયોગ કરે; જ્યારે પ્રાપ્ત હકીકત એ છે કે સિદ્ધરાજ પછીના એક પણ સોલકી નરેશના લેખમાં સિંહ સંવતનો ઉપયોગ થએલો નથી. અહીં સ્પષ્ટતા કરી દઉં કે સિંહ સંવત ૩૨વાળો માંગરોળની વાવમાથી મળેલો લેખ કુમારપાળના રાજ્ય સમયે માંગરોળમાં જે ગુહિલરાજ સોમ તથા મૂલુક છે તેનો છે, તેમજ સિંહ સવત ૬૦વાળો પ્રભાસપાટણનો લેખ તો તદ્દન ખોટી રીતે જ કુમારપાળને નામે ચડેલો છે. શ્રી હરિપ્રસાદ શાસ્ત્રીએ 'સ્વાધ્યાય' ઑગસ્ટ '૭૧માં તેન 'કુમારપાળના સમય'નો કહ્યો છે તે પણ ખોટું છે. સિંહ સંવત ૬૦ અને વલભી સંવત ૮૫૫ના વિક્રમ સંવત કાઢીએ તો ૧૨૩૦ થાય છે. આ સમયે અણહિલવાડ પાટણની ગાદીએ કુમારપાળ છે જ ક્યાં? વિ. સં. ૧૨૨૯થી અજયપાળ આવી ગયો છે. અતઃ આ લેખ અજયપાળના સમયનો છે. આ જ રીતે ભીમદેવ બીજાને નામે સિંહ સંવતવાળા જે બે લેખો ગિરજાશંકરે નોંધ્યા છે તેમાંથી એક સંવત ૯૩વાળો, વિ. સં. ૧૦૯૩નો ભીમ પહેલાનો સિદ્ધ થતો હોય ત્યાં સિંહ સંવત જ નથી. બીજો વિ. સં. ૧૨૬૬ અને સિં. સં. ૯૬વાળો ભીમદેવ બીજાનો નથી પણ તેના રાજ્ય સમય દરમ્યાન 'કોક ઊતરતા દરજ્જા'ના માણસોના છે. આમ આ ખવામાંથી સિંહ સવતવાળો એક પણ લેખ સોલંકી સરકાર દ્વારા લખાએલો નથી.

(૬) સિદ્ધરાજે સોરઠ જીત્યો તેની યાદમાં આ સંવત શરૂ થયો મનાય છે, પરંતુ સિદ્ધરાજનો સોરઠ-વિજય એક તુફાનથી વિશેષ જણાતો નથી. વંટોળિયાની જેમ તે જૂનાગઢ ઉપર ચડી આવ્યો અને ખેંગારને કેદ કરી, સોમનાથની યાત્રા પતાવી તે પાછો પાટણ નહિ પહોંચ્યો હોય ત્યાં જ સોરઠે એકત્ર થઈ તેની સત્તા ફગાવી દીધી હશે. આ સમયે સોલંકી સત્તાને પાછી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવનારને 'સોલંકી ખાની કીર્તિ કસંક્તિ કરનાર' વિશેષણ મળ્યુ હશે અને સાચો સોરઠ-વિજય તો કુમારપાળ દ્વારા સિદ્ધ થયો જણાય છે. વિ. સં. ૧૨૦૯, ૧૩૧૯ વગેરેના કિરાડુમાંથી પ્રાપ્ત શિલાલેખો સ્પષ્ટતઃ કુમારપાળે નડૂલના ચૌહાણ આલ્હણદેની મદદથી સૌરાષ્ટ્ર જીત્યાની હકીકત પૂરી પાડે છે (એપિગ્રાફિયા ઇન્ડિકા વૉ. ૯) આ તો જ શક્ય બન્યું હોય જો સિદ્ધરાજનો સોરઠવિજય ક્ષણજીવી હોય. સ્પષ્ટ છે કે સિદ્ધરાજનો સોરઠવિજય સ્થાયી બન્યો હોય તો તો કુમારપાળને ફરી તે જીતવાપણું રહે નહિ.


વળી સોરઠની બહાર ક્યાંય સિંહ સંવત મળતો નથી એટલે સોરઠ પૂરતો જ આ સંવત સીમિત રાખ્યો.' એવી અંતિમ કક્ષાની દલીલ પણ શ્રી શાસ્ત્રી કરી છૂટયા છે ('સ્વાધ્યાય' ઑગસ્ટ '૭૧). સોરઠ પૂરતો જ સીમિત આ સંવત રાખ્યો હોય તો સોરઠમાંથી જ પ્રાપ્ત સોલંકી લેખોમાં તો તે પ્રથમ મળવો જોઈએ ને? જ્યારે તપાસ કરતાં જણાય છે કે સોરઠમાંથી ગિરનાર અને સોમનાથમાંથી લગભગ પંદરેક જેટલા જે સોલંકી લેખો પ્રાપ્ત છે તેમાંથી એક પણ લેખમાં સિંહ સંવત નથી! માનું છું કે સિંહ સંવત સિદ્ધરાજે નથી પ્રવર્તાવ્યો' એટલું તો શ્રી શાસ્ત્રી સ્વીકારશે અને કોણે પ્રવર્તાવ્યો છે તેના માટે ચાલો, આપણે શોધ કરીએ.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

૩

વિસાવાડાનો રાણો સીહ

વિસાવાડાનો સં. ૧૨૬૨નો લેખ સૌથી પહેલો મેં તા. ૧૨-૫-૬૫ને દિવસે વાંચ્યો ત્યારે



ભાઈશ્રી મોહનપુરી ગોસ્વામી મારી સાથે જ હતા. સાથેના બ્લૉકમાં છપાયો છે તે પ્રમાણે એની વાચના આ છે: सं. १२६२ वर्षे माघ शुदि १० शुक्रे अद्येह वीमावाडा ग्रामे राण श्रीसीहराज्ये राज श्री विक्र[म]ादित्येन राण श्री विक्रमादित्यमू[र्]ति[:] कारापिता ॥ नागर जातीय ब्र[ा]ह्मन[=ण] वजाकेन लिखित॥ सि(=शि)ल्पकर्तृ जाल्हणेन एषा मूर्ति [:] घटिता प्रशस्ति सुटंकिता इति[॥] ૮મી લીટી प्रशस्तिः सुटंकित इति પ્લાસ્ટરમાં દબાએલી છે, પણ छेल्लो ति અને એની પહેલાંના इना જૂના આકારમાંનાં બે ૦ ૦ સ્પષ્ટ દેખાય છે. રાણા સીહ (મારે મતે વિજયસિંહ)ના રાજ્ય-કાલમાં કોઈ રાજશ્રી વિક્રમાદિત્ય નામના અધિકારીએ સીહના પિતા રાણા વિક્રમાદિત્યની મૂર્તિ કરાવેલી તેની નીચે ઉપરનો લેખ છે. ઊભી મૂર્તિ રાણા વિક્રમાદિત્યની અને એની જમણી બાજુ હાથ જોડી બેઠેલી મૂર્તિ પેલા રાજશ્રી વિક્રમાદિત્યની સમજાય છે. લેખના શબ્દ એટલા સ્પષ્ટ છે કે ઊભી મૂર્તિ રાણા વિક્રમાદિત્યના છે. બેઠેલી મૂર્તિ પેલા રાજશ્રી વિક્રમાદિત્યની ન હોય તો સંભવ છે કે રાણા સીહની હોય.

બરોબર ૪૯મા દિવસનો બીજો લેખ માધવપુર-ઘેડ પાસેના આજક ગામનો વૉટ્સન મ્યૂઝિયમ (રાજકોટ)માં સચવાએલો છે. એની વાચના આ છે: सं १२६२ वर्षे फागण व. १४ शुक्रेद्येह श्री [भूतांबिल्यां...राण] श्री सिंह प्रतिपत्तौ उ. [नागा] दित्ये आजगि ग्रामे (પછી અવાચ્ય.) [આ બંને લેખની નકલ દ. બા. ડિસકળકરના 'ઇન્સ્ક્રિપ્શન્સ ઑવ કાઠિયાવાડ (ન્યૂ ઇન્ડિયન ઍન્ટીક્વેરી, વૉ. ૧, ૧૯૩૮-૧૯૩૯ પૃ. ૬૮૬-'૮૭માં છપાઈ છે.]

બંને લેખ એટલા સ્પષ્ટ છે કે સં. ૧૨૬૨ (ઈ. સ. ૧૨૦૬)માં બરડાના પંથક ઉપર રાણા સિંહનું આધિપત્ય હતું. એટલે 'સિંહ સંવત'નો સ્થાપક આ રાણો સિંહ તો સર્વથા નથી, રાણાઓની જ્યારથી સાલવારી મળે છે તેવો રાણો સંઘજી (પ્રચલિત માન્યતા પ્રમાણે તો હજી મોરબીમાં રાજ્ય કરતો બતાવાયો છે તે) સં. ૧૧૭૬-૧૨૦૬ (ઈ. સ. ૧૧૨૯-૧૧૫૦)માં જાણવામાં આવ્યો છે. 'સિંહ સંવત' અને 'વિક્રમ સંવત' વચ્ચે ૧૧૭૦ વર્ષોનો તફાવત હોઈ સિંહ-સંવત શરૂ થયા પછી ૭ વર્ષે પેલો રાણો સંઘજી સત્તા ઉપર આવે છે; એ મોરબીથી દક્ષિણ સૌરાષ્ટ્રમાં સિંહસંવત સ્થાપવા આવ્યાની કોઈ શક્યતા વિચારી શકાય નહિ.

વિસાવાડાના લેખમાં 'राणा श्रीसीहराज्ये राज श्री'ને સ્થાને 'राण श्रीसीह राघेराजश्री' વાંચવાનો પ્રયત્ન લિપિના જાણકારોને માટે નવાઈ ઊપજાવે છે. સ્પષ્ટ સંયુક્ત વ્યંજન છે અને નીચેનો વર્ણ य સ્પષ્ટ જ છે. એટલે આમાં ક્યાંય સિંહ राजाधिराज હોવાનું લેખથી તો મળે એમ નથી.

(અમદાવાદ) —કેશવરામ કા. શાસ્ત્રી





અમારે ત્યાં

'મોકલો' એ મથાળા નીચે કરેલી જાહેરાતના ઉત્તરમાં આવેલાં ચિત્રો વગેરે આ નવા વિભાગ નીચે પ્રકટ થતાં રહેશે.

સરતાનજીનો ચોરો


પોરબંદરમાં સુદામાજીના મંદિરને અડીને ઉત્તરે રાણા સરતાનજીએ રચેલો સુંદર બાગ હતો. તેની અંદર મુઘલાઈ ઘાટનો વચ્ચે છત્રીવાળો પાણીનો હોજ તેમજ અહીં આપેલી છત્રી (સરતાનજીનો ચોરો) વગેરે સુંદર સ્થાપત્ય પણ હતું. રાજવી વ્રજભાષાના અચ્છા કવિ હતા. અહીં બેસી કાવ્યરચનાની પ્રેરણા મેળવતા.

રાજ્યોના વિલીનીકરણ પછી એ બાગ ઉજાડી તેમાં સિનેમાઘર, અને હોજની જગ્યાએ પેટ્રોલ પંપ આવી ગયાં છે! આ છત્રીની જગ્યા પણ નગરપાલિકા દુકાનો માટે કાઢવાની હતી, પરંતુ 'પોરબંદર પુરાતત્ત્વ સંશોધન મંડળ'ને જાણ થતાં તે અટકાવીને 'રાજ્ય પુરાતત્ત્વ વિભાગ' તરફથી રક્ષણ માગ્યું, અને એ રીતે રક્ષણ મળતાં છત્રી બચી જવા પામી છે. આને ફરતા અઠ્ઠાવીસ સ્તંભ છે અને દરેક સ્તંભમાં જુદાજુદા અભિનયમાં નર્તકીઓનાં સુંદર શિલ્પ છે. જેમાંનું એક આ સાથે છે. ઉપરાંત પશુ, પક્ષી અને ફૂલવેલીઓનું સુંદર કોતરકામ પણ છે.

(પોરબંદર) —દેવજીભાઈ વાજા

૪ વિસાવાડાના શિલાલેખમાંનો 'રાઘેરાજ' (?)

'કુમાર' અંક ૬૧૭માં શ્રી મોહનપુરી ગોસ્વામીના 'સિંહ સંવત-૧' પત્રમાં એમણે ઈ. સ. ૧૨૬૨ના વિસાવાડાના અભિલેખની કરેલી પોતાની આગવી વાચનાને આધારે મૂર્તિઓના અભિજ્ઞાન વિષે કેટલાંક વિધાન કર્યાં છે. એ અંગે લિપિ અને ભાષાની દૃષ્ટિએ અહીં કેટલુંક કહેવાની આવશ્યકતા ઊભી થઈ છે. તેમની મૂળ વાચના બ્લૉક સાથે પુરાતન (૧૯૭૪)માં પ્રગટ થઈ છે. તેની ૨જી-૩જી પંક્તિઓમાં 'રાણશ્રી સીંહ રા. ઘે. રાજશ્રી વિક્રાદિત્યેન' વાંચીને તેને આધારે તેમણે રાણા શ્રી સિંહના 'રાઘેરાજ' (રાજાધિરાજ) બિરુદનું પ્રતિપાદન કર્યું છે.



૧ ૨ ૩ ૪ ૫

પરંતુ એ સમયે ઘની ઉપલી બંને ટોચોને જોડતી શિરોરેખા ક્યારે ૫ કરવામાં આવતી



ચૅનિંગની જીવનભાવના

ગયા દિવાળી અંકમાં મોટું આકર્ષણ જમાવી ગએલી વિલિયમ હેન્રી ચૅનિંગની આ જીવનભાવના, અનેક વાચકોની માગણીને સંતોષવા મૂળસ્વરૂપે છાપીને અભિનંદન કાર્ડ રૂપે તૈયાર કરી છે. વિશેષ માહિતી આ અંકના સાંકળિયાની બાજુના કૉલમમાં.

નહોતી અને તે આજે પણ થતી નથી તે સર્વવિદિત છે. એ સમયે ઘની સાથે પડિમાત્રા મુખ્યત્વે બે પ્રકારે: (૧) ઘના ડાબી ટોચ સાથે સીધે સીધી (જુઓ અંકનમાં નં. ૧); અને (૨) ઘ ની શિરોરેખાને ડાબી બાજુએ લંબાવી તેની સાથે (નં. ૨ની માફક) જોડાતી. બીજા પ્રકારના મરોડમાં ઘની ડાબી ટોચને, આ લંબાવેલી શિરોરેખાથી સહેજ નીચે જ રખાતી. વસ્તુત: વિસાવાડા લેખમાંનો આ અક્ષર ર્વે નથી પણ સંયુક્તાક્ષર ર્જ્યેના સકુલ મરોડ છે. એ સમયે જના પ્રાચીન મરોડ (નં. ૩) વ્યાપકપણે પ્રયોજાતો. તેની સાથે પ્રાચીન પદ્ધતિ મુજબ ઉત્તર અક્ષર યને તેના ઉપલા ભાગેથી જોડીને ચાલુ કલમે લખતાં સંયુક્તાક્ષરે જ્યનું સકુલ સ્વરૂપ (નં. ૪) બનતું. તેની ડાબી બાજુએ પડિમાત્રા જોડતાં બનતો જ્યેનો મરોડ (નં. ૫) વિસાવાડાના અભિલેખમાં પ્રયોજાયો છે. અગાઉ ડિસકળકરે પણ તેને જ્યે જ વાંચ્યો છે. (અહીં અંકનમાં આપેલા નમૂના ભાવનગર 'પ્રાચીન શોધસંગ્રહ'માં છપાએલ વિ. સં. ૧૨૦૨ના માંગરોળની સોઢડી વાવના શિલાલેખના બ્લૉકમાંથી લીધા છે.)

ભાષાની દૃષ્ટિએ પણ આ જ અક્ષર બરાબર બંધ બેસે છે. નહિ તો 'રાણાશ્રી વિક્રમાદિત્યે રાજાધિરાજ રાણા શ્રી સિહની અને પોતાની મૂર્તિ કરાવી' એમ સીધું કહેવાને બદલે, 'રાણા શ્રી સિહ રાજાધિરાજ [ની?] શ્રી વિક[મ]ાદિત્યે રાણાશ્રી વિક્રમાદિત્યના મૂર્તિ કરાવી એવી બેહૂદી વાક્યરચના અને બેહૂદો શબ્દાન્વય થયેલાં માનવાં પડે. વળી જો વિક્રમાદિત્યે બે મૂર્તિઓ કરાવી એવું લેખમાં ઉદ્દિષ્ટ હોય તો 'प्रतिमा कारापिता' એવો એકવચનમા પ્રયોગ શાથી?

(અમદાવાદ) —પ્રવીણ પરીખ

૫

મે અંકમાં 'વાચકો લખે છે' વિભાગમાં સિહ સંવત વિષે બે ત્રણ મિત્રોની ચર્ચા આવી. અત્યાર સુધી સિહ સંવત વિષે સોલંકી કે જેઠવા રાણા તેના પ્રવર્તક હોવાનો વિવાદ હતો પણ આ ચર્ચામાં શ્રી રામજાદાએ ત્રીજી વાત રજૂ કરી છે, તો આ રીતે સિહ સંવત વિષે નક્કી કરવામાં વિશેષ ગૂંચવાડો ઊભો થતો જાય છે. મોહનપુરીનો દાવો કંઈક અંશે વજૂદવાળો છે, પણ તેને યે વિદ્વાનો ત્યારે માન્ય રાખે કે જેઠવા રાણા સિહે તે સંવત ચલાવ્યો હોય તો તેણે વિજય મેળવી રાજ્ય વિસ્તાર ક્યાં સુધી વિસ્તાર્યો હતો? અને એવા વિજય પછી રાજાધિરાજ પદ ધારણ કરવા વિષે સિહ સંવતવાળો કોઈ લેખ કે સાબિતી તેની રાજધાની ધૂમલીમાંથી મળે છે? કારણ કે મોહનપુરી જણાવે છે કે 'ધૂમલીમાં નવલખો શિવમહાલય તે વિજય સંવતની સ્મૃતિમાં બંધાવેલ છે.' આવો પુરાવો ધૂમલીમાંથી મળે તો તેની સાચી સાંકળ સધાય.

ઇતિહાસ કે પુરાતત્ત્વમાં નર્યા તુક્કા લગાવવા તે તો ન જ ચાલે. ઇતિહાસ અને પુરાતત્ત્વની બાબતો સિદ્ધ કરવા તર્કશુદ્ધ દલીલ, વૈજ્ઞાનિક સંશોધન અને સાબિતી મળવી જોઇએ. આ કાર્ય જે તે વિષયના અનુભવી વિદ્વાન સંશોધકોનું છે કે જેમાં તેવા વિદ્વાનોનું જીવન ખર્ચાયું હોય, અનેક સંશોધનોના અનુભવમાંથી પસાર થયા હોય અને જેને આપણે આંતરસૂઝ કહીએ તે અનુભવની સરાણમાંથી પ્રાપ્ત થઈ હોય. તેવાઓ આ વિવાદને હાથમાં લ્યે, એમ ઈચ્છીએ.

શ્રી મણિભાઈ વોરા લખે છે તેમ ચર્ચામાં તીખાશ કે તનાવ ન આવવાં જોઈએ, નહિતર વલોણામાંથી નવનીતને બદલે કાદવ જ નીકળે! આ વિષય ઉપર ગુજરાત સૌરાષ્ટ્રના ઇતિહાસવિદો અને પુરાતત્ત્વવિદો સાથે બેસી ચર્ચા ને સંશોધનની સાંકળ જોડે તો જ સાચો ઉકેલ મળે. બાકી તુક્કામાંથી તારણ ન જ નીકળે.

(પોરબંદર) —દેવજીભાઈ વાજા

૬

'સિહ સંવત' સંબંધમાં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ (અંક ૬૦૮માં) સ્પષ્ટ અને સંગઠિતરૂપે જે મુદ્દાઓ રજૂ કર્યા છે, તેના શ્રી મોહનપુરી ગોસ્વામીએ પ્રમાણભૂત અને પ્રતીતિજનક ઉત્તરો વાળ્યા નથી. મુખ્ય સવાલ એ છે કે જો સિંહ રાણકે ૧૧૭૦/ઈ. સ. ૧૧૧૩માં 'સિંહ સંવત' પ્રવર્તાવ્યો હોય તો ખુદ જેઠવાઓના જેટલા શિલાલેખો મળ્યા છે તેમાં એકાદમાં પણ તેનો પ્રયોગ કેમ જોવા મળતો નથી? 'રાણકસીહ'ની પ્રતિમાના વિસાવાડાના ચર્ચાસ્પદ લેખમાં પણ સિંહ સંવત્સરને બદલે વિક્રમ સંવત્સર જ કેમ મળે છે, તે પ્રશ્ન શ્રી મોહનપુરી અનુત્તર જ રાખે છે. સાથેસાથે એ પણ હકીકત છે કે જે ચારેક લેખોમાં 'સિંહ સંવત' સ્પષ્ટ રીતે સૂચવવામાં આવ્યો છે તે સૌની લબ્ધિ તેમજ ઉત્પત્તિસ્થાન જેઠવાઓના મુલકના બહાર અને સોલંકી રાજ્યશાસન અંતર્ગત છે, વા તેમના શાસનકાળને નિર્દેશિત કરે છે. સૌરાષ્ટ્રમાં આ સિંહ સંવતનો ભલે અલ્પ માત્રામાં, પણ પ્રયોગ જરૂર થએલો; જ્યારે ઊલટપક્ષે સોલંકી રાજાઓના તળપ્રદેશમાં અને તેમના પોતાના જ અભિલેખોમાં તેનો ઉપયોગ કેમ નથી તેવો (શ્રી ગોસ્વામીનો) પ્રતિપ્રશ્ન વાજબી છે, પણ તેનો સમતોલ ને શક્ય ખુલાસો દેતો ઉત્તર ડૉ. શાસ્ત્રીએ આપ્યો જ છે. વસ્તુતયા રાણક સિંહે પ્રસ્તુત સંવત્સર પ્રવર્તાવ્યો માનવા જતાં જેટલી આપત્તિઓ નડે છે એનાથી જયસિંહ સિદ્ધરાજે તે પ્રવર્તાવ્યો તેવું માનવામાં ઓછાનો સામનો કરવો પડે છે. પરંપરાપ્રતિષ્ઠિત વિક્રમ સંવત, અને ત્વરાથી ઘસાતા જતા પણ અન્યથા પ્રાચીનતર અને જાણીતા વલભી સંવતના સામે 'સિંહ સંવત'ને સ્વીકૃત બનાવવો એ કંઈ આસાની ભરી વાત નહિ હોય. આથી જ તો તેનાં ચાર દૃષ્ટાંતોમાં તેમાં દીધેલ વર્ષોના કાલસ્થાનને વિસ્ફુટ કરવા 'વિક્રમ સંવત' કે 'વલભી સંવત' કે તે બન્નેને, નામ સમેત, તેનાં તુલ્યકાલીન વર્ષો સાથે આગળ મૂકવાનું લેખ કરાવનારાઓએ ઈષ્ટ માન્યું હશે, તેમ કરવું અનિવાર્ય લાગ્યું હશે. આ મુદ્દો સિંહ સંવતના અલ્પ પ્રચાર અને એથી એનાં નિર્બળ મૂળનું દ્યોતક બની રહે છે.

સંવત્સરના અંક પહેલાં 'સિંહ' શબ્દનો ઉલ્લેખ નથી થયો એવા ત્રણેક અન્ય લેખો પણ સિંહ સંવતના વર્ષના હોવાનો ભાંડારકરાદિ વિદ્વાનોનો મત છે. આમાં સં૦ ૫૮નો ગિરનાર પરનો પ્રતિમાલેખ, એમાં વિગતોનો અભાવ હોઈ, ઉપયોગી નથી; જ્યારે 'ભીમદેવ દ્વિતીય'ના સમયનાં સં૦ ૯૩નાં તામ્રપત્રો પણ તેમાં 'પક્ષ'નો ગોટાળો હોઈ, અહીં તેના પર વિચારીશું નહિ. પણ સં૦ ૩૧નું વર્ષ ધરાવતા, નડ્ડૂલપતિ ચાહમાન 'કહ્લ્દેવ'ના યુવરાજ 'જયતસીહ'નો સેવાડી (પ્રા૦ ગોમિપાટી)નો લેખ સાંપ્રત સંદર્ભમાં મહત્ત્વનો બની રહે છે. ભાંડારકરે પ્રસ્તુત વર્ષ ૩૧ને 'સિંહ સંવત'નું માન્યું છે. એને 'શક સંવત'નું દેખીતી રીતે જ માની

(અનુસંધાન પૃષ્ઠ ૩૪૦)

શિશુવિરહ/નિરંજન યાજ્ઞિક

•શિખરિણી-સૉનેટ•

હજી જાણે કાલે નયન હસતાં'તાં ટચૂકડાં,
અને ભોળું ભોળું મુખ મરકતું'તું ઘર મહીં.
ભર્યું'તું આનંદે ઘર સકલ, આખ્ખું ય ફળિયું
હજી જાણે કાલે સજીવ બનતું'તું શિશુ સહે.

અને આજે જેવાં નયન છલક્યાં સ્હેજ અમયું
કશું યાદા'વ્યું ત્યાં! સજળ નીરખ્યું બ્હાર ફળિયું
હવે કેવું લાગે લઘુક પગલીને તડપતું!
અને ઓચિંતુ ઝાકળ સરકિયું પાન પરથી!

હવે ભીંતે લીટા કુસુમ-કરથી કોણ કરશે?
અને હોંકારો યે સતત ભણશે કોણ વચમાં
ચકાની વાર્તામાં? જીવનભરનો થાક સઘળો
હવે કોની કોટી થકી ઊતરશે... ... ...?

હવે ઊગ્યો લીલો શિશુવિરહ આખે ય ફળિયે,
અને કેવું ખેલે વિરહશિશુ આખા ય ઘરમાં!

સાવ અડવું/દેવેન્દ્ર દવે

•શિખરિણી-સૉનેટ•

ગઈ તે દી'નો ના જીવ ટચૂકડી ઢીંગલી મહીં;
અરે! ઊણાં ઊણાં ચકલી કુકડો મોર રઝળે;
વિના તારી આજ્ઞા લગન ઢીંગલાનાં અટકતાં;
ન હોંસાતોંસી 'હો' કરતું, ઘર ના ફેરફુદડી
ફરે, પાંચીકાની રમત ફળિયે, જિદ્દ કરીને
લીધેલું નાનેરું દફતર બળ્યું ક્યાં...ક ટટળે!

બપોરે મમ્મીથી રીસ કરતી, સંતાતી ચૂપકી
પણે ખૂણેખાંચે, પળભર મને મૂંઝવી જતી;
તને શોધું, થાકું મથીમથી; અરે! ગોદ મહીં લૈ
ત્યહીં બલ્લી-બચ્ચાં સહ સહજ ઊંઘે મળી જતી!
અને કાલાંઘેલાં વચન કહી આખ્ખા દિવસની
કરે તું પપ્પાને અમથી ફરિયાદો મુજ તણી.

નર્યું ખાલી ખાલી ઘર ભટકતું—(રીસ, રડવું,
ગયું જાણે ભૂલી ટીખળ કરવું)—સાવ અડવું!

માનને મનવા/'ચાતક'

•ગાન•

માનને મનવા!

આપણી હારે કોઈ ના હાલે,
જગ તો નિજને ચીલે જ ચાલે;
સાચને પગલે ફોરશે ફૂલો
ધૂળની ધરાને ધરપત આલે!—માન૰

આંખ જુવે જેની સારાને દીવે,
એ તો અમાસે ય પૂનમ જુવે,
વીજળી શું હોય આયખું એનું
તોયે તિમિર એ જગનાં ધૂવેઃ—માન૰

પરને કાજે જે પંડને ખૂવે,
રામને ખોળે શિર દૈ સૂવે,
એમની પાછળ એમને મૂવે
આભ ચૂવે ને ધરતી રૂવેઃ—માન૰

જગ તો ઢળતું એક જ ઢાળે,
ઢીંચણુ પેટની બાજુ જ વાળે;
પારકી ભૂલોનો ભારો એ બાંધે,
નિજની પીડ ન ક્યારેય ભાળેઃ—માન૰

માટીપગાની મહોબ્બત કેવી?
પોલે ખોબે પોશ ભરવા જેવી!
કાળજા કેરા કોડિયે કોરી
વાટને જાણે બળવા દેવી!—માન૰

રહ્યા/બકુલ રાવલ 'આદમ'

•ગઝલ•

લાગણીઓ સાંજ થઈને આથમી,
મૌનના પડઘા બધે બોલી રહ્યા.

થઈ ગયાં સંબંધનાં ખાલી ઘરો,
ભીંત પર નકશા ફક્ત બાકી રહ્યા.

પ્યાસ એવું ઘર કરી ગઈ આંખમાં,
ઝાંઝવાં હરણાં બની દોડી રહ્યાં.

વેદના મારી ઈશુથી કમ નથી,
શબ્દ પણ ખીલા બની વાગી રહ્યા.

કોણ 'આદમ'ને હવે રોકી શકે?
જે નથી મંઝિલ છતાં ચાલી રહ્યા.

હાઇકુ

ઘરમાં ઝગે
છતનું ચાંદરણું
સૂરજ બની.

∞

પહાડો ફૂંકે
વા; મલકાય ધજા
દેવમંદિરે!

પરશુરામ મહેતા

વ્યાપાર, ધર્મ અને દેશની સીમાઓ સહિત આજના અનેકવિધ વિકાસની પાછળ કંઈક શોધ-સફરીઓની ખમીરવંતી ઠંડી તાકાત અને હિંમતભર્યાં સાહસોની એક પ્રલંબ ગાથા વણાએલી છે. પ્રતિકૂળ હવામાન, સાધનોનો અભાવ, સાથીદારોનો વિશ્વાસઘાત કે ભૂખ-તરસથી કેટલાયે શૂરા સાહસવીરોએ પોતાના પ્રાણ પણ ગુમાવ્યા છે. પણ એમની સફળતા ને નિષ્ફળતા પર જ આજની કેટલીક સિદ્ધિઓનાં મંડાણ થએલાં છે. કેવળ કુતૂહલથી માંડી અનેકવિધ લક્ષ્ય સાથે થએલી એ શોધસફરોની સાહસકથા હમેશાં અનુગામી સાહસિકોને પ્રેરણા પાતી રહી છે. રિચર્ડ બર્ટનનું જીવન એ પ્રલંબ સાહસકથાનું એક પ્રકરણ છે. એ પ્રેરક છે, માહિતીપ્રદ છે અને ઇચ્છે તો એક અદનો આદમી થોડા શા આયખામાં યે કેટકેટલું હાંસિલ કરી શકે એનું ઉદાહરણ છે.

'હવે જો પેલો ટાલિયો અરબ ફરી આ બાજુ આવશે તો કસમથી એને લાત મારીને હાંકી કાઢીશ.'

કાઈરોની શેફર્ડ્સ હોટેલના પ્રાંગણમાં કેટલાક અફસરો બેઠા હતા. એક નધરોળ અરબ ક્યારનો એમના ટેબલ પાસે આંટા મારતો હતો. વારંવારની એની આવજાથી અકળાઈને એક અફસર ઉપલા શબ્દો બોલી ઊઠ્યો. અને એ સાંભળી જતાં પેલા અરબે તુરત પીઠ ફેરવીને જવાબ આપ્યો: 'અચ્છા, તો મિ. હૉકિન્સ, લાંબે ગાળે પાછા ફરતા સાથીને આવકારવાની આ રીત છે તમારી, ખરુંને !'

એક અજાણ્યા અરબને પોતાનું નામ લઈને, પોતાની જ ભાષામાં, અને તે યે અસલ લહેજામાં જવાબ આપતો સાંભળી હૉકિન્સ તો ડઘાઈ જ ગયો !—અને એના બીજા સાથીઓ પણ. અંતે એમની સામે મરકી રહેલા એ અરબને ધારીધારીને જોયા પછી એક જણ બોલી ઊઠ્યો : 'અરે ! આ તો આપણો બર્ટન છે !'

હા, એ બર્ટન જ હતો. પેલા સૌના જેવો જ, ઈસ્ટ ઈંડિયા કંપનીએ હિંદુસ્તાનમાં રાખેલા ગોરા લશ્કરનો એક અંગ્રેજ અફસર રિચર્ડ ફ્રાન્સિસ બર્ટન. એ મદીના-મક્કા જઈને આવ્યો હતો. કોઈ પણ બિન-મુસ્લિમને માટે જ્યાં જવું એ જાનનું જોખમ જ હતું એ, મુસલમાનોનાં પવિત્રતમ યાત્રાધામોમાં છેક અંદર સુધી પહોંચી જઈને જીવતો પાછો ફરનાર એ પહેલો અંગ્રેજ હતો.

અલબત્ત, અઢારમી સદીના આરંભમાં પણ એક અંગ્રેજ જોસેફ પિટ્સ મક્કા જઈ શકેલો, પણ એ તો એક ગુલામ તરીકે ચાંચિયાઓએ એને કેદ પકડીને વટલાવીને મુસલમાન બનાવેલો, અને એનો શેઠ એને પોતાની સાથે હજ કરવા લઈ ગએલો.

સવા સદી પહેલાંનું અરબસ્તાન બહારની દુનિયા માટે લગભગ અજાણ હતું. ઈ. ૧૭૬૧ થી '૬૩ના ગાળામાં ડેનમાર્કનો નેઈબુહર થોડો સમય યમન અને ઓમન તરફના અરબસ્તાનના ભાગમાં રહી આવેલો. કેમ્બ્રિજના એક સ્વિસ વિદ્યાર્થી જૉન બર્કહાર્ટે હેજાઝ સુધી સફર કરી ઈ. ૧૮૧૨માં પેત્રાના ગુફા-આવાસોની શોધ કરેલી. અરબોના જીવન પર એણે ઠીકઠીક પ્રકાશ પાડેલો. ઈ. ૧૮૧૪માં એ મુસ્લિમ યાત્રાળુઓ સાથે ભળી જઈને મક્કા-મદીના પણ પહોંચેલો. ઈ. ૧૮૨૬માં રૂપેલે અને ઈ. ૧૮૪૫ તથા ૧૮૪૮માં જી. એ. વૉલિને કરેલી સફરો પણ નોંધનીય છે. ઈ. ૧૮૫૨માં રિટરે બનાવેલા નકશામાં એણે આ સફરીઓના પ્રવાસમાર્ગો બતાવેલા. એ સમયમાં તો આ નકશો પણ એક સિદ્ધિ રૂપ હતો. પણ આ બધા પ્રવાસો ખરા અર્થમાં 'શોધસફરો' નહિ, પણ એમના પછીના સહેતુક પ્રવાસોની કેડી આંકતા પુરોગામી પ્રયાસો હતા. એ પછી અરબસ્તાનની શોધસફરોનો જે નવો તબક્કો આવ્યો તેમાં રિચર્ડ બર્ટનનું સ્થાન મોખરે છે.

ઈ. ૧૮૫૩ની એની આ મક્કાની છદ્મવેશી સફરમાં બર્ટને પુરોગામી પ્રવાસીઓનાં અવલોકનોની સચ્ચાઈ પુરવાર કરવા ઉપરાંત ઘણી નવી માહિતી ઉમેરી હતી. જ્ઞાન અને અનુભવના ભાથા સાથે એણે જે આ જોખમી યાત્રા કરી તેમાં એનું સાહસિક ખમીર પ્રકટ થતું હતું. અખરોટના રંગે રંગેલી ચામડી, માથે મૂંડો, ફરફરતી દાઢી ને મિરઝા અબ્દુલ્લા નામ સાથે એણે હિન્દુસ્તાનના પઠાણ દરવીશનો સ્વાંગ સજીને આ સાહસ કરેલું. પણ મક્કાની પવિત્રતમ મસ્જિદને અંદરથી જોવા તથા અરબ લોકોની અસલ રહનસહન જોવા ને એમનાં વિચારવલણો સમજવા માટે માત્ર વેશપરિવર્તન પૂરતું નહોતું. કોઈને યે સાથે રાખ્યા વિના અને વગર હથિયારે ગમે ત્યાં એકલે પંડે ભમી શકે એ સારુ એ જેમ દરવીશ બન્યો તેમ સામાન્ય લોકોમાં મુક્તપણે હળી શકે એ માટે એણે હકીમ હોવાનો ઢોંગ પણ કર્યો. એને ખબર હતી કે આ તરફના પ્રદેશમાં ઉપચાર માટે થોડી સામાન્ય દવાઓ, સારા ખોરાકની ભલામણ અને દોરાધાગા બસ હતાં. બર્ટન પાસે જે અનુભવો હતા એ પછી એના માટે આ બધું અશક્ય નહોતું.

લશ્કરની પોતાની નોકરીમાંથી રજા લઈ એ નીકળી પડ્યો. પોતાના સૈન્યને અને એ રીતે પોતાના દેશને ક્યારેક પણ કામ લાગે એવી માહિતી એકઠી કરવાનું પણ એ ભૂલતો નહોતો. દવાની ખાલી બાટલીઓમાં કાગળ-પેન્સિલ અને કપડાના ચોરખિસ્સામાં હથિયાર છુપાવી ઈ. ૧૮૫૩ની ૧૧મી જુલાઈએ સુએઝથી એ ઊપડ્યો. માથે બળતા સૂરજનો તાપ અને વહાણમાં ઠાંસોઠાંસ ભરેલા ને વાતવાતમાં મારામારી પર ઊતરી પડતા જડસા અરબોની ભીડમાં ભાત, માખણ, ડુંગળી તથા ક્યારેક ખજૂર ને તળેલાં તીડના ખોરાક સાથે એણે રાતા સમુદ્રની બાર દિવસની સફર ખેડી. ત્યાર બાદની રણપ્રદેશની યાત્રામાં આરંભમાં તો એને મજા પડી, પણ પછી હજ કરવા જતા કાફલામાં જોડાયા બાદ એના પ્રવાસરસની કસોટી થવા લાગી. બદુઈન લુટારાઓના હુમલા, ઊંડા રણની કાળઝાળ ગરમી, ખોરાક-પાણીના અભાવે મરેલાં જાનવરોનાં આખા માર્ગે દેખાતાં હાડપિંજરો ને કાંટાળાં ઝાંખરાં વચ્ચે ગીધ શિયાળવાંવાળી અરબ ભૂમિ, આ બધું એના માટે બિલકુલ નવતર ને ભયંકર હતું. બોલવાની કે વર્તનની એક જ ચૂક અને અહીં માથું ધડથી જુદું જ !

પણ એ જીવી ગયો. મુસલમાનોના પવિત્રતમ યાત્રાધામ મક્કાની મસ્જિદમાં છેક અંદર સુધી પહોંચીને, ત્યાં નમાજ પઢવાને બહાને વાંકા વળીવળીને એણે કપડાની ચાળ પર તેનો નકશો ઉતારી લીધો. કઠિનતમ કસોટી જેવા અનુભવો પાર કરી એ દોઝખ જેવા રણમાં થઈને જેને પોતે 'ગંગાજમાનું શહેર અને કોલાહલભરી સંસ્કૃતિની દુનિયા' કહેતો તેમાં એ જીવતો પાછો આવ્યો.

અજબ હિંમતબાજ હતો એ. પૂર્વના દેશો, ત્યાંના લોકો, એમના રસમોરિવાજ, એમની ભાષા વગેરેનું જ્ઞાન એ વર્ષોથી સંપાદિત કરતો રહેલો. અરબી ભાષા અને અરબ રીતરસમોનું એનું જ્ઞાન તથા કાઈરોમાં એના પરિચિત સાથીઓ પણ ન ઓળખી શક્યા એવો વેશપલટો ને એના દિદાર જોયા પછી એ મક્કાથી જીવતો પાછો ફરે એ અસ્વાભાવિક ન

સર રિચર્ડ બર્ટન

'અરેબિયન નાઈટ્સ'ના નશીલા ભાષાંતર માટેની ખ્યાતિ પાછળ જેનાં જોખમી સાહસો, માહિતીપ્રચુર અને રોમાંચક પ્રવાસ-વર્ણનો, પાંત્રીસ જેટલી ભાષાઓનું જ્ઞાન, અનેક પ્રજાઓની વિવિધ લાક્ષણિકતાઓનો ઊંડો અભ્યાસ વગેરે વિસરાઈ રહ્યું છે, એ શોધ-સફરી, લેખક, ચિત્રકાર, તલવારબાજ, મુત્સદ્દી રાજ-પ્રતિનિધિ ને બહુવિધ પ્રતિભાવંત ભુલાતો ભડ પુરુષ.

લેખક · બિહારીલાલ ટાંક



▷ સર રિચર્ડ ફ્રાન્સિસ બર્ટન

જ લાગે. ત્યારે એ રિચર્ડ બર્ટન નહિ, મિરઝા અબ્દુલા હતો. વર્ષોથી સેવેલી એની એક એષણા પૂરી થઈ. એના જીવન અને સાહસિક પ્રવાસોની કથાનું આ એક રોમાંચક પ્રકરણ હતું.

ઈ. ૧૮૨૧ની ૧૯મી માર્ચે ઈંગ્લૅન્ડના હર્ટફર્ડશાયર પરગણામાં એનો જન્મ. હતો તો એ અંગ્રેજ, પણ પિતામહ રેવરંડ એડવર્ડ બર્ટન આયર્લૅન્ડમાં પાદરી તરીકે જઈ વસેલા અને પિતા લેફ્ટેનન્ટ કર્નલ જોસેફ નેટરવિલ બર્ટન જન્મે ને ગુણે પક્કા 'આયરિશમૅન' હતા. કહેવાતું કે લુઈ ચૌદમાના એક અનૌરસ પુત્રનો એ દૂરનો વંશજ હતો. દૂરની પેઢીએ પોતામાં કોઈ જિપ્સી રક્ત વહેતું હોવાનું રિચર્ડને ગૌરવ હતું. એની આંખોમાં, એના આકળા ને રિસાળ સ્વભાવમાં, એની ભટકુવૃત્તિમાં અને રૂઢિઓ તથા સંયમમર્યાદા પ્રત્યેના અણગમામાં એનું એ ખૂદ પ્રકટ થતું લાગતું.

રિચર્ડનું બાળપણ ફ્રાંસ અને ઈટલીમાં વીત્યું. એથી એને એકધારું શિક્ષણ તો ન મળી શક્યું, પણ અનેકવિધ લોકોના સંપર્કમાં આવવાથી બીજું ઘણું શીખવાનું મળ્યું. પરંપરિત બંધિયાર ખયાલોની છાપ મનમાંથી ભૂંસાતી ગઈ અને નવાનવા પ્રદેશો જોવાનો શોખ તથા એ તરફની વિવિધ ભાષાઓનું જ્ઞાન મળ્યું. બીજી બાજુ, કેટલીક સાંસ્કારિકતાથી પણ એ વંચિત રહ્યો. ઈ. ૧૮૪૦ થી '૪૨ના ગાળામાં એ જ્યારે ઑક્સફર્ડની ટ્રિનિટી કૉલેજમાં ભણતો હતો ત્યારે કોઈ વિદ્યાર્થીએ એની મૂછની ઠેકડી ઉડાવતાં એ એની સાથે દ્વંદ્વ લડવા તૈયાર થઈ ગએલો, અને પરિણામે શિસ્તભંગ કરવા બદલ એને કૉલેજ છોડવી પડી.

પણ એનામાં આવડતનો ક્યાં તોટો હતો? તરતાં ને નાચતાં તો આવડતું જ, સાથે બંદૂકની નિશાનબાજીમાં પણ કમ નહોતો. તલવારની પટ્ટાબાજીનો તો એ પક્કો રસિયો હતો અને આગળ જતાં એમાં એણે બહુ સારી એવી નામના મેળવેલી તથા એ અંગે ઈ. ૧૮૮૪માં એક પુસ્તક પણ લખેલું. અપૂર્ણ છતાં ઉલ્લેખનીય છે એ. ચીતરતાં યે આવડતું. પોતાનાં કેટલાંક પુસ્તકો એણે જાતે જ ચિત્રિત કરેલાં. સંગીત પણ શીખવા માંડેલો, પણ એક વાર ચીડમાં એણે શિક્ષકના માથા પર વાયોલિન ફટકાર્યા પછી એની વાદનકળાના પાઠ અટકી ગએલા! વિવિધ જાતિના લોકોના રીતરિવાજો અને જુદીજુદી ભાષાઓ શીખવાનો પણ એને નાદ હતો, અને એ રીતે એ લગભગ પાંત્રીસ જેટલી ભાષા જાણતો થએલો: હિન્દી લશ્કરમાં સાત વર્ષમાં એ અગિયાર ભાષા શીખેલો અને એમાંની બેનાં તો એણે વ્યાકરણ પણ લખેલાં. બૅયોનેટની કવાયત પરનું એનું પુસ્તક તો બ્રિટિશ આર્મી મૅન્યુઅલમાં સ્વીકૃતિ પામેલું.


પણ એનું આગલું વ્યક્તિત્વ અને નામના તો મળ્યાં એની હિંમત-

'અર્ધો ડઝન જેટલા સામાન્ય માણસો આખી જિંદગીમાં જે કંઈ માંડ પામી શકે એટલું તો અનેક સાહસો, અભ્યાસ અને પુરુષાર્થ દ્વારા બર્ટન એકલાએ મધ્ય વયે પહોંચતાં પહેલાં હાંસિલ કરી લીધું હતું.'

—લૉર્ડ ડર્બી

ભરી સાહસિકતાથી. બચપણથી જ એ સાહસના નામે ઉત્તેજાઈ જતો. જોખમ વહોરવાની જાણે એને લત પડી ગઈ હતી. ઈટલીમાં હતો ત્યારે વિસુવિયસના ધૂંધવાતા મુખમાં ઊતરવાની એણે હિંમત કરેલી. એક વાર ભભૂકતા જ્વાળામુખમાંથી દરિયામાં ઠલવાતો લાવા જોવા એ ઊપડેલો અને કાળા પડતા જતા એ આગના ધગધગતા ઘટ્ટ પ્રવાહ પર કૂદી પડી બળતાં પગરખાંએ એણે એની સાથે સરકવાની મોજ માણેલી!

ટ્રિનિટી કૉલેજમાંથી પાણીચું મળતાં એ ઈસ્ટ ઇંડિયા કંપનીના સૈન્યમાં બૉમ્બે નેટિવ ઈન્ફન્ટ્રીની ૧૮મી રેજિમેન્ટમાં જોડાઇને ઈ. ૧૮૪૨ના ઑક્ટોબરમાં વડોદરા આવ્યો. અલબત્ત, સૈન્યનું શિસ્તપાલન એને જરા યે ફાવે તેમ નહોતું, પણ આ નોકરીમાં એને હિંદુસ્તાન અને અહીંના લોકોનું જીવન જોવાની તથા નવી ભાષાઓ શીખવાની મોટી તક હતી. એટલે આ તક ઝડપી લઇને એણે અહીં ગુજરાતી, મરાઠી, હિંદુસ્તાની, ફારસી તથા અરબી ભાષા ઘણી સારી રીતે શીખી લીધી. આથી દુભાષિયા તરીકે એ લશ્કરમાં વધુ ઉપયોગી બની ગયો. જાસૂસીમાં એ વિશેષ કામ લાગતો. મોઢે રંગ લગાડી, ખોટા વાળ ને બનાવટી દાઢી સાથે સ્થાનિક લોકો જેવો પોશાક પહેરી, એમની વચ્ચે ભળી-ધૂમીને એ અનેક ઉપયોગી માહિતીઓ મેળવી લાવતો. સિંધના સર્વેક્ષણના કામમાં એની નિમણૂક થએલી ત્યારે પોતાની વેશપલટાની આવડતનો ઉપયોગ કરી એણે પોતાની ફરજનાં કામ ઉપરાંત મુસ્લિમ રીતરસમોનું બહુ ઊંડું જ્ઞાન મેળવી લીધેલું. મક્કાની એની યાત્રાની જાણે એ પૂર્વતૈયારી હતી. સાત વર્ષના એના હિંદવાસ દરમિયાન અહીંના લોકોનાં જીવન અને રીતરસમો વગેરેનો એ ઊંડો જાણકાર બની ગએલો. સરકારી અહેવાલો અને એશિયાટિક સોસાએટી માટે લખેલા લેખો ઉપરાંત એણે 'સિંધ, ધી અનહૅપી વૅલી', 'સિંધ ઍન્ડ ધ રેઇસિઝ ધેટ હૅબિટ ઈન ધ વૅલી ઑવ ઈન્ડસ', 'ગોવા ઍન્ડ ધ બ્લ્યૂ માઉન્ટન્સ' તથા 'ફૉલ્કનરી ઈન ધ વૅલી ઑવ ધી ઈન્ડસ' નામે ચાર પુસ્તકો લખ્યાં, જે એના વતન પાછા ફર્યા બાદ પ્રકટ





અરબસ્તાનની અને ઍબિસીનિયા–સોમાલિયા તથા વિષુવવૃત્તીય પૂર્વ આફ્રિકાની બર્ટનની શોધસફરના પ્રવાસ-માર્ગ ◁

થએલાં. જોકે એમાંનું એકેય લોકપ્રિયતા પામ્યું નહિ, પણ સિંધ વિષેની ખરી અને વૈવિધ્યસભર મબલખ હકીકતો એણે એમાં ઉતારી છે.

આ પછી ઈ. ૧૮૫૩માં એણે મક્કાની સફર કરી, જેનાથી એને ઘણી પ્રસિદ્ધિ મળી. નિઃશંક આ સફરનું મુખ્ય પ્રેરક બળ તો એનો સાહસ-પ્રેમ જ હતો. જ્યાં કોઈ ન ગયું હોય ત્યાં જવાની એને એષણા હતી. મધ્ય અરબસ્તાનના એ સમયના નકશામાં ખાલી દેખાતો એવો ઘણો ભાગ હતો જ્યાં કોઈ ગોરાએ કદી પગ મૂક્યો નહોતો. બર્ટને ત્યાં જવાનો પોતાનો ખયાલ રજૂ કરતાં જ રૉયલ જિયૉગ્રાફિકલ સોસાએટીએ એ પ્રસ્તાવ સ્વીકારી લીધો. પણ એ વિસ્તારોમાં અંદરોઅંદરની લડાઇઓને કારણે રિચર્ડ મદીના–મક્કાથી વધુ આગળ જઈ શક્યો નહિ. અસલ અરબી લહેજામાં એના બોલવામાં કદાચ કંઈ ક્ષતિ રહે તો એ એના અફઘાન હકીમ દરવીશના વેશમાં ઢંકાઈ જતી. વળી, પૂર્વના દેશોના લોકોની કેટલીક આગવી લાક્ષણિકતાઓનું જ્ઞાન, પકડાઈ જાય તો ટાઢે કોઠે ખચકાયા વિના શાંત મગજે બચાવ કરવા જેટલી હાજરજવાબી અને જરૂર પડ્યે તાકાત અજમાવવાની ત્રેવડ પણ જરૂરી હતી, અને રિચર્ડમાં એ બધું હતું.

ઈ. ૧૮૫૫માં 'પર્સનલ નૅરેટિવ ઑવ અ પિલ્ગ્રિમેઈજ ટૂ અલ મદીના ઍન્ડ અલ મક્કા'માં એણે પોતાના આ સાહસને વિગતે અને વિસ્તારથી વર્ણવ્યું છે. મનાય છે કે ઉત્કટ અંગત સૂર અને તીખી શૈલીમાં એણે લખેલાં વર્ણનો ખુદ એની સફર કરતાં પણ વધુ રોમાંચક લાગે છે. સેમેટિક અને અરબ પ્રજાની લાક્ષણિકતાઓની ખરી અને સચોટ માહિતીપ્રદ રજૂઆતને કારણે આ પુસ્તકનું દસ્તાવેજી મૂલ્ય વિશેષ છે.

આ પછીની બર્ટનની સફર વધુ મુશ્કેલ હતી, છતાં આના જેટલી સનસનાટી જગાવી શકી નહિ. ઈ. ૧૮૫૪માં હિંદ સરકારે બર્ટનનો પ્રસ્તાવ સ્વીકારીને એને સોમાલી દેશોમાં શોધસફરે જવાની સગવડ કરી આપી. આ પ્રવાસના પરિણામે રાતા સમુદ્રના કંઠાર પ્રદેશ સાથેના વ્યાપારી સંબંધો વિકસાવવાની ઉત્સુકતા હતી. કૅપ્ટન જે. એસ. સ્પેક અને બીજા બે યુવાન અફસરો પણ એની સાથે હતા. પણ સફરનો સૌથી કપરો ભાગ બર્ટને એકલાએ જ ખેડેલો. એ એકલો જ રણમાં ઊપડી ગએલો. ચાર માસ સુધી એનો પત્તો જ નહોતો. જ્યારે એ પાછો ફર્યો ત્યારે એ વિદેશીઓના પ્રવેશ માટે પ્રતિબંધિત રાજધાની હરર જઈ આવેલો એટલું જ નહિ પણ ત્યાંના રાજાને પણ મળી આવેલો અને પાછા વળતાં ખાધાપીધા વિના એ રણપ્રદેશની અનેક મુશ્કેલીઓ ઉપરાંત અજાણ્યા શખ્સ તરીકે આખે રસ્તે ત્યાંના લોકો વડે ત્રાસ વેઠતો આવેલો. અને આ છતાં યે એણે ફરી સૌને સાથે ઉપાડયા. પણ માર્ગમાં એક સોમાલી જાતિના લોકો સાથે મારામારી થઈ અને એમાં એની સાથેનો એક અફસર માર્યો ગયો, કૅપ્ટન સ્પેકને શરીર પર અગિયાર ઠેકાણે ઘા વાગ્યા ને બર્ટનને પોતાને પણ જડબા પર ભાલું વાગેલું. 'ફર્સ્ટ ફૂટસ્ટૅપ્સ ઈન ઈસ્ટ આફ્રિકા' નામના પોતાના પુસ્તક(૧૮૫૬)માં એણે આ શોધ-સફરનાં કપરાં સાહસો સચોટતાથી વર્ણવ્યાં છે. સાથે એનાં ઊંડાં નિરીક્ષણો, તારણો અને કડવી રમૂજથી પણ એ ભરપૂર છે.

ઍબિસીનિયા અને સોમાલી વિસ્તારોમાં ભમી આવ્યા પછી ક્રીમિયાના યુદ્ધમાં પણ એ જોડાયો, પણ તેમાં એને મોરચે જવાનું થયું જ નહિ. બીજી બાજુ બ્રૂસ નામના એક શોધસફરીએ નાઈલ નદીની એક શાખા 'બ્લ્યૂ નાઈલ'ના મૂળની શોધ કરેલી, પણ વ્હાઈટ નાઈલ નામથી ઓળખાએલી બીજી મુખ્ય શાખાના ઉદ્‌ગમની જાણ હજુ નહોતી. ઈ. ૧૮૪૮માં રેબમાને હિમાચ્છાદિત કિલિમાંજારોના શિખરના અને બીજે વર્ષે ક્રાફે કિન્યા શિખરનાં દર્શન કરેલાં, પણ એ તરફ સાગર જેવડાં વિશાળ સરોવરો હોવાની અને કદાચ ત્યાંથી જ ક્યાંકથી વ્હાઈટ નાઈલ નીકળતી હોવાની વાતનો કોઈ આધાર એમની પાસે નહોતો. નાઈલના મૂળ તરફનો પ્રદેશ અને આજનો અપર કૉંગોનો વિસ્તાર હજી અજાણ હતો. 'માઉન્ટન્સ ઑવ ધ મૂન ઑવ ટૉલેમી' તરીકે જાણીતાં એ તરફનાં હિમાચ્છાદિત ધવલ શિખરોવાળો પર્વતપ્રદેશ હજી કોઈ ગોરાએ જોયો નહોતો. ઈ. ૧૮૩૦માં સ્થપાએલી રૉયલ જિયૉગ્રાફિકલ સોસાએટીને આ શોધસંશોધનોમાં રસ હતો. આ જ અરસામાં રિચર્ડ બર્ટન ઇંગ્લૅન્ડ પાછો ફર્યો. હવે પછી એની ઇચ્છા શોધસફરો કરવાની જ હતી, એટલે વ્હાઈટ નાઈલનું મૂળ શોધવા જવાની આ તક એણે ઝડપી લીધી. એણે પ્રસ્તાવ મૂક્યો અને સોસાએટીની ભલામણથી વિદેશ કચેરીએ એને એ કાર્ય સોંપ્યું. 'મુખ્યત્વે ઉજિજી સાગરનો વિસ્તાર નિશ્ચિત કરવા તથા આફ્રિકાના એ આંતરિક પ્રદેશમાં મળતી નિકાસયોગ્ય પેદાશો તથા ત્યાંની જાતિઓના અભ્યાસ માટે, આફ્રિકાના પૂર્વ કિનારેથી કિલ્વા યા અન્ય યોગ્ય સ્થળેથી આંતરિક પ્રદેશોમાં પ્રવેશી, ન્યાસા સરોવર તરફ જઈ, ત્યાંને વિષેની સઘળી માહિતી મેળવી, ત્યાંથી ઉત્તરમાં(રૉયલ જિયૉ. સોસા.ના) એ સમયના નકશામાં દર્શાવેલી પર્વતમાળા તરફ આગળ વધી, નાઈલનું મૂળ શોધવા સારુ, બર્ટન અને સ્પેક ફરી આફ્રિકા ઊપડયા.

ઝાંઝિબારથી પોતાની શોધસફર આરંભવાનો એમનો ખયાલ હતો. ઝાંઝિબાર ટાપુ ત્યારે હબસી ગુલામોના અરબ વેપારીઓનું મુખ્ય મથક હતું. ત્યાંથી તેઓ આફ્રિકાનાં જંગલોમાં ગુલામો પકડવા જતા. બર્ટને પણ ત્યાંથી અરબ ભોમિયા અને હબસી મજૂરો કર્યા ને આફ્રિકાની તળભૂમિ પર ઊતરી એમણે પશ્ચિમમાં ટાબોરા તરફ કૂચ આદરી. આરંભમાં ગરમ અને નીચી સપાટીના કંઠાર પ્રદેશ વળોટી તેઓ આગળ વિસ્તરતા ઉચ્ચ પ્રદેશમાં પ્રવેશ્યા. આછાં જંગલો અને ઊંચા ઘાસવાળા એ

ભાગમાં ઝેબ્રા, હરણાં, સિંહ, દીપડા ને જિરાફનો વાસ હતો.

વચ્ચે વચ્ચે આ ઉચ્ચ પ્રદેશમાં ઉત્તરદક્ષિણ વિસ્તરેલી ખાઈઓ અને ખીણો આવતી. સદીઓ પહેલાંની કોઈ ભૂકંપનીય હલચલોનું એ પરિણામ હતું. ઉજિજી પાસે એવી એક ઊંડી ખીણમાં એમણે ઈ. ૧૮૫૮-ની ૧૩મી ફેબ્રુઆરીએ એકાએક વિશાળ સરોવર જોયું. સાથેના અરબ ભોમિયાને પૂછતાં એણે જણાવ્યું કે ત્યાંના લોકો એને 'ટાંગાનિકા' કહે છે.

'આમાંથી કોઈ મોટી નદી નીકળે છે?'

'હા, ઉત્તર બાજુથી એક નદી નીકળે છે ખરી.'

આ સાંભળી બંને શોધસફરીઓ ખુશ થયા. એમને લાગ્યું કે એ વ્હાઈટ નાઈલ જ હશે. ખાતરી કરવા નાવડું લઇને બંને જણ એ વિશાળ સરોવરની ઉત્તર કંઠાર સુધી ગયા. પેલા ભોમિયાના કહેવા પ્રમાણે ત્યાં એક નદી તો હતી, પણ એ આ સરોવરમાંથી નીકળતી નહોતી, એમાં ઠલવાતી હતી. એટલે એ શ્વેત નાઈલ તો નહોતી જ.

આ કંઈ આનંદદાયક અનુભવ નહોતો. ઊલટું તાવમાં પટકાએલા બર્ટનને તો હવે અહીંથી જ સફર આટોપી લેવાની ઇચ્છા થઈ આવી. પણ ટાબોરા પહોંચ્યા પછી ઉત્તરે દૂર દેખાતાં પર્વતશિખરો બતાવી સ્પેકે કહ્યું: 'જેની વાતો સાંભળી છે એ જ પેલા ચંદ્ર પ્રદેશના પર્વતો હશે અને એટલે હવે આપણે નાઈલના મૂળથી બહુ દૂર નહિ જ હોઇએ.' પણ બીમાર બર્ટનથી આગળ સફર થાય તેમ ન હોઈ એની રજા લઈ સ્પેક એકલો જ થોડા માણસો લઈ ઉત્તરમાં ઊપડયો.

એક પછી એક પર્વતમાળા ને સોળ હજાર ફૂટ ઊંચાં હિમાચ્છાદિત શાંત જ્વાળામુખ શિખરો વળોટયા પછી એક ઊંડી ખીણમાં એણે થોડાં સરોવરો જોયાં. એમાંથી અનેક ઝરણાંઓ ઉત્તર તરફ વહેતાં હતાં. છેવટે એણે આ બધાંથી અલગ તરી આવતું એક વિશાળ સરોવર જોયું. એની વચ્ચે એટલા તો બેટડા હતા કે એના વિસ્તારનો ખરો તાગ મળવો મુશ્કેલ હતો. દૂરના છેવટના ટાપુ પછી યે એના પાણીનો અંત કળાતો નહોતો. ખરેખર સરોવર કહેવાય એ કરતાં આ ઘણો વિસ્તૃત જળરાશિ હતો. પેલી ઊડતી વાતોમાં સાંભળેલો આંતરિક સમુદ્ર તે આ જ હશે. 'શું નામ છે આનું?' સ્પેકે પૂછયું. 'ન્યાંઝા' (એટલે કે 'વિશાળ જળરાશિ') ભોમિયાએ કહ્યું. 'ખરું જ લાગે છે! સોએક માઈલ જેટલું પહોળું તો હશે જ. આમાંથી કોઈ નદી નીકળે છે ખરી?' 'હા જ તો.' 'ત્યારે તો આપણે શ્વેત નાઈલનું મૂળ ખોળી શક્યા.' અને વધુ કંઈ તપાસ કર્યા વિના સ્પેક હરખભેર આ શોધની વધામણી આપવા ટાબોરા પાછો ફર્યો.

બર્ટનને આ ખબર આપીને એણે એ સરોવરને એમની મહારાણીના નામ પરથી 'વિક્ટોરિયા ન્યાંઝા' સરોવર નામ આપવા સૂચવ્યું.

હસતાંહસતાં બર્ટને કહ્યું: 'તમારું આ સરોવર ટાંગાનિકા કરતાં મોટું હશે, પણ એની કોઈ સાબિતી તમારી પાસે નથી. વળી, ભોમિયાની વાત માની લેવાને બદલે તમે જાતે એને સામે છેડે જઈ નાઈલના મૂળની ખાતરી કરી હોત તો સારું થાત?'

'તે હું તો હજી યે તૈયાર જ છું.'

'પણ હવે બહુ મોડું થઈ ગયું છે. આપણી પાસે વધુ પૈસા પણ નથી. આપણે પાછા જ ફરવું પડશે.'

ઝાંઝિબાર તરફ પાછા વળતાં માર્ગમાં નાઈલનું મૂળ ટાંગાનિકા સરોવરમાં કે ન્યાંઝામાં એ અંગે લાંબી બહસ ચાલી, અને એમાંથી ઝાંઝિબાર પહોંચતાં સુધીમાં બંને વચ્ચે કડવાશ વધી ગઇ. ઝાંઝિબારમાં આ સફરની વ્યાવસાયિક બાજુ અંગેના કામસર બર્ટન રોકાયો, જ્યારે સ્પેક તુરત ઈંગ્લૅન્ડ પાછો ફર્યો. ત્યાં એણે ન્યાંઝા સરોવરની પોતાની શોધના ખબર ફેલાવ્યા અને રૉયલ જિયૉ. સોસા. પાસે નાઈલના મૂળ અંગે ખાતરી કરી લાવવા માટે નવી સફર સારુ સહાય માગી. તુરત એનો પ્રસ્તાવ સ્વીકારાઈ ગયો.



△ જ્યાં જ્યાં બર્ટન ઘૂમી વળ્યો હતો એ પ્રદેશો △

એટલામાં બર્ટન પણ આવી ગયો. એણે વળી જુદી જ વાત કરી. ન્યાંઝાને એ સરોવર નહિ પણ નાનાનાના બેટડાવાળો જળબંબોળ કળણ વિસ્તાર સમજતો હતો. ટાંગાનિકા સરોવર અને પોતાની કલ્પના પ્રમાણે એમાંથી નીકળતી શ્વેત નાઈલનો એક નકશો પણ એણે ચીતરી કાઢયો અને જણાવ્યું કે એના આધારે શ્વેત નાઈલનું મૂળ મળી શકશે.

પણ સ્પેકની બીજી સફર રોકવામાં એ મોડો પડયો હતો. આફ્રિકન ફૂલછોડના અભ્યાસ અને એનાં ચિત્રો કરવા માટે ઉત્સુક જેઈમ્સ ગ્રાન્ટ નામના એક સૈનિકને સાથે રાખી સ્પેક ઊપડી ગયો. અગાઉના માર્ગે જ એ ન્યાંઝા સરોવર સુધી પહોંચી ગયો, પણ નાઈલનું મૂળ શોધવાની અધીરાઈમાં એણે ન તો એ સરોવરના નકશા કર્યા કે ન એ અંગેની અન્ય ભૌગોલિક તપાસની ચીવટ રાખી કે જેનાથી એ પોતાની શોધની સાબિતી આપી શકે. પરિણામે જ્યારે એ ઇંગ્લૅન્ડ પાછો ફર્યો ત્યારે બર્ટન અને અન્ય શોધસફરીઓના અનેક પ્રશ્નોના સંતોષકારક ખુલાસા કરવા જેવી સ્થિતિમાં એ નહોતો. બર્ટન હજી યે ભારપૂર્વક માનતો હતો કે નાઈલનું મૂળ ટાંગાનિકા સરોવરમાં જ છે. આ અંગે એની અને સ્પેકની વચ્ચે એક જાહેર પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ યોજાયો, પણ સ્પેક તેમાં ભાગ લેવા પહોંચે એ પહેલાં થોડા કલાક અગાઉ જ એક અકસ્માતમાં બંદૂકની ગોળી વાગતાં એનું અવસાન થયું.

શ્વેત નાઈલના મૂળનો એ વિખવાદ ભલે ત્યારે જારી રહ્યો, પણ બર્ટનની એ સફર અને એમાં બે વિશાળ સરોવરની શોધથી ત્યાર બાદની સ્પેક, બેકર, ગ્રાન્ટ, લિવિંગ્સ્ટન અને સ્ટૅન્લીની સફરોનો માર્ગ ખૂલી ગયો. રૉયલ જિયૉ. સોસા.ની કાર્યવાહીના ૩૩મા ગ્રંથમાં તથા 'લેઈક રીજીઅન્સ ઑવ ઈક્વેટોરીઅલ આફ્રિકા' (બે ભાગ-૧૮૬૦) નામના પોતાના પુસ્તકમાં એ વિસ્તાર વિશે બર્ટને જે માહિતીપ્રચુર લખાણ લખ્યું એ ત્યાર પછીના આ 'અંધારિયા આફ્રિકા' અંગેનાં મબલખ લખાણોનું પુરોગામી ને પ્રેરક હતું.

ત્રણ વર્ષ પછી એ આફ્રિકાની પશ્ચિમ બાજુએ દહોમી, બેનિન અને ગોલ્ડ કોસ્ટમાં ભમતો હતો. પરિણામે એ વિસ્તારોમાં પણ વિકસેલું બ્રિટિશ હિત સુવિખ્યાત છે. ઈંગ્લૅન્ડ આવ્યા બાદ એ ઉત્તર અમેરિકા પણ જઈ આવ્યો. ઉત્તરકાલીન ખ્રિસ્તી સંતો અને જિસસ ક્રાઈસ્ટનાં દેવળોની માહિતી એકઠી કરવાની એની નેમ હતી. 'ધ સિટી ઑવ ધ સેઈન્ટ્સ ઍન્ડ ઍક્રૉસ ધ રૉકી માઉન્ટ્સ ટુ કૅલિફૉર્નિયા' (૧૮૬૧)માં ઘટક ઘટક પણ અનેક ઉપયોગી માહિતી એણે આપી છે.

વર્ષો પહેલાં ઈ. ૧૮૫૨માં રિચર્ડ ઈસાબેલા ઍરૂંડેલના પરિચયમાં આવેલો. ઈ. ૧૮૭૧માં એમણે લગ્ન કર્યાં, અને કદાચ આ નવી જવાબદારીને કારણે જ એણે બ્રિટિશ વિદેશ કચેરીમાં નોકરી લીધી. પશ્ચિમ આફ્રિકામાં બેનિન અને બાયાફ્રાના અખાતમાં ફર્નાન્ડો-પો ટાપુ પર એને બ્રિટિશ રાજપ્રતિનિધિ તરીકે જવું પડ્યું. 'વિદેશ કચેરીની કબર'

નામે ઓળખાતા એ સ્થળે પણ બર્ટન પોતાની ફરજ બજાવવા ઉપરાંત આસપાસના પ્રદેશો ઘૂમી વળ્યો. પશ્ચિમ નાઇજીરિયાની રાજધાની થઈ ત્યાંથી કૅમૅરૂન્સનું પર્વતારોહણ કરવા ગયો. ગોરિલાની શોધમાં એણે ગૅબન નદીની સફર કરી. ફાંગ લોકોની ખાસિયતોનો અભ્યાસ કર્યો. કૉંગો નદીના મુખપ્રદેશમાં ઘૂમ્યો અને અંગોલાની પોર્ટુગીઝ વસાહતો પણ એ જોઈ આવ્યો.

ઈ. ૧૮૬૪માં એ દફતરી કામે દહોમીના રાજા ગૅલેલીને મળવા ગયો. બ્રિટિશ વિદેશ કચેરી ત્યારે ત્યાં ચાલતો ગુલામોનો વેપાર બંધ કરાવવા ઈચ્છતી હતી. જો કે બર્ટન આ અંગે રાજાને સમજાવી શક્યો નહિ, પણ ત્યાંના ધર્મ અને સંસ્કૃતિ તથા ત્યાંની શૂરવીર સ્ત્રીઓ વિષે એ ઘણી માહિતીઓ જાણી લાવ્યો.

આ પછી ઈ. ૧૮૬૫માં સાન્ટોસ (બ્રાઝિલ) અને ત્યાંથી ઈ. ૧૮૬૯-માં દમાસ્કસ (સીરિયા) અને છેવટ ઈ. ૧૮૭૧માં ઈટલીના ઍડ્રીઆટિક સમુદ્રની કંઠાર પરના ટ્રીએસ્ટીમાં એને રહેવાનું થયું, અને ત્યાં જ ઈ. ૧૮૯૦ની ૨૦મી ઑક્ટોબરે એનું અવસાન થયું. દરમિયાન ઈ. ૧૮૮૬માં એને 'નાઈટહુડ'નો ખિતાબ એનાયત થયો હતો.

ઈસાબેલાને રિચર્ડની સાહસિકતા અને લાગણી પ્રતિ પુષ્કળ માન હતું. પોતાના પતિનું એણે લખેલું રોમાંચક અને અતિશયોક્તિસભર ચરિત્ર એમાંની ક્ષતિઓ છતાં યે પતિની યાદમાં નિર્મળ પ્રેમથી અપેલી એક સુંદર અંજલિરૂપ છે. મોર્ટલેઈકમાં એણે પતિની આરસ અને પથ્થરની અરબ તંબૂના આકારની શોભનયુક્ત સુંદર સમાધિ રચાવી છે. ઈ. ૧૯૨૧થી બર્ટન સ્મારક વ્યાખ્યાનમાળા પણ જારી થઈ છે.

મક્કાની મસ્જિદમાં નમાજ પઢી આવનાર એ પહેલો અંગ્રેજ હતો. સોમાલીઓની પ્રતિબંધિત રાજધાની હરરમાં જઈ આવનાર પણ એ જ પહેલો હતો; અને વિષુવવૃત્તીય આફ્રિકાનાં સરોવરોનો પત્તો લાવનાર પણ એ જ પહેલો ગોરો હતો. પૂર્વ આફ્રિકાની એની પુરોગામી સફરોના અનુસંધાનમાં બ્રિટિશ સામ્રાજ્યે ત્યાં ઊંડો રસ દાખવ્યો. આગળ જતાં ટાંગાનિકા તરીકે જે પ્રાંત વિકસ્યો ત્યાંની વનસ્પતિ, ત્યાંના પ્રાણીઓ, ત્યાંની ભૂમિ, ત્યાંના લોકો વગેરે વિષે વિસ્તૃત માહિતી બર્ટન જ સૌ પ્રથમ એકઠી કરી આપી હતી.

પોતાની નિમણૂકના દરેક સ્થળ અને આજુબાજુના પ્રદેશ વિષે માહિતીસભર પુસ્તકો એણે લખ્યાં છે. ફર્નાન્ડો-પોથી એણે ૧૮૬૩માં 'વૉન્ડરિંગ્સ ઈન વેસ્ટ આફ્રિકા' અને આબીઓકુટા ઍન્ડ ધ કૅમૅરૂન્સ', ૧૮૬૪માં 'એ મિશન ટુ ગેલેલી, કિંગ ઑવ દહોમી' અને ૧૮૬૫માં 'વિટ ઍન્ડ વિઝડમ ફ્રૉમ વેસ્ટ આફ્રિકા' લખ્યું. 'ધ હાઇલૅન્ડ્ઝ ઑવ બ્રાઝિલ' (૧૮૬૯)માં એણે ત્યાંના પોતાના ચાર વર્ષના વાસ અને પ્રવાસોનું વર્ણન કર્યું છે, તો ૧૮૭૦માં 'લેટર્સ ફ્રૉમ ધ બૅટલફીલ્ડ ઑવ પારાગ્વે'માં એણે દક્ષિણ અમેરિકામાં પોતાનો પેરૂ સુધીનો પ્રવાસ નોંધ્યો છે. ઈ. ૧૮૭૨માં દમાસ્કસ ગયા પછી એણે 'અન એક્સ્પ્લોર્ડ સીરિયા' લખ્યું. એણે જે કંઈ લખ્યું એથી ઘણું વધુ સારી રીતે એ લખી શકત; કેમ કે બ્રિટિશ અને સીરિયન રાષ્ટ્રને સરખી રીતે બરાબર રસપૂર્વક સમજી શકે અને બંને દેશની ભાષાનો પૂરો જાણકાર એના જેવો અન્ય કોઈ પ્રતિનિધિ નહોતો. પણ એણે પોતાની તક બગાડી. વિદેશ કચેરી સાથે એને મતભેદ પડ્યો અને એના પૂર્વગ્રહયુક્ત ખયાલોથી બંને દેશ વચ્ચે કંઈ મુશ્કેલી ઊભી ન કરી બેસે એ સારુ એને ટ્રીએસ્ટી મોકલવામાં આવેલો, જ્યાં પૂર્વની દુનિયા વિષેનું એનું જ્ઞાન નિરર્થક હતું.

પણ એ છતાં યે પૂર્વનો અભ્યાસ અને એનો પ્રવાસરસ ઘટ્યાં નહોતાં. 'ઝાંઝિબાર', 'અબિઓકુટા', 'ઍસ્ટ્રૅકન પ્રાઇડના', 'સિધ-રીવિઝિટેડ', 'ધ લૅન્ડ ઑવ મીડિયન', 'ટુ ધ ગોલ્ડ કોસ્ટ ફોર ગોલ્ડ' વગેરે અનેક પુસ્તકો પરથી જણાય છે કે નવા પ્રવાસો સાથે પૂર્વે પરિચિત પ્રદેશોમાં પણ એ ફરી ગયો હતો. અમર બની જાય એવું ભાષા-માધુર્ય એનાં લખાણોમાં નથી. રજૂઆતની શૈલી માટે કઈ ચિંતા રાખ્યા વિના એ બહુ ઝડપથી લખતો. એનાં લખાણો પક્ષપાત રહિત અને અવનવી વિગતપૂર્ણ માહિતીઓથી પ્રચુર હોવા સાથે એમાં વચ્ચે-વચ્ચે એની જડ રમૂજ તથા અંગત ને આકરી ટીકાઓ કરવાની ખાસિયત પણ વ્યક્ત થાય છે.

વૈતાળ પચ્ચીસી પરથી 'વિક્રમ ઍન્ડ ધ વૅમ્પાયર' ને 'હિંદુ ટેઈલ્સ' (૧૮૭૦) તથા 'કામસૂત્ર'નું ભાષાંતર પણ એની નોંધનીય કૃતિઓ છે.

પણ એનાં બધાં જ લખાણોમાં સૌથી વધુ વિખ્યાત તો છે એણે કરેલું 'અલફ લયલા વ લયલા'નું ભાષાંતર 'અરેબિયન નાઈટ્સ'. ટ્રીએસ્ટીના વાસ દરમિયાન અવકાશના સમયમાં એણે આ કામ કરેલું. ઈ. ૧૮૮૫ થી '૮૮ દરમિયાન એણે એના સોળ ભાગ પોતાને ખર્ચે છપાવેલા. અરબી ભાષા અને પૂર્વના દેશોના લોકજીવન સાથે એમના રસમોરિવાજ ને ખયાલાતોના એના ઊંડા જ્ઞાનને પરિણામે આ ભાષાંતર એના જીવનની એક મોટી સિદ્ધિ સમું છે. એની મુક્ત ભાષા, મુસ્લિમ શબ્દભંડોળ અને એમનાં લાક્ષણિક રૂઢ વાક્યપ્રયોગોથી એ ભરપૂર છે. અરબોની ફિલસૂફી ને એમની વિચારરીતિ તથા એમની ખાનગી અને ઘૃણાત્મક આદતો પર પણ એથી પ્રકાશ પડે છે. બર્ટનના એ અંગ્રેજી ભાષાંતર પછી કંઈક અવનવી કલ્પના સાથે એના પરથી મબલખ નવાં સર્જનો થયાં હશે.

બર્ટને લખેલી માનવવંશશાસ્ત્રીય નોંધમાં એણે બીભત્સ કામચેષ્ટાઓને પણ વિસ્તારથી ચર્ચી છે. એનું શબ્દભંડોળ અત્યંત સમૃદ્ધ છે. યોગ્ય શબ્દ મૂકવામાં એ અજોડ જેવો પ્રતિભાવંત છે, જો કે અપ્રચલિત શબ્દો ને સૂત્રોનો એનો શોખ, નવા શબ્દો પ્રચલિત કરવાની ટેવ અને નજાકત વિનાની કઠોર લેખનશૈલી છતાં પ્રામાણિકતા સાથે એનાં લખાણમાં તેજસ્વી મેધાના ચમકારા પણ જોવા મળે છે. □

રહસ્યકથા 'રૂ મૉર્ગનો હત્યાકાંડ'નો ઉત્તર

(પૃષ્ઠ ૩૧૫થી)

અપરિચિત કંઠસ્વર, અમાનુષી શક્તિ અને ક્રૂરતા, નિરુદ્દેશ હત્યા અને એની અસાધારણ રીત સાથે માણસના નહિ એવા, વૃદ્ધાના હાથમાંથી મળી આવેલા તામ્રવર્ણી વાળ જોતાં આ કૃત્ય માનવીય લાગણી વિનાના ક્રુદ્ધ પ્રાણીનું હોવાનું કલ્પી શકાય. પાઈપ વાટે એનું આવવું-જવું માણસ માટે અશક્ય એવું હતું. ઘરમાંથી મળેલો ગોઝારો અસ્ત્રો એ પ્રાણીએ જ ક્યાંકથી ઉઠાવ્યો હોઈ શકે. (સ્ત્રીઓને એની શી જરૂર હોય?) કોઈ પણ વસ્તુ ઉઠાવી ન જવી એ પણ અસ્વાભાવિક. પુત્રીના ભિંસાએલા ગળા પરની પંજાની છાપ પણ અમાનવીય. બૉર્નિયોથી આવેલો ખલાસી સંભવ છે કે ત્યાંથી શક્તિશાળી 'ઉરાંગ-ઉટાંગ' વાનર સાથે લાવ્યો હશે. એની પાસેથી અસ્ત્રા સાથે છટકી એ વાનર અકસ્માત રૂ મૉર્ગના મકાનમાં પેઠો હશે. કોઈ પણ કારણે એ ત્યાં ઉશ્કેરાયો હશે અને એ ઉશ્કેરાટમાં એ બંને સ્ત્રીઓની હત્યા કરી છટકી ગયો હશે. દરમિયાન એનો માલિક એને શોધતો પાછળ આવી ચડ્યો હશે અને પોતાના પ્રાણીને ક્રુદ્ધ દશામાં ને કદાચ લોહીયાળ હાલતમાં જોયું હશે. પેલા ફ્રેંચ શબ્દો સંભળાએલા તે એ માલિકના જ, ડુપીંએ આવાં અનુમાનો કરીને જ છાપામાં ઉરાંગઉટાંગ વાનર મળ્યાની જાહેરખબર આપી એના માલિકને અમની પાસે આવવા પ્રેર્યો હતો. □

શરદિન્દુ વંદ્યોપાધ્યાય કથિત એક અમાર્જન અપરાધીની મૂળ બંગાળી કથાનો અનુવાદ

રેવા-તટે

—સુકન્યા ઝવેરી

અંતે રાજપુત્ર તૂણીરવર્માને રાજ્યમાંથી દેશવટો દેવો પડયો. રાજા શિવવર્માએ પોતાના પાટવી પુત્ર યુવરાજ ઈન્દ્રવર્માને બોલાવી કહ્યું: તૂણીરે જે અપરાધ કર્યો છે તેનો એકમાત્ર દંડ છે મૃત્યુ. પણ એ મારો પુત્ર છે એટલે એને એ પરમ દંડ દેતાં મારું હૃદય વ્યથિત થાય છે. તું જા અને એને સાથે લઈને રાજ્યને સીમાડે મૂકી આવ. તેને કહેજે કે હું એનું મોં સરખુ જોવા માગતો નથી. એ ક્યારે ય આ રાજ્યમાં પગ પણ ન મૂકે'

યુવરાજ ઈન્દ્રવર્મા વિષણ્ણ મુખે બોલ્યા: 'જેવી આજ્ઞા, આર્ય.'

લગભગ સાતસો વર્ષ પહેલાં નર્મદાને ઉત્તર તીરે મહેશગઢ નામે એક રાજ્ય હતું. રાજ્ય કદમાં બહુ મોટું નહોતું, પણ હતું સમૃદ્ધ થોડાં વર્ષ પહેલાં જ અલાઉદ્દીન ખિલજીએ જ્યારે દેવગિરિ પર આક્રમણ કરવા દક્ષિણ ભણી ચડાઈ કરી ત્યારે તે મહેશગઢની પાસેથી જ ગયો હતો, પણ મહેશગઢમાં પ્રવેશ્યો નહોતો. પણ ત્યારથી જ નર્મદાકાઠાનાં રાજ્યોમાં શંકા અને સત્રાસ સર્જાયા હતાં યવનો અતિ કપટી અને નિષ્ઠુર. તેઓ વિશ્વાસઘાતક, મિત્રતાનો ડોળ કરી સદ્‌ભાવ બતાવનારની જ હત્યા કરે. તેથી યવનો સંબધે હમેશાં સાવચેત રહેવું જ જરૂરી હતું.

મહેશગઢ રાજ્ય પણ આ સત્રાસની અસર હેઠળ હતું જ. રાજશક્તિ આતતાયીના આગમનની પ્રતીક્ષામાં સૈન્યદળ સજ્જ જ રાખતી. પણં વર્ષો વીતી ગયાં છતાં યવનોએ ફરી આક્રમણ કર્યું નહિ. ધીરે ધીરે અણજાણ્યે એ સાવધતા શિથિલ થવા લાગી. રાજપુરુષો અંદરઅંદરની ક્ષુદ્ર કૂટનીતિમાં પડી ગયા.

ભારતના ઇતિહાસમાં આવી ઘટના વારંવાર બનતી જ રહી છે. શત્રુ આંખોથી અદીઠ થયા કે મનથી પણ અદીઠ થઈ જાય; અને ફરી જ્યારે શત્રુ અચાનક આક્રમણ કરે ત્યારે એને અપ્રત્યાશિત ઉત્પાત માને. આપણે અતીતને ખૂબ જ સહેલાઈથી ભૂલી જઈએ છીએ.

મહેશગઢના રાજા શિવવર્માની પણ ઉંમર થવા આવી હતી તે જમાનામાં રાજાઓમાં બહુવિવાહ પ્રચલિત હતો. જે જેટલી વધુ રાજકન્યા લાવી શકે તેની મર્યાદા તેટલી વધુ. શિવવર્માને સાત રાણીઓ; અને પુત્રો ત્રીસથી પણ વધુ। તેમાં કેવળ જ્યેષ્ઠ પુત્ર જ સિંહાસનનો ઉત્તરાધિકારી, બીજા કોઈ રાજકુમારને કંઈ કામ નહિ. તેઓ આહારવિહાર, શિકાર, અને જરૂર પડયે યુદ્ધ કરીને જીવન વિતાવે. અને વંશાનુક્રમે આ બધાં બાકીના રાજકુમારો અને તેમના પુત્રો-પૌત્રો રાજપૂત જાતિમાં પરિણત થતા જાય. તેમનામાં સાહજિક ક્ષાત્રતેજ હતું, તેથી આજ પણ રાજપૂતો શૌર્ય-વીર્ય ને બાહુબળ માટે ભુવનમાં વિખ્યાત છે.

તૂણીરવર્મા શિવવર્માની ત્રીજી રાણીનો ચોથો પુત્ર. તે કોઈ કાળે ય રાજા થઈ શકે એવો સંભવ નહોતો. નાનપણથી જ એનો સ્વભાવ દુરંત ને દુ:શીલ. કોઈ તેને કાબૂમાં રાખી શકતું નહિ. એ જયારે જુવાન થયો ત્યારે એનો સ્વભાવ વધુ પ્રચંડ ને દુર્દમનીય થઈ ગયો. તે દેખાવે જેટલો સુંદર, દેહ તેવો જ બલિષ્ઠ. તેની વિરુદ્ધ જવાની કોઈનામાં હિંમત નહોતી. આખલા જેવો એ સ્વચ્છંદાચારી બની ગયો હતો. ભોગવ્યસનમાં પણ પૂરો. જીવનમાં તેની ભોગ્ય વસ્તુ બે: મૃગયા ને માનુનીનું યૌવન.

રાજપુત્રો કોઈ પણ શાંત, શિષ્ટ, મિતાચારી થતા નહિ. તેમાંના કોઈ જયારે ઉચ્છૃંખલતાની માત્રા વટાવી જતા ત્યારે પ્રજામાં અસંતોષ દેખા દેતો. તૂણીરવર્માનાં આચારઆચરણ ને ચાલચલગત માટે રાજા પાસે રોજ ફરિયાદ આવવા માંડી. રાજાએ પુત્રને કાબૂમાં રાખવા પ્રયાસ કર્યો, પણ કોઈ પરિણામ ન આવ્યું. અંતે એક અમાર્જનીય અપરાધ કરી બેઠો, એક વૃદ્ધ બ્રાહ્મણની તરુણી ભાર્યાનું અપહરણ કરી લાવ્યો.

આ મહાપાતકની કોઈ માર્જના નહોતી. રાજાએ પુત્રને કારાગૃહમાં કેદ કર્યો અને પછી એને દેશનિકાલનો આદેશ દીધો.

કારાવાસમાંથી તૂણીરવર્માને મુક્ત કરી તેને ઘોડા પર સવાર થવાનો આદેશ આપી યુવરાજ પોતે બીજા અશ્વ પર આરોહણ કરી નગરદ્વાર ભણી ચાલી નીકળ્યા. આગળ-પાછળ બે દળ ધનુર્ધર રક્ષકો હતા.

રાજપથ પર નાગરિકોની ભીડ જામી હતી. મોટા ભાગના નીરવ હતા, તો કોઈ કોઈ ધિક્કારતા અને તિરસ્કાર કરતા. તૂણીરવર્માના મુખ પર પણ ક્યારેક હિંસ્ર ભાવ ચડી જતાં, તો ક્યારેક તીવ્ર વ્યંગપૂર્ણ હાસ્ય. તેણે સાથે ચાલતા યુવરાજ ભણી મુખ ફેરવી પૂછ્યુ: 'મને ક્યાં લઈ જાય છે? વધ કરવા?' ઈન્દ્રવર્માએ ધીરે સ્વરે કહ્યું: 'ના, મહારાજે તને દેશનિકાલની સજા ફરમાવી છે.'

તૂણીરવર્માએ હોઠ મચડી વિકૃત હાસ્ય કરી કહ્યું: 'મહારાજની અસીમ કરુણા. તારો અધિકાર ચાલત તો તું તો મને પ્રાણદંડની સજા ફટકારત.' ઈન્દ્રવર્માએ ક્લાન્ત નિ:શ્વાસ મૂક્યો, પણ જવાબ ન આપ્યો.

નગરથી રાજ્યનો સીમાડો તો ખૂબ દૂર હતો. નગર છોડી તેઓ નર્મદાના તીરેતીરે પૂર્વ ભણી ચાલી નીકળ્યા. ત્રીજે પહોરે રાજ્યની સરહદનો સ્તંભ દેખાયો. સીમાંત સ્તંભ પાસે આવી ઈન્દ્રવર્માએ અશ્વ રોક્યો. એક કોષબદ્ધ તલવાર તૂણીરવર્માના હાથમાં મૂકી સ્નેહાર્દ્ર સ્વરે બોલ્યા: 'ભાઈ, આ અશ્વ અને આ તલવાર એ જ તારી સંપત્તિ. રાજાના આદેશે તું નિર્વાસિત થયો છે; પણ તું ક્ષત્રિય. તારું બાહુબળ જ તારું ભાગ્ય. જા, હવે આ રાજ્યમાં ક્યારે ય પ્રવેશીશ નહિ. પણ ક્યારેક ક્યારેક માતૃભૂમિને યાદ કરજે.'

તૂણીરવર્મા તીવ્ર કટુ વ્યંગ હાસ્ય કરી બોલ્યો: 'માતૃભૂમિ?! મહેશગઢ મારી માતૃભૂમિ નથી; મારી વિમાતૃભૂમિ—જ્યાં બધા જ મારા શત્રુઓ છે. જો કોઈ દિવસ પાછો ફરીશ તો એકલો નહિ ફરું; સાથે આ તલવાર લેતો આવીશ.' ઇંદ્રવર્મા જાણતા હતા કે આ એના ક્રોધનો ઊભરો માત્ર છે. તે દુર્દમ, સાહસિક અને જિદ્દી ખરો, પણ સૈન્યગઠન કરી તેની સરદારી કરવી એ તૂણીરવર્મા માટે અશક્ય. ઇંદ્રવર્માએ શાંત ભર્ત્સના કરતાં કહ્યું: 'પોતાના વંશ માટે એવું નહિ બોલ.'

તૂણીરવર્મા ચિત્કાર કરી ઊઠયો: 'મારે વંશ નથી, માતૃભૂમિ નથી. પૃથ્વી પર હું છું એકાકી!' કહીને ઘોડાને પૂર્વ દિશા ભણી મારી મૂક્યો.

તે રાત તૂણીરવર્માએ નર્મદાતીરે એક વૃક્ષ તળે વિતાવી. બીજે દિવસે ફરી પૂર્વ દિશા ભણી ચાલી નીકળ્યો. નર્મદા તીર ક્યારેક સમતલ તો ક્યારેક ડુંગરાળ, ક્યાંક વળી એકાદ બે આરણ્યક જાતિનાં ગામ. ત્યાંથી એને ખાવા મળ્યું.

બીજે દિવસે સૂર્યાસ્ત પહેલાં તૂણીરવર્મા એક ગામ પાસે પહોંચ્યો. ત્યાં નદી કાંઠાની વાળુ પર કેટલીક આટવિક જાતિની યુવતીઓ ગીત ગાઈને નૃત્ય કરતી હતી. તેમનાં નિરાવરણ વક્ષ પર વનજ પુષ્પની માલા; કેશકુંડલીમાં શિખિચૂડ (મોરમુકુટ). તૂણીરવર્મા ઘોડો રોકી નીરખવા માંડયો અને પછી ઘોડા પરથી ઊતરી યુવતીઓની વચ્ચે જઈ ઊભો રહ્યો. યુવતીઓ પણ ડરી નહિ, ખિલ ખિલ કરતી હસી પડી.

એક યુવતી હસી નહિ. તૂણીરવર્માની પ્રદક્ષિણા કરી નીરખી રહી. અને પછી પોતાના ગળાની માળા કાઢી એને પહેરાવી દીધી!

બીજી યુવતીઓ કલહાસ્ય કરતી ગામ ભણી દોડી ગઈ. તૂણીરવર્માએ યુવતીનો હાથ ઝાલી પાસે ખેંચી લીધી. સ્મિત કરીને પૂછ્યુ: 'તારું

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૫૬

અરુચિ

ખોરાક બેસ્વાદ લાગે, મનગમતો ખોરાક પણ ન ભાવે, જમવાની ઇચ્છા જ ન થાય કે ખોરાક પ્રત્યે રુચિ જ ન રહે એ 'અરુચિ'ને આયુર્વેદમાં 'અરોચક' કહે છે. એમાં મુખ્યત્વે કફના દોષથી જીભની સ્વાદ-પરખ ચાલી જાય છે. સ્વતંત્ર રોગ હોવા ઉપરાંત તાવ, અજીર્ણ, અગ્નિમાંદ્ય અને બીજા કેટલાક રોગોના લક્ષણ તરીકે અથવા પશ્ચાત્ અસર તરીકે પણ અરુચિ પેદા થાય છે. ભય, શોક, ક્રોધ, દુઃખ, ચિંતા વગેરે જેવાં માનસિક કારણોથી પણ અરુચિ પ્રકટે છે. પરંતુ અગ્નિમાંદ્ય એનું મુખ્ય કારણ છે અને અગ્નિમાંદ્યનું મૂળ કારણ આહારજન્ય છે. એટલે ભૂખ લાગે ત્યારે અને પ્રમાણસર જ ખાવાથી, બે ભોજન વચ્ચે આચરકુચર પેટમાં ન નાખવાથી, હળવો ખોરાક લેવાથી અને અવારનવાર અન્નત્યાગ કરવાથી અરુચિ થવાનું કારણ નહિ રહે.

ઉપચાર

અરુચિના ઉપચાર બે પ્રકારે થઈ શકે. આહારજન્ય ઉપચારોમાં પ્રથમ ખરી ભૂખ ન લાગે ત્યાં સુધી માત્ર ગરમ પાણી પીને ઉપવાસ કરવા, પછી ભૂખ ઊઘડે એટલે પ્રવાહી ને તદ્દન હળવા ખોરાકથી આરંભ કરવો. સ્વાદ અને પાચન માટે જમતાં પહેલાં મીઠું ચડાવેલી આદુની કાતરી ખાવી ને ભોજન બાદ જીરું-મીઠું નાખેલી મોળી છાશ પીવી. ઋતુ અનુસારનાં ખટમીઠાં ફળ ને ભોજન સાથે ચટણીકચુંબર કે અથાણાં-રાયતાં ને દહીંછાશ વગેરે વ્યંજનોનો ઉપયોગ પણ કરવો. ઉનાળામાં રોચક શરબતો અને શિયાળા ને ચોમાસામાં આવાં ખટમીઠાં આસવઅરિષ્ટો લેવાં. પણ મનને ન રુચે તેવો કોઈ ખોરાક કે પીણાં લેવાં નહિ.

ઔષધજન્ય ઉપચારોમાં : ૧) બે રસાળ લીંબુનાં અડધિયાં કરી તેના પર અલગઅલગ મરી, ડિકામારી સિંધવ અને ગંઠોડાનું ચૂર્ણ લગાડી દરેકને અગ્નિ પર મૂકી સારી પેઠે ખદખદાવવું અને પછી ઠંડુ પડ્યે એ ચૂસી જવું. રોજ સવારે ખાલી પેટે આ લીંબુ ચૂસવાથી લાભ થશે. ૨) બિજોરા લીંબુનાં ફૂલની કળીઓ ઘીમાં શેકીને તેમાં સિંધવ મેળવીને પીવું. ૩) પાકેલી આમલીને પાણીમાં નીચોવીને યા લીંબુ કે દાડમના રસમાં મરી, એલચી, લવિંગ વગેરેનું ચૂર્ણ મેળવી જમતાં પહેલાં આ સ્વાદિષ્ટ પાનક પીવું. ૪) સૂંઠ, ગોળ ને ઘીની લાડુડી બનાવીને સવાર-સાંજ ખાવી. ૫) દ્રાક્ષ, જીરું, વરિયાળી, મરી, સંચળ, કોકમ, દાડમના દાણા, એલચી, આદુ, આમળાં, પીપર વગેરે સાથેની વિધવિધ પ્રકારની ચટણીનો ઉપયોગ કરવો ૬) રસોનાદિવટી, ચિત્રકાદિવટી, શંખવટી, એલાદિવટી, યવાની ખાંડવ ચૂર્ણ, હિંગ્વાષ્ટક ચૂર્ણ, શિવાક્ષાર પાચન ચૂર્ણ, લવણભાસ્કર ચૂર્ણ, દાડિમાષ્ટક, સીતોપલાદિ, તાલિસાદિ વગેરે ચૂર્ણો પણ 'અરોચક' પર હિતકારી છે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

નામ શું?' યુવતી સ્નિગ્ધ આંખે તેના ભણી તાકતાં બોલી: 'રેવા.'

થોડી વાર પછી આટવિક પુરુષોનું એક ટોળું ડરતું ડરતું ત્યાં આવીને ઊભું રહ્યું. તૂણીરવર્માનું નિરીક્ષણ કરી યુવતીને પૂછ્યું: 'આ કોણ છે?'

યુવતી બોલી: 'એને મેં માળા પહેરાવી છે. એ મારો પુરુષ.'

પુરુષોએ તૂણીરવર્માને પૂછ્યું: 'તું કોણ છે?'

તૂણીરવર્માએ તલવારની મૂઠ પર હાથ મૂકી કહ્યું: 'હું રાજપુત્ર.'

પુરુષોમાં જે વૃદ્ધ હતો તેણે પૂછ્યું: 'રાજપૂત? અહીં શા માટે આવ્યો છે?' તૂણીરવર્મા બોલ્યો: 'મને કોઈ ચાહતું નથી, તેથી રાજ્ય છોડી ચાલ્યો આવ્યો છું.'

પુરુષે પૂછ્યું: 'તું અમારા ગામમાં રહેશે?' તૂણીરવર્માએ કહ્યું: 'રહીશ.'

ગામને એક છેડે નર્મદાને કાંઠે કુટિર બાંધી તૂણીરવર્માએ વસવાટ કર્યો. રેવા એ નૂતન ઘરની ગૃહિણી.

રેવાનો શ્યામલ દેહ જેવો પરમ કમનીય, તેનું મન પણ તેવું જ શાંત, સ્નિગ્ધ, પ્રસન્ન. તૂણીરવર્માએ આવી રમણી પહેલાં ક્યારે ય જોઈ નહોતી. નાગરિક રમણીઓનાં અંતરમાં ક્ષુધા અધિક, તૃપ્તિ કમ. તૂણીરવર્મા રેવા સાથે રહેતાં સુખના સલિલમાં ડૂબી ગયો.

આટવિકોના જીવનમાં ઝાઝી વિવિધતા નથી હોતી. તેઓ થોડીઘણી ખેતી કરે, નદીમાં માછલાં પકડે, ધનુષબાણ લઈ શિકાર કરે. મહુડાં અને વનમધુમાંથી આસવ તૈયાર કરે, પાન કરે, નશામાં મત્ત થઈ નૃત્યગીતમાં મસ્ત થઈ કોણ કોની સ્ત્રી, કોણ કોનો પુરુષ એ ય ભૂલી જાય. આદિમ, અનિરુદ્ધ તેમનું જીવન. સંસ્કારના બંધને તેમનાં મન પંગુ બની જાય નહિ.

તૂણીરવર્માના મનમાં ચિંતા નહિ. મન ફાવે ત્યારે નદીમાં ઝંપલાવે, તરે. તેના બલિષ્ઠ બાહુથી નર્મદાનાં પાણી ખળભળી ઊઠે. ક્યારેક તે તીરે બેઠો માછલી પકડે. ક્યારેક વળી ગામના યુવકો સાથે વનમાં જઈ મયૂર, હરણ કે વરાહનો શિકાર કરી આણે. આટવિકો સાથે તે ઘનિષ્ઠતાથી ભળી ગયો હતો, અને તેઓએ પણ રાજપુત્રને પોતાનો કરી લીધો હતો. તૂણીરવર્માને પણ ધીરેધીરે લાગવા માંડ્યું કે પોતે પણ હવે અંતરથી વન્ય આટવિક છે. આ જીવન જ એને માટે પ્રકૃત જીવન. આટલા દિવસે એ જાણે પોતાના ક્ષેત્રમાં, પોતાના વર્તુલમાં આવી પહોંચ્યો છે. નાગરિક જીવનયાત્રા માટે તેના મનમાં લેશમાત્ર પિપાસા ન રહી.

ક્યારેક સૂર્યાસ્ત સમયે નર્મદાકાંઠે રેતીમાં એકલા બેઠાં નાનાવિધ જલ્પના તેના મનમાં જાગતી. નદીનો સ્રોત પશ્ચિમ દિશામાં વહેતો જતો હતો. અત્યારે જે જળ અહીંથી વહી રહ્યું છે, તે કાલે પ્રાતઃકાળે મહેશગઢ નગર પાસે થઇને વહી જશે. મહેશગઢની યાદ આવતાં તેનું મન વિમુખ બની જતું. તે વિચારતો: મહેશગઢ મારી જન્મભૂમિ નથી; મહેશગઢનાં માણસો મારાં પોતાનાં નથી. આ નદી કાંઠે વસેલું નાનકડું ગામ જ તેનું પોતાનું સ્થાન છે. આ વન્ય, અર્ધ નગ્ન માનવો જ તેનાં પોતાનાં, પરમ આત્મીય છે. રેવા નામની એક શ્યામલી સ્ત્રી તેની અંતરતમા. જીવનમાં બીજું કશું ચાહતો નથી.

આ રીતે દિવસો વીતતા હતા. એમ કરતાં વર્ષ પણ વીતી ગયું.

એક દિવસ હેમંતની બપોરે તૂણીરવર્માએ રેવાને કહ્યું: 'ચાલ રેવા, વનમાં શિકાર કરવા જઇએ.' રેવા ઉલ્લસિત બની બોલી: 'શું મને લઈ જશો?' તૂણીરવર્મા બોલ્યો: 'હા આજ હવે કોઈ નહિ; કેવળ તું ને હું.'

ભલે ચાલો.' કહેતાં જ રેવાના મુખ પર જરા શી શંકાની છાયા પથરાઈ ગઈ: 'પાછા ફરતાં રાત થઈ જશે તો? જંગલમાં વિકરાળ વાઘ અને જંગલી વરુ છે.' તૂણીરવર્મા બોલ્યો: 'જો રાત પડી જશે તો આપણે બંને ઝાડ પર ચડી રાત વિતાવશું?'

નદીકાંઠે ઘોડો ચરતો હતો. તૂણીરવર્માએ તેના મુખમાં લગામ નાખી અને એક કૂદકે તેની પીઠ પર ચડી બેઠા; અને રેવાને ઊંચકી લઈ પોતાની આગળ બેસાડી ઘોડો મારી મૂક્યો.

ગામથી ગાઉ એક દૂર પશ્ચિમમાં પ્રગાઢ વન. વનને કિનારે ઘોડો છોડી દઈ તૂણીરવર્માએ રેવાને લઇને વનમાં પ્રવેશ કર્યો. તૂણીરવર્માના હાથમાં ધનુષબાણ હતાં ખરાં, પણ એનું ધ્યાન–મન મૃગયામાં નહોતું.

દોડાદોડી ને સંતાકૂકડીની રમત. બાલક બાલિકાનાં કૌતુક કુતૂહલ સહિત યુવકયુવતીનો રતરંગ એમાં ભળે ત્યારે વનવિહાર પરમ રમણીય

બની ઊઠે. તૂણીરવર્માને જ્યારે સમયનો ખ્યાલ આવ્યો ત્યારે પ્રણયીયુગલ વનને પશ્ચિમ પ્રાંતે પહોંચી ગયું હતું અને સૂર્યાસ્ત થવાને વાર નહોતી.

તૂણીરવર્મા બોલ્યો: 'ચાલ, હજુ સાંજ છે. અંધારું ઊતરી આવે તે પહેલા વન વટાવી જઈ શકીશું.' અને તેણે રેવાનો હાથ ઝાલી વનની અંદર દોટ મૂકી. પણ થોડાંક ડગલાં આગળ વધતાં જ એની ગતિ થંભી ગઈ. ઉત્તર દિશામાંથી ગંભીર અવાજ સંભળાતાં તેઓ ચમકીને ઊભાં રહી ગયાં. દૂર જાણે દુંદુભિ બજતી હતી. આ અવાજ તૂણીરવર્માને અપરિચિત નહોતો. આ તો રણવાદ્ય. તેનાં નસકોરાં ફૂલવા માંડયાં. તેણે ચકોર આંખે તે દિશામાં જોવા માંડયું.

દૂર ચમકતાં ભાલાંના ફલકની એક હાર દેખાવા માંડી. તે પછી અસંખ્ય ઘોડેસવારનાં દળ. આ વન ભણી જ તેઓ આગળ વધી રહ્યા હતા.

રેવા ભયભીત બની તૂણીરવર્માનો હાથ ખેંચી બોલી: 'કોણ છે તેઓ? મને ડર લાગે છે. ચાલો ભાગી જઈએ.'

તૂણીરવર્મા બોલ્યો: 'લશ્કર આવતું હોય એવું લાગે છે. આ વનમાં રાત ગાળશે. પણ ભાગવું નથી. જોવું પડશે કે તેઓ કોણ છે.' એક વાર ચારે તરફ નજર ફેરવી એક વિશાળ ઘટાદાર શાલવૃક્ષ શોધી કાઢયું; પછી બોલ્યો: 'ચાલ પેલા ઝાડ પર ચડીને સંતાઈ રહીએ.'

બંને જણાં શાલવૃક્ષની ઉપલી ડાળીએ ચડીને છુપાઈને બેઠાં. ઘટાદાર વૃક્ષની આડશમાંથી તૂણીરવર્મા જોવા માંડયો. સૈન્યે વનમાં પ્રવેશ કર્યો. વિચિત્ર હતાં તેમનાં લોખંડનાં બખ્તર અને ટોપ. મુખ પર દાઢી. તેણે અસ્ફુટ સ્વરે રેવાને કહ્યું: 'મ્લેચ્છ સૈન્ય.'

સૂર્યાસ્ત થવા સાથે તો વનભૂમિ અંધારી થઈ ગઈ. મ્લેચ્છ સૈન્ય વનમાં રાત્રી વિતાવવાના આયોજનમાં પડયું. કેટલીક જગ્યાએ ચૂલા પેટયા. જે વૃક્ષ પર તૂણીરવર્મા રેવા સાથે છુપાયો હતો તેની નીચે પણ થોડાક સેનાની આગ પેટાવી ખોરાક રાંધવામા લાગી ગયા હતા, તેમના માંસ સીજવાની વાસ તૂણીરવર્માના નાક સુધી પહોંચતી હતી. તેઓ વાતચીત કરતા હતા પણ તેમની ભાષાનો મોટો ભાગ સમજાતો ન હતો. તૂણીરવર્માએ કાન માંડીને જે સાંભળ્યું અને સમજ્યો એનો મર્મ એટલો જ હતો કે મલિક કાફુર નામનો સેનાપતિ આ મ્લેચ્છ લશ્કરનો નાયક હતો. તેઓ દક્ષિણ પર આક્રમણ કરવા જઈ રહ્યા હતા. પણ નર્મદા નદી પાર કરતા પહેલાં નર્મદાના ઉત્તર તીરે જેટલાં હિંદુ રાજ્ય છે એ બધાંને વિધ્વંસ્ત કરતા જશે, જેથી પાછળથી શત્રુ આક્રમણ ન કરી શકે.

રાત ઘેરાવા માંડી. સૈન્યદળ આહાર વગેરે પતાવી ભૂમિશય્યા પર લેટી ગયુ. આગ બુઝાઈ ગઈ. વન ફરી નિઃસ્તબ્ધ બની ગયું. વૃક્ષના થડ પર પીઠ ટેકવી તૂણીરવર્માએ ચૂપચાપ રેવાને પોતાના ખોળામાં લઈ લીધી: વખતે ઊંઘમા રેવા વૃક્ષ પરથી નીચે ગબડી પડે અથવા ચીસ પાડી ઊઠે તો આવી જ બને! રાત પૂરી થઈ. દુન્દુભિ અને રણશીંગાં બજી ઊઠયાં. મ્લેચ્છ સૈન્ય ઘોડા પર ચડી પશ્ચિમ દિશા ભણી ચાલી નીકળ્યું.

તૂણીરવર્મા ઝાડ પરથી નીચે ઊતર્યો. તેના મુખ પર ઉજાગરાની ક્લાન્ત રેખા હતી, ને લાલઘૂમ આંખોમાં ચિન્તાની છાયા હતી. રેવાએ તેનો હાથ ઝાલ્યો ને પૂર્વ દિશા ભણી ખેંચી ગઈ. રેવાની આંખો ચપળતાથી ચોમેર ફરતી હતી, તૂણીરવર્મા વિચારમાં મશગૂલ હતો. વનમાંથી નીકળીને રેવા બોલી:'અરે! આપણો ઘોડો ક્યાં?' તૂણીરવર્મા ચકિત નજરે ચારે કોર જોઈ રહ્યો. 'હા, ઘોડો તો નથી. વનમાં એ નહોતો, નહિ?'

'ના.' રેવા બોલી: 'હોત તો આપણને ન દેખાત?' તૂણીરવર્માનું મુખ કઠોર બની ઊઠયું; બોલ્યો: 'મ્લેચ્છ લુટારા ચોરી ગયા લાગે છે.'

કુટિરે પાછા જઈ, પેટ ભરી જમી તૂણીરવર્મા નદીતીરે જઈ બેઠો. રેવા તેને પડખે આવીને બેઠી. નર્મદાનો સ્રોત ખળખળ કરતો વહી રહ્યો હતો. જે તરફ તૂણીરવર્માની માતૃભૂમિ હતી તે તરફ જ જઈ રહ્યો હતો. જોતજોતાંમાં તૂણીરવર્માની આંખો ઝળઝળિયાંથી ભરાઈ ઊઠી. હૃદયમાં અસહ્ય આવેગ ઊછળવા માંડયો! તે વધુ વાર બેસી ન શકયો. ઊઠીને ઊભો થયો અને ગંભીર સ્વરે બોલ્યો: 'રેવા!'

રેવા એના મુખ ભણી તાકી રહી હતી. શંકિત સ્વરે બોલી: 'શું?

તૂણીરવર્મા બોલ્યો: 'હું જાઉં છું. મહેશગઢે સંદેશો પહોંચાડવો પડશે કે શત્રુ ચડાઈ કરવા આવી રહ્યા છે.'

રેવા રડી પડી: 'તમે ચાલ્યા જશો?'

તૂણીરવર્મા બોલ્યો: 'મારે જવું જ રહ્યું. મારા સમસ્તની સર્વ નાડી મારા દેશ માટે તૂટી રહી છે. એ માભોમનો સાદ અવગણ્યે ચાલે એમ નથી.'

રેવા ગદ્ગદ કંઠે બોલી: 'પણ તમે જશો શી રીતે? તમારો ઘોડો પણ નથી; અને શત્રુઓ તો ક્યાંના ક્યાં કેટલા દૂર નીકળી ગયા છે. તમે એમની પહેલાં પહોંચી શકશો?'

'પહોંચી શકીશ.' તૂણીરવર્મા નદી ભણી આંગળી ચીંધી બોલ્યો: 'આ નદી જ મને પહોંચાડશે. તું રડ નહિ, રેવા. જો હું જીવતો હોઈશ તો ફરી તારી પાસે પાછો આવીશ.'

તેણે એક વાર રેવાને દૃઢ આલિંગનમાં ભીંસી દીધી, અને પછી કૃતનિશ્ચયી મોંએ હોઠ ભીંસી નદીમાં ઝંપલાવ્યું.

તે દિવસે સૂર્યાસ્તકાળે મ્લેચ્છ લશ્કર નર્મદાતીરે એક અટવીમાં આશ્રય લઈ રહ્યું હતું. તેમાંના કેટલાક નદીમાં પાણી લેવા આવતા હતા. એમણે જોયું કે નદીની ધારામાં એક માણસ તણાઈ રહ્યો હતો. તેઓએ નિરુત્સુક આંખે એને જોયો અને જોયું ન જોયું કરી નાખ્યું. એક કાફર જળમાં ડૂબી જાય તો શું ખોટું?

રાત્રે ત્રીજા પહોરે મહેશગઢ રાજમહેલની પાછળના બાંધેલા ઘાટ પર એક માણસ જળમાંથી બહાર આવ્યો. ચંદ્રના પ્રકાશમાં તેનો ભીંજાએલો દેહ ચમકી રહ્યો હતો. ઘાટ પર પ્રહરી નહોતો. રાજપ્રાસાદનાં દ્વાર બંધ કરી ઊંઘી ગયો હતો.

પણ તૂણીરવર્મા જાણતો હતો કે શી રીતે બંધ પ્રાસાદમાં પ્રવેશી શકાય. તે ગુપ્ત રસ્તે પ્રાસાદપુરીમાં દાખલ થયો ને પછી યુવરાજ ઈન્દ્રવર્માના મહેલે જઈ બારણે ટકોરા દીધા: 'બારણાં ખોલો! બારણાં ખોલો!'

ઈન્દ્રવર્મા ઊંઘરેટી આંખે દ્વાર ખોલી બહાર આવ્યા. તૂણીરવર્માને જોઈ બોલ્યા: 'અરે! તૂણીર તું!'

તૂણીરવર્માનો દેહ એટલી વારમાં તો અવશ બની રહ્યો હતો. તે બોલ્યો: 'દુશ્મન આવે છે... મ્લેચ્છ શત્રુ મહેશગઢ પર આક્રમણ કરવા આવે છે. સાબદા થાઓ...' આટલું બોલતાં બોલતાંમાં તો એ બેભાન થઈ જમીન પર પટકાઈ પડયો...

તે વખતે મલિક કાફુરનું સૈન્ય મહેશગઢ રાજ્યને જીતી શકયું નહિ.

એક તીર્થસ્વરૂપ શ્રદ્ધામૂર્તિ

મારાં મોટી બા

વિશિષ્ટ વ્યક્તિચિત્ર

લેખક
મુકુન્દરાય વિ. પારાશર્ય



મોટી બા અવલકુંવર ▷

વિક્રમ સંવત ૧૯૯૬ની પોષી પૂનમ (તા. ૨૫-૧-૧૯૪૦)ની મધરાત પછી મારાં મોટીબાનું હૃદય બંધ પડવાથી અવસાન થયું. દર પોષી પૂનમે મને એ આખો યે પ્રસંગ તાદૃશ થાય છે. એ માંદાં ન હતાં, કોઈ ફરિયાદ ન હતી. રાતે દસ વાગ્યા સુધી તેમને વીંટળાઈ અમે બેઠાં'તાં. વાતો થઈ, કથા વંચાઈ, પદો બોલાયાં, પછી એ સૂતાં. રાતના બે વાગ્યે એ બેઠાં થઈને પાસે સુતેલાં મારાં બાને જગાડી કહ્યું કે ગળામાં કફ ભરાયો લાગે છે; મધમાં સોડા મેળવીને આપો. મારા પિતાને બેઠકમાંથી જગાડી મારાં બા દવા કાલવવા ગયાં. મારા બાપુજીએ નાડ હાથમાં લઈ મોટીબાને પૂછ્યું. એ પથારીમાં બેઠાં'તાં. તેમણે કહ્યું: 'કંઈ નથી. શ્રીનાથજી બાવા!' એમ બોલ્યાં. દવા ચટાવવા મોઢા આગળ લીધી ત્યાં મોટીબાએ માથું નાખી દીધું. આંખ ફરવી ગયાં. એમને સુવડાવી હિરણ્યગર્ભની માત્રા ચટાડી. પણ નકામું હતું. ત્યાં તો ઘરમાં બધાં જાગી ગયાં. ભનુ નાનુભાઈ=પ્રબોધરાય જઈને ડૉ. અંબાશંકર નાગરદાસ ભટ્ટને તેડી આવ્યા. એ પરગજુ પવિત્ર ડૉક્ટર એવી કડકડતી ઠંડીમાં ઓવરકોટ પહેરી ચાલતા આવ્યા. તેમણે કહ્યું કે બા ગયાં છે. હવે આપણો કોઈ ઉપાય નથી. ઠંડી ને પવન બંને હતાં. આકાશ સ્વચ્છ હતું. પણ ઓચિંતું, મળસ્કે, મોટીબાને ઘરના ઉંબરમાંથી લઈ જવા વખતે જ ઘણું નાનું ઝાપટું પડી ગયું, જમીન ભીની કરી ગયું. (તડકે તડકે મે' આવે તે જોએલું પણ) પૂનમના નમેલા ચન્દ્રના તેજમાં વરસાદના છાંટા તે વખતે જોયા. શ્રી પ્રવીણરાય ઉમિયાશંકર નિખાલસ, સહૃદય ને પવિત્ર કુટુંબી હતા. તેણે મારા પિતાને કહ્યું: 'કાકા, મોટીબા તો એવો મોટો જીવ હતાં ને એવું જીવી ગયાં કે એમને લઈ જતી વખતે ભગવાને જાતે આખા માર્ગને છાંટી પવિત્ર બનાવી દીધો.'

એ મોટીબાના જીવનના પ્રસગો તો અસંખ્ય છે. તેમાંથી થોડાક વિષે મેં અગાઉ (૬૦૦માં અંકમાં) લખ્યું છે. આજે તેમની વાતોમાંથી થોડીક સ્મરણે આવે છે:

આ વાતચીત કંઈ ટેઈપ રેકોર્ડ કરેલી નથી. બધી તત્કાલ નોંધેલી પણ નથી. વાતનો જે ભાવ યાદ રહ્યો, ને મોટીબા પાસે જ રહેવાથી વારંવાર એ વાતો પર ફરી ચર્ચા થયા કરતી હોવાથી તેમ જ એમના અવસાન પછી એમના જીવનપ્રસંગોમાંથી એમના વ્યક્તિત્વને સમજવાના યત્નમાંથી જે રીતે એ સમજાયો, તેની વાતો મારા શબ્દોમાં રજૂ કરું છું. આમ કરવામાં એમની દૃષ્ટિ, લાગણી, ભાવના, એમનું અંતરપોત હું સ્ફુટ કરી શક્યો છું એવું તો નથી; પણ એ સમજવા, પામવાની મારી ઈચ્છા ને મથામણ છે એમ કહું તો ખોટું નથી જ.

મારા જન્મ પહેલાંથી મારાં મોટીબા બંને આંખે અંધ હતાં. તેમની પાસે મારા પિતા રોજ કંઈક વાંચી સંભળાવતા. મારાં ફઈને, કાકાને, ગામના પૌરાણિક કે ઓળખીતાને પણ એ રીતે વાંચી સંભળાવતા મેં જોયા છે. લેડી રમાબા પટ્ટણી આવ્યાં હોય તો કંઈક વાંચ્યા વગર ન જતાં. મારી નવેક વર્ષની વયથી મારાં મોટીબા મારી પાસે શ્રીમદ્ ગીતામાંથી એક અને શ્રીમદ્ ભાગવતમાંથી બે, એમ ત્રણ અધ્યાય લગભગ રોજ વંચાવતાં. હું વાંચતો. ભાગવતનું તો ફક્ત ગુજરાતી ભાષાંતર વાંચવાનું હતું, પણ ગીતામાંથી તો સંસ્કૃત પણ વાંચવાનું હતું. 'સંસ્કૃત ભાષા જુદી છે, પણ તે બાળબોધી લિપિમાં છે, ને તે તું નિશાળમાં શીખ્યો છે માટે વાંચ, કે જેથી હું સાંભળું ને તને આગળ ઉપર વધારે ફાવે.' આમ કહી તે મૂળ શ્લોકો વંચાવતાં. મુશ્કેલી પડે, મારી ભૂલ થાય, ત્યારે 'ભૂલ તો પડે, પણ એથી મૂંઝાવું નહિ. ભૂલ સુધારી લેવી. એમ જ આવડે. નાનું છોકરું પડે આખડે તો યે બેઠું થઈને ચાલે ને એમ જ ચાલતાં શીખી જાય. એવું બધાં કામમા છે. શીખવું છે એમ કાળજી રાખી મહેનત કર્યા કરીએ તો આવડે જ.' એમ કહી પ્રયત્ન ચાલુ રખાવતાં ને કોઈ વાર સરળતાથી વંચાય ત્યારે 'કેવું સરસ આવડી ગયું!' કહી ચાનક ચડાવતાં.

આમ રોજ હું વાંચતો, છતાં ક્યારેય 'બરાબર નથી આવડતું, ભૂલ કરે છે' એમ ન કહેતાં. ને તે રીતે સાતેક વરસો ગયાં.

અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં હાઈસ્કૂલમાં સંસ્કૃતના માયાળુ શિક્ષક મળી ગયા. ઘણું હેત રાખતા. સાંજે પાંચ વાગ્યે છૂટી, ઘેર જઈ નિયમિત રેઈસ કોર્સ પર ફરવા જતા. મારો બાળમિત્ર શિવદાન રવાભાઈ રેઈસ કોર્સ પર રહેતો તેની સાથે હું પણ નીકળતો. આ શિક્ષકે ફરવાના સમયનો સદુપયોગ શીખવ્યો. તેમના કહ્યા પ્રમાણે હું રોજ ગીતાના પાંચછ શ્લોકો ઘેરથી ગોખીને જતો અને તે મને સાથે ફરતાં દરેક શબ્દના અર્થ સાથે શ્લોકો સમજાવતા. કોઈ વાર વર્ગમાં આ વિષે મારાં વખાણ કરતા ત્યારે હું ફુલાતો.

એક દિ' સવારે ઓસરીને ઓટલે બેસી હું શ્લોક ગોખતો હતો. ઓસરીએ બેઠાં મોટીબા માળા ફેરવતાં'તાં. મારી આ પ્રવૃત્તિની એમને જાણ હતી ને અનુમોદન આપતાં. હોંશમાં હું મોટેથી શ્લોક ગોખતો'તો: 'પવિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્' (ગીતા ૪, શ્લોક ૧૨).

બેચાર વાર હું એ રીતે બોલ્યો ત્યારે તેમણે પૂછ્યું: 'શું વાંચ છ?'

મેં કહ્યું: 'ગીતાના ચોથા અધ્યાયના શ્લોક ગોખું છું.'

તેમણે કહ્યું: 'ફરી બોલ જોઉં. હું ન સમજી, તું શું બોલ છ.'

મેં ફરી વાંચ્યું: 'પવિત્રાણાય સાધૂનાં—'

તેમણે પૂછ્યું: 'બરાબર વાંચ છ?' મેં કહ્યું: 'હા.'

તેમણે કહ્યું: 'તો કંઈક છાપભૂલ લાગે છે. તું ને તારો બાપ વાંચો છો એ ગીતા આ નથી લાગતી. બીજી છે?' મેં કહ્યું: 'ના એ જ છે.'

એમણે કહ્યું: 'તો મને એમ કેમ લાગે છે કે તું વાંચ છ તે પહેલો શબ્દ બરાબર નથી. તારો બાપ તો 'પરિત્રાણાય' વાંચે છે. તારા દાદા પણ એમ જ વાંચતા.' એમના બોલવા સાથે મારી નજર શ્લોક પર પડી ને ભૂલ સમજાઈ. શબ્દ 'પરિત્રાણાય' જ હતો. ઉત્સાહમાં હું ખોટું વાંચતો'તો. મેં કહ્યું: 'હું તમારી પાસે જ્યારે વાંચું છું ત્યારે 'પવિત્રાણાય' જ બોલું છું. તમે કેમ ક્યારે ય ભૂલ સુધારી નથી?'

તેમણે કહ્યું: 'તું આજ દિવસ સુધી શીખવાની હોંશમાં કાળજીથી વાંચતો હતો. હવે તને લાગે છે કે તને આવડી ગયું તેથી તે દેખાડવાની હોંશમાં ઉતાવળે ગોખી જવા વાંચ છ. તેથી મારે કહેવું પડ્યું. તારી ભૂલ સુધારવા હું અત્યારે કહેતી નથી. એ તો તું પોતે જ કાળજીથી સુધારી શકીશ. બાકી હું યે ગીતા સાંભળતી ઘરડી થઈ છું. એટલે મને ગીતામાંથી સમજાયું છે કે કોઈ પણ માણસ હોંશથી પોતે સારું કરે છે, ઉપયોગી કરે છે, એમ માનીને જે કંઈ કામ કરતું હોય તે કામમાં ભૂલ હોય કે ખોટું થતું હોય તો પણ સમજુ માણસે એ માણસને 'તમે આ

ખોટું કહો છો, સમજતા નથી' એમ કહી તેનો ઉત્સાહભંગ ન કરવો જોઈએ, પણ તેના કામમાં હાથ આપીને પછી 'આમ કરીએ તો કેમ?' એમ પૂછીને તેનું કામ સુધારવા મદદ કરવી જોઈએ. આપણું ડા'પણ દેખાડવા મદદ કરવાની નથી. માણસમાં સારું કરવાની ઇચ્છા હોય જ છે. એ આપણે પોષીએ તો માણસ વહેલું સુધરે, તેનું કામ પણ સુધરે, સહુનું ભલું થાય. આપણું ડા'પણ દેખાડવામાં જો સામાને મનદુઃખ થાય તો કોઈનું યે ભલું થતું નથી ને કામ સુધરતું નથી.'

ન બુદ્ધિભેદં જનયેત્ અજ્ઞાનાં કર્મસંગિનામ્ (ગીતા અ ૩. શ્લોક ૨૬) એ વાક્યનું તેમનું આ અર્થઘટન છે તે ધીમેધીમે સમજાયું.

અમે કોટડા-સાંગાણી હોઈએ ત્યારે બપોરે શિવીકૃઈ ભાગવત વાંચતાં ને ગામમાંથી સ્ત્રીઓ સાંભળવા આવતી કોઈ પણ કારણસર એક દિવસ એ ન આવી શક્યાં તેથી વાચન મેં કર્યું. કથા પૂરી થયે, પદો બોલાયા પહેલાં, કોઈ બાઈએ મોટીબાને પૂછ્યું: 'ભગવાન ભલું જ કરે છે, એવું કથામાં આવે છે, ને તમે ય કહો છો, પણ સંસાર આટલો દુઃખથી ભરેલો છે, તેનું કેમ?' મોટીબાએ કહ્યું: 'બેન, ખરી વાત છે. આપણને સામટાં દુઃખ લાગે છે, સહન ન થાય તેવાં આકરાં લાગે છે, તો યે કહો બેન, આ દુઃખમાંથી આપણે જાતે ઊભાં કરેલાં કેટલાં?'

એ બહેને કબૂલ કર્યું કે જાતે ઊભાં કરેલાં દુઃખો જ ઘણાં છે. અહંકાર, મમતા, ભોગેચ્છા વગેરેના કારણે દુઃખ વધુ લાગે છે. બાકી કુદરતી આફત પાછળનો પ્રભુનો ઈરાદો આપણે જાણી શકતાં નથી એથી પ્રભુને દોષ દઈ શકાય તેમ નથી. એ પછીની વાત વારંવાર ચર્ચાને કારણે કંઈક યાદ રહી છે. તેમણે કહ્યું: 'દુઃખમાં સાંભરે રામ, એ લોકવાયકા છે. દુઃખમાં જ રામ સંભારીએ એ બતાવે છે કે આપણને સંસારનાં સુખ ઘણાં ગમે છે. આપણે રામને સંભારીએ છીએ તે એટલા માટે કે એ આવીને દુઃખ દૂર કરી જાય. વળી, રામ આપણને મદદ કરે એવા છે એવો રામમાં આપણને વિશ્વાસ છે. પણ આપણને સંસાર કરતાં રામ વધારે વહાલા નથી. મદદ મળી ગયા પછી એને ભૂલી સંસારને પાછાં વળગીએ છીએ. પણ અનુભવીઓ કહે છે કે જેને રામ તરફ વધારે લાગણી હોય છે તેઓ ફક્ત દુઃખમાં જ નહિ પણ સુખમાં યે રામને સંભારતા હોય છે. એમાં જેવું સુખ એને થાય છે તેવું બીજા શેમાં ય જણાતું નથી. રામની એવી લગનવાળાને વિપત્તિ આવે તો યે દુઃખકારક નથી લાગતી. આપણને સંસારનો મોહ છે એટલે તેમાં સુખ ન મળે તો દુઃખ લાગે છે. ભક્તને જો ભગવાનનું વિસ્મરણ થાય તો ભારે દુઃખ થાય.'

આમ કહી મોટીબાએ એક દૃષ્ટાંત કહ્યું: 'આપણને બધા જીવને ભગવાને પોતામાંથી પેદા કર્યા છે ને રમાડવા માટે સંસારમાં મોકલ્યા છે. ભગવાનને જીવ ભૂલે એટલે બીક લાગે. એ કેના જેવું છે, બેન, સમજાવું. માને, જનેતાને પોતાનાં છોકરાં તરફ કેવું હેત હોય? મા એ નાનાં છોકરાંને તેડીને ઉછાળીને રમાડતી હોય ત્યારે એ ઊછળતું છોકરું માની સામે જોતું જોતું મલકાય ને હસે. છોકરાંને એ રીતે ઊછળવું ગમે. માને ય બહુ ગમે. વધારે ઉલાળે, વધારે ગમે. પણ છોકરું જે વખતે ઊંચું ઊછળ્યું હોય એ જ વખતે જો છોકરાની નજર મા ઉપરથી ખસી જાય ને બીજે જાય તો એકદમ ડરે ને રૂએ. જેવું એ છોકરાને થાય છે તેવું ભગવાનના સંબંધમાં જીવને થાય છે. ભવના ફેરામાં ફરતાં ફરતાં જેની નજર ને લગન ફક્ત ભગવાન તરફ જ છે તેને એકલો આનંદ આનંદ જ છે. જે જીવની નજર ત્યાંથી ખસી જાય છે તેને નિરાધાર થઈ ગયાનો ડર લાગે છે ને દુઃખી થાય છે.'

એક રાતે અમે બધાં મોટીબા પાસે બેઠેલાં ત્યારે કઠોપનિષદની વાત ચાલતી હતી. મેં નીચેની શંકા રજૂ કરી (કઠ ૧-૨-૨૩) કે જો પરમાત્મા પ્રવચનો વડે તેમ જ બુદ્ધિ કે ઘણા શ્રવણ વડે પામી શકાતા નથી, ફક્ત એ પરમાત્મા જેને પસંદ કરે છે તે સાધક જ તેને પામી શકે છે અને પરમાત્મા તેને જ પોતાનું સ્વરૂપ દર્શાવે છે, તો પછી એને પામવા માટે ઉપાસનાનો કે સાધનાનો કોઈ અર્થ નથી. આ દૈવાધીન વાત થઈ. આમાં કોઈ પુરુષાર્થ ન રહ્યો, કોઈ ધર્મ ન રહ્યો.'

મારા કાકાએ કહ્યું: 'બધું સાવ દૈવાધીન નથી. પુરુષાર્થ કરવો જ જોઈએ. મનુષ્યયત્ન ઈશ્વરકૃપા, એવી આ વાત છે. તું પરીક્ષામાં ન બેસે તો પાસ કેવી રીતે થા? તારે આખીન પરીક્ષા તો દેવી પડે, તો જ પાસ થવાય. એવી આ વાત છે.'

મેં કહ્યું: 'એ વાત ખરી કે પરીક્ષા દેવી જોઈએ; પણ પાંત્રીશ ટકા મેળવું તો મને પાસ કરવો જ પડે. આમાં સાવ એવી વાત નથી.'

'કેમ નથી?' મોટીબાએ પૂછ્યું: 'પરીક્ષા દેવી પડે એમ તો તેં કહ્યું. સારું ભણે તો પાસ થાય. કોણ સારું ભણ્યું છે એ છોકરો નક્કી ન કરે, માસ્તર કરે. પણ એક બીજો દાખલો છે. આ જ વાત છે. તારા દાદા પાસે (કોટડા-સાંગાણીના) મૂળવાજી ઠાકોર ગીતા, ભાગવત, ઉપનિષદ, રોજ કંઈક સાંભળતા. તેણે પણ આવો જ સવાલ કરેલો. ત્યારે તારા દાદાએ જવાબ આપેલો કે અગાઉ રાજકન્યાઓનાં લગ્ન સ્વયંવરથી થતાં. જેને રાજકન્યા વરમાળા પહેરાવે તેને જ રાજા પરણી શકે. બધો આધાર કન્યા ઉપર. છતાં જેને એ કન્યા પરણવાની ગરજ હોય તેણે એ કન્યા પોતાને જ પસંદ કરે તેવા થઈને પછી એ સ્વયંવરમાં હાજર થવું પડે. ન જાય તો વરે ક્યાંથી? આ એના જેવું થયું કે કેમ? ભગવાનની પસંદગી આપણા ઉપર ઊતરે એવા આપણે થવું જોઈએ.'

મારી વય બાવીશેક વર્ષની હતી ત્યારે એક વખત મારાં માતાપિતા થોડા દિ' બહારગામ ગએલાં. પાછળથી હું સખત બીમાર થઈ ગયો. તે દિવસોમાં રાતે મારાં મોટીબા મારે ખાટલે આવી મારે માથે હાથ ફેરવતાં એકાદ સ્તોત્રનો પાઠ કરતાં. ખાસ કરી એ રામરક્ષા સ્તોત્ર બોલતા. પછી કંઈક કહેતાં. એક રાત્રે નીચેના શ્લોક વિષે કહ્યું:

माता रामो मत्पिता रामचंद्रः
स्वामी रामो मत्सखा रामचंद्रः ।
सर्वस्वं मे रामचन्द्रो दयालु
र्नान्यं जाने नैव जाने न जाने ॥

'આ શ્લોક વિષે તું વિચારી જોજે. મા, બાપ, ભાઈ, બેન, ગુરુ, મિત્ર, વર, વહુ એમ ઘણાંઘણાંના પ્રેમ આપણને મળતો હોય છે. માણસો જુદાં તેમ તેના સંબંધ જુદા. એ બધાં જુદાં હોવા છતાં, દરેક સાથે સ્નેહ થવાનાં કારણો ને રીત જુદાં હોવા છતાં, બધાં પાછળ જે ખરો પ્રેમ હોય છે તે તો એક જ જાતનો હોય છે, જુદો લાગે છે તેનું કારણ આપણામાં પ્રેમભાવની સાથે દેહસંબંધનો સ્વાર્થ હોય છે. એટલે પ્રેમનું સાચુ સ્વરૂપ ઓળખાતું કે પકડાતું નથી. આપણને જે આનંદ અનુભવાય છે, સંતોષ મળે છે તેનું કારણ આ પ્રેમ છે; પણ આપણને એમ લાગે છે કે આપણા સંબંધને કારણે તે છે. આ રીતે ભગવાન આ સંસાર નિભાવ્યા કરે છે.

પણ મારે આમાંથી એક નાની વાત કરવી છે, તે એ કે આ પ્રેમ દરેક માણસમાં હોય તો યે થોડોથોડો છે, જુદાંજુદાં માણસોમાં થોડોથોડો વહેંચાઈ ગયો છે. ભગવાન પોતે કેવળ પ્રેમસ્વરૂપ છે. એ પ્રેમનો અંશ એણે દરેક જીવમાં મૂક્યો, જેથી જીવ એ પ્રેમ બીજાને દઈ શકે ને પોતે જુદીજુદી રીતે માણી શકે. આ પ્રેમ જો આપણને બહુ ગમતો હોય, જો એથી જીવન વહાલું લાગતું હોય તો એ પ્રેમનો અંશ બધાંમાં મૂકનાર તો પરમાત્મા પોતે છે. એ પોતે અનંત પ્રેમ છે. સરખામણી કરીને કહું તો એમ કહેવાય કે ગંગાજીના એકધારા બહોળા પ્રવાહમાંથી જુદીજુદી ટબૂડી—લોટીઓ ભરી લીધી હોય તેવાં (અનુ. પૃ. ૩૧૫)

આત્મકથાનક અને 'ગુજરાત કલાસંઘ'ની કથા-૧૮

ગુજરાતમાં કલાનાં પગરણ

—રવિશંકર રાવળ—

આ દરમિયાન ભાવનગરની દીવાન-ઑફિસ તરફથી જગન્નાથને વીએના જવા માટેના પ્રવાસખર્ચ સાથે સારી છાત્રવૃત્તિની મંજૂરી મળી એટલે તે વીએના જવા ઊપડી ગયા. આમ, ગુજરાતમાં ફોટોગ્રાફી તથા તેને લગતાં બ્લૉક મેકિંગ, રંગીન છાપકામ અને તેથી આગળના ફોટો ઑફસેટ મુદ્રણનો અભ્યાસપૂર્ણ આરંભ થશે એવી આશા બંધાઈ.

કૃષ્ણલાલ ભટ્ટ

જગન્નાથના યુરોપ જવા પછી તેમની ચી. ન. વિદ્યાવિહારમાંની જગ્યા ઉપર કોઈ યોગ્ય ચિત્રશિક્ષક માટે ત્યાંથી માગણી આવતાં ભાઈ કૃષ્ણલાલે શારદામંદિરનું આડનું કામ છોડી ત્યાં જગ્યા લીધી. આ વખતે કનુભાઈના બંગાળથી આવ્યા પછી નડિયાદના કાન્તિલાલ દવે શાન્તિનિકેતનની એક વર્ષની હવા લઈ આવેલા તે કલાના ખરેખરા પ્રેમી હતા, પણ મુશ્કેલીઓથી કે સખત અભ્યાસથી કાયર હતા. પણ શારદામંદિરના કુશળ સંચાલક વજુભાઈ દવેએ તેમને પોતાની સંસ્થામાં ખેંચી લીધા એટલે કૃષ્ણલાલ ત્યાંથી છૂટા થઈ શકેલા. પણ કૃષ્ણલાલને વધુ પ્રવાસ અને નવાં ક્ષેત્રની ખૂબ જ આકાંક્ષા હતી, એટલે તે પણ સર ચિનુભાઈ તરફથી (શ્રી અંબુભાઈ પુરાણી તથા ડૉ. હરિપ્રસાદની સિફારસથી) શિષ્યવૃત્તિ મેળવી શાંતિનિકેતન ગયા. કનુભાઈની સફળ કારકિર્દી જોઈ ઘણા આ રીતે શાંતિનિકેતનમાં દીક્ષા લઈ આવીને તેની હવા ગુજરાતમાં ફેલાવતા. પણ કૃષ્ણલાલ ઉપર શ્રી અંબુભાઈ પુરાણીએ શ્રી અરવિંદના પોંડિચેરી આશ્રમની યોગસાધનાનું આકર્ષણ વધાર્યું હતું એટલે થોડા જ વખતમાં તે પોંડિચેરી આશ્રમમાં પહોંચી ગયા. એ ગયા તે ગયા જ.

એ જ ગાળામાં સર ચિનુભાઈ ઉપર મદ્રાસથી શ્રી રામસ્વામી મુદલિયારનો પત્ર આવ્યો, જેમાં તેમણે યાદ આપી હતી કે અગાઉની દક્ષિણની સફર વેળા પલનીમાં શ્રી રામેશ્વરનાં દર્શને અમે ગયા ત્યારે તેમણે સૌની સમક્ષ બાધા લેવડાવી હતી કે સર ચિનુભાઈને ત્યાં પુત્રજન્મ થશે તો ત્યાંની પ્રતિમાને પગે લગાડી કેશ કપાવશે. તે ઉપરથી આ ઉનાળો ફરીથી દક્ષિણભારતના પ્રવાસ અને ઉતાકામંડના ગિરિનિવાસ પર ગાળવાનું ઠર્યું અને એ પ્રવાસ-કાફલામાં સાથ આપવાનો મને પણ આદેશ મળ્યો.

આ ખબર કૃષ્ણલાલનાં માતુશ્રી તથા પિતાશ્રીને પડતાં તેમણે મને બોલાવ્યો અને આંસુભરી આંખે બંનેએ મને આર્દ્રભાવે વિનંતી કરી કે મદ્રાસ સુધી હું જતો હતો તો એક દિવસ છૂટો થઈને મારે મારા પૂર્વ-શિષ્ય કૃષ્ણલાલને મળવું ને કહેવું કે તેણે ઘરની સ્થિતિ બરાબર સમજી, વડીલોની સલાહ લઈ, ઘરનો ત્યાગ કરી દૂર થવું જોઈતું હતું. તેનું લગ્ન થયું હતું, એક બાળકી જન્મી હતી અને તેનાં પત્નીની મનોદશા લગભગ ભ્રમિત જેવી હતી. છેવટે કહ્યું કે 'કોઈ રીતે તેના કુટુંબને ત્યાં બોલાવી સાથે રાખે. ભલે તે અહીં ન આવે.' મને એમના દુઃખ પર અનુકંપા થઈ એટલે વચન આપ્યું કે હું તેમના વતી યથાવત્ સમાચાર કૃષ્ણલાલને પહોંચાડીશ.

મદ્રાસમાં

મદ્રાસમાં રામસ્વામીએ ભાવપૂર્વક અમારો મુકામ તૈયાર રાખ્યો હતો અને જોવાલાયક સ્થળોમાં અદ્યાર, મહાબલિપુરમ, પલની, બેંગલોર, ત્રિચિનાપલ્લી, મદુરા અને છેક કન્યાકુમારી સુધીનાં કલાતીર્થો-ધર્મતીર્થોના પ્રવાસનો ક્રમ ગોઠવી, ત્યાંત્યાંનાં સત્કાર કરનારાં સ્થાનો ઠરાવી, તે તે સ્થળોના મિત્રોને ખબર આપી દીધા હતા.

પણ મારું પ્રથમ ધ્યાન મદ્રાસમાં રસિકલાલ તથા 'હિંદુ' પત્રની કચેરી અને પોંડિચેરી હતાં. અદ્યારમાં મેં મહર્ષિ ચિત્રકાર નિકોલસ રોરિકનું નામ સાંભળ્યું. એમણે એક 'સંદેશવાહક' (મેસેન્જર) નામનું ચિત્ર અદ્યારને ભેટ આપેલું તે ડૉ. કઝિન્સે અમને ત્યાં બતાવ્યું. અને તે અમારી જીવનભરની મૈત્રી તથા ગુજરાતને ખરાં કલાસ્વરૂપોના પરિચય આપનારું બન્યું. ડૉ. કઝિન્સનો પરિચય પણ ગુજરાતના ચિત્રકારોને અને વિદ્વાનોને, એ મહાન કલાવિવેચકના નિકટતા અને વ્યાખ્યાનો દ્વારા કેવી રીતે લાભપ્રદ નીવડયો એની વાત આગળ જતાં કરીશ.

આ ગાળામાં રસિકલાલે મદ્રાસમાં શ્રી દેવીપ્રસાદ રાયચૌધરીની પાસે ચિત્રકામ, શિલ્પકામ, લીનો કટિંગ તથા કાષ્ઠખુદાઈમાં નોંધપાત્ર પ્રગતિ કરી હતી. રાયચૌધરી તેને મદ્રાસની કલાશાળામાં નિમણૂક આપવાનો સંકલ્પ જાહેર કરી ચૂકયા હતા. પણ મારી વિચારસરણી રસિકલાલ જાણતા હતા કે મેં ગુજરાતમાં જ અનેક શૈલીઓનું સ્વાગત કરી નવું કલાક્ષેત્ર ઊભું કરવા ડગ ભર્યું હતું, તેથી તેમણે મારી સલાહ માગી; એટલે મેં તેમને ભારતમાં સર્વશ્રેષ્ઠ ગણાતી મુંબઈની ચિત્રશાળામાં એક વર્ષ રહી ત્યાં પાણી બતાવવા સલાહ આપી. અને એ નિષ્ઠાવાન યુવાને તરત બીજી ટર્મથી મદ્રાસ છોડવા નિશ્ચય કરી નાખ્યો.

જે ચાર વર્ષ એ ત્યાં રહ્યા તે દરમિયાન શું શીખ્યા, કોને મળ્યા વગેરે તેમના તે કાળે લખાએલા પત્રોની માળા 'નવચેતન'માં 'સન્નિષ્ઠ ચિત્ર-વિદ્યાર્થીના પત્રો'ના મથાળા નીચે પ્રકટ થતી તેમાં જણાવ્યું છે. પણ મને મદ્રાસ ચિત્રશાળાના તેના પ્રિન્સિપલે કહ્યું કે તેના જેવો ઉદ્યમી સાધક-વિદ્યાર્થી તેમને કદી મળ્યો નથી. રસિકલાલની સાથે 'હિંદુ' પત્રના તંત્રી શ્રી રાજાને મળ્યો. એમને ત્યાં મેં પહેલવહેલું રોટરી પ્રિન્ટિંગ પ્રેસ જોયું. બ્લૉક બનાવનારું ખાતું જોઈ, બ્લૉકના ચિત્ર પર પ્રકાશ નાખનારી ઘરગથ્થુ યોજના જોઈ, જેને મેં અમદાવાદ આવીને તરત અજમાવી લાભ લીધો હતો. શ્રી રાજા પોતે સારા ચિત્રાલેખક પણ હતા ને એમનાં એક-બે છાયાચિત્રો 'કુમાર' માટે રસિકલાલે મેળવી આપ્યાં હતાં. શ્રી વી. ચિત્રા નામના એક બીજા ચિત્રકારનો પણ ત્યાં પરિચય થયો. એ ભાઈ શાંતિનિકેતનના શિષ્ય હતા અને એક નાના શિક્ષક તરીકે મદ્રાસ કળાશાળામાં નીમાઈ ગયા હતા. તેનાં ચિત્રો પણ 'કુમાર'માં છપાઈને જાહેર થયાં છે. પણ તે રસિકલાલનાં ચિત્રોની બરોબરી કરી શક્યાં નહોતાં.

મદ્રાસથી હવે નીલગિરિના નિવાસ માટે મેટાપલાયમ સુધીની ટિકિટોનું રીઝર્વેશન થતું હતું. પણ મારા મનમાં કૃષ્ણલાલ પાસે જવાનો ખટકો હતો, એટલે મારા સાથીઓ તરફથી મળતી સગવડ છોડી મેં રાતની ગાડીમાં થર્ડ ક્લાસમાં એકલા પોંડિચેરી જવાનું ઠરાવ્યું.

મદ્રાસના મોટા સ્ટેશનેથી ઉતાકામંડ જનારી ટ્રેઈનના લગભગ સમયે જ એ સ્ટેશનના બીજી બાજુના નૅરો ગેઈજ (નાના અંતરના પાટા) વાળી પોંડિચેરીની ગાડી ઊપડવાની હતી. ઉતાકામંડ જનારી ગાડી સાથે સર ચિનુભાઈનું મોટું લાંબું સલૂન જોડાયું હતું. તેમાં નોકરો માટે ત્રીજા વર્ગના વિભાગ તથા રસોડાની સગવડ હતી. સલૂનમાં ગોઠવાએલાં બાળકોને હું મંડળથી છૂટો પડું છું તે ગમતું નહોતું, પણ ચૈતન્યપ્રસાદ તથા ડૉ. હરિપ્રસાદે મારા પરના કૃષ્ણલાલના ખબરઅંતર કાઢવા જવાનો ધર્મ પ્રમાણી એ વિયોગ જરૂરી માન્યો. રત્નમણિરાવે મારી સાથે આવીને મને પોંડિચેરીની નાની ગાડીમાં બેસાડયો અને એ જ ટ્રેઈનમાં પોંડિચેરી જતા એક યુવાન મિત્રને ભલામણ કરીને મને અરવિંદ આશ્રમ પહોંચાડવાની સગવડ કરી આપી. રાત જેમ તેમ પસાર કરી ત્યાં સવારે

પાંચ વાગ્યે કોઈ રેલવે સ્ટેશને ફ્રેન્ચ ઑફિસરે અમને જગાડી નીચે ઊતરી જવા કહ્યું, કારણ કે ત્યાંથી પૉંડિચેરીની ફ્રેન્ચ સરહદ તથા હકૂમત શરૂ થતી હતી. અમે ઊતરી ગયા એટલે ટ્રંકો આખા જોઈ લીધા, કેટલાકની પેટીઓ ખોલાવી કાંઈ દાણચોરી તો નથી ને તેની ખાતરી કરી અને ફ્રેન્ચ હદના ટિકિટચેકરે ટિકિટો તપાસી લીધી.

પૉંડિચેરી

સવારના ઉજાસમાં પૉંડિચેરી દેખાયું. ફ્રેન્ચ બાંધણીનું આ નગર દક્ષિણનાં બીજાં નગરો કરતાં જુદું જણાયું. મારા નવા મિત્રે બહાર આવી હાથરિક્ષા ઠરાવી મને સાથે બેસાડી પોતાને ઘેર લઈ ગયા. દક્ષિણના ગૃહસ્થોની એ શેરી મને બજાર જેવી લાગી. દરેક ઘરનો ઓટલો છાપરાવાળો અને વચ્ચે પ્રવેશદ્વાર. તેનું ઘર આવ્યું એટલે મને કહ્યું તમે મારે ત્યાં કૉફી પીને જજો; પછી હું આશ્રમની રિક્ષા ઠરાવી આપીશ. એણે મોટા પ્યાલો ભરીને ગરમ કૉફી આપી. તે ત્યાંના રિવાજ પ્રમાણે બીજા પ્યાલામાં ધાર કરી ઠંડી પાડીને પી લીધી. ત્યાં એ બહાર આવ્યો અને એક જતા રિક્ષાવાળાને રોકી આશ્રમનું ભાડું ઠરાવી મને તેમાં બેસાડી દીધો. રિક્ષાવાળો અનેક મહોલ્લાનાં ચક્કર મારી આશ્રમને દરવાજે આવી ઊભો. ત્યાં ધોતિયું ઓઢી ઊભેલા એક લાંબા વાળવાળા સાધકને પૂછી મેં ખાતરી કરી લીધી કે એ જ અરવિંદ આશ્રમ હતો. પેલો સાધક ગુલાબોથી ભરપૂર આંગણાવાળા એક મકાનમાં જતો હતો તેને રોકી મેં પૂછ્યું કે શ્રી અંબાલાલ પુરાણી ક્યાં મળશે. તેણે કહ્યું કે ઓટલા પર સામાન રાખી રાહ જુઓ; તે હમણાં જ આવશે. રજા વિના ઘરમાં પ્રવેશ મળશે નહિ. શ્રી પુરાણી આવીને ઘટતું કરશે.

થોડી વારે બહારથી શ્રી પુરાણીને બેચાર સાધકો સાથે આવતા જોયા. મને જોઈને તે ખૂબ આશ્ચર્ય સાથે ભેટી પડ્યા. મેં મારા આવવાનું પ્રયોજન જણાવતાં કહ્યું કે સર ચિનુભાઈના કુટુંબ જોડે શ્રી ચૈતન્યપ્રસાદ અને ડૉ. હરિપ્રસાદના સાથમાં ઉતાકામંડ જવા હું નીકળ્યો છું, પણ કૃષ્ણલાલ જે અહીં છે તેમને તેમનાં માબાપનો સંદેશો પહોંચાડવા અહીં આવ્યો છું. એમ કહીને મારો ઉદ્દેશ તેમને સમજાવ્યો. એમણે કહ્યું કે તમે માતાજીને તો નહિ મળી શકો. એમની મુલાકાત માટે તો એમની અનુજ્ઞા માગી જોઈશ. પણ મને આશા નથી. અહીં આવતાં પહેલાં ઘણા દિવસ અગાઉથી લખવાની જરૂર હોય છે. પરંતુ કૃષ્ણલાલને હું મેળવી આપીશ. તમે થોડી વાર બેસો. હું રજા લઈ આવું છું અને તમારા મુકામની વ્યવસ્થા કરું છું. મેં કહ્યું કે સાંજે તો મારે જવું છે. મારી મંડળીએ [illegible]ટીના સ્ટેશને મારી એ પ્રમાણે વ્યવસ્થા કરી હશે. 'તમને સાંજે ગાડી મળશે, અને તેમાં તમને જરૂર પહોંચાડીશ' એમ કહી તે ગયા.

થોડી વાર થયા પછી શ્રી પુરાણી આવ્યા અને મારો અરધો સામાન જાતે ઊંચકી લઈ કહે: 'ચાલો, તમને મુકામ કરી આપું.' એકાદ ગલી વટાવી અમે સ્વચ્છ રાજમાર્ગ પર આવ્યા ને રસ્તાની એક બાજુના નીચા ઘરમાં મને લઈ ગયા. ઘર સ્વચ્છ ધોએલું લાગતું હતું. રસ્તા તરફ એકઢાળિયું છાપરું જ લાગતું હતું, પણ પછી અંદર ચોકડીવાળો નળ, કાંકરેટ પાથરેલો ચોક તથા તેને જોડેલી ઓસરીમાં બાંકડા હતા. ઓરડામાં જવાનું બારણું બંધ હતું. પુરાણીએ કહ્યું: 'અહીં તમે જમાવો; નહાઓ ધૂઓ, એટલામાં કૃષ્ણલાલ કૉફી લઈ આવશે.' મેં કહ્યું: 'કૉફી મેં સારી પેઠે લીધી છે; જરૂર નથી. કૃષ્ણલાલ મળે એટલે બસ.'

તેમના ગયા પછી નળ નીચે નાહીધોઈ હું હળવો થઈ બેઠો. એકઢાળિયા નીચેનું રસ્તા પરનું બારણું ખોલી બહાર નજર કરી તો સામે મોટું મકાન હતું અને તેના ઓટલા આગળ એક નોકર બે સુંદર બાળકોને રમાડતો બેઠો હતો. એટલામાં કૃષ્ણલાલ આવી પહોંચ્યા. સામેના મકાન વિષે મેં પૂછતાં કહે કે એમાં દેવાસના પદભ્રષ્ટ થએલા રાજા કુટુંબ સાથે રહે છે. પૉંડિચેરીના આ વિભાગમાં આબરૂદાર અમીર લોકો જ રહે છે. પણ ફ્રાંસના રિવાજ પ્રમાણે અહીં દારૂ પીનાર દુર્વ્યસની ગણાતો નથી. તેઓ આખો દિવસ ઊંચા દારૂના નશામાં જ હોય છે. તેમના પદભ્રષ્ટ થવામાં પણ આ વ્યસન જ કારણભૂત છે. તમે જ્યાં મુકામ કર્યો છે તે એક દારૂ પીવાનું જ કેન્દ્ર છે, પણ ફ્રેન્ચ રીતે સ્વચ્છતા રાખવામાં આવે છે.

પછી તો તે નિરાંતે બેઠા. બધાના કુશળ ખબર પૂછ્યા. છેવટે મેં મારી વાત કરી: 'જુઓ, હું કોઈ આધ્યાત્મિક સાધક નથી. મદ્રાસ સુધી આવું છું એમ તમારાં માતાપિતાએ જાણ્યું ત્યારે મને ખાસ મળવા બોલાવ્યો અને અશ્રુભરી આંખે સંદેશો આપ્યો છે કે તમે એકાએક પૉંડિચેરીને શરણે ગયા તે પહેલાં તમારે ઘરની જવાબદારી અને માબાપની ભીડનો વિચાર કરવો જોઈતો હતો. વળી તમે પરણેલા છો એટલે તમારાં પત્નીને સાચવવાનો ભાર પણ તમના પર છે. તમારે એક બાળકી પણ છે, અને માતા દુઃખથી રડરડ કરે છે, પૂરું ખાતી પણ નથી એટલે બાળકી પણ શોષાય છે. કાંઈ નહિ તો તમારા માણસને તો સંભાળી લ્યો. તમને જો આ બાબત માતાજીને જાતે કહેવાનો ક્ષોભ થતો હોય તો મને માતાજી સાથે મેળવી આપો એટલે હું આટલી વાત સાદર કરું. માતાનું દુઃખ માતાજી જરૂર સમજશે અને તમને માર્ગ બતાવશે. બસ મારે આટલું જ કહેવાનું હતું. આ માટે ધર્મબુદ્ધિથી જ આરામનો પ્રવાસ છોડી હું અહીં સુધી આવ્યો છું. કાલે તો ઉતાકામંડ પહોંચી જવાનો નિરધાર છે.' આટલું કહી તેમના જવાબની રાહ જોતો હું બેઠો.

એમણે કહ્યું: 'રવિભાઈ, એ બધું ખરું. અહીં મારે રોજરોજ મારા મનમાં જે કાંઈ વિચારો આવે તે લખીને તે નોંધબુક રોજની અત્યારની પ્રાર્થનામાં માતાજીને સાદર કરવી એવો નિયમ છે. તેમાં મારી હકીકત આવી ગઈ છે. તેઓ આજ્ઞા આપશે એમ હું કરીશ. તમારી મુલાકાત કરાવી આપવાનું અસંભવિત છે, પણ તમારે માતાજીનાં દર્શન કરવાં હોય તો સાંજે તેઓ અગાશીમાં ફરવા નીકળે છે ત્યારે નીચેના રસ્તા પરની ચારે બાજુની ગલીઓ તેમને જોવાને માણસોથી ભરેલી હોય છે. ત્યાર પછી પણ ટ્રેઈનનો ટાઈમ રહેશે અને હું આવીને તમને લઈ જઈશ. બપોરે બે વાગ્યા પછી અમે દરેક પોતપોતાના કામથી છૂટા થઈએ છીએ, ત્યારે તમને સમુદ્રકિનારે ફરવા લઈ જઈશ.'

અમે આમ વાતો કરી એટલામાં શ્રી પુરાણી આવી ગયા. તેમણે કહ્યું: 'તમારા માટે વ્યવસ્થાપકને ઘણું કહ્યું, પણ અમારે રસોડે તમને મહેમાન કરી નહિ શકાય. પણ હમણાં એક કલાકનો ગાળો છે તે દરમિયાન કંઈ પણ ખવડાવું.' આમ ઠરાવી લગભગ અગિયાર વાગ્યાને શુમારે અમે ત્રણે બહાર નીકળ્યા. પણ મુંબાઈ જેવું એક પણ રેસ્ટોરાં દેખાયું નહિ. આખરે એક હલવાઈ તાજી બુંદી પાડતો હતો ત્યાં ઠર્યા અને શ્રી પુરાણીએ તેની સાથે કંઈ વાત કરી તાજી બુંદીનું પડીકું જોખાવ્યું. તેના પૈસા ચૂકવી મને નજીકના બાગમાં લઈ ગયા. કૃષ્ણલાલની વાત પરથી મારી ભૂખ તો લગભગ મરી ગઈ હતી. જ્યાં પોતાનું ઘર કરી રહ્યા ત્યાં આતિથ્યનો રોટલો આપવામાં વિવિધ વિધિઓની જરૂર હતી તે સ્થળે જમવાનો સ્વાદ શો હોય? પણ મન મનાવી અમે છૂટા પડ્યા. મુકામ પર જઈ હું જરા આડે પડખે થયો. રસ્તામાં શ્રી પુરાણીએ આશ્રમની વ્યવસ્થા તથા દરેક સાધકની સહકાર પદ્ધતિ તથા ભેદભાવ વિનાની પરસ્પરની સેવાભાવના એવું ઘણું કહેલું. પણ તેની ચર્ચા અહીં નહિ કરું.

બપોરે બે વાગ્યે તેમની સાથે નીકળી સમુદ્રકિનારે બંગાળ-સાગરની લહેરો માણતા આંટા માર્યા તેમાં ઘણા આધ્યાત્મિક સુધારણા પામેલા સાધકોની વાત હતી. તેમાં એક વાત પ્રખ્યાત કવિ અને નાટ્યકાર હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય થોડા સમય પહેલાં અમેરિકાથી આવતી ફ્રેન્ચ સ્ટીમરમાંથી ઊતરી આશ્રમમાં રોકાઈ ગયા ગયા હતા અને થોડા દિવસમાં તો સેંકડો લીટીઓ કવિતાની લખી નાખી હતી તે બધી આશ્રમની પ્રેરણા હતી એવી વાત હતી. એ સાંભળી મારી (અનુ. પૃ ૩૧૫)

છેલ્લા તણખા

ક્રાન્તિની આગને ય એક પરંપરા હોય છે. ક્યારેય તેનો અસ્ત ન થાય એ જ જાગરુક સમાજની પહેલી કસોટી બની જાય. ઈ. ૧૮૫૭થી ૧૯૪૭ના નવ દાયકાનો આપણો ઇતિહાસ પણ સશસ્ત્ર ક્રાંતિના દિલોદિમાગી પ્રયત્નોની રોમાંચક કથા છે.

ગુજરાત પણ એમાંથી બાકાત નહોતું રહ્યું. અગાઉના લેખોમાં આપણે જોયું કે ૧૮૫૭થી જ અહીં પણ સક્રિયતા હતી અને તેની ચરમ સીમા ઇંગ્લૅન્ડ-અમેરિકા-ફ્રાન્સમાં ગુજરાતી ક્રાંતિકારોએ સર્જેલી ચેતનામાં આવી. આ લેખમાળાના અંત ભાગે પણ આપણે એવાં થોડાંક વિસ્મૃત નામોના સંઘર્ષને યાદ કરીએ.

એવું એક નામ દયાનંદ પટેલનું છે. ઈ. ૧૯૨૮ના દિવસોમાં દેશભરમાં ક્રાંતિકારોની ગુપ્ત જાળ પથરાઈ ગએલી, તેમાં આ દયાનંદનું નામ પણ ચમકે છે. એ દિવસોની 'અનુશીલન સમિતિ'માં તે સક્રિય હતા. યક્ષ્માના રોગથી પીડાતા એક જીવિત ક્રાંતિકાર શંભુનાથ આઝાદે તેમનાં સંસ્મરણોમાં નોંધ્યું છે કે દયાનંદ વલસાડ જિલ્લાના એક નાનકડા ગામડાના હતા. ઈ. ૧૯૨૮માં ક્રાંતિકારોની અનુશીલન સમિતિના પંજાબ અને દિલ્હી ક્ષેત્રના સંગઠક તરીકે કામ કરતા. તેમણે મદ્રાસ બૉમ્બ પ્રકરણના સાથીઓને તૈયાર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવેલો. એ બૉમ્બ પ્રકરણના નાયક શંભુનાથ હતા. શંભુનાથ સાથે મંત્રણા કરી તો દયાનંદને જાણ થઈ કે એક વધુ દૃઢમલિયો જુવાન જરૂરી છે. તેમણે શોધ આદરી અને અમૃતસરમાંથી મળ્યો રોશન મહેરા. રોશનની માતા પણ અનુશીલન સમિતિમાં હતી, અને તેણીની ઇચ્છા ખરી કે રોશન સ્વાતંત્ર્યયજ્ઞમાં આહુતિ આપે. ઈ. ૧૯૨૯માં દયાનંદ પટેલે રોશનને દક્ષિણ ભારતમાં મોકલ્યો. મદ્રાસના ગવર્નરે એવી બડાશ હાંકી હતી કે 'અમારા પ્રદેશની પ્રજા તો બ્રિટિશ તાજને પૂરેપૂરી વફાદાર છે.' આ ગર્વોક્તિનું ભંજન કરવાની યોજના લાહોરની બૉર્સ્ટલ જેલમાં થઈ હતી. દયાનંદ પટેલે એ જ સમયે એક ઘટના પર ખૂબ વિચાર કર્યા બાદ પોતાના તમામ સાથીઓને સૂચના આપી કે 'માત્ર ધન મેળવવા માટે આપણે ક્યાંય લૂટફાટ નહિ કરીએ, કેમ કે તેનાથી કામ સરતું નથી અને જાનની ખુવારી થાય છે. પતિયાળાનિવાસી મેનસહસિંહને અપાએલી ફાંસી તેનું તાજું ઉદાહરણ છે.'

પણ રોશનને એ જ મુશ્કેલી નડી—ધનના અભાવની. એટલે કૂતાકામંડ બૅંક પર ધાડ પાડવાનું નક્કી થયું. પોતે બૉમ્બ પણ બનાવ્યા. મદ્રાસના રાયપુરમ્ ક્ષેત્રમાં સમુદ્રકાંઠે તેનો પ્રયોગ કરવા જતાં બૉમ્બ ફાટ્યો. રોશન ઘવાયો. પોલીસ તેને પકડી ગઈ. જવાંમર્દીનું એ એક અદ્ભુત દશ્ય હતું. હૉસ્પિટલમાં તરફડતા રોશનને પાણી પીવું હતું. સત્તાવાળાઓને કહ્યું તો જવાબ મળ્યો કે 'જે માગીશ તે મળશે,—પહેલાં તારા સાથીઓનાં નામ આપી દે!' રોશને કહ્યું: 'મારા પિતાનું નામ ઈશ્વર છે. મારા સાથીઓના પિતા પણ તે જ છે!' પોલીસ અધિકારીઓએ બરફના પાણીનો ગ્લાસ તડપતા રોશન સામે ધરીને માહિતી કઢાવવા ધારી, પણ એ પહેલાં રોશનની શહાદત વિજયી બની ગઈ! અનુશીલન સમિતિના એ સંગઠક દયાનંદ ડી. પટેલ હજુ પણ, એમની વૃદ્ધ વયે વલસાડ જિલ્લાના એક નાના ગામડામાં જીવન વીતાવે છે.

સરદાર ભગતસિંહના સાથીઓની બલિદાનની યાદીમાં પણ બે ગુજરાતી નામો મળી આવે છે. આ ઇન્કલાબી દંપતી તે ભગવતીચરણ વહોરા અને તેમનાં પત્ની દુર્ગાભાભી. ભગવતીચરણની કર્મભૂમિ ભલે પંજાબ રહી, ગુજરાત સાથેનો તેમનો સંબંધ અવિચ્છિન્ન રહ્યો હતો, અને તેનું કારણ—એ ગુજરાતના બ્રાહ્મણ વંશજ હતા! ભગવતીચરણના દાદા

'કુમાર' દ્વારા તેર હપતા પછી આ લેખમાળા હવે 'કુમાર'-ના આ અંકમાં પૂરી થાય છે.

—પણ ખરેખર તે પૂરી થાય છે? ક્રાંતિકથાના એક વિદ્યાર્થી તરીકે મારી પાસે તેનો પ્રત્યુત્તર નકારમાં છે. હજુ આ ક્ષેત્રે ઘણાં સંશોધનને અવકાશ છે. ગુજરાતી ક્રાંતિકારોનાં તથ્યોમાં જેમજેમ હું ઊંડો ઊતરતો ગયો તેમતેમ ખયાલ આવતો ગયો કે હજી ઘણી ગોપિત કથાઓના સંદર્ભો ક્યાંક સચવાએલા પડ્યા છે,—છેક સાન ફ્રાન્સિસ્કો, પારી(સ), લંડન, બર્લિન, સ્યૅાતાન અને જિનીવા સુધી! જર્મની અને જાપાનમાં આમાંનાં કેટલાંક કાર્યો પર મહાનિબંધો પણ લખાયા છે. આપણે ત્યાં હજુ કેટલાક ક્રાંતિકારો જીવિત છે અને તેમની પાસે અમૂલ્ય દસ્તાવેજો પણ છે. જેમ કે સરદારસિંહ રાણાનો દુર્લભ પત્રવ્યવહાર હજુ યથાવત્ છે.

આ સમુદ્રમાંથી ઉલેચીને અહીં તો એક નાનકડી અંજલિ જ આપી શકાઈ છે!

લેખક · વિષ્ણુ પંડ્યા

ગુજરાતથી લાહોર જઈ વસેલા. એ પૂર્વે આગ્રા પણ હતા. પિતા શિવચરણે લાહોરમાં ભગવતીચરણનો ઉછેર કર્યો. પિતા રેલવેમાં અધિકારી હતા. બ્રિટિશરોએ 'રાયસાહેબ'ની પદવી પણ આપી હતી.

ભગવતીચરણ વિજ્ઞાનના વિદ્યાર્થી હતા. એ સમયના ઇન્ટર સુધીનો તેમણે અભ્યાસ કર્યો. લાહોરની પેલી જાણીતી 'નૅશનલ કૉલેજ'માં યશપાલ, સુખદેવ વગેરે પણ અભ્યાસ કરતા હતા, પણ ભગવતી સૌથી આગળ હતા, નૅશનલ કૉલેજમાં બી. એ. માટે ચોપડીઓની દુનિયામાં એ ગરક થઈ ગયા હતા ત્યારે જ તેમનાં લગ્ન દુર્ગાદેવી સાથે થએલાં. એ દરમિયાન કૉલેજમાં જાણીતા થઈ ચૂક્યા હતા. છ ફૂટની ઊંચાઈ, કસરતી બદન, ગોળગંભીર ચહેરો, જરા ભારે હોઠ, અને ચશ્માં તળે ઢંકાતી ન રહેતી નજર—એમના વ્યક્તિત્વની આ છાપ સાથીઓ ક્યારેય ભૂલી શકે તેમ નહોતા. ભગવતીચરણનું દિમાગ સ્વતંત્રતાની બાબતમાં શરૂઆતથી જ સ્પષ્ટ હતું. કોઈ મૂંઝવણ કે ભ્રમ નહિ. પ્રવૃત્તિની મોસમમાં મચી રહેવું તેને ગમતું. એટલે તો ગવાલમંડીમાં આવેલું તેનું 'શિવ-નિવાસ' મકાન મિત્રોની અવરજવર અને ચર્ચાઓથી ગાજતું રહેતું. —અને, ભારતની સશસ્ત્ર ક્રાંતિકારી પ્રવૃત્તિમાં અનુશીલન સમિતિ પછીની બીજી મંડળી 'નવજવાન ભારત સભા' સ્થપાઈ, એ આ જ મકાનમાં! સાથીઓ હતા: ભગતસિંહ, રાજગુરુ, સુખદેવ, ચન્દ્રશેખર આઝાદ વગેરે. પણ મુખ્ય પ્રશ્ન નાણાંનો હતો. ભગવતીચરણને વારસામાં મળેલી પિતાની સંપત્તિનો સંપૂર્ણ ભાગ—૫૦,૦૦૦ રૂપિયા એ પ્રવૃત્તિને અર્પણ થયા.

ઈ. ૧૯૨૪-૨૫નાં એ વર્ષો હતાં. ભગવતીચરણ 'નવજવાન ભારત સભા'ના પ્રચારમંત્રી હતા. ડૉ. કિચલુ, સત્યપાલ, કેદારનાથ, લાજપતરાય, ગોપીચંદ ભાર્ગવ વગેરેનું સમર્થન પણ મેળવી શકાયું. ભગવતીચરણ કોઈ તક ગુમાવવા ઇચ્છતા નહોતા. ઈ. ૧૯૧૪ના લાહોર ષડ્યંત્રમાં અઢાર વર્ષના કર્તારસિંહને ફાંસી મળી હતી. જે દિવસે ફાંસીની તેને સજા કરવામાં આવી, એ પછી તેની એ વરસી જાહેરમાં મનાવવામાં આવી. લાહોરના બ્રેડલૉ હૉલમાં આ નિમિત્તે ભગવતીએ આગ ઝરતું ભાષણ કર્યું. પત્ની દુર્ગાદેવી અને ક્રાંતિકારી મંડળીની એક મહિલા સુશીલા દીદી—બંનેએ રક્તતિલક કર્યું. આ ઘટનાએ લાહોરમાં હલચલ મચાવી દીધી.

ભગવતીચરણ અને દુર્ગાભાભીની સમગ્ર જિન્દગી સત્તા સામેના સંઘર્ષમાં જ વીતી. બૉમ્બ અને બૉમ્બ જેવો જ વિસ્ફોટક પ્રચાર એ બે મુખ્ય કાર્યો આ દંપતી દ્વારા ચાલુ રહ્યાં. 'નવજવાન ભારત સભા'ના એ સમયનાં સમગ્ર દેશને હચમચાવનાર બે પરાક્રમો એટલે કાકોરી ધાડ અને લાહોર ષડયંત્ર. ઈ. ૧૯૨૫નો કાકોરી કાંડ એ ક્રાંતિકાળનો વિસ્ફોટક બનાવ હતો. ચન્દ્રશેખર આઝાદ એ પ્રકરણથી અતિ જાણીતા બન્યા. કાકોરીના તેર આરોપીઓમાં ભગવતીચરણ પણ હતા, જેને પોલીસ પકડી શકી નહોતી. કાકોરી કાંડના ત્રણ આરોપીઓ—દુર્ગાભાભી, ભગવતીચરણ અને સુશીલાદેવીની તપાસ કરવા સરકારી ગુપ્તચરો ઠેઠ ગુજરાતમાં પણ આવેલા તે પરથી સાબિત થાય છે કે આ ક્રાંતિકારોએ ગુજરાતને પણ ક્રાંતિકાર્યોમાં બાંધી લીધું હતું.

લાહોરમાં લાજપતરાય પર ચાલેલી લાઠીઓએ ભારતીય યુવકોના આક્રોશનાં દ્વાર ખુલ્લાં કરી દીધાં. ભગવતીચરણ સહિત ભગતસિંહ અને સાથીઓએ બદલો લેવાનો નિશ્ચય કર્યો, અને બદલો લેવાયો પણ ખરો. લાહોરની દીવાલો પર એ દિવસે 'ઈન્કલાબ ઝિન્દાબાદ'ના નારાથી અંકિત પોસ્ટર જોવા મળ્યાં. ભગતસિંહ અને સાથીઓએ લાહોરથી સ્થળાન્તર કર્યું. એ ઘટના રસપ્રદ ને સાહસકથા જેવી છે. પહેલાં ભગવતીચરણે લાહોર છોડયું. ભગતસિંહ પણ લાહોરથી હાવડા જવા માગતા હતા. પણ જવું કેમ? આખરે યોજના થઈ. ૧૯૨૮ના ડિસેમ્બરની એક સાંજે એક દંપતી ગાડીમાં ચડયું. સ્ત્રી પાસે બાળક પણ હતું. સાથે એક નોકર હતો. કલકત્તા ભગવતીચરણને તાર મળ્યો: 'ભાઈ સાથે આવી રહી છું—દુર્ગા.' ભગવતીચરણ કંઈ સમજી શક્યા નહિ. કલકત્તા સ્ટેશને તેણે જોયું—ભગતસિંહ દુલ્હા, દુર્ગાભાભી દુલ્હન, શચી પુત્ર ને સુખદેવ નોકરના વેશમાં! ભગવતીચરણે ગદ્ગદિત થઈને પત્નીને કહ્યું: 'તને આજે જ જાણી શક્યો!' ક્રાંતિકાર 'ભાઈ' ભગતને બચાવવા દુર્ગાભાભીનું આ પગલું એ મંડળમાં આ મહિલાને આદરણીય સ્થાન અપાવી ગયું!

પછી એક યાદગાર ઘટના બની: ભારતના સંસદગૃહમાં બૉમ્બ-વિસ્ફોટની. એ બૉમ્બ કોઈની હત્યા માટે નહિ પણ 'બહેરા કાને અવાજ અથડાવવા' માટે હતો. પરિણામે ભગતસિંહ અને સાથીઓ પકડાયા. મુકદ્દમો ચાલ્યો. ભગતસિંહ અને સાથીઓ લાહોરની જેલમાં હતા. તા. ૧ જૂન, ૧૯૩૦ના દિવસે શેષ રહેલા સાથીઓ—ભગવતીચરણ, દુર્ગાભાભી, સુશીલા દીદી, યશપાલ, વૈશંપાયન વગેરેએ જેલમાંથી સાથીઓને છોડાવવાની યોજના બનાવી. બૉમ્બનું કારખાનું તૈયાર કરાયું. રાવી નદીના કિનારે તેનો પ્રારંભિક પ્રયોગ કરવા સુખદેવ, વિશ્વનાથ અને ભગવતીચરણ ગયા. ૨૮મી જૂન, ૧૯૩૦નો એ દિવસ હતો. બૉમ્બ અનાયાસ ફાટયો. ભગવતીચરણનું શરીર વિશીર્ણ બની ગયું. ત્યાં જ તેમણે આંખો મીચી. સાથીઓને ખબર પડી. યશપાલ ને છેલબિહારી દોડતા પહોંચ્યા, પણ ભગવતીચરણ મૃત્યુના પંથે ક્યારના પળી ગયા હતા.

ભગવતીચરણનું ક્રાંતિકાર્યોમાં બંને પ્રકારનું પ્રદાન હતું: પ્રત્યક્ષ બૉમ્બ બનાવવાનું ને બીજું બૌદ્ધિક. સશસ્ત્ર ક્રાંતિમાં શસ્ત્ર અને શાસ્ત્ર બંનેનો સમન્વય તે કરતા. એટલે જ, ભારતીય સશસ્ત્ર ક્રાંતિકારોને ઇતિહાસકારો કેવળ આદર્શઘેલા જુવાનિયાઓનાં દુઃસાહસો કરનારા તરીકે જ ન ઓળખે એ માટે ભગવતીચરણ સજાગ હતા. એથી કાકોરી પ્રકરણ પછી તેમણે 'સશસ્ત્ર ક્રાંતિકારોનો ઇતિહાસ' લખવો શરૂ કર્યો હતો.

એક બીજો પ્રસંગ પણ તેમના પ્રચારક સ્વરૂપની ઝાંખી કરાવે છે. લૉર્ડ અરવિનની ટ્રેઈનને ઉડાડી મૂકવાની ઘટના બન્યા પછી ગાંધીજીએ 'યંગ ઈન્ડિયા' (જાન્યુઆરી, ૧૯૩૦)માં એક લેખ લખ્યો: 'Cult of Bomb.' એમાં ક્રાંતિકારોનાં હિંસક કાર્યોની ઝાટકણી કાઢી હતી. ભગવતીચરણે એના જવાબરૂપે Philosophy of Bomb નામનો લાંબો લેખ લખ્યો હતો. કમભાગ્યે, 'યંગ ઇંડિયા'માં એ લેખને સ્થાન ન મળ્યું, નહિતર બે ગુજરાતી દેશભક્તો પોતાનાં શસ્ત્ર વિષે કેટલા જાગરૂક હતા, તેનો રસપ્રદ ખયાલ સંપૂર્ણ રીતે ભાવિ પેઢીને મળી શક્યો હોત.

ભગવતીચરણનાં પત્ની દુર્ગાભાભી ક્રાંતિકારોનાં પ્રેરણાદેવી હતાં. એમના અસીમ સ્નેહ તળે કુરબાનીનાં ફૂલ ખીલ્યાં હતાં. ભાભી પોતે પણ પતિના માર્ગનાં જ યાત્રી હતાં, એટલે વૈધવ્ય પછી પણ સ્વતંત્રતાજંગથી અલગ પડયાં નહિ. મુંબાઈના લૉર્ડ હેલી પર ગોળી ચલાવવામાં તેમનો હાથ હતો. ગવર્નરને બંગલામાં જઈને ઠાર કરવાનો હતો. એક અન્ય ક્રાંતિકાર સ્વામીરાવ આઝાદ એમની સાથે હતા. એક સવારે બંને મોટરમાં નીકળ્યાં. ભાભીએ કહ્યું કે સ્વામીરાવ પણ આગળ બેસે;

—માસમાસનાં વ્રત-પર્વ—

રક્ષાબંધન

શ્રાવણી પૂનમ એટલે રક્ષાબંધનનું પર્વ. પૌરાણિક કથા કહે છે કે દેવો અને દાનવો વચ્ચે બાર વર્ષ યુદ્ધ ચાલેલું તેમાં દાનવોએ દેવોના રાજા ઈન્દ્રને ઘેરી લીધેલો. આ શત્રુઓ સામે વિજય પ્રાપ્ત કરવા કૃતનિશ્ચયી ઈન્દ્રને શ્રાવણી પૂનમની સવારે ઇન્દ્રાણીએ જમણા હાથે રાખડી બાંધી હતી. આમ, રક્ષા-રાખડી-થી રક્ષાએલો ઈન્દ્ર શત્રુઓ પર વિજયી બન્યો.

આ દિવસે, અસલ વિધિ પ્રમાણે તો, પ્રાતઃકાલે સ્નાનાદિ પતાવી બપોર સુધી દાન કરવું જોઇએ. ત્યાર બાદ ત્રણ વાગ્યા પછી અક્ષત અને સરસવ મૂકેલી પોટલી તૈયાર કરાવવાની હોય છે. આ પોટલી તે જ રક્ષાપોટલી. રંગ-બેરંગી સુતરાઉ કે રેશમી કાપડની આ પોટલીને રંગ-બેરંગી સૂતરના તારમાં ગૂંથી જમણા હાથના કાંડે બાંધવામાં આવે છે. અગાઉ આ વિધિ કુલપુરોહિત દ્વારા થતો. પછી તો કોઈ પણ બ્રાહ્મણ પાસે આધિ, વ્યાધિ અને ઉપાધિથી રક્ષણ મેળવવાના આશયથી રક્ષાબંધન કરાવવામાં આવતું થયું છે. આમાં રક્ષા બાંધનારની રક્ષા બંધાવનાર પ્રત્યેની નિષ્કામ ભાવના જ મહત્ત્વનો ભાગ ભજવે છે. એ શુભ ભાવના અને એ ભાવના પ્રત્યેની શ્રદ્ધા બન્નેના સહયોગથી સાત્ત્વિક આચાર-વિચાર તથા આહાર-વિહારનો સંકલ્પ સાહજિક રીતે જ ઉપર કહ્યા તે ત્રિવિધ શત્રુઓથી રક્ષણ મેળવવામાં સહાયભૂત બની રહે છે. પરંતુ કાલક્રમે આ ભાવના-પર્વમાં પ્રલોભનો ભળતાં એ દૂષિત બનતું ચાલ્યું. કેવળ જન્મથી જ બ્રાહ્મણો હોય તેઓએ આ પર્વ કમાણીના સાધન તરીકે રક્ષાબંધન વિધિને અપનાવી લીધો. વહેલી સવારથી શેરીઓ ને માર્ગો પર શુદ્ધ ભાવનાથી સિંચાએલી રાખડીને બદલે તૈયાર રાખડીનો જથ્થો લઈ પેટિયું રળી લેવા નીકળેલા આ બ્રાહ્મણોનું રક્ષાબંધન કોનું અને કઈ રીતે રક્ષણ કરી શકે?

આમાં અલગ તરી આવે છે બહેનનું રક્ષાબંધન. ભાઈ ને બહેનનો પ્રેમ હમેશાં નિર્વ્યાજ રહ્યો છે. બહેન સૂતરના તાંતણામાંથી સ્વહસ્તે તૈયાર કરેલી રાખડી ભાઈના જમણા હાથે બાંધી એનાં ઓવારણાં લઈ હૃદયની વિશુદ્ધ ભાવનાથી એનું સર્વ પ્રકારે હિત ઇચ્છે છે. આ સૂતરના મામૂલી તાંતણામાં બહેનના મહામૂલા સ્નેહનું સમર્થ બંધન છે. આ નિષ્કામ ભાવના પ્રત્યે પોતાની શ્રદ્ધા વ્યક્ત કરતો ભાઈ પોતાની શક્તિ પ્રમાણે કંઈક ભેટ આપે છે. પરંતુ કાલક્રમે ભગિનીની લોભવૃત્તિ આમાં ભળતાં વિશુદ્ધ ભાવના કલુષિત બની ગએલી પણ જોવા મળે છે.

પલટાતા સામાજિક સંદર્ભમાં આજે રક્ષાબંધનને વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના પર્વને આગળ લઈ જઇને સામૂહિક શુભેચ્છાના પર્વ સુધી વિકસાવવામાં આવ્યું છે. જેલમાં કેદીઓને થતું રક્ષાબંધન, શાળામાં વિદ્યાર્થિનીઓ દ્વારા થતું રક્ષાબંધન કે સવર્ણો દ્વારા અવર્ણોને થતું રક્ષાબંધન શુભ ભાવના ને શુભ વ્યવહાર-વિચારનું વાતાવરણ સર્જી સમાજને સમુન્નતિ અને સર્વોન્નતિ પ્રતિ અભિમુખ કરવામાં ફાળો આપી રહે છે.

આવતા અંકથી શરૂ થશે

વિનય·બાદલ·દિનેશ

ત્રણ તરુણ ક્રાંતિવીરોની જાનફેસાનીની લઘુ-નવલ

શૈલેશ દેના મૂળ બંગાળી ઉપરથી

સુકન્યા ઝવેરી

પણ તે પાછલી બેઠક પર બેઠા. આપટેએ ભાડે આણેલી ગાડી ચલાવી. સુખદેવ પણ હતા. દિવસભર ગાડી ઘૂમતી રહી. લેમિંગ્ટન રોડ પર કાર આવી તો અચાનક સ્વામીરાવ બોલ્યા : 'ફાયર !' નાઝ સિનેમા પાસેથી બે ગોરા સાર્જન્ટ પોતાની પ્રિયતમાઓ સાથે નીકળ્યા હતા; તેમના પર ગોળી ચાલી. બંને ઘાયલ થયા. મોટર નાસી છૂટી ને મોડી રાતે સ્થાન પર પહોંચી. ભાભી ત્યાંથી બાબારાવ સાવરકરને ત્યાં પહોંચ્યાં અને ત્યાંથી ઝાંસી. એમ જણાય છે કે સ્વામીરાવના અતિરેકને કારણે એ ઘટના નિષ્ફળ ગઈ. પછીથી 'સ્વામીરાવે પ્રાયશ્ચિત્ત કર્યું અને ગાંધીવાદી બન્યા હતા' એમ જાણીતા લેખક યશપાલ નોંધે છે. સ્વામીરાવે પોતાની આત્મકથા લખી છે તેમાં ઘણી અતિશયોક્તિઓ અને સ્વપ્રશંસા છે.

દુર્ગાભાભી મુંબઈ, કાનપુર, દિલ્હી અને લખનૌની લાંબી મુસાફરી પછી અત્યારે લખનૌમાં સ્થાયી થયાં છે અને એક શાળા ચલાવે છે. એક ખામોશ સ્ત્રી તરીકે આપણી આ જાણીતી ક્રાંતિકારી મહિલાનું શેષ જીવન વીતી રહ્યું છે. સડસઠથી વધુ વર્ષો વિતાવી ચૂકેલાં આ મહિલાનું મૌન તૂટે તો, કદાચ સશસ્ત્ર ક્રાંતિની બલિદાની વિગતોનાં વિશેષ તથ્યો આપણને મળી રહે.

ગુજરાતની ક્રાન્તિકથાનાં પાત્રોની વાત આટલેથી અટકી જતી નથી; છેક ૧૯૪૬ના નૌસેના વિદ્રોહ લગી લંબાય છે. એવી ઘણી ઘટનાઓએ ગુજરાતમાં આકાર લીધો હતો, જેને સશસ્ત્ર ક્રાંતિકારોની પ્રવૃત્તિ સાથે જોડી શકાય છે. તા. ૧૩ નવેમ્બર, ૧૯૦૯ના દિવસે અમદાવાદમાં લૉર્ડ મિન્ટોની જાહેર શોભાયાત્રા નીકળી ત્યારે બે બૉમ્બના ધડાકા થયા હતા. પણ એમાં ચોબદારની સમયસૂચકતાથી લૉર્ડ અને લેડી મિન્ટો બચી ગયાં. તા. ૨૮ ડિસેમ્બર, ૧૯૩૦—એક દરજીને ત્યાં અમદાવાદમાં બૉંબ ફાટતાં એ કાવતરાની જાણ થઈ. ઈ. ૧૯૩૧ની ૨૩ જુલાઇએ સિંધના થરપારકર જિલ્લાના મુઠિયો ગામમાં ભગતસિંહને ફાંસીના બદલા રૂપે સૅાન્ડર્સની હત્યા કરવામાં આવી હતી. ઈ. ૧૯૩૩ના એપ્રિલમાં અમદાવાદમાં બે વિદેશીઓની દુકાનો સળગાવી મૂકવામાં આવી હતી.

ઈ. ૧૯૩૯થી શરૂ થએલા દ્વિતીય વિશ્વયુદ્ધના ઓળા વચ્ચે વિદેશોમાં ફરી ક્રાંતિકથા શરૂ થઈ તેમાં યે ક્યાંક ક્યાંક ગુજરાતીઓ સામેલ હતા. ઍલેક્ઝાન્ડર વૅથના એવા એક મૂલ્યવાન પુસ્તકમાં બર્લિનના એ દિવસોની યાદગાર ઘટનાઓની સરસ નોંધ લેવામાં આવી છે. બર્લિનમાં સ્થપાયું હતું-'ફ્રી ઇન્ડિયા સેન્ટર'. એના મુખ્ય સંચાલકોમાં હબીબુર રહેમાન, એન. જી. ગણપુલે, એન. જી. સ્વામી ઉપરાંત એક ગુજરાતી પણ હતા : એમ. આર. વ્યાસ.

આ 'સેન્ટર'ની યોજના પણ વ્યવસ્થિત હતી. 'આઝાદ હિન્દ રેડિયો' સ્થાપીને તેમણે પ્રસારણ શરૂ કર્યું. પ્રસારણ ભારત-મુક્તિના વિષયોને આવરી લેતું હતું. જર્મન સમાચારો પણ અપાતા. 'આઝાદ હિન્દ' નામે એક સામયિક પણ પ્રગટ થતું જેની ૫૦,૦૦૦ નકલો છપાતી હતી. જર્મની આવતા ભારતીઓને કેન્દ્રમાં મેળવવા ફ્રાન્સ, ઈટાલી ને દક્ષિણ એશિયાની મુક્તિચળવળ સાથે સંપૂર્ણ સંપર્ક રાખવો વગેરે યોજનાઓ પણ હતી.

સમગ્ર યોજનાનો ૧૯૪૧ની બીજી નવેમ્બરથી પ્રારંભ થયો. વાઘના ચિત્ર સાથે અંકિત ત્રિરંગો ધ્વજ એ વિદેશી ભૂમિ પર મુક્તપણે ફરકયો. 'જય હિન્દ'નો નારો આકાશે પહોંચ્યો. રાષ્ટ્રભાષા હિન્દુસ્તાનીનું ગૌરવ નવાજવામાં આવ્યું. પછી તો સમગ્ર કાર્ય જોશભેર ચાલુ થયું. રોજબરોજ રેડિયો પરથી પ્રસારણ થતું. તેમાં મુખ્યત્વે ભારતીય વિદ્યાર્થીઓ અને પત્રકારો સક્રિય હતા. શરૂઆતમાં ૪૫ મિનિટનો કાર્યક્રમ રહેતો, પછી તો એ પાંચ કલાક સુધી પહોંચાડવામાં આવ્યો. કાર્યક્રમ સાત ભાષામાં પ્રસારિત થતો : અંગ્રેજી, હિન્દી, બંગાળી, તેલુગુ, તમિળ, મરાઠી અને ગુજરાતી, બપોરના અગિયારથી સાંજના ચાર સુધીનો આ કાર્યક્રમ ભારતમાં છૂપાછૂપા અસંખ્ય ભારતીયો સાંભળતા.

દૂર પૂર્વના દેશમાંથી ગુજરાતી ભાષામાં સ્વાધીનતા જંગનો ખયાલ આપતો સ્વર આપનાર ડૉ. એમ. આર. વ્યાસ હતા. બાકીની ભાષાઓના પ્રવક્તા ડૉ. ગિરિજા મુખરજી, પી. બી. શર્મા, અંબિકા મજમુદાર, પ્રમોદ સેનગુપ્તા, બલવંત નાયક, બી. એલ. કેની હતા.

આપણે જાણીએ છીએ તેમ બર્લિનના આ શરૂઆતના પુરુષાર્થમાંથી જ જન્મી એક અદ્‌ભુત ક્રાંતિકથા—તે સુભાષચન્દ્ર બોઝની 'આઝાદ હિન્દ ફોજ'ની રચના. આરાકાનનાં જંગલોમાં, ઈરાવતીના પ્રવાહથી પ્લાવિત ભૂમિ પર, રંગૂનની આસપાસ ખેલાએલાં એ સાહસિક યુદ્ધનો ટંકાર હજી યે વિસ્મૃત થઈ શકે તેવો નથી. આઝાદ ફોજનાં પરાક્રમોની શૈલીનો પરિચય આપણને ભૂલાભાઈ દેસાઇએ અને અમૃતલાલ શેઠે કરાવ્યો, પણ હજી એ યુદ્ધકથાની તડકી-છાંયડી, સંવાદો અને વિસંવાદો, યોજનાઓ અને આચરણ—એ સઘળાં તથ્યો પ્રકાશમાં આવવાં બાકી છે. એ યુદ્ધે સુભાષને 'નેતાજી'નો અમર અભિષેક કર્યો, ને 'જય હિન્દ' તથા 'ચલો દિલ્હી'નાં સૂત્રો સ્વતંત્ર ભારતને પ્રાપ્ત થયાં.


આઝાદ ફોજમાં પણ કેટલાક ગુજરાતીઓ સક્રિય હતા. રંગૂનના હેમરાજ રણછોડદાસ બેટાઈ અને તેમનાં પત્ની હીરાલક્ષ્મીનાં નામ એમાંથી ઠીકઠીક ખ્યાત થયાં. રંગૂનની સભામાં સુભાષબાબુના આહ્વાનથી પ્રેરાઇને પોતાની મિલ્કતની પાઇએ પાઈ એ દંપતીએ એમને ચરણે ધરી દીધેલી. એ બેટાઈ બેટ દ્વારકાના વતની હતા. ચૌદ વર્ષ રંગૂનમાં રહેલા. પહેલાં પત્નીના મૃત્યુ બાદ હીરા સાથે લગ્ન થયાં. રંગૂનના વસવાટ દરમિયાન તેમની દુકાનો રમખાણોમાં લૂંટાઈ હતી. પછી આઝાદ હિન્દ ફોજનું વડું મથક રંગૂન થયું. બેટાઈ દંપતી સક્રિય બન્યાં. પોતાની ૧૮ લાખની મિલ્કત આપી દીધી. 'નૅશનલ બૅન્ક ઑફ આઝાદ હિન્દ'નો વહીવટ નેતાજીના કહેવાથી સંભાળ્યો. પત્ની હીરાલક્ષ્મી 'ઝાંસી રાણી રેજિમેન્ટ'-માં જોડાયાં. ઈ. ૧૯૪૫માં મ્યાનગો ઍારિપટલ પર થએલા બૉમ્બમારા દરમિયાન બેટાઇએ બૉમ્બવર્ષા વચ્ચે સાહસપૂર્ણ શુશ્રૂષા કરી હતી.

જેમ આઝાદ હિન્દ ફોજમાં, તેમ ઈ. ૧૯૪૬માં નૌસેના વિદ્રોહમાં પણ મુખ્યત્વે સૌરાષ્ટ્રના કેટલાક સાહસિકોએ ભાગ ભજવ્યો હતો; તેની વિગતો ક્યારેક અવકાશે જાણીશું.

અત્યારે તો આટલું જ—ગુજરાત પણ સશસ્ત્ર ક્રાન્તિની કથામાં એક ઉજ્જ્વળ ટપકું બનીને ઝળકે છે, જરૂર ! (સંપૂર્ણ)

[સૂર્યમાળાના ગ્રહો-૬] મધ્ય (લઘુ) ગ્રહો અને ખરતા તારા

લેખક • ડૉ. યશવંત ગુ. નાયક



જિયૉગ્રાફ઼ોસ ઈ. ૧૯૫૧માં એની શોધ થઈ. એના વિષેની આધારભૂત માહિતીઓ પરથી નૅશનલ જ્યોગ્રાફિક મૅગેઝિને એનું આ કાલ્પનિક ચિત્ર પ્રકટ કરેલું. લગભગ બેએક હજાર મધ્યગ્રહો ક્રમાંક અને નામ આપવા યોગ્ય દેખાયા છે. એમાંના ઘણાને પૌરાણિક નામો અપાયાં છે, કેટલાકને ખ્યાત ખગોળશાસ્ત્રીઓનાં, કેટલાકને ફૉક્સ, બિગોનિયા વ. જેવાં ફૂલોનાં, કેટલાકને યાલ્ટા, શિકાગો વ. જેવાં શહેરોનાં તો અમુકને શેબા, ડલ્સિનીઆ ને મૅરેલિન (અલબત્ત, મૅરેલિન ડિટ્રીચ) જેવાં જાણીતા સ્ત્રીવાચક નામો અપાએલાં છે. મધ્યગ્રહો કાં તો જેમાંથી સૂર્ય અને અન્યગ્રહો રચાયા એ આદિ નિહારિકાનો વધેલો ભંગાર હોઈ શકે યા આ કક્ષામાં નાશ પામેલા કોઈ ભૂતકાલીન ગ્રહના અવશેષ.

સૂર્યમંડળમાં આવેલા નવ ગ્રહો ઉપરાંત મંગળ અને ગુરુની વચ્ચેના મોટા ગાળામાં આશરે ૩૨થી ૪૮ કરોડ કિલોમીટર (૨૦ અને ૩૦ કરોડ માઇલ)ની ત્રિજ્યામાં અનેક નાના કદના ગ્રહો સૂર્યની પ્રદક્ષિણા કરે છે. આ ગ્રહોને ઍસ્ટરૉઇડ યા મધ્યગ્રહો કે લઘુગ્રહો છે. એમનું કદ એટલું નાનું હોય છે કે તે નરી આંખે ન દેખાય. ૧૮મી સદીના અંત સુધી તો આ ગ્રહોના અસ્તિત્વની પણ પૂરી ખાતરી ન હતી.

મહાન ગણિતજ્ઞ અને ખગોળશાસ્ત્રી કૅપ્લરે ગ્રહોની ગતિ સંબંધના પોતાના ત્રણ જાણીતા નિયમોની ઈ. ૧૬૦૯માં શોધ કરી હતી. તેને પણ લાગતું હતું કે મંગળ ને ગુરુની વચ્ચેના અંતરનો ગાળો પ્રમાણમાં ઘણો મોટો છે. તેણે જણાવ્યું હતું કે 'મંગળ અને ગુરુની વચ્ચે હું એક ગ્રહની કલ્પના કરું છું.' ત્યાર પછી ઈ. ૧૭૭૨ સુધીમાં કોઈ ખગોળશાસ્ત્રીએ આ બાબત ઉપર ધ્યાન આપ્યું નહિ. આ અરસામાં જર્મન ખગોળશાસ્ત્રી બોડેનું ધ્યાન વિહટેનબર્ગ નામના વૈજ્ઞાનિકે સાબિત કરેલા નિયમ તરફ દોરાયું. સૂર્યથી પૃથ્વીનું અંતર ૧૦ લઇએ તો બધા ગ્રહોનાં અંતર ૪ (બુધ), ૭ (શુક્ર), ૧૦ (પૃથ્વી), ૧૬ (મંગળ), ૫૨ (ગુરુ), ૧૦૦ (શનિ) અને ૧૯૬ (યુરેનસ) આવે છે. એ દરેકમાંથી ૪ બાદ કરતાં જે આંકડા આવે છે તેનો ક્રમ ૦, ૩, ૬, ૧૨, ૪૮, ૯૬, ૧૯૨ એમ આવે છે. શૂન્ય ને બાદ કરતાં આ આંકડા અનુક્રમે બેવડા થતા જાય છે, પરંતુ તેમાં ૨૪નો અંક ખૂટે છે. આથી બોડેએ કલ્પના કરી કે ૨૪નો આંકડો કોઈક અજ્ઞાત ગ્રહનો સૂચક છે અને ૨૪+૪ એટલે ૨૮ અંક દૂર એ ગ્રહ આવેલો હોવો જોઈએ. યુરેનસ તે વખતે શોધાયો નહતો એટલે બોડેએ એ પણ કલ્પના કરી હતી કે ૧૯૨+૪=૧૯૬ના અંતરે પણ એક ગ્રહ હશે.

જ્યારે મધ્યગ્રહો શોધાયા ત્યારે તેમનું અંતર આશરે ૨૪+૪=૨૮ જેટલું માલૂમ પડ્યું અને યુરેનસ શોધાયો ત્યારે તેનું અંતર પણ આ નિયમની સાબિતીરૂપે મળ્યું. પ્લૂટોનું અંતર પણ આશરે ૩૮૪+૪=૩૮૮ અંક જેટલું આ નિયમને અનુરૂપ જણાયું. માત્ર નેપ્ચ્યુનનું અંતર આ નિયમમાં બેસતું નથી, કારણ કે એનો અંક ૧૯૨ અને ૩૮૪ વચ્ચે આવે છે.

સન ૧૮૦૦માં જર્મન ખગોળશાસ્ત્રીઓએ ભેગા મળીને મંગળ ને ગુરુની વચ્ચેના અજ્ઞાત ગ્રહને શોધવા માટે એક યોજના નક્કી કરી. પરંતુ એ યોજના અમલમાં આવે તે પહેલાં સીસીલની પાલ્મેરો વેધશાળાના ડિરેક્ટર પિયાઝીએ ઈ. ૧૮૦૧ની ૧લી જાન્યુઆરીએ (૧૯મી સદીના પહેલા જ દિવસે) સીરીસ નામના ગ્રહની શોધ કરી. બોડેના નિયમ અનુસાર આ ગ્રહનો આંક ૨૭.૭ આવ્યો હતો અને તે ૨૮ના આંકની તદ્દન નજીક છે. આ ગ્રહ ૮૦૫ કિ. મી. (૫૦૦ મા.) વ્યાસનો છે એટલે ચંદ્ર પણ એનાથી આશરે ૪ા ગણો મોટો છે. આ કારણે આને સૂર્યમંડળના અગત્યના ગ્રહોમાં ગણવામાં આવ્યો નહિ ને તેને ઍસ્ટેરૉઈડ એટલે કે મધ્ય ગ્રહ કહેવામાં આવ્યો. આની શોધ પછી તો બહુ ઝડપથી આશરે આ જ કક્ષામાં બીજા પણ અનેક નાનામોટા મધ્ય ગ્રહોની શોધ થઈ. પેલાસ, જૂનો, વેસ્ટા, ઍસ્ટ્રીઆ, હેબે, ઇરિસ, ફ્લૉરા, મેટિસ, હાઇજિયા વગેરે એમાં જાણીતા છે. સૂર્યથી લગભગ ૩૨ કરોડથી માંડી ૪૭ કરોડ કિ. મી. દૂર રહી આપણાં ત્રણથી પાંચ વર્ષના ગાળામાં એ બધા એકએક સૂર્ય પ્રદક્ષિણા પૂરી કરે છે. હજી યે નવાનવા મધ્ય ગ્રહો પકડાતા જ રહે છે. જેમાં ઈ. ૧૯૫૧માં નૅશનલ જિયૉગ્રાફિક સોસાએટીએ કરેલા આકાશના સર્વેક્ષણ દરમિયાન મળેલો, અને એથી સોસાએટીના નામે 'જિયૉગ્રાફ઼ોસ' નામ પામેલો મધ્યગ્રહ નોંધનીય છે.

આ મુખ્ય મધ્ય ગ્રહો ઉપરાંત બીજા પણ હજારો નાના મધ્ય ગ્રહો છે. ઉપલા સર્વ મધ્ય ગ્રહોના વ્યાસ ૬૪૪ કિ. મી.થી ૯૬૬ કિ. મી (૪૦૦ મા. થી ૬૦૦ મા.) જેટલા છે. એ બધા હવા, પાણી અને જીવન વિનાના વેરાન છે અને એમાંના ઘણા તો ગોળાકાર પણ નથી. એમને આપણે પ્રચંડ ખડકો કહી શકીએ. આમાંના બધા જ ૩૨ થી ૪૮ કરોડ કિ.મી. (૨૦થી ૩૦ કરોડ મા.)ની સરેરાશ ત્રિજ્યામાં સૂર્યની પ્રદક્ષિણા કરે છે.

એવું માનવામાં આવે છે કે આદિ કાળમાં આ બધા મધ્ય ગ્રહો એક જ મુખ્ય ગ્રહમાંથી પેદા થયા હશે. મંગળ અને ગુરુ વચ્ચે આવેલો આ પુરાતન આદિ ગ્રહ કોઈ અકસ્માતથી ખંડિત થઈ અસંખ્ય નાનામોટા મધ્ય ગ્રહમાં વિભાજિત થઈ ગયો હશે અને એ ખંડો લગભગ એની એ જ કક્ષામાં સ્વતંત્ર રીતે ભ્રમણ કરતા થયા હશે. ખરતા તારાઓનો સમૂહ પણ એ આદિ ગ્રહના વિસ્ફોટમાંથી જ પેદા થયો હશે એ માન્યતા આજે સ્વીકૃત થઈ છે. પ્રત્યેક ખંડિત ગ્રહને કદાચ શરૂઆતમાં વાયુમંડળ પણ હોવાની શક્યતા છે, પરંતુ ઓછા ગુરુત્વબળને કારણે તે વાયુના કણો અવકાશમાં ફેલાઈ ગયા હશે.

વિટ નામના બર્લિનના એક ખગોળશાસ્ત્રીએ ઈ. ૧૮૯૮માં મધ્ય ગ્રહોનાં અવલોકનો કરતાં એક નવીન ગ્રહની શોધ કરી. બધા મધ્ય ગ્રહો એક જ ભ્રમણકક્ષાના વિસ્તારમાં સૂર્યની પ્રદક્ષિણા કરે છે, પરંતુ વિટે શોધેલો આ નવીન મધ્ય ગ્રહ ઇરૉસ એમાં અપવાદરૂપ છે. એની ભ્રમણકક્ષા તદ્દન જુદી પડે છે, અને તે દીર્ઘ વર્તુલ આકારની છે. સૂર્યથી ઉચ્ચ બિંદુએ એનો માર્ગ મંગળની કક્ષાની બહાર અને લગભગ મધ્યગ્રહોની કક્ષા સુધી પહોંચે છે, પરંતુ સૂર્યથી નીચ બિંદુની એની કક્ષા મંગળની કક્ષાથી પણ ઘણી નાની થઈ જાય છે. આ વખતે તે પૃથ્વીથી ૨.૨૫૪ કરોડ કિ. મી. (૧.૪ કરોડ મા.) જેટલા અંતરેથી પસાર થાય છે. ઈ. ૧૯૩૧માં એ પૃથ્વીની બહુ નજીક આવી ગયો હતો અને તે

વખતે એનું અંતર ૨.૭૩૭ કરોડ કિ. મી. (૧૦૭ કરોડ મા.) હતું. હવે કદાચ આ વર્ષે ઈ. ૧૯૭૫માં એ પાછો પૃથ્વીની નજીક આવે એવી ગણતરી છે. મંગળ અને ખાસ કરીને પ્રચંડકાય ગુરુના ગુરુત્વાકર્ષણ બળના કારણે એના કક્ષામાં થોડા ફેરફાર થયા કરે છે અને તેથી પૃથ્વીથી એની નીચબિંદુની કક્ષાનું અતર બદલાયા કરે છે.

ઈ. ૧૯૩૧ના ઇરૉસના અવલોકન ઉપરથી સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર બહુ ચોકસાઈથી નિયત થઈ શક્યું હતું. એના ઉપરથી પરાવર્ત થતા પ્રકાશના તેજમાં પણ વધઘટ થતી હોવાનું જણાયું હતું. તેનું કારણ એના વિશિષ્ટ આકાર છે. એ ગ્રહની લંબાઈ ૨૪.૧૫ કિ. મી. (૧૫ મા.) અને વચ્ચેની પહોળાઈ માત્ર ૬.૦૪ કિ. મી. (૪ મા.) જેટલી જણાઈ હતી. વળી, એ પોતાની અક્ષ ઉપર ચક્રાકાર ફરતો હોવાથી પણ તેના તેજમાં ફેરફાર જોવા મળે છે. આવા મધ્ય ગ્રહને ભૂસર્પી (Earth grazer) ગ્રહ કહેવામાં આવે છે.

આવો એક બીજો ભૂસર્પી ગ્રહ 'આલ્બર્ટ' નામે ઈ. ૧૯૧૧માં શોધાયો. એ માત્ર ૪.૮૩ કિ. મી. (૩ મા.) લાંબો છે અને એની કક્ષ નું નીચબિંદુ પૃથ્વીથી ૩.૨૨ કરોડ કિ. મી. (૨ કરોડ મા.) જેટલે આવી જાય છે. ત્યાર પછી તો બીજા આવા દીર્ઘ વર્તુલમાં ફરતા અનેક નાના ભૂસર્પી ગ્રહો શોધાયા છે. એમાં આમોર ૧૯૩૨), એપોલો (૧૯૩૨), ઍડોનિસ (૧૯૩૬), હર્મિસ (૧૯૩૭), ઇકૅરસ (૧૯૪૯) ને ટોરો (૧૯૬૪) નામના ભૂસર્પી ગ્રહો મુખ્ય છે. ખરી રીતે તો આ બધા જ આશરે ચારેક કિ. મી. કે (અઢી મા.) લાંબા ખડકો જેવા છે એમ કહીએ તો યે ચાલે.

આમાંનો હર્મિસ તો ઘણી વાર પૃથ્વીથી ૩.૨૨ લાખ કિ. મી. (૨ લાખ માઈલ) જેટલા અંતરેથી પસાર થાય છે. દોઢ કિ. મી. લાંબો આ ખડક સૂર્યમંડળમાં ઘૂમી રહ્યો છે, પરંતુ ઈ. ૧૯૩૭માં શોધાયા પછી ફરી દશ્યમાન થયો નથી. આમ છતાં કાળક્રમે કોઈક વાર ફરીથી પૃથ્વીની નજીક આવી પડે તેવો સંભવ તો છે જ.

૧૯૪૯માં શોધાએલો ભૂસર્પી ગ્રહ ઇકેરસ પૃથ્વીથી ૪ કરોડ માઈલ જેટલો નજીક માલુમ પડચો હતો. એની કક્ષા એટલી દીર્ઘ વર્તુલાકાર છે કે તે બુધના ગ્રહ કરતાં પણ સૂર્યની વધુ નજીકથી પસાર થાય છે ને ૨.૦૯૮ કરોડ કિ. મી. (૧.૮ કરોડ મા.)ના લઘુતમ અંતરે રહે છે.

ઈ. ૧૯૬૪માં શોધાએલો ભૂસર્પી 'ટોરો' ૪.૮૩ કિ.મી. લાંબો છે અને પૃથ્વીથી ૧૪૯.૭૩ લાખ કિ. મી. (૯૩ લાખ માઈલ) દૂરથી પસાર થયો હતો. આલ્ફ્વેન નામના નૉબેલ વિજેતાએ આ ભૂસર્પી ગ્રહ ટોરોનો વિશિષ્ટ અભ્યાસ કરીને એવું તારણ કાઢ્યું કે એને પૃથ્વીનો બીજો નાનો ઉપગ્રહ પણ ગણી શકાય. થોડાં હજાર વર્ષ પહેલાં એ સ્વતંત્ર મધ્ય ગ્રહ હતો, પરંતુ ત્યાર પછી એની કક્ષા પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળના ક્ષેત્રમાં આવી જતાં અત્યારે તે પૃથ્વીની સાથે સંલગ્ન થએલો જણાય છે. આમ છતાં એ સૂર્યની પ્રદક્ષિણા પણ કરે છે. એની કક્ષા ઉપર સૂર્યના બળનું પ્રભુત્વ છે, છતાં પૃથ્વીની પણ થોડી અસર રહે છે. એટલું જ નહિ, પણ દર ભ્રમણ વખતે તેની કક્ષા ઉપર શુક્ર, મંગળ, ગુરુ અને શનિના ગ્રહોની પણ થોડી અસર થતી રહે છે. આ કારણે દરેક ભ્રમણ વખતે એની કક્ષામાં થોડું વિચલન થયા કરે છે. કાળક્રમે કદાચ એ પૃથ્વીની અસરમાંથી મુક્ત પણ થઈ જાય. જો આવું બને તો તેની કક્ષા અને પૃથ્વીની કક્ષાનું કોઈક જગાએ મિલન પણ થઈ જાય. આથી ભવિષ્યમાં કદાચ પૃથ્વી ને ટોરોનો સંઘાત થાય તો તે સંભવિત છે! જો કે નજીકના ભવિષ્યમાં આવું કોઈ જોખમ નથી; પણ જો એવું બને તો પૃથ્વી ઉપર ભયંકર વિનાશ સર્જાય એ ચોક્કસ

ખરતા તારા

દર સદીમાં આવા ભ્રમણ કરતા નાના મધ્ય ગ્રહોના સંઘાત પૃથ્વી ઉપર થતા આવ્યા છે. ઈ. ૧૯૦૮માં એક મહાન ખરતા તારાએ સાઈબીરિયામાં ભયાનક તારાજી સર્જી હતી. એને કારણે પચાસેક મી. વ્યાસનો મોટો ખાડો પડયો હતો અને આસપાસના ૩૩ કિ.મી. માંના તોતિંગ વૃક્ષો જમીનદોસ્ત થયાં હતાં. સારે નસીબે અહીં વેરાન પ્રદેશ હોવાને કારણે કોઈ જાનહાનિ થઈ નહિ, પરંતુ જો એકાદ મોટા શહેર ઉપર તે પડયો હોત તો એ આખા શહેરનો નાશ થયો હોત.

ઘણી વાર આકાશમાં ક્ષણ વાર ઝબૂકીને એક તેજ-લિસોટો આંકી અદશ્ય થતા ખરતા તારા આપણે જોઈએ છીએ. આ તારા બહુ નાના ખડકો જેવા છે અને મોટા ભાગના તો પૃથ્વીના વાતાવરણમાં ઘર્ષણથી ભસ્મીભૂત થઈ જઈ ભૂમિ સુધી પહોંચતા યે નથી. છતાં કેટલાક મોટા ખરતા તારા પૃથ્વી ઉપર આવી પણ પડે છે. આ ખરતા તારાઓનાં નાનાં-મોટાં જૂથ મધ્ય ગ્રહની કક્ષામાંથી છૂટાં પડી જઈને અત્યારે સ્વતંત્ર કક્ષામાં સૂર્યની આસપાસ ભ્રમણ કર્યા કરે છે. એમાંથી કોઈક પૃથ્વીના ગુરુત્વક્ષેત્રમાં આવતાં તે પૃથ્વી તરફ ખેંચાઈ આવે છે. કોઈક વાર આવા ખરતા તારાનો વરસાદ પણ પૃથ્વી ઉપર પડે છે! ઈ. ૧૭૯૯માં, અને ખાસ કરીને ઈ. ૧૮૩૩ના નવેમ્બરની ૧૩મી તારીખે થએલો ઉલ્કાઓનો મોટો પ્રપાત નોંધપાત્ર છે. દર ૩૩ થી ૩૪ વર્ષે આવા ઉલ્કાપાતો થયા કરે છે, કારણ કે ત્યારે આ ઉલ્કાના જૂથની કક્ષા પૃથ્વીના પ્રબળ ગુરુત્વક્ષેત્રમાંથી પસાર થાય છે.

આ ઉલ્કાના બંધારણમાં પણ થોડો ફેર હોય છે. કેટલીકમાં ધાતુઓના ખડકો હોય છે તો કેટલીકમાં ધાતુ હોતી જ નથી. પૃથ્વી પર પડેલા મોટા ઉલ્કાવશેષોમાં ઈ. ૧૮૭૬ના ૨૦ એપ્રિલ વેલિંગ્ટન નજીક રોબ્ટાનમાં પડેલો નોંધપાત્ર છે. એનું વજન આશરે ચારેક કિ. ગ્રા. હતું અને તેમાં લોખંડના ખડકોના મુખ્ય ભાગ હતો. નૈઋત્ય આફ્રિકામાં ત્રણેક મીટર લાંબો, એટલો જ પહોળો ને દોઢેક મીટર જાડાઈનો એક ઉલ્કા ગ્રુટફોન્ટેન ખાતે મળી આવ્યો છે. એ નિકલ ધાતુનો ખડક છે. એ પડેલો તે જગ્યાએ લગભગ બે મીટર ઊંડો ખાડો પડયો હતો. ઍરિઝોના (અમેરિકા)ના રણમાં જે ઉલ્કા પડેલો તેનાથી લગભગ ૧૫૦ મીટર ઊંડો ખાડો પડયો હતો ને તે છિન્નભિન્ન થઈ ચોતરફ વેરાઈ ગયો હતો.

કેટલાક ખરતા તારા અથવા ઉલ્કાનો ઉદ્ગમ કદાચ ધૂમકેતુ પણ હોઈ શકે તેવી એક માન્યતા છે. સૂર્યમંડળના ગ્રહોના ગુરુત્વબળની અસરથી કેટલાક ધૂમકેતુઓમાંથી નાના મોટા દ્રવ્યના જથ્થાઓ છૂટા પડી જઈ ખડકો બની જતા હોય તેમ મનાય છે. આમ છતાં મોટા ભાગના ખરતા તારાનાં જૂથો મૂળ મધ્ય ગ્રહોની કક્ષામાંથી વિચલિત થઈ સ્વતંત્ર ભ્રમણકક્ષામાં સૂર્યમંડળમાં પ્રદક્ષિણા કરે છે એમ લાગે છે.

મધ્ય ગ્રહો, ભૂસર્પી ઇરોસ અને ટોરો જેવા મધ્ય ગ્રહો, ખરતા તારા-(ઉલ્કા)નાં જૂથો અને ધૂમકેતુએ સૂર્યમંડળના ગ્રહો ઉપરાંતના પિંડ છે. એ સૌમાં ભૂસર્પી ગ્રહો અને ઉલ્કાઓની ભ્રમણકક્ષા સ્થાયી નથી, પરંતુ કાળક્રમે તેમાં થોડો ફેરફાર થયા કરે છે. આ કારણે કોઈક વાર પૃથ્વી સાથે મોટા ભૂસર્પી ગ્રહ અથવા મોટી ઉલ્કાનો સંઘાત થવાનો સંભવ રહે છે. એવી કોઈક ઘટના બને અને તે વસતિવાળા પ્રદેશમાં થાય તો પૃથ્વી ઉપર મોટી તારાજી સર્જાય તેમાં શંકા નથી. આમ છતાં પૃથ્વીના અત્યાર સુધીના ઇતિહાસમાં આવી મોટી તારાજી થવાનાં ચિહ્નો મળ્યાં નથી તે જોતાં એમ માની શકીએ કે લાંબા કાળ માટે આવો કોઈ ભય માનવજાત માટે નથી. સૃષ્ટિની ઉત્ક્રાંતિનાં અનેક બળોમાં કોઈક કાળે આવા નાના મોટા સંઘર્ષને પણ અવકાશ છે તે સ્વીકારવું જ જોઈએ. એક વૈજ્ઞાનિકે એમ પણ જણાવ્યું છે કે આવે કોઈ ગ્રહ પૃથ્વી તરફ આવે તો રૉકેટમાંથી પ્રક્ષેપિત ઍટમ બૉમ્બ વડે તેને પૃથ્વીના વાતાવરણની બહાર જ છિન્નભિન્ન કરી શકાશે. આપણે આનાથી તેમજ કુદરતી અજ્ઞાત બળોથી પૃથ્વી ઉપરના જીવનનો ભવિષ્યમાં સંહાર ન થાય તેવી ખાતરી લઈ નિરાંત અનુભવીએ. □

રૂપાંતરિત રહસ્યકથા

રૂ મૉર્ગનો હત્યાકાંડ

અનુ. સુકન્યા ઝવેરી

સાંજના અખબારમાં એ સનસનાટીભર્યા સમાચાર હતા:

'અભૂતપૂર્વ હત્યાકાંડ! વહેલી પરોઢે રૂ મૉર્ગનાં રહેવાસીઓ એક કારમો ચિત્કાર સાંભળી જાગી ગયાં. ત્યાંના ચાર માળિયા મકાનમાંથી એ ચીસો સંભળાઈ રહી હતી. એક ધનવાન વૃદ્ધા અને એની પુત્રી, એ બે જ જણ એ આખું મકાન વાપરતાં હતાં.

દ્વાર તો અંદરથી બંધ હતાં એટલે ચીસો સાંભળીને દોડી આવેલા લોકો અને બેએક પોલીસે મળીને દ્વાર તોડી અંદર પ્રવેશ કર્યો. ચીસો કદાચ ઉપરના માળેથી સંભળાઈ હતી એટલે સૌ દાદર ચડી ઉપર જવા લાગ્યા. દરમિયાન ચિત્કાર તો બંધ પડી ગયા. પણ કોઈ ક્રુદ્ધ કંઠસ્વર ઉપરથી આવી રહ્યો હતો. વધુ ઉપર જતાં તો એ પણ બંધ થઈ ગયો.

છેક ઉપરના માળે પહોંચી લોકોએ ત્યાંના ખંડો તપાસવા માંડયા. છેલ્લે પાછળનો એક ખંડ અંદરથી બંધ જણાયો. દ્વાર તોડીને અંદર પેસતાં જ ત્યાંનું વેરવિખેર રાચરચીલું, પલંગ પરથી નીચે ફેંકાએલા ગાદલાના હાલ, જમીન પર વેરાએલી સોનામહોરો અને બાજુમાં જ વધુ સિક્કા ભરેલી કોથળી, કેટલાંક કિંમતી ઘરેણાં, ખુરશી પર લોહીથી ખરડાએલો અસ્ત્રો ને ખંડમાં ગરમાવો રાખવા માટેના દીવાલમાંના 'હાર્થ' (ચૂલા) પાસે મૂળમાંથી ઊખેડી કાઢયા હોય તેવા લોહીથી લદબદતા સફેદ વાળનો ગુચ્છો જોઈ તેઓ અવાક બની ગયા.

પણ કમકમાટીજનક દૃશ્ય તો હતું હાર્થ પરની ચીમનીમાં ઊંધે માથે લટકતી વૃદ્ધાની પુત્રીની લાશનું. સાંકડી ચીમનીમાં અમાનુષ શક્તિ વડે બળજબરીથી એને ઘુસાડી દીધી હોય તેમ લાગતું હતું. આખું શરીર ઠેકઠેકાણે છોલાઈ ગયું હતું ને કપડાંના પણ લીરા થઈ ગએલા. શરીર હજી ગરમ હતું. ચહેરા અને ગળા પરનાં નખોરિયાંનાં નિશાન પરથી લાગતું હતું કે કોઇએ એને બૂરી રીતે મારીને ગળું દૂંપી હત્યા કરી હતી.

પણ એની વૃદ્ધ માતા ત્યાં ન હતી. એની તપાસ કરતાં પાછળના ચોકમાંથી એની લાશ મળી. એના ગળા પર એટલો ઊંડો કાપ હતો કે લાશ ઊંચકવા જતાં તો માથું ધડથી છૂટું પડી ગયું. એનો સમસ્ત દેહ એટલો તો જખમી હતો કે માનવ દેહ તરીકે ઓળખવો પણ કઠીન પડે.

હત્યાંકાંડનું કારણ સમજાતું નહોતું.'

બીજે દિવસે વધુ ખબર આવ્યા. આસપાસનાં અનેક માણસોની પૂછપરછ કર્યા પછી યે રૂ મૉર્ગના હત્યાકાંડનું કારણ કે રહસ્ય મળતું નહોતું. વૃદ્ધા ને તેની પુત્રીને ધનનો અભાવ નહોતો. આખું મકાન આ મા-દીકરી જ વાપરતાં. બંને વચ્ચે ઘણો મનમેળ જણાતો. ખાસ ક્યાંય બહાર પણ આવતાં-જતાં નહિ. ક્વચિત્ દાક્તર કે કોઈ હમાલ સિવાય કદી કોઈ બહારના માણસને એમને ત્યાં જતાં કોઈએ જોયો નહોતો.

લોકો દ્વાર તોડી મકાનમાં પ્રવેશ્યા ત્યાં સુધી ચિત્કારો સંભળાતા હતા, પણ પછી તુરત બંધ પડી ગએલા. પણ ત્યાર બાદ ઉપર ચડતા લોકોને એક જાડો અને એક તીણો અવાજ સંભળાએલો. જાણે બે જણ વચ્ચે વાદ ચાલી રહ્યો હોય. જાડો અવાજ કોઈ ફ્રેન્ચ માણસનો લાગતો હતો. એના 'શેતાન' ને 'હે ભગવાન' જેવા શબ્દો પણ સમજાયા હતા. પણ બીજો તીણો અવાજ કોનો હશે એ સમજાયું નહિ. પણ એ સ્ત્રીનો અવાજ નહોતો જ. એ કદાચ કોઈ પરદેશી માણસ હશે એમ લાગ્યું.

પણ આ તીણા અવાજ વિષે એ સાંભળનાર સૌકોઈનો અભિપ્રાય ભિન્ન હતો. ફ્રેન્ચ સાક્ષી એને સ્પૅનિયાર્ડ સમજતો હતો, ડચ સાક્ષી એને ફ્રેન્ચ કહેતો હતો, તો કોઈ એને અંગ્રેજ ને કોઈ જર્મન યા કોઈ ઈટાલિયન ગણતું હતું. બધા જ સાક્ષીઓ એ તીણા અવાજવાળાને પોતાથી અપરિચિત ભાષાભાષી ગણાવતા હતા.

હત્યાકાંડવાળો ખંડ અંદરથી બંધ હતો એટલું જ નહિ, એ ખંડની બારીઓ પણ અંદરથી વાસેલી હતી. ચીમનીના માર્ગે પણ અંદર પ્રવેશવું અશક્ય એટલી એ સાંકડી હતી. મકાનની પાછળની બાજુએ પણ આવવા-જવા કોઈ દાદર હતો નહિ.

લાશને તપાસનાર દાક્તરનો અભિપ્રાય હતો કે પુત્રીને ગળું દબાવીને મારી નાખી હતી. ગળા પર એ ભીંસનારનાં આંગળાંઓની છાપ પણ હતી. બહાર નીકળી આવેલી આંખો અને દાંત વચ્ચે કચરાએલી ને બહાર લબડતી જીભ જોતાં પ્રબળ શક્તિવાળી વ્યક્તિનું એ કામ જણાતું હતું. શરીર પર પણ અહીંતહીં અનેક જખમ હતા. કદાચ એક કરતાં વધુ વ્યક્તિનું પણ આ કામ હોઈ શકે. વૃદ્ધાના દેહના તો અત્યંત બૂરા હાલ હતા. કોઈ ભારે શક્તિશાળી હાથે એને વજનદાર સાધન વડે મારીને એનાં હાડકાં-પાંસળાંનો ચૂરો કરી નાખ્યો હતો. કોઈ તીણા ધારદાર સાધનના એક જ જોરદાર ઝાટકે એની ગરદન કાપી નાખી હતી. કદાચ પેલા ખંડમાંના અસ્ત્રા વડે જ આ હત્યા થઈ હોય.

પણ ઘરમાંથી કંઈ ચોરાયું કે લુંટાયું જણાતું નહોતું.

હત્યારાએ ઘરમાં પ્રવેશ ક્યાંથી કર્યો, હત્યા કરી તુરત જ એ ક્યાં ગુમ થઈ ગયો, હત્યાનો ઉદ્દેશ શો હશે વગેરે પ્રશ્નો હજી અનુત્તર જ હતા.

સારું યે પારી(સ) આ હત્યાકાંડથી સ્તબ્ધ બની ગયું હતું.

પણ દુપીં બિલકુલ સ્વસ્થ જણાતો હતો. પોલીસ-ઉપરીની મંજૂરી લઈ એ રૂ મૉર્ગના એ ગોઝારા મકાનને જોઈ આવ્યો હતો. પ્રથમ એણે ત્યાંનો પાછલો ભાગ જોયો. પછી ઉપરના કમરા અને છેવટ પેલા અપશુકનિયાળ ખંડને બારીકાઈથી તપાસ્યો. મા દીકરીની લાશને પણ એણે બરાબર જોઈ લીધી. અને પછી એ સીધો અખબારની કચેરી પર જઈ ત્યાંથી પોતાને ઘેર ચાલ્યો ગયો. બીજે દિવસે દુપીંએ પોતાના લેખક મિત્રને જે કંઈ કહ્યું તે પછી આ હત્યા અંગે કોઈ રહસ્ય અનુત્તર ન રહ્યું.

આગલે દિવસે અખબારની કચેરીમાં જઈને એણે છપાવેલી જાહેરાત બતાવી દુપીંએ મિત્રને કહ્યું કે 'હું હવે આ હત્યા સાથે કદાચ સીધી રીતે નહિ તો પરોક્ષપણે સંકળાએલા માણસની રાહ જોઉં છું કદાચ આ હત્યા અંગે એ બિલકુલ નિર્દોષ પણ હોય. કદાચ એ ન પણ આવે. જો કે મોટે ભાગે તો આવશે જ. આપણે એને અહીં રોકી રાખવો પણ પડે. માટે જરૂર પડયે કામ લાગે એટલા સારુ આ પિસ્તોલ તમારી પાસે રાખો. બીજી એક મારી પાસે પણ છે.'

અને પેલો માણસ આવે એ દરમિયાન લેખક મિત્રનું આશ્ચર્ય શમાવવા દુપીંએ આ હત્યાકાંડ વિષેનાં પોતાનાં તારણો કહેવા માંડયાં.

પ્રથમ તો સાક્ષીઓએ ચિત્કાર પછી સાંભળેલા અવાજ વિષે. દરેક સાક્ષી એને પોતે જે નથી જાણતો એ ભાષાના સ્વરો ગણાવે છે. પણ દરેક જણ એ અવાજની વિચિત્રતા વિષે એકમત છે. એટલે એટલું તો નિશ્ચિત કે એ અવાજ કોનો છે તે કોઈ જ કહી શકતું નથી. આ અંગેનું મારું અનુમાન હું પછી કહીશ.

હવે કમરાના હાલ જોઈએ મા અને દીકરી બંનેનાં ખૂન ભૂતે તો નથી કર્યાં. તો પછી જેણે કર્યાં છે એ ત્યાંથી કેવી રીતે નાસી ગયું? અને તે પણ નીચેથી બારણું તોડી લોકો ઉપર પહોંચ્યા એટલા સમયમાં જ.

ખંડમાં કોઈ ગુપ્ત દ્વાર તો છે નહિ. જે બારણું છે તે પણ અંદરથી

બંધ હતું. ચીમની પણ અંદરથી કોઈ પસાર થઈ શકે એટલી પહોળી નથી. ત્યારે હવે બાકી રહી બારીઓ. જો મકાનની આગળની કોઈ બારીમાંથી ખૂની નાસે તો તો નજરે પડે જ. એટલે એ પાછળની બાજુની બારીમાંથી જ નાઠો હોય. આ રીતે નાસી શકાય તેવી બે બારીઓ એ ખંડમાં છે. એક તો આખેઆખી દેખાય છે, જ્યારે બીજીની આગળ પડેલા પલંગને કારણે એનો નીચેનો ભાગ થોડો ઢંકાએલો રહે છે. બંને બારીનાં બારણાં ઉપર-નીચે સરકે એ રીતનાં છે. પહેલીનું બારણું નીચે પાડી ખીલો મારીને એને ખૂલે નહિ એ રીતે જડી દીધું છે. બીજી બારીના બારણા પર પણ એવો જ ખીલો દેખાય છે. પહેલી બારી તપાસ્યા પછી આ બારી પણ એ જ રીતે બંધ હશે એમ ધારી પોલીસે વધુ ઊંડી તપાસ કરી જણાતી નથી.

પણ બધા સંજોગો જોતાં ખૂની આ બેમાંની એક બારી વાટે જ નાઠો છે એમ લાગતાં મને થયું કે બારી આપમેળે બંધ થઈ જાય એવી કોઈ સ્પ્રિંગની રચના તેમાં હોવી જોઈએ. તપાસ કરતાં મને એવી રચના મળી આવી. મતલબ કે એક બારીમાં ખીલો કટાઇને માત્ર દેખાવ પૂરતો જ રહ્યો હતો. એટલે કે ખૂની પલંગ પાસેની બારીમાંથી નાસી ગયો હતો.

પણ બહાર નીકળીને એ કેવી રીતે નાઠો ? ત્યાં એ બારીની બાજુમાં થોડે દૂર એક પાઈપ છે. પણ એ પાઈપ પરથી આવીને બારીમાં પ્રવેશવું સરળ નથી. જો હિંમત રાખીને ચપળતાથી કુદાય તો જ બારી પકડી શકાય, અને એ જ રીતે બારીમાંથી કૂદીને પાઈપ પકડી શકાય. કોઈ સાધારણ માણસની આ હેસિયત નહિ. હવે જેને કોઈ પરખી ન શક્યું એવો કંઠસ્વર, અને વિચારી પણ ન શકાય એ રીતે (અને એટલું બળ દાખવી) વૃદ્ધાની પુત્રીનું ગળું દાબીને મારી નાખ્યા બાદ એને અમાનુષિક નિષ્ઠુરતાથી ચીમનીમાં પેસાડવી, તથા એક જ ઘાએ વૃદ્ધાનું ગળું કાપી એને ઉપરથી નીચે ફેંકી દેવી એ કોઈ સાધારણ ખૂની માટે અસ્વાભાવિક જ છે. દાક્તર ભલે ગમે તે કહે, પણ વૃદ્ધાનાં હાડકાં આમ ઉપરથી ફેંકાવાથી જ ભાંગ્યાં છે એમ હું ખાતરીપૂર્વક કહી શકું છું.

બીજી બાજુ પેલા ખંડમાં બધું વેરવિખેર કરી નાખેલું છે. ઊંચકવી અસરળ એવી ભારે વસ્તુઓ પણ આડીઅવળી ફંગોળેલી છે. પણ ત્યાંથી કશું ઊપડી ગયું લાગતું નથી. કિંમતી ઘરેણાં અને સોનામહોરો સુધ્ધાં લેવાયાં નથી. હવે કહો જોઉં આવી નિષ્ઠુરતા હત્યા ક્યારે થાય ?'

'પાગલપણામાં જ.' મિત્રે જવાબ આપ્યો. 'અમુક અંશે ખરું.' ધુપીં બોલ્યો. અને તામ્રવર્ણી વાળનો એક ગુચ્છ ધરતાં આગળ કહ્યું : 'અને હવે જુઓ આ વાળ. વૃદ્ધાના હાથમાં એ પકડાએલા હતા.'

'આ વાળ તો નવતર જ છે. કોઈ માણસના હોય તેમ લાગતું નથી.'

'મેં પણ એમ નથી કહ્યું. હવે આ જુઓ. મરનાર પુત્રીના ગળા પર ભીંસાએલા હત્યારાના પંજાની અને એના ખૂંપી ગએલા નખની છાપ પરથી આ કાગળ પર મેં એની આકૃતિ ઉતારી છે. તમે આ છાપ પર તમારો પંજો મૂકી જુઓ.' મિત્રએ પ્રયત્ન કર્યો પણ એ પંજાની છાપ પોતાના પંજાની આકૃતિ સાથે કોઈ રીતે બંધબેસતી થઈ શકી નહિ.

'આ કોનો પંજો છે, ધુપીં ?' મિત્રે પૂછ્યું.

'એ મેં પુસ્તકમાંથી શોધી કાઢ્યું છે. દરમિયાન આપણે જેની રાહ જોઇએ છીએ એ માણસ હવે આવવો જોઈએ. મારા માનવા પ્રમાણે એ માલ્ટાના કોઈ જહાજનો ફ્રેંચ ખલાસી હશે.

'ખલાસી ? અને માલ્ટાના જ જહાજનો ? તમે એ કઈ રીતે જાણ્યું ?'

એક રિબન બતાવતાં ધુપીંએ કહ્યું : 'પેલા મકાનની પાછલી બાજુએ તપાસ કરતાં પાઈપ પાસેથી મને આ રિબન મળેલી. સાધારણતઃ ખલાસીઓ જ આવી રિબન વાપરે છે. અને એની ગાંઠ માલ્ટા તરફના ખલાસીઓ વાળે એ પ્રકારની છે.'

અને આ વાત ચાલતી હતી ત્યાં જ બારણે કોઈ આવ્યાના ટકોરા પડયા. આવનાર ખરેખર ખલાસી જ હતો. વાતચીત દરમિયાન જાણવા મળ્યું કે એ બોર્નિયોથી આવતો હતો અને પછી ધુપીંના પૂછવાથી એણે જે કહ્યું તે પરથી પેલી હત્યાના કરનારની ઓળખ મળી ગઈ.

તમે કંઈ કલ્પના કરી શકો છો ?

(ઉકેલ માટે જુઓ પૃષ્ઠ ૩૩૯)

[એડગર ઍલન પોની મૂળ રહસ્યકથા પરથી અદ્રીશ વર્ધને બંગાળીમાં રચેલી રહસ્યમય કોયડા-કથા પરથી થોડા ફેરફાર સાથે]

ગુજરાતમાં કળાનાં પગરણ (અનુ. પૃ. ૩૦૮થી) આસ્તિકતા અને આશ્રમભક્તિ ઓસરી ગઈ, કારણ કે શ્રી હરીન્દ્રનાથ અને કમળાદેવીનાં લગ્ન થયાં અને પછી વિચ્છેદ થયા એ બધી હકીકતથી હું વાકેફ હતો.

સાંજે દર્શન સમયે શ્રી માતાજી અગાશીમાં હવામાં ફરફરતાં રેશમી વસ્ત્રોમાં આવી, નીચે ચોતરફ દર્શનાતુર ઊભેલાં માનવીઓને જોઈ બીજી બાજુ ગયાં કે તરત અમે સ્ટેશનનો રસ્તો લીધો. ગાડી પકડી ઉતાકામંડની તળેટીના સ્ટેશન મેટાપયાલમ ઊતરી, ત્યાંથી નાનકડી માઉન્ટન રેલવેમાં બેસી બીજે દિવસે સવારે ૧૧ વાગ્યે હું ઉતાકામંડ પહોંચી ગયો.

ઉતાકામંડમાં બારે માસ એકસરખી ઠંડી અને હળવો વરસાદ રહે છે તેથી તે 'પર્વતીય નિવાસોની રાણી' કહેવાય છે. વળી ત્યાં બધે ફરી શકાય એવા મોટર-માર્ગો છે. તેથી સર ચિનુભાઈની ત્રણ મોટરો ત્યાં પહોંચી ગઈ હતી. એક મોટર મને લઈ જવાને સ્ટેશને હાજર હતી. બાર વાગ્યે પરવારીને સૌની સાથે બપોરનું ભોજન લીધું અને પછી નિરાંતે મારી અનુભવકથા કહી. ડૉ. હરિપ્રસાદ અને ચૈતન્યપ્રસાદ દીવાનજીની પ્રેરણાથી મારા સંદેશાનો સાર ટાઈપ કરાવી શ્રી માતાજીને પોસ્ટ કર્યો, જો કે તેનો જવાબ કદી ન મળ્યો. પણ થોડા વખત પછી કૃષ્ણલાલે પત્ની અને નાની બાળકીને પોંડિચેરી બોલાવી લીધાં હતાં. પોંડિચેરી જઈ આવેલા મોટા કહેતા કે તેમણે કળામાં ખૂબ વિકાસ કર્યો છે. શ્રી માતાજી તથા શ્રી પુરાણી પણ તેમના વર્ગમાં ચિત્રકામ કરતાં.

થોડાં વર્ષ પહેલાં અમદાવાદમાં ભાઈ કૃષ્ણલાલનાં ચિત્રોનું સ્વકીય પ્રદર્શન યોજાયું હતું. તે વખતે મેં એક મિત્રને કહેલું કે કૃષ્ણલાલ ગુજરાતના પ્રથમ સિદ્ધ ચિત્રકાર છે, જેણે મોટા માપનાં સમુદ્રનાં દરયો આલેખવામાં સાગરનો આત્મા જોઈ લીધો છે. વળી ભાવાત્મક ચિત્રો તરફ તેમનું વલણ પ્રથમથી જ હતું તેની ખાતરી રૂપે 'કુમાર'ના ૧૦૦મા અંકમાં આવેલું 'ક્રોધ-જ્વાળા'નું ચિત્ર મોજૂદ છે. શ્રી અરવિંદનાં કેટલાંક કાવ્યો પરનાં તેમનાં ચિત્રોની રંગાવટ તથા હવા જોઈએ ત્યારે લાગે કે અર્થવિહીન મૉડર્નિસ્ટોની રંગભભક સામે આવાં ચિંતનપૂર્ણ ચિત્રો મૂકી વિચારવું પડશે કે કલાનો માર્ગ કઈ તરફ સત્ય પામશે. હમણાં જ ભાઈ કૃષ્ણલાલનું ગુજરાત રાજ્યની લલિતકલા અકાદમીએ પારિતોષિકથી બહુમાન કરી તેમનું પ્રદર્શન યોજ્યું હતું એની હકીકત 'કુમાર'માં આવી ગઈ છે. મારું મન હર્ષ અનુભવે છે કે 'કુમાર'માંથી ઊડેલો તેજ-તણખો દક્ષિણ ભારતના એક સંસ્કૃતિધામને કલાકૃતિઓથી ઉજાળી રહ્યો છે. (ચાલુ)

મારાં મોટી બા (અનુસંધાન પૃ. ૩૦૬થી) આપણાં સ્નેહીઓ છે. લોટીમાં ગંગાજળનું મહત્ત્વ છે. ઘણાં માણસો આ ગંગાજળને ભૂલી લોટીને વળગે છે. જો એ ન ભુલાય કે જે ગંગાજી અખૂટ છે તેમાંથી આમાં ગંગાજળ છે તો કેવું સારું ! ગંગાજીના અખૂટ જળમાંથી લોટીઓ ભરી છે, એ બધી ભેગી કરીએ તો યે કેટલું પાણી થાય ? એક ખાબોચિયા જેટલું યે નહિ; ત્યાં ગંગાજીની શી વાત કરવી ? એમ પ્રભુ અપાર પ્રેમના પારાવાર છે, દરિયો છે. બધાં માણસ ભેળાં કરો તો યે એ બધાંનો પ્રેમ પ્રભુના પ્રેમની તોલે કેટલોક ? આપણે પ્રાર્થના કરીએ છીએ કે 'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ' ત્યારે ઋષિમુનિઓ અને સંતોએ પ્રભુનો જે અપાર પ્રેમ અનુભવ્યો છે તે આપણે બોલીએ છીએ. આપણે એ અનુભવીએ તે દિ' ભાગ્યશાળી થઈએ. પણ તે પહેલાં આ વાત સમજી, એ પ્રભુપ્રેમ સમજવાની ને પામવાની પ્રાર્થના થવી જોઈએ. વિચારી જોજે, કરી જોજે.'

(ચાલુ)

૦૦૦ પ્રાચીન સિક્કા ૮

લેખક · ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

આહત સિક્કાઓ પરની સંજ્ઞાઓ : વર્ગીકરણ

ભારતના ચાંદીના આહત સિક્કાઓના જુદાજુદા અનેક નિધિઓ વિગતે તપાસીને શ્રી દુર્ગાપ્રસાદે એનું પદ્ધતિસર અધ્યયન, વર્ગીકરણ અને નિરૂપણ કર્યું છે. એમાં એમણે કેટલાક પરિચિત અને કેટલાક નવા પ્રકારોના ચાંદીના ૪,૦૦૦થી વધુ આહત સિક્કાઓ તપાસીને એમાંથી કચાશભરી રીતે આલેખાએલાં, સાદાં અને કેટલાંક પૂર્વકાલીન પ્રાથમિક ચિહ્નો તારવ્યાં છે. આવાં ચિહ્નોની કુલ સંખ્યા આમ તો ૨૪૪ જેટલી દર્શાવી છે, પરંતુ એમાંનાં કેટલાંક એક જ ચિહ્નોનાં રૂપાંતર હોઈ, એની ખરી સંખ્યા ૧૭૬ જેટલી થાય છે. એમાં યે કેટલાંક ચિહ્ન સિક્કાના અગ્રભાગ પર ને બીજાં કેટલાંક પૃષ્ઠભાગ પર પાડેલાં છે. આવાં ચિહ્ન ધરાવતા આહત સિક્કા અમુક સ્થળોએ જ મળ્યા છે.

બીજા પ્રકારનાં ચિહ્ન ધરાવતા આહત સિક્કા ભારતભરમાં ઉપલબ્ધ છે ને એ ચિહ્નો વધારે સારી, સુંદર ને સૂક્ષ્મ રીતે આલેખેલાં છે. આ ચિહ્નોને ઉત્તરકાલીન ગણવામાં આવ્યાં છે. અગ્રભાગ પર કુલ ૧૮૨ ચિહ્નો છે, પરંતુ એમાં ૧૫ રૂપાંતર જેવાં હોઈ ખરી સંખ્યા ૧૬૭ ગણી છે. આ સિક્કાઓના પૃષ્ઠભાગ પર પાડેલાં ચિહ્નો કદમાં નાનાં અને કોતરણીમાં આછાં છે. એની કુલ સંખ્યા ૨૭૪ છે, જેમાંનાં ઘણાં પૂર્વકાલીન સિક્કા પરનાં ચિહ્નોને મળતાં છે. એ પૈકી માત્ર ૬૪ નવાં છે. આ રીતે ઉત્તરકાલીન સિક્કાઓના અગ્રભાગ અને પૃષ્ઠભાગ પરનાં ચિહ્નોની કુલ સંખ્યા ૧૬૭+૬૪ મળી ૨૩૧ થાય છે, ને પૂર્વકાલીન સિક્કાઓનાં ૧૭૬ અને ઉત્તરકાલીન સિક્કાઓનાં ૨૩૧ ચિહ્નો મળીને ચાંદીના આહત સિક્કાઓ પરનાં કુલ ચિહ્નો ૪૦૭ પ્રકારનાં ગણાય.

ઉત્તરકાલીન આહત સિક્કાઓના અગ્રભાગ પરનાં ચિહ્નો પૂર્વકાલીન સિક્કાઓ પરનાં બિત્રણ સાદાં ચિહ્નોના સંયોજનથી બનેલાં સકીર્ણ ચિહ્નો છે.

વળી ઉત્તરકાલીન સિક્કાઓના અગ્રભાગ પરનાં ૧૫૫ ચિહ્નો પૈકી ફક્ત દસેક ચિહ્નો જ એવાં છે કે જે પૂર્વકાલીન સિક્કાઓ પરનાં ચિહ્નો જેવાં હોય.

બીજું આ આહત સિક્કાઓ પરનાં ત્રીસ ચાળીસ ચિહ્ન હડપ્પા અને મોહેં જો દડોની મુદ્રાઓ (seals) પરનાં ચિહ્નો સાથે સામ્ય ધરાવે છે-જેમકે સ્વસ્તિક, ચતુષ્કોણ, નયન, વૃષભ, ષડર (છ આરાવાળું) ચક્ર, મત્સ્યાહારી મકર (ઘડયાલ) વગેરે.

ત્રીજું, આ સિક્કાઓ પરનાં ઘણાં ચિહ્ન નૃસિંહતાપની ઉપનિષત્ અને કાલી વિલાસ તંત્ર જેવા તંત્રગ્રંથોમાં નિરૂપેલાં બીજચિહ્નોને મળતાં આવે છે. (જુઓ આકૃતિ ૧.) એવાં ૨૪૩ પૈકી માત્ર ૭૬ ચિહ્નો સિક્કાઓના અગ્રભાગ પર પાડેલાં છે, જ્યારે બાકીનાં ૧૬૭ સિક્કાઓના પૃષ્ઠભાગ પર છે. કેટલાંક ચિહ્નો બિંદુમંડલયુક્ત છે; કોઈ ચિહ્ન પંચકોણ, ષટ્કોણ ને અષ્ટકોણ મુદ્રારૂપે છે. શૂન્યના કેંદ્રસ્થાને રહેલ બિંદુ 'અસ્ત્રવિદ્યાત્મિકા પરમા' નામે બીજમુદ્રા દર્શાવે છે. ૧૬ કિરણોવાળી એવી આકૃતિ સૂર્યબિંબની નહિ, પણ શિવ અને પરબ્રહ્મની દ્યોતક છે. કેટલીક આકૃતિઓ સૂર્યબિંબની પણ છે. કોઈ આકૃતિ અર્ધચંદ્રની છે. ચતુષ્કોણમાં આત્મા, પરમાત્મા, અંતરાત્મા અને જ્ઞાનાત્મા વસે છે; ત્રિકોણમાં કુંડલી છે; બિંદુ બ્રહ્માનું દ્યોતક છે; ષડર (છ આરાનું) ચક્ર સુદર્શન છે, સ્વસ્તિકનું ચિહ્ન હડપ્પીય કાલ જેટલું પ્રાચીન છે.

પૂર્વકાલીન આહત સિક્કાઓના અગ્રભાગ ઉપર સામાન્યતઃ ચાર અને પૃષ્ઠભાગ ઉપર એકથી ચૌદ ચિહ્નો મળ્યાં છે, જ્યારે ઉત્તરકાલીન આહત સિક્કાઓના અગ્રભાગ ઉપર સામાન્યતઃ પાંચ અને પૃષ્ઠભાગ ઉપર એકથી ચાર કે બહુ તો છ ચિહ્નો હોય છે. ઉત્તરકાલીન આહત સિક્કાઓના પૃષ્ઠભાગ પર પાડેલાં ચિહ્નો કદમાં ઘણાં નાનાં છે ને સિક્કાઓને ગરમ કર્યા વિના એના પર પાડેલા હોઈ એ એટલા આછાં ઊઠેલાં હોય છે કે વપરાશથી ઘસાઈ જતાં અને સ્પષ્ટ નિરૂપી પણ શકાય નહિ.



આકૃતિ ૧ ૨ ૩ અને ૪

આકૃતિ ૨ મુજબના ચિહ્નને શરૂઆતમાં સ્તૂપનું દ્યોતક ધારવામાં આવેલું, પરંતુ પં૦ ભગવાનલાલ ઇન્દ્રજીએ જણાવ્યા મુજબ એ મેરુની આકૃતિ છે. એમા ત્રણ કૂટ(શિખર)વાળા પર્વતની ટોચ પર બીજચંદ્રની સંજ્ઞા મૂકી હોય એવું લાગે છે. સોહગૌરા (ઉત્તર પ્રદેશ)માંથી મળેલા મૌર્યકાલીન તામ્રપત્રમાં આ ચિહ્ન કોતરેલું છે. વળી, પ્રાચીન પાટલીપુત્રનાં ખંડેરોના પટણામાં થએલા ખોદકામમાં ચંદ્રગુપ્ત મૌર્યના સભાખંડના એક સ્તંભની પીઠિકા પર પણ આ ચિહ્ન કંડારેલું છે. આ પરથી દુર્ગાપ્રસાદ આ ચિહ્નને ચંદ્રગુપ્ત મૌર્ય સાથે સાંકળે છે ને ભારતભરમાં મળતા સંખ્યાબંધ આહત સિક્કાઓ પર દેખા દેતું આ ચિહ્ન ધરાવતા સિક્કા ચંદ્રગુપ્તના હોવાનું સૂચવે છે. વળી કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ, 'અર્ધ પણ' વગેરે ચાંદીના સિક્કઓમાં $\frac{1}{4}$ ભાગ તાંબું અને $\frac{1}{16}$ ભાગ કલાઈ, સીસું, લોખંડ વગેરે હલકી ધાતુ ભેળવવાનું જણાવ્યું છે ને આ ચિહ્નવાળા આહત સિક્કાની ધાતુનું પૃથક્કરણ કરતાં તેમાં ૬૮·૫ ટકા ચાંદી અને ૩૧·૫ ટકા સીસામિશ્રિત તાંબું હોવાનું માલૂમ પડે છે તે પરથી પણ એમના આ અનુમાનને સમર્થન મળે છે.

ભારતભરમાં મળતા આહત સિક્કાઓનો સરેરાશ તોલ બાવન ગ્રેન થાય છે; એટલે કે આ સિક્કાઓ ૩૨ રતીનો તોલ ધરાવે છે. આ સિક્કાઓના અગ્રભાગ ઉપર પાંચ ચિહ્ન પાડેલાં અને પૃષ્ઠભાગ પર સામાન્યતઃ ૧ થી ૪ અને ક્વચિત્ ૬ કે ૭ ચિહ્નો જોવા મળ્યાં છે. આકારમાં એમાંના ઘણા સિક્કા લંબચોરસ અને સમચોરસ હોય છે. એ સપાટ લગડીમાંથી કાપેલા છે તથા એના એક, બે, ત્રણ કે ચાર ખૂણા કાપેલા જણાય છે. ગોળ અને લંબગોળ આકારના સિક્કા ઘણા ઓછા મળે છે. એમાં જે નાના કદના હોય છે તે વધુ જાડા હોય છે.

એમાં ચંદ્રરેખા સહિત ત્રિકૂટ પર્વતના ચિહ્ન (આ. ૨) વાળા અને આ. ૩ મુજબ ત્રણ બાણ તથા ત્રણ મકાર અને મોટા બિંદુવાળા કેન્દ્રસ્થ વર્તુલના બનેલા ચક્રનું ચિહ્ન ધરાવતા આહત સિક્કાઓને દુર્ગાપ્રસાદે ઉત્તરકાલીન (મૌર્યકાલીન) ગણાવ્યા છે. આ ચિહ્ન સુંદર અને સૂક્ષ્મ રીતે કોતરાયાં છે. આ સિક્કાઓ જેવા બીજા કેટલાક થોડા વધુ મોટા કદના સિક્કા પણ મળ્યા છે. પણ એના પરનાં ચિહ્ન એટલાં સુંદર રીતે કોતરેલાં જણાતાં નથી. આકારમાં એ લગભગ ગોળ હોય છે ને એના પર કેટલાંક ચિહ્ન મૌર્યકાલીન ચિહ્ન જેવાં છે. ઉત્તરકાલીન સિક્કાઓની સરખામણીએ આ સિક્કાઓને મધ્યકાલીન માન્યા છે.

આ. ૪ મુજબની ષડ્ચિહ્ન આવૃત્ત ચક્રની સંજ્ઞા પાટલિપુત્રનાં ખંડેરોમાંથી મળેલી એક મુદ્રા પર પણ મળી છે. એ પરથી આ સિક્કા મૌર્યવંશની પહેલાંના–પ્રાયઃ અજાતશત્રુ કે ઉદાયીના હોવાનું ધારવામાં આવ્યું છે. પુરાણોમાં આ રાજાઓને શૈશુનાગ વંશના કહ્યા છે ને એ વંશનો રાજ્યકાલ લગભગ ઈ. પૂ. ૭૨૭ થી ૩૬૧નો હોવાનું જણાય છે. ભગવાન બુદ્ધના સમકાલીન રાજાઓના એ વંશના અમલ દરમ્યાન જે સિક્કાઓ ચલણમાં હતા તે આ પ્રકારના પૂર્વકાલીન આહત સિક્કા હોવા જોઈએ.

પૂર્વકાલીન આહત સિક્કા તોલમાં ૪૩થી ઓછા ગ્રેનના હોય છે. આથી એ કાં તો ૨૪ રતીનું તોલમાન ધરાવતા હશે અથવા એ મૂળ ૩૨

શતરંજ

રાષ્ટ્રીય 'બ' ટુર્નામેન્ટ

હાલમાં પટણા ખાતે તેરમી રાષ્ટ્રીય 'બ' ટુર્નામેન્ટ રમાઈ. વાચકોને ખબર હશે કે આ ટુર્નામેન્ટમાં દરેક રાજ્યના શતરંજ મંડળ તરફથી ૭ ૭ ખેલાડી રમી શકે છે. આ ઉપરાંત, આગલા વર્ષની રાષ્ટ્રીય 'અ' ટુર્નામેન્ટમાં ૭ થી ૨૦ નબરે આવનાર ૧૪ ખેલાડી પણ આ ટુર્નામેન્ટમાં રમી શકે છે.

આ વખતે આ ટુર્નામેન્ટમાં કુલ ૧૧૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. પંદર રાઉન્ડવાળી સ્વિસ પદ્ધતિએ રમાએલી આ સ્પર્ધામાં મદ્રાસના યુવાન ખેલાડી અને ભારતના જુનીઅર ચૅમ્પીઅન રવિશેખર ૧૧½ પૉઈન્ટ મેળવીને જીત્યા હતા. આ ટુર્નામેન્ટમાં પહેલાં ૧૪ સ્થાન મેળવનાર ખેલાડી ઑક્ટોબરમાં રમાનારી રાષ્ટ્રીય 'અ' ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકશે આ ૧૪ ખેલાડીનાં નામ અને તેમણે મેળવેલાં પૉઈન્ટ નીચે પ્રમાણે છે:

(૧) આર. રવિશેખર (તમીળનાડુ)–૧૧½ પૉઈન્ટ; (૨) રફીકખાન (મધ્યપ્રદેશ)–૧૧; (૩) સુરેશ શાલિગ્રામ (મહારાષ્ટ્ર)–૧૦; (૪) વિજય અધિકારી (મહારાષ્ટ્ર)–૧૦; (૫) રાજેશ બહાદુર (મધ્યપ્રદેશ)–૧૦; (૬) શમશુલ હસ્સન (મહારાષ્ટ્ર)–૧૦; (૭) નસિરૂદ્દીન ગાલિબ (આંધ્રપદેશ –૧૦; (૮) આર. વિજય રાઘવન (તમીળનાડુ –૧૦; (૯) કે બી. એલ. શ્રીવાસ્તવ (દિલ્હી)–૧૦; (૧૦) માઈકલ લૉબો (કર્ણાટક)–૧૦; (૧૧) આર. નાગેન્દ્ર (આંધ્ર પ્રદેશ)–૧૦; (૧૨) મણિકન્ડાસ્વામી (તમીળનાડુ)–૧૦; (૧૩) રવિવર્મા હાન્ડેકર (મહારાષ્ટ્ર)–૧૦ અને (૧૪) પી. એમ. મોહાન્તી (ઓરિસ્સા)–૧૦ પૉઈન્ટ.

આ ૧૪ ખેલાડી ઉપરાંત, ૧૯૭૪ની રાષ્ટ્રીય 'અ' ટુર્નામેન્ટમાં પહેલાં ૭ સ્થાન મેળવનાર ખેલાડીઓ આ વર્ષે રાષ્ટ્રીય 'અ' ટુર્નામેન્ટમાં સીધા રમી શકશે. તે ૭ ખેલાડી છે:

(૧) મૅન્યુઅલ આરન (તમીળનાડુ); (૨) (૨) નાસિર અલી (ઉત્તર પ્રદેશ), (૩) એસ. વી. નટરાજન (તમીળનાડુ), (૪) મહમ્મદ હસ્સન (આંધ્રપ્રદેશ), (૫) અબ્દુલ જબ્બાર (મહારાષ્ટ્ર) અને (૬) અરૂણ વૈદ્ય (મહારાષ્ટ્ર).

આ રીતે ૧૯૭૫ની રાષ્ટ્રીય 'અ' ટુર્નામેન્ટમાં મહારાષ્ટ્રના છ, તમીળનાડુના પાંચ, આંધ્ર પ્રદેશના ત્રણ, મધ્યપ્રદેશના બે, અને ઉત્તર પ્રદેશ, દિલ્હી, કર્ણાટક અને ઓરિસ્સાના એક એક એમ કુલ ૨૦ ખેલાડી ભાગ લેશે તમીળનાડુ શતરંજક્ષેત્રે સારી પ્રગતિ દાખવીને આંધ્ર પ્રદેશ કરતાં આગળ નીકળી ગયું છે અને હવે મહારાષ્ટ્રને પણ પહોંચી જશે એમ લાગે છે.

સુરેશ મોદી

રતીના હશે અને લાંબા કાળના ઘસારાને લીધે તેમાં આખરે ¼ ભાગ જેટલો તોલ ઘટી ગયો હશે. આ સિક્કા સામાન્યતઃ વધારે પાતળા, પહોળા, ગોળ, કેટલીકવાર રકાબી ઘાટના અને ૪થી ૨.૫ સેં. મી. જેટલા કદના હોય છે. એના અગ્રભાગ પર ચાર મોટાં ઊંડાં વિશિષ્ટ ને અણઘડ ચિહ્નો તથા પૃષ્ઠ ભાગ પર ૧ થી ૧૪ સાદાં બેઢંગ ચિહ્નો હોય છે. આ સિક્કા ચાંદીના છે. એમાં ૭૮ ટકા જેટલી ચાંદી અને ૨૨ ટકા જેટલું તાંબું (સીસું, લોખંડ વગેરેથી મિશ્રિત) જણાયું છે.

મધ્યકાલીન આહત સિક્કા થોડા વધુ જાડા અને કદમાં નાના હોય છે. તેના અગ્રભાગ પર હમેશાં સ્પષ્ટ સુંદર ચિહ્નો હોય છે. એના પૃષ્ઠ ભાગ પર એકથી ચાર આછાં પાડેલાં સાદાં—ક્યારેક ૬ કે ૭—ચિહ્નો હોય છે. એમાં ચાંદીનું પ્રમાણ ૮૦ થી ૭૨ ટકા જેટલું છે.

ઉત્તરકાલીન અર્થાત્ મૌર્યકાલીન આહત સિક્કાઓના અગ્રભાગ પર હમેશાં પાચ ચિહ્ન પાડેલાં હોય છે ને તે ચિહ્નો ભૌતિક સૂક્ષ્મતા ધરાવે છે. એમાં ૭૯ થી ૬૮.૫ ટકા ચાંદી, અને હલકી ધાતુથી મિશ્રિત એવું ૨૦ થી ૨૫ ટકા તાંબુ જણાયું છે.

તક્ષશિલાના સિક્કાનિધિઓમાં ઈ. પૂ. ૩૧૭ના અને ઈ. પૂ. ૨૪૮ના વિદેશી પદ્ધતિના સિક્કાઓની સાથે એની પહેલાંના આ આહત સિક્કા મળ્યા છે તે પરથી આ સિક્કાઓનો સમય આંકવામાં સરળતા રહી.

આમ, સિક્કાઓ પર ચિહ્નોનું સંયોજન પદ્ધતિસર કરેલું હોય છે અને તેના આધારે એ સિક્કાઓનાં સ્થળ-સમય તારવી શકાય છે. એક જ પ્રકારનાં ચિહ્નોથી અંકિત સિક્કાઓ ગોળ, લંબગોળ, લંબચોરસ કે સમચોરસ આકારના પણ હોય છે. આથી આકારને સિક્કાઓના કાલક્રમ સાથે કંઈ સંબંધ નથી. પૂર્વકાલીન આહત સિક્કાઓ પણ આ ચારે ય આકારના મળે છે. અલબત્ત, એમાંના ઘણા અનિયમિત આકારના હોય છે. એ વધારે પહોળા અને વધારે પાતળા હોય છે અને ૨૪ રતીનો તોલ ધરાવે છે. પછીના આહત સિક્કા નિયમિત આકારના–ગોળ, લંબગોળ, કે લંબચોરસ તથા વધુ જાડા ને નાના હોય છે, જે ૩૨ રતીનો તોલ ધરાવે છે.

બીજું, આ સિક્કાઓના અગ્રભાગ પરનાં ચિહ્નો જ તે સિક્કા ક્યા રાજ્યે ક્યારે પડાવ્યા છે તે દર્શાવે છે. પૃષ્ઠભાગ પરનાં ચિહ્ન સિક્કા પાડયાનો સમય દર્શાવતાં નથી. એ ચિહ્ન તો સિક્કા ચલણમાં આવતાં જુદા જુદા સમયે સિક્કા તપાસનાર અધિકારીએ પાડેલાં હોય છે. આથી એ ચિહ્ન ખરી રીતે માત્ર તેના ચલણનો વત્તોઓછો ગાળો જ દર્શાવે છે. વધુ ને વધુ વખત ચકાસણી પામેલા સિક્કાઓના પૃષ્ઠભાગ પર વધુ ને વધુ ચિહ્ન પાડેલાં હોય છે. તદ્દન તાજા સિક્કાના પૃષ્ઠભાગ પર એકે ય ચિહ્ન હોતું નથી, જ્યારે ઘણા સિક્કાઓના પૃષ્ઠભાગ પર એકથી માંડીને ચૌદ જેટલાં ચિહ્ન જોવા મળ્યાં છે.

આહત મુદ્રાઓ પર આંકેલાં ચિહ્નો પૈકી કેટલાંક ચિહ્ન ધાર્મિક તાત્પર્ય ધરાવતાં લાગે છે. તાંત્રિક ગ્રંથોમાં નિરૂપેલી કેટલીક આકૃતિઓ સાથે સામ્ય ધરાવતાં કેટલાંક સિક્કા-ચિહ્નોનો ઉલ્લેખ ઉપર કરેલો છે. વૃષભ, સિંહ, ગજ, મત્સ્ય, મયૂર, કુક્કુટ, શ્વાન ઇત્યાદિ પ્રાણીઓની આકૃતિઓ દેવદેવીઓનાં વાહન હોઈ શકે. બીજાં કેટલાંક ચિહ્નો અગાઉ જણાવ્યા મુજબ રાજ્યો, રાજવંશો, જાતિઓ, સ્થાનો વગેરેનાં દ્યોતક લાગે છે.

ક્યા સિક્કાનિધિ ક્યા પ્રાચીન સ્થાનમાંથી મળેલા તેની વિગત જો બરાબર નોંધાઈ હોય, તો તે સિક્કાઓ પરનાં ચિહ્નો ક્યા રાજ્ય કે રાજવંશ સાથે સંબંધ ધરાવતાં હશે તેનું અનુમાન કરી શકાય છે. વળી, ઉપર જણાવ્યા મુજબ ચિહ્ન સમૂહોના તથા તોલ વગેરેના વર્ગીકરણ પરથી પણ જુદાજુદા સિક્કાના પ્રકારોનું સમયાંકન કરી શકાય છે. દા. ત. મગધના પૂર્વકાલીન સિક્કા બિંબસારના રાજ્યકાલ સુધીના છે, જ્યારે ઉત્તરકાલીન સિક્કા અજાતશત્રુના સમયથી માંડીને મૌર્યકાલના અંત સુધીના છે. સમય જતાં વધુ ને વધુ ચિહ્નોવાળા ચાંદીના આહત સિક્કા મળ્યા કરે છે.

તાંબાના આહત (અંકી-છાપ) સિક્કા સંખ્યામાં ઘણા જૂજ મળે છે. તે મોટે ભાગે અનુ-મૌર્યકાલમાં પાડેલા સ્થાનિક સિક્કા છે. મૌર્ય કાલમાં તાંબાના સિક્કા પ્રચલિત હતા, પણ તેના નમૂના મળ્યા નથી.

આમ, આહત સિક્કા એ ભારતના સહુથી પ્રાચીન ઉપલબ્ધ સિક્કા છે, ને એના પરનાં વિવિધ ચિહ્નોનું શું તાત્પર્ય હશે એ સિક્કાશાસ્ત્રની એક અકળ સમસ્યા હતી, પરંતુ એ ચિહ્નોના સર્વગ્રાહી અધ્યયનના આધારે હવે એ પ્રશ્નનો ઉકેલ હાથ લાગ્યો છે; અને પરિણામે વિવિધ ચિહ્ન-સમૂહો પરથી એમાંના ક્યા સિક્કા ક્યા રાજ્યમાં ક્યા સમયે તૈયાર થયા હશે એ જાણી શકાય છે. હવે પછી આપણે જુદાં જુદાં રાજ્યોના સિક્કાઓનું નિરીક્ષણ કરીશું.

(ચાલુ)

કલાવાર્તા

મહેન્દ્ર મિસ્ત્રી





મોરની આ
ઢળકતી અદા
કે (નીચે)
ગામ-ઓરડાના
આંગણે છોડેલા
ગાડા પાસે આરામ
લેતા બળદો
બંનેમાં મહેન્દ્રને
સરખો જ રસ દેખાય છે.

હજી તો વયના બે દાયકા જ વળોટયા છે ત્યાં તો ચિત્રકળાના ડિપ્લોમાની પરીક્ષામાં પ્રથમ આવીને જ નહિ, પણ ઉચ્ચ કક્ષાનાં પોતાનાં ચિત્રકામ દ્વારા અમદાવાદના શેઠ ચી. ન. કલા-મહાવિદ્યાલયના વિદ્યાર્થી મહેન્દ્ર મિસ્ત્રીએ કલાના ક્ષેત્રમાં પ્રતિષ્ઠાસહ પ્રવેશ મેળવ્યો છે. ઈ. ૧૯૭૪માં એમણે ચિત્રકળાનો ડિપ્લોમા મેળવ્યો. અમદાવાદની જાણીતી કૅલિકો મિલ્સમાં ટ્રેસર તરીકે કામ મેળવ્યું ને એવામાં પોતાની ગુરુસંસ્થામાં ફેલોશિપ મળતાં નોકરી છોડી ત્યાં જોડાઈ ગયા. કલાના જ અને પૂર્વપરિચિત પ્રેરક વાતાવરણમાં એમની ઊર્મિઓ ફાળી ઊઠી અને વર્ષાન્તે એમણે જે ફાલ ઉતાર્યો એની કક્ષા ને પ્રમાણ જોઈ સંસ્થાના વડાઓએ પણ સ-આનંદ સંતોષ વ્યક્ત કર્યો.

મહેન્દ્રનો જન્મ મોડાસા (સાબરકાંઠા)માં ઈ. ૧૯૫૩ની ૨૮મી નવેમ્બરે. પિતા જોઈતારામે સુતારી કામનો જાતિગત કસબ છોડી અમદાવાદમાં નામું લખવાનું સ્વીકારેલું. નવરાશે એ થોડુંઘણું ચિત્રકામ પણ કરતા. બચપણથી જ મહેન્દ્રને એમાંથી ચિત્રકામનો રસ જાગ્યો. હાઈસ્કૂલના અભ્યાસકાળમાં ત્યાંના કલાશિક્ષક શ્રી ધીરુભાઈએ એને અચ્છી તાલીમ આપીને એ રસને દૃઢતામાં ઢાળ્યો. નવમા ધોરણમાં જ હાયર આર્ટની એલિમેન્ટરી





પરીક્ષા પાસ કરાવી અને ભવિષ્યમાં આ માર્ગે જ યાત્રા કરવાનો મહેન્દ્રે નિર્ણય કરી લીધો. કલા પ્રત્યેનો આ ઝોક એસ.એસ.સી.માં નડયો અને મહેન્દ્ર માટે કલાશાળામાં જ જોડાવાનો એક માત્ર માર્ગ રહ્યો. ભણવા કરતાં એ એને વધુ ફાવે એવું હતું. પુત્રની કલાભિમુખતા પિતા સમજી શકતા હતા એટલે મહેન્દ્રની કલા-સાધના રોકટોક વિના ચાલી.

કલામહાવિદ્યાલયમાં ઈ. ૧૯૭૧માં દાખલ થયા પછી ત્યાંના મોકળા વાતાવરણમાં એમના કામમાં ખૂબ ગતિ આવી. શ્રી શંકરભાઈ અને નાગજીભાઈ પાસેથી આલેખન અને રંગરચના-ની અચ્છી સૂઝ કેળવી. છેલ્લા વર્ષ દરમિયાન પંચમહાલનો પ્રવાસ યોજાયો, એમાં આદિ-વાસી વિસ્તાર, એમના રહેવાસ, પ્રાકૃતિક ગ્રામ-સૌંદર્ય અને સરળ ભોળાં માનવપાત્રોની મહે-ન્દ્રના મન પર ઊંડી છાપ પડી અને સંખ્યાબંધ ત્વરાલેખનો દ્વારા એમણે જે મબલખ ચિત્ર-સામગ્રી એકઠી કરી તેમાંથી એક પછી એક



સુંદર ચિત્રો તૈયાર કરવા માંડયાં. ડિપ્લોમા પછી તો અભ્યાસનાં કોઈ બંધનો રહ્યાં નહિ, એટલે આદિવાસી માનવજીવન અને ગ્રામ-પ્રકૃતિ પર એમણે પોતાનું લક્ષ કેન્દ્રિત કર્યું.

ચિત્રકલાના કોઈ પણ અભ્યાસી માટે અ-નિવાર્ય ચિત્રનોંધ–ત્વરાલેખનો(સ્કેચિંગ)માં એમણે કદી આળસ દાખવી નથી. એમની રેખાઓની સળંગસૂત્ર સ્થિરતા એ આ મહા-વરાનું જ પરિણામ છે. સંયોજનની એમની સૂઝ પણ આગવી ને આકર્ષક છે. આ સાથેના તથા આ અંકના પૂઠા પરના એમના સ્કેચ તો માત્ર વાનગી રૂપ જ છે, જેના પરથી એમના કસબનો અચ્છો ખયાલ મળી રહે છે. આજ કાલ ઘણા વિદ્યાર્થીઓ સ્કેચિંગને પૂરતી ગંભીર-તાથી નથી લેખતા એ ખરેખર શોચનીય છે. મહેન્દ્ર એમાંના નથી. આવાં ત્વરાલેખનો



મહેન્દ્રના ત્રણ વધુ
સ્કેચો :
એમાં એમની નિરીક્ષણ-
શક્તિ, રેખા પરનો કાબૂ
અને
સંયોજનની દૃષ્ટિ
વ્યક્ત થાય છે.



ગામનાં ખોરડાં · મહેન્દ્ર મિસ્ત્રીનું એક ત્વરિત ચિત્ર



પરથી તૈયાર કરેલાં એમનાં ચિત્રોમાં પણ સદ્‌ભાગ્યે તેઓ અસલની નજાતક અને પ્રવાહિતા જાળવી રાખે છે.

આ વર્ષે ગુજરાત રાજ્ય લલિતકલા પ્રદર્શનમાં એમનાં આલેખનો પ્રદર્શિત થયેલાં. મુંબાઈમાં પણ એ રજૂ થએલાં અને 'એર ઇંડિયા' તથા 'મોદી રબર કંપની'એ ખરીદ્યાં પણ ખરાં. હજી તો એમની કારકિર્દીનો આ આરંભ છે, પણ સતત પુરુષાર્થ વડે એમણે આગવી પ્રતિભા વિકસાવવા માંડી છે. કોઈ વાદફાદમાં ઢળ્યા વિના માત્ર આગવી અભિવ્યક્તિમાં જ તેઓ માને છે. સ્કેચિંગમાં તો તેઓ સિદ્ધહસ્ત જેવા છે જ પણ એમનું ચિત્રસર્જન પણ ઘણું આશાસ્પદ છે. બાટિક પર પણ એમને ફાવટ છે. એમના ભાવિની ઉજ્જવળતા પ્રતિનો જ આ નિર્દેશ છે. —નટુભાઈ પરીખ

માતા અને બાળક

શિલ્પી · મહેન્દ્ર પંડયા

ઍન્ટવર્પ (બેલ્જિયમ)માં ત્યાંના મિડલહૅમ ઓપન એર મ્યૂઝિયમના તેરમા દ્વિવાર્ષિક પ્રદર્શનના એક ભાગ રૂપે તાજેતરમાં છેલ્લાં ત્રીસ વર્ષના ગાળાની એશિયાની શિલ્પકૃતિઓ રજૂ થઈ હતી. તુર્કી અને જાપાનની કૃતિઓ ઉપરાંત સમકાલીન ભારતીય શિલ્પો પણ પ્રદર્શિત થએલાં ભારતીય કૃતિઓનું આ પ્રકારનું વિદેશમાં યોજાએલું આ સૌથી મોટું પ્રદર્શન હતું, જેમાં લગભગ તમામ શૈલી અને માધ્યમની ૩૯ કૃતિઓ રજૂ થએલી અને ઘણો સારો આવકાર પામેલો. ઉપરની કૃતિ એમાંની એક છે.

ટિકિટ સંગ્રહ

ભારતની નવી ટિકિટો





ભારતીય જીવન અને તેના વૈવિધ્યને રજૂ કરતી તેર નવી નિયત (ચાલુ) ટિકિટોની માળામાં પંદર પૈસાની અને એક રૂપિયાની કિંમતની બે ટિકિટો ગયા ઑક્ટોબર માસમાં બહાર પડેલી. એના પર વાઘ અને વીણાનાં ચિત્ર હતાં. એ બંને ટિકિટો થોડા ફેરફાર સાથે, તથા વધુ ત્રણના ઉમેરણ સાથે નવી ટિકિટો ૧૫મી જુલાઈએ બહાર પડી. એમાં વાઘની પાછળની પશ્ચાદભૂ ઘેરી હતી તે સફેદ કરી દેવાઈ છે અને બંને ટિકિટોની દર્શાવેલી કિંમતમાંથી પૈસા-રૂપિયા શબ્દ કાઢી નાખી માત્ર આંકડા દર્શાવ્યા છે. ત્રણ નવી ટિકિટોમાં ૨૦ પૈસાની ટિકિટ પર માટીના રમકડાનો ઘોડેસવાર, ૫૦ પૈસાની ટિકિટ પર હવામાં સરકતું પક્ષી અને બે રૂપિયાની ટિકિટ પર હિમાલયની પર્વતશ્રેણીનું આલેખન છે. નિયત ટિકિટોની આ પાંચમી માળામાં હજી આઠ ટિકિટો બહાર પાડવાની બાકી છે. પંદર પૈસાનાં નવાં પોસ્ટકાર્ડ બહાર પડ્યાં છે જેના પર વાઘના આલેખન ઉપરાંત એક સરકારી જાહેરાત પણ છપાઈ છે. છેડે : 'આંતરરાષ્ટ્રીય સિંચાઈ તથા જલનિકાલ આયોગ'ના આ રજતજયંતી વર્ષ નિમિત્તે ગઈ ૨૮મી જુલાઈએ બહાર પડેલી ખાસ ટિકિટ. એના પર આ આયોગના પ્રતીક-ચિહ્નનું આલેખન છે. સિંચાઈ, જલનિકાસ, પૂરનિયંત્રણ અને નદીઓના નિયમન અંગે વિવિધ કાર્યો કરતી આ આંતરરાષ્ટ્રીય બિન-સરકારી સંસ્થાની ઈ. ૧૯૫૦માં મુંબાઈમાં સ્થાપના થઈ હતી. (ટિકિટો મોકલનાર : ડાહ્યાભાઈ પરમાર—અમદાવાદ)

અંગ્રેજી સાહિત્યનું આચમન — ખંડ ૪થો · પ્રકરણ ૬ઠ્ઠું

શેક્સપીઅરની નાટ્યકલા

સર્વકાલીન સર્જક

એન્ટની અને ક્લીઓપેટ્રા નાટકમાં ઇજિપ્તની સૌંદર્ય-સામ્રાજ્ઞી ક્લીઓપેટ્રાની મોહિની વિશે ઇનોબાર્બસ ઉદ્‌ગાર કરે છે:

Age can not wither her, nor custom stale
Her infinite variety; other women cloy
The appetites they feed; but she makes hungry
Where most she satisfies.

શેક્સપીઅરની નાટ્યકલાને પણ આ ઉદ્‌ગાર બરાબર બંધબેસતો છે. આજે ચારેક સૈકા પછી પણ એની કલાને કાળનો ઘસારો લાગ્યો નથી. એની કલામાં વૈવિધ્ય એવું અપાર છે કે વિશ્વભરના દેશોમાં તેનાં નાટકો ફરી ફરી વંચાય છે. ક્ષણેક્ષણે રમણીય નવીન અર્થ પ્રકટ કરતી એની નાટ્યકલાની મોહિની હજુ સુધી ઓસરી નથી. નાટ્યવિવેચક જૉન્સને આ જ સંદર્ભમાં ઉદ્‌ગાર કરેલા: 'He was not of an age, but for all time.' આ વિધાનની પૂર્તિમાં બીજા એક વિદ્વાને નોંધ્યું છે: 'He was not of a land, but of all lands.' શેક્સપીઅરની સર્જકતાને સ્થળકાળનાં બંધન નડયાં નથી. એનાં નાટકો હજી પણ નરવાં અને ગરવાં લાગે છે—સહૃદયોને મુગ્ધ કરે છે.

સર્જક પ્રતિભાની વિશેષતાઓ

સમસ્ત સુધરેલા જગત ઉપર ચારચાર સૈકાથી શેક્સપીઅરની સર્જક કલાનો ધ્વજ ફરકયા કરે છે. તેની આ અસીમ લોકપ્રિયતાનું કારણ શું? એક તો એનાં નાટકોમાં રહેલું અપાર વૈવિધ્ય. એનું માનસ પ્રયોગશીલ હતું. નાટ્યકારકિર્દીના આરંભમાં તેણે પોતાના યુગના માર્લો, લીલી, કીડ આદિ નાટ્યકારોની કેડીનું અનુસરણ કર્યું, પણ એની ઊભરાતી સર્જક પ્રતિભાએ તરત પોતાનો આગવો માર્ગ શોધી કાઢયો. માર્લો, લીલી જેવા નાટ્યકારોએ શેક્સપીઅરને સારી એવી પ્રેરણા પૂરી પાડી; ને નાટકના છૂટાછવાયા અંશ-દૃશ્યની બાબતમાં કેટલીક વાર એ નાટ્યકારોની કલા શેક્સપીઅરની કલા કરતાં પણ ઊંચાં નિશાન સિદ્ધ કરે છે. માર્લોના Doctor Faustus નાટકનાં અંતિમ દૃશ્યોમાં કાવ્યની જે ભવ્યતા છે અને જે કરુણરસ સિદ્ધ થયો છે તે શેક્સપીઅરનાં નાટકોનાં ઉત્તમ દૃશ્યોમાંનાં તત્ત્વો કરતાં પણ ચડિયાતો છે. એના સમકાલીન જૉન્સનનાં 'વૉલ્પોની' (Valpone) અને 'ઍલ્કેમિસ્ટ' નાટકોમાં જે સુદૃઢ વસ્તુસંકલના છે તે શેક્સપીઅરનાં નાટકોમાં અલ્પાંશે જ જોવા મળે. તેમ છતાં આ બધા નાટ્યકારોની શક્તિ માત્ર છૂટાછવાયા અંશોમાં પ્રગટ થતી હતી; સમગ્ર નાટકની અસરની દૃષ્ટિએ શેક્સપીઅર એ બધાથી ઘણો ઊંચે ઊડે છે. નાટ્યકલાના ઉત્તમ અંશોથી તેની પ્રતિમા અંકિત હતી.

શેક્સપીઅર પોતાનાં નાટકો માટે નવીન મૌલિક કથાવસ્તુ ઉપજાવવાના ઉધામા કરતો નથી. મહદંશે પ્રાચીન કે સમકાલીન કથાવસ્તુનો આધાર લઇને જ તે નાટકો રચે છે. કેટલીક વાર તો પ્રસિદ્ધ નાટ્યકૃતિને જ તે નવેસરથી રજૂ કરે છે. 'રોમિયો-જુલિયેટ', 'હૅમ્લેટ', 'રાજા લીઅર' જેવી નાટ્યરચનાઓ અગાઉ તખ્તા ઉપર રજૂ પણ થઈ ચૂકી હતી. 'ઍઝ યુ લાઈક ઈટ'નું વિષયવસ્તુ તેણે લૉજની નવલમાંથી, 'ધ વિન્ટર્સ ટેઈલ'નું ગ્રીનની કૃતિમાંથી અને 'ઑલ્સ વેલ ધૅટ ઍન્ડ્સ વેલ'નું કથાવસ્તુ બોકાશિયોની વાર્તામાંથી મેળવેલું હતું; તેમ છતાં શેક્સપીઅર આ પ્રાપ્ત સામગ્રીને પોતાની આગવી નાટ્યસૂઝથી એવો તો ઘાટ આપે છે કે અણઘડ કૃતિ ઉત્તમ કલાકૃતિનું રૂપ ધારણ કરી રહે છે. શેક્સપીઅરની વિશિષ્ટ મુદ્રાથી તે અંકિત થાય છે. કાચી અપક્વ સામગ્રીની અદ્‌ભુત માવજત કરીને એ જે નવો કલાઘાટ ઊપજાવે છે તેમાં તેની પ્રતિભાની વિશેષતા રહેલી છે. સામગ્રીનો કલાત્મક વિનિયોગ કરવામાં, નાટ્યારંભના દૃશ્યમાં, મહત્ત્વપૂર્ણ ઘટનાની પસંદગીમાં, પરાકાષ્ઠા અને અંતિમ ઉકેલના આયોજનમાં તેની કુશળતા બરાબર પ્રતીત થાય છે. 'ઓથેલો' અથવા 'ટૅમ્પેસ્ટ' નાટકની સંકલનામાં તેની સંયમપૂર્ણ કલા પ્રગટે છે, તો 'ઍન્ટની અને ક્લીઓપેટ્રા' જેવા નાટકમાં રંગરાગના વાતાવરણને અનુરૂપ મોકળાશભરી વસ્તુગૂંથણી છે. શેક્સપીઅર ધંધાદારી નાટ્યકાર હતો. તેણે પ્રજાની નાટ્યભૂખને સન્તત સંતોષવાની હતી, લોકરુચિ સાથે મેળ પડે તેવાં નાટકો રચવામાં તેને પ્રવૃત્ત રહેવું પડતું, તખ્તા બાબતની મુશ્કેલીઓ તો પાર વિનાની હતી, 'સીનરી'ની બાબતમાં નરી દરિદ્રતા જ દાખવવી પડે તેવી પરિસ્થિતિ હતી; પણ લોકોની કલ્પનાશક્તિ પર ઊંચો મદાર રાખીને તેણે તખ્તાની પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પોતાનો અનુભવ કામે લગાડીને સમર્થ નાટકો રજૂ કર્યાં. અલબત્ત આ બધી મુશ્કેલીઓ વચ્ચે કામ કરવામાં તેને કયાંક થાગડથીગડ કરવાં પડયાં હોય, નાટકના અંતને ઉતાવળથી સમેટવા પડયા હોય, પાત્રચિત્રણમાં કયાંક કંયાંક ક્ષતિ રહી ગઈ હોય તેમ બન્યું છે; તેમ છતાં એની સમગ્ર નાટ્યકલા પર દૃષ્ટિપાત કરતાં આ દોષ ન જેવા લાગે.

પાત્રનિરૂપણનું કૌશલ

શેક્સપીઅરની પ્રતિભા વિશેષપણે તેના પાત્રચિત્રણમાં પ્રગટ થાય છે. એનાં નાટકોની સૃષ્ટિમાં એકેએક પાત્ર સજીવ—સાદ્યંત પ્રતીતિકર છે. નાટ્યલેખનના આરંભમાં તેનો ઝોક ઘટના પરત્વે દેખાતો હતો. આરંભના ઐતિહાસિક નાટક 'હેન્રી છઠ્ઠો'માં તેણે સતત ઘટના પર જ લક્ષ આપ્યું છે. પણ તરત જ એની વિકસતી પ્રતિભાએ ઘટનાના ચિત્રણમાંથી નીકળીને પાત્રચિત્રણમાં પોતાની ફલશ્રુતિ જોઈ. 'રિચર્ડ ત્રીજો' નાટકમાં ખલ પાત્રને નાટકનો નાયક બનાવી તેણે એ પાત્રનું વ્યક્તિત્વ પ્રગટ કરવામાં જ પોતાની કલા ખર્ચી છે; અને પ્લૂટાર્કનાં ચરિત્રો વાંચ્યા પછી તો ઐતિહાસિક વ્યક્તિઓનો સમર્થ ચિતાર આપવામાં, તેમનાં ચિત્તમાં ચાલતાં મંથનો પ્રકટ કરવામાં જ તેણે કલાનું શ્રેય જોયું છે. ઐતિહાસિક નાટકોમાં તેણે હકીકતના સત્યને ઉવેખીને કાવ્યનું સત્ય પ્રકટ કરવા પર અને પાત્રોના પ્રભાવ તથા તેમના આંતરિક સંઘર્ષ નિરૂપવા પર જ લક્ષ કેન્દ્રિત કર્યું છે. એની પાત્રસૃષ્ટિ આરંભકાળથી જ આકર્ષક ને વાસ્તવિક દેખાય છે; પણ જેમ જેમ તેની પ્રતિભા પક્વ બનતી ગઈ તેમતેમ તેનાં પાત્રો વધુ સુરેખ બનતાં જાય છે અને એમનાં ચિત્તની સંકુલતા પ્રકટ કરવામાં તે વધુ ને વધુ સફળ નીવડતો જાય છે. એનાં નાટકોનાં પાત્રો વિવિધરંગી છે. એક તરફ સામાન્ય સ્તરના લોકોથી ખૂબ ઊંચે વસનારા રાજાઓ, રાણીઓ અને રાજકુમારો તથા સેનાપતિ અને અમીર ઉમરાવો છે: લીઅર, હૅમ્લેટ, સીઝર, મૅકબેથ, લેડી મૅકબેથ ઇત્યાદિ આ પ્રકારનાં પાત્રો છે. આ બધાં પાત્રોનાં જીવનના અંતરંગને તેણે કલાત્મકરીતે રજૂ કર્યાં છે. આવા સર્વોચ્ચ કક્ષાના રાજપુરુષો પણ ભાગ્યવશાત્ અથવા પ્રકૃતિદોષને કારણે કેવા લાચાર અને અદ્દલા બની રહે છે, એમનાં જીવનમાં કેવી ભારે કરુણતા છવાય છે તેની શેક્સપીઅરે કુશળતાથી રજૂઆત

કરી છે. રાજા લીઅર કે હેમ્લેટ કે મૅકબેથ ઉચ્ચાસને વિરાજનારા હોવા છતાં જીવનની તીવ્ર યાતનાઓ તેમને વેઠવી પડે છે. આ રાજવીઓની પાછળ અંતે તો મનુષ્ય જ રહેલો છે, ને એ મનુષ્યરૂપે તે આપણને પ્રતીત થાય છે ને ભાવકોના સમભાવના તે અધિકારી બને છે.

પાત્રોમાં બીજો વર્ગ અપાર્થિવ વ્યક્તિઓનો છે. ભૂત, ચુડેલ, પરી, દૈત્ય એ બધાંની પણ એક અનેરી સૃષ્ટિ શેક્સ્પીઅરનાં નાટકોમાં આકર્ષક છે, 'અ મિડસમર નાઈટ્સ ડ્રીમ'માં તો આ અપાર્થિવ પાત્રો બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેમનો વાસ્તવિક જગતના મનુષ્ય સાથે સંપર્ક પણ થાય છે અને આ સંપર્ક ઘણી વાર એ માનવનું ભાવિ નક્કી કરી આપે છે. ડાકણોએ મૅકબેથને ભવિષ્યવાણી કહી તેમાંથી મૅકબેથનું કરુણ ભાવિ નિર્માણ થયું. હૅમ્લેટને પિતાનું પ્રેત મળ્યું ત્યારથી એની શાંતિ ગઈ. અને 'ટૅમ્પેસ્ટ'ના એરિયલની અથવા તો 'અ મિડસમર નાઈટ્સ ડ્રીમ'ના પકની ભૂમિકાને કોણ ભૂલી શકે?

શેક્સ્પીઅરની નાટ્યસૃષ્ટિમાં ત્રીજો એક ભાગ સામાન્ય જીવન જીવનારા પ્રજાજનોનો છે. તેમાં વેપારીઓ છે, સૈનિકો છે, યુવાન પ્રેમીઓ છે, ન્યાયાધીશો છે ને કબર ખોદનારા મજૂરો પણ છે—અને આનંદપ્રમોદભર્યું જીવન જીવનારા દરબારીઓ પણ છે, જે નિરાંતે સમય પસાર કરવામાં જ રાચે છે—Fleet the time carelessly as they did in the golden world. આમાંના દરેક પાત્રને પોતપોતાનું આગવું વ્યક્તિત્વ છે. નાટકનાં મુખ્ય પાત્રો તો સુરેખ છે જ, પણ નાટકમાં માંડ વીસ પંક્તિ બોલવા પૂરતાં આવનારાં પાત્રો—દા.ત. 'રોમિયો જુલિયેટ'માં નર્સ, લૉરેન્સ—પણ પોતાના વ્યક્તિત્વની નિરાળી છાપ મૂકી જાય છે.

આ સંદર્ભમાં બીજી મહત્ત્વની એક વાત એ છે કે શેક્સ્પીઅરે મશ્કરા (clown)ના પાત્રનો અત્યંત કુશળતાપૂર્વક ઉપયોગ કર્યો છે. શેક્સ્પીઅરનાં અગાઉનાં નાટકોમાં, ટ્રૅજિક નાટકોમાં મશ્કરાઓ રજૂ થતા, પણ તેમની કસમયની મજાક-ઠઠ્ઠા નાટકમાં રસક્ષતિ કરનારી નીવડતી. માર્લોને તો આ મશ્કરા પ્રત્યે ભારે ચીડ હતી. નાછૂટકે જ તે એનું પાત્ર ગોઠવતો—મોટે ભાગે એની ઉપેક્ષા જ કરતો. શેક્સ્પીઅરે મશ્કરાના પાત્રને તાલીમ આપીને નાટકમાં તેને આકર્ષક અને આવશ્યક જેવું બનાવ્યું. તેણે મશ્કરાના પાત્રને માત્ર કૉમેડીમાં જ નહિ, ટ્રૅજેડીમાં પણ સ્થાન આપ્યું. એ પાત્રને તેણે મઠાર્યું, સંસ્કાર્યું અને કેટલીક વાર તો લોકપ્રિય જીવનવિવેચકની કક્ષામાં મૂકી આપ્યું. 'ઍઝ યૂ લાઈક ઈટ'માં ટચસ્ટોન, 'કિંગ લીઅર'માં ફૂલ—એ પાત્રોને કોણ ભૂલી શકે? નાટકમાં એમની માર્મિક વાણી ખૂબ અસરકારક બની રહે છે. બૉટમ, ડૉગબરી વગેરે આ પ્રકારનાં પાત્રો પણ શેક્સ્પીઅરની કલાસૂઝનો આહ્લાદક અનુભવ કરાવી શક્યાં છે.

શેક્સ્પીઅરની ફિલસૂફી

શેક્સ્પીઅરનાં નાટકોમાં વારંવાર મુખ્ય પાત્રોથી માંડીને મશ્કરાનાં પાત્રોને મુખે જીવન અને જગત વિષે તત્ત્વચિંતનના ઉદ્‌ગારો પ્રકટ થયા છે. એ ઉદ્‌ગારોને લક્ષમાં લઈને કેટલાક વિદ્વાનો શેક્સ્પીઅર મોટો તત્ત્વચિંતક, વિદ્વાન હતો અને નાટકોમાં એની ખાસ ફિલસૂફી પ્રકટ થઈ છે તેવું માનવા પ્રેરાયા છે. શેક્સ્પીઅરનાં નાટકોમાં વેરાએલ ચિંતનોનો સંગ્રહ થાય તો તેમાંથી નિશ્ચિતપણે એની ફિલસૂફી તારવી શકાય એવો તેમનો અભિપ્રાય છે. નાટકમાં કવિતાની સાથે તત્ત્વજ્ઞાનનો સુયોગ કંઈક અંશે તો હોય જ. નાટ્યકાર માત્ર જીવન ચીતરતો નથી, જીવનનું વિવેચન પણ કરે છે. એટલે અંશે કૃતિમાં ચિંતનનો અંશ આપ્યા વિના રહે નહિ. શેક્સ્પીઅરનાં નાટકોમાં પણ જીવન વિષે વિવિધ દૃષ્ટિકોણથી વિવેચન પ્રકટ થયું છે. પણ એ વેરવિખેર છે, કેટલીક વાર તો એકબીજાથી વિરુદ્ધ રૂપે પ્રકટ થયું છે; એ પરિસ્થિતિજન્ય છે. એમાં ઇલિઝાબેથના યુગની પ્રજા-માન્યતાનો પણ પડઘો પડતો સંભળાય છે. 'હૅમ્લેટ' નાટકમાં કોઈક માટે માણસજાત વિષે હૅમ્લેટ ઉમળકાથી ઉદ્‌ગાર કરે છે: How noble in reason, how infinite in faculty, in form and moving how express and admirable! in action how like an angel, in apprehension how like a god! અને વળી બીજી કોઈક પળે માણસની દુષ્ટતાથી ત્રાસીને તેને 'passion's slave' કહીને વધાવતો (!) પણ હોય.

માણસના જીવનમાં કોઈ અગમ્ય શક્તિ ભાગ ભજવે છે અને માણસ તો અસહાય છે એવી માન્યતા પણ હૅમ્લેટ અને બીજાં અનેક પાત્રોને મુખે રજૂ થઈ છે. હૅમ્લેટ ઉચ્ચરે છે:

There's divinity that shapes our ends
Rough-hew them how we will.

કેન્ટ (Kent) નિરાશામાં ઉદ્‌ગાર કરે છે:

It is the stars
The stars above us, govern our conditions.

ને અંધ બનેલો ગ્લૉસ્ટર (કિંગ લીઅરમાં) કડવાશભરી વાણીમાં કહે છે:

As flies to wanton boys, are we to gods,
They kill us for their sport.

પણ આ બધા ઉદ્‌ગારો જુદાંજુદાં પાત્રોને મુખે અમુક સંજોગોના સંદર્ભમાં રજૂ થએલા છે. પાત્રોનો પોતાનો દૃષ્ટિકોણ એમાં પ્રકટ થાય છે. એના ઉપરથી શેક્સ્પીઅરની કોઈ વ્યવસ્થિત ફિલસૂફીનું તારણ કાઢવું યોગ્ય નથી.

શેક્સ્પીઅરનાં નાટકોની કવિતા

શેક્સ્પીઅરે પોતાની પ્રતિભા ભલે સહેતુક પોતાની કૃતિઓ પાછળ ઢાંકી રાખી અને ભલે તત્કાળની પરિસ્થિતિને સાનુકૂળ થવામાં તેણે શ્રેય માન્યું, પણ એ સર્જક પ્રતિભાને અભિવ્યક્તિની પૂરેપૂરી મોકળાશ નાટ્યનાં વિવિધ રૂપોમાં, શૈલીમાં અને કૃતિમાં પ્રકટ થતી કવિતામાં મળી ગઈ છે. સૌંદર્યની સાપણે એને રાતરાત ડંખ દીધા છે અને એમાંથી એનાં કલા-સંવેદનો તીવ્રપણે પ્રકટ્યાં છે. એની કલાસમૃદ્ધિ નાટકની કવિતારૂપે સંપૂર્ણપણે પ્રકટ થઈ છે. એ માત્ર નાટ્યલેખનની જ શક્તિ ધરાવતો હોત તો એને લોકપ્રિયતા ખૂબ મળી હોત; પણ એની સુકીર્તિ એનામાં રહેલી કવિપ્રતિભાને કારણે છે. એક વિદ્વાને કહ્યું છે તેમ The first dramatist was also the first hoet of his day and one of the first of all time.

શેક્સ્પીઅરની કવિત્વશક્તિ માત્ર નાટકમાં ગૂંથાએલાં ગીતોને જ કારણે નથી. જો કે એ ગીતો પણ એની કલાની આગવી સિદ્ધિ છે. નાટ્યતત્ત્વ અને ગીતનો સંયોગ કેટલીક વાર તો એવો સંપૂર્ણ હોય છે કે તેનું પૃથક્કરણ કરવાનું અશક્ય બની રહે. 'કિંગ લીઅર'માં 'Fool'નું ગીત, 'ટ્વેલ્ફ્થ નાઈટ'નાં મધુર ગીતો, 'ઍઝ યૂ લાઈક ઈટ'નાં સ્મરણીય ગીત એ બધાં તો એનાં નાટકની મોટી નીરાંત છે. 'હૅમ્લેટ' જેવા કરુણાંત નાટકમાં પણ ઓફેલિયાનું ગીત અત્યંત આકર્ષક બની રહે છે.

શેક્સ્પીઅરનાં કલ્પનો અથવા પ્રતિરૂપો (imagery) પ્રબળ અને વૈવિધ્યપૂર્ણ છે-ખાસ કરીને ટ્રૅજિક કૃતિઓમાં મનુષ્યચિત્તના પ્રતિભાવ રજૂ કરવા માટે પ્રકૃતિનાં કલ્પનો તે યોજે છે તેમાં તેની પ્રતિભાનો ઉન્મેષ વિશેષ પ્રમાણમાં પ્રકટે છે. 'મૅકબેથ' નાટકમાં રાજા ડંકનના ખૂનની વેળાએ–

the heavens as troubled with man's act,
Threaten his bloody stage: by the clock, 'tis day,
And yet dark night straugles the travelling lamp;
Is't night's predominance, or the day's shame,
That darkness does the face of earth entomb,
When living light should kiss it?

એનાં નાટકો ઈલિઝાબેથના યુગમાં સિદ્ધ બની ચૂકેલા 'બ્લૅન્ક વર્સ'

લઘુકથા

ગોકળ આઠમ

રાજેન્દ્રસિંહ રાયજાદા

કાલે જન્માષ્ટમી. વાવણી પછી બીજો વરસાદ હજી સુધી નથી થયો. વાવેતર નિષ્ફળ જવાની અણી પર છે. વરસાદ ન થાય તો ચારા વિના ઢોરને મરવાનો વારો આવશે. ચોરાના મંદિરે લોકો શ્રદ્ધાથી ઠાકોરજીની સેવામાં રસ લે છે. 'માણસો તો ઠીક પણ બીચારાં આ મૂગાં પશુનું શું થાહે ?'—કહેતા, આતુરતાથી આકાશ સામે મીટ માંડે છે. કોઈ વળી બોલી ઊઠે છે. 'ભઈ, આમાં મજૂરી કરીને ખાનારાની ઈ જ દશા સે ને !'

—ને ખરેખર ગોમીની એ જ દશા હતી. મજુરી કરવા ય ક્યાં જાય ? કોઈનાં ઠામ-વાસણ કે વાસીદું-પાણી કરી માંડ પોતાનાં—માદીકરાનાં પેટ પૂરતો રોટલો રળતી. એનો સાત-આઠ વરસનો છોકરો તો કામે ય શું કરી આપે ?... સાંજે રમી-રખડીને છોકરો ઘેર આવ્યો. માએ સહજ ભાવે પૂછ્યું—'ક્યાં રમવા ગ્યો'તો ?'

'ચોરે રમતો'તો. ગોકળ આઠમ સે ને, એટલે ન્યાં બધાં ઠાકોરજીને નવાં લૂગડાંથી સણગારતા'તા. ઠાકોરજીનાં જૂનાં લૂગડાં સોરાની વાંહે ઉકરડો સે ને એમાં નાખી દીધાં. મેં ઈ સાનાંમાનાં લઈ લીધાં. જો આ રિયાં'—કહી છોકરે ખિસ્સામાંથી જૂના વાઘાના ટુકડા કાઢી માને બતાવ્યા. ગોમીએ કપડાં હાથમાં લઈ તપાસી જોયાં. તેણે થોડી વાર દીકરા પર નજર ઠેરવી. પછી પટાવતી હોય એમ બોલી : 'ઠીક, ભલે લઈ આવ્યો. આ લૂગડાં મને રાખવા દે. આ હાલસે. મારો સાડલો ફાટી ગ્યો સે એને થીગડું દેવા કાંઈ નો'તું.'

છોકરાએ માનો ખભો ઝાલી કહ્યું : 'બા, મને ય કાલ્ય ગોકળ આઠમે ઠાકોરજીની ઘોડ્યે નવાં લૂગડાં પે'રાવીસને ?' □

રૂપમાં લખાયાં હતાં. એની કારકિર્દીના આરંભમાં તે તેના પુરોગામી તથા સમકાલીનોની છંદછટાથી પ્રભાવિત થયો, પણ તરત જ એણે પોતાની પ્રતિભાને પથ્ય નીવડે તે રીતે બ્લૅન્કવર્સનું રૂપ સિદ્ધ કરી લીધું. અલબત્ત એણે ફારસની રચનાઓમાં તેમજ ટ્રૅજેડીમાં કૉમિક રિલીફ માટે ગદ્ય પ્રયોજ્યું છે, પણ પદ્ય રૂપ—બ્લૅન્કવર્સ એ જ મુખ્યત્વે તેનાં નાટકોનું સબળ વાહન બની રહે છે. તેનાં ટ્રૅજિક નાટકમાં રોમિયો અને જુલિયેટના સંભાષણના દૃશ્યમાં, હૅમ્લેટની સ્વગતોક્તિઓમાં, ઓથેલોમાં ઈર્ષાનો ઉદ્‌ભવ થાય છે તે દૃશ્યમાં, લીઅરના ઊર્મિલ ઉદ્‌ગારોમાં અથવા તો મૅકબેથની ભ્રમણાઓમાં શેક્સ્પીઅરની કાવ્યકલાનું ઉચ્ચ શિખર મળી રહે છે. ઈઆગોના પ્રપંચથી ઈર્ષાગ્નિમાં જલતો ઓથેલો તેની તરફ આવતો જોઈ, ઈઆગો સ્વગતોદ્‌ગાર કરે છે :

Not poppy, nor mandragora,
Nor all the drowsy syrups of the world,
Shall ever medicine thee to that sweet sleep;
Which thou ow'dest yesterday.

એમાં વર્ણવિન્યાસ ને લયની કુશળતાથી ઈયાગો દોજખી જાદુગર તરીકે પ્રત્યક્ષ થાય છે. એ બદમાશ તો હતો જ, હવે અસુર તરીકે પ્રતીત થાય છે.

શેક્સ્પીઅર પાસે શબ્દોનો અને કલ્પનોનો વૈભવ અપાર છે. ઉપમા ને રૂપકો તે વિપુલપણે યોજે છે. મિલ્ટને તેને 'Sweetest Shakespeare, Fancy's Child' તરીકે બિરદાવ્યો છે; તો જૉન્સને તેના ભાષાના વ્યયની બાબત ટીકા યે કરી છે : 'He had an excellent phantasy, brave notions and gentle expressions, wherein he flowed with that facility that sometimes it was necessary he should be stopped... His wit was in his own power: would the rule if it had been so, too!'

શબ્દોના ઉપયોગમાં તેનો અસંયમ બીજા પણ ઘણા વિદ્વાનોને કઠ્યો છે, દરેક પ્રસંગે એ શબ્દોનો સ્વામી શબ્દો અને અલંકારોનો લખલૂટ વૈભવ પાથરી દે છે–કોઈ નિયંત્રણ તેની પ્રતિભાને વશ કરી શકતું નથી. એને કારણે અનૌચિત્યનો દોષ ઉદ્‌ભવે છે. કેટલીક વાર તે કલ્પનોનો ગંજ ખડકવા માંડે છે. એ નવીન, ચમત્કારક હોવા છતાં હમેશાં ઔચિત્યપૂર્ણ હોય તેવું બનતું નથી. 'મૅકબેથ' નાટકમાં ડન્કન સમક્ષ મૅકબેથના વિજયનું વર્ણન કરતો ઘાયલ સૈનિક ઉપમા અને રૂપકોના ગંજ ખડકી દે છે. એનાં સુખાંત અથવા તો કરુણાંત નાટકોમાં કેટલીક વાર પાત્રો વારંવાર આ પ્રકારનો વાગ્વિલાસ કરે છે. એનો અતિરેક કલાને હાનિકર્તા બની જાય છે. રિચર્ડ બીજાની રાણી એના પતિની ગેરહાજરી વિષે બેચેનીમાં અનિષ્ટની આગાહી અંગે જે વક્તવ્ય રજૂ કરે છે તે ખૂબ અનુચિત અને રસક્ષતિકર નીવડે છે. આવા પ્રસંગે શેક્સ્પીઅર કવિ મટી પંડિત તરીકે ઊપસી આવે છે અને એની વિદ્વત્તાનો તેમજ વાણીનો વૈભવ દોષ બની રહે છે. શેક્સ્પીઅરનાં સાવ નિમ્ન કક્ષાનાં પાત્રો પણ જ્યારે ભાષાપ્રભુત્વ દાખવતા ઉદ્‌ગારો કરે છે ત્યારે આ અનૌચિત્ય અને કલાકારનો અસંયમ ખાસ ધ્યાન ખેંચી રહે છે. શેક્સ્પીઅરની કલાના આવા કેટલાક દોષ હોવા છતાં જૉન્સને તેને માટે જે ઉદ્‌ગાર કર્યા છે કે 'he was not of an age, but for all time'તે સર્વથા સત્ય છે.

શેક્સ્પીઅર એના યુગનો પ્રતિનિધિ નાટ્યકાર હતો. ધંધાદારી રંગભૂમિનો સૂક્ષ્મ અભ્યાસી અને લોકરુચિનો પરખંદો તો તે હતો જ. નાટ્યકલા માટેના માધ્યમ પર તેનું પ્રભુત્વ પણ હતું. પણ સૌથી વિશેષ તો તેનામાં નિસર્ગદત્ત કવિપ્રતિભા હતી. શેક્સ્પીઅરે પોતાના અનુભવનો, પોતાના માધ્યમનો અને પોતાની કલ્પનાશક્તિનો ઉત્તમ ઉપયોગ કરીને ઉત્તમ કૃતિઓનું સર્જન કર્યું. તેણે માત્ર કલારસિકોને જ સંતોષ આપ્યો છે તેવું નથી; માનવચિત્તની લીલાને સહજપણે સમજવાની તેની શક્તિને પંડિતોએ પણ પ્રમાણી છે. એ યુગમાં પણ ચિત્તની સંકુલતા અને આંતરચેતનાના પ્રવાહને પ્રકટ કરવાની શક્તિ શેક્સ્પીઅરે દર્શાવી આપી.

કોઈ પણ જાતની નિયમ, જડતાથી મુક્ત, જીવનનાં સર્વ તત્ત્વનો સ્વીકાર કરનારી, વાસ્તવ અને ભાવનાનો સુયોગ સાધનારી, વિવિધ રુચિના લોકોને આકર્ષનારી શેક્સ્પીઅરની કલા વિષે અંગ્રેજી સાહિત્યના એક ઇતિહાસકારે ઉદ્‌ગાર કર્યા છે : '...Shakespeare's drama is a great river of life and beauty. All who thirst for art or truth, the comic or the tender, ecstasy or satire, light or shade, can stoop to drink from its waters, and at almost every instant of their changing moods find the one drop to slake their thirst.' (કઝામિયા લગવીનો અંગ્રેજી સાહિત્યનો ઇતિહાસ) (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં

ઑગસ્ટ ૧૯૫૦ : સળંગઅંક ૩૨૦

આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાં આવેલી સામગ્રી કેટલા વિવિધ રસની હતી તે આ નીચે આપેલાં અવતરણોથી જ જણાશે. સૌપ્રથમ શ્રી મો. મા. ઝવેરીની પ્રબોધેલી શ્રાવણ માસની કથા આજે પણ એટલી જ ઉપયોગી નથી ?–વાંચો :

અમારે ત્યાં એક આપ્તજન અવારનવાર આવતા. એક વાર શ્રાવણ માસમાં તેમને અમે કોઈ કથા સંભળાવવા કહ્યું; કારણ કે તેઓ વૃદ્ધ, ને ગોરપદું ચાલુ રાખીને આર્ય સમાજની આગેવાની કરતા, વિદ્વાન અંડર ગ્રૅજ્યુએટ ખેડાવાળ બ્રાહ્મણ હતા. અમારી વિનતિ માન્ય રાખી તેમણે કથા કહી:

'મહાભારતમાં એક પ્રસંગમાં આ કથા છે. એક વાર દુર્વાસા મુનિએ સો કે હજાર-બે હજાર વર્ષ તપશ્ચર્યા કરી. પછી તપશ્ચર્યા પૂરી થયે તપોબળમાં કેટલોક વધારો થયો છે તે અજમાવવાનો તે વિચાર કરતા હતા, એવામાં ઝાડ પરથી એક ચકલું ચરકયું. મુનિએ ઊંચી નજર કરી ગુસ્સામાં ચકલા સામે જોયું કે તરત તે તરફડીને નીચે પડી મરી ગયું. મુનિને ખાતરી થઈ કે તપોબળ વધ્યું છે.

મુનિ ઘણા વખતના ભૂખ્યા હોવાથી ભિક્ષા માટે ઊપડયા ને એક ગામમાં નાના ઘર પાસે આવી 'ભિક્ષાન્નદેહિ' કહી ઊભા રહ્યા. બારણું અડકાવેલું હતું. અંદરથી કોઈએ તરત જવાબ ન આપ્યો. મુનિએ ફરીથી પોકાર કર્યો, છતાં જવાબ ન મળ્યો. અંદર કોઈ બોલતું હતું તે તો મુનિએ સાંભળ્યું. ત્રીજી વાર મુનિએ ફરી જોરથી પોકાર કર્યો, ત્યાં એક સાધારણ સ્થિતિની સ્ત્રીએ બારણું ઉઘાડયું અને મુનિનું સ્વાગત કર્યું. મુનિ લાલ આંખ કરી જોઈ રહ્યા હતા. સ્ત્રીએ જોયું કે મુનિ સ્વાગત સ્વીકારતા નથી અને ક્રોધથી લાલપીળા થઈ ગયા છે, એટલે તેણે કહ્યું: 'મુનિશ્રી ! આ જંગલની ચલ્લી નથી.' મુનિનો ગર્વ ગળી ગયો ને ટાઢા પડી પૂછ્યું કે, 'આર્યે ! તને જંગલની ચલ્લીની વાતની શી રીતે ખબર પડી ને મારી સિદ્ધિ અહીં હવાઈ કેમ ગઈ તે મને સમજાતું નથી. તું ખુલાસો કર.'

સ્ત્રીએ ખુલાસો કર્યો: 'આ ઘર તુલાધાર વૈશ્યનું છે. હું તેની અર્ધાંગના છું. તુલાધાર કે હું શાસ્ત્રો ભણ્યાં નથી કે તપશ્ચર્યા કરી નથી. અમે એકમાર્ગી છીએ. તુલાધારની દુકાને અમુક ટકા નફો ચડાવીને જ માલ વેચાય. હોરિયાર માણસ આવે, સ્ત્રી આવે કે ભોળો ગામડિયો આવે, બધાને એક જ ભાવે માલ મળે. વજનમાં કોઈને ય ઓછું ન અપાય. આમ અમે પવિત્ર અન્ન ખાનાર છીએ. અમારી કમાણી કલંકિત નથી. હું પણ મારો ધર્મ ટૂંકમાં એટલો જ સમજું છું કે પતિ વ્યાપારનું કામ સંભાળે છે અને પવિત્રતાથી વ્યાપાર કરે છે તેમ મારે ઘરનું કામકાજ સંભાળવું, સંતાન પ્રત્યેની ફરજ, અતિથિ પ્રત્યેની ફરજ, કુટુંબીઓ પ્રત્યેની ફરજ તથા સમાજ પ્રત્યેની ફરજ બજાવવી ને આનંદથી આયુષ્ય વિતાવવું. અમારા આવા વર્તનથી લોકો અમારા પર પ્રેમ રાખે છે. અમારી દુકાને ઘરાકી સારી છે. અમને આવશ્યકતા પ્રમાણે આવક છે. અમને લોભ નથી, અસંતોષ નથી, તેથી અમારા ઘરમાં કલેશ નથી. અમે યથાશક્ય પ્રભુભક્તિ કરીએ છીએ. તમે આવીને અહાલેક પોકારી ત્યારે હું મારા પતિને પીરસતી હતી. થોડી વારે તે કામ પૂરું થતાં તેમણે મને આજ્ઞા આપી એટલે હું હાથ ધોઈ ને આવી. દરમ્યાન તમે ગરમ થયા. પણ મારે મારો ધર્મ ચૂકવો નહોતો. પતિસેવા પહેલી ને અતિથિસેવા ત્યાર પછી. તમે પૂછ્યું કે અનેક વર્ષોની તપશ્ચર્યાથી જે મળે તે પરોક્ષ જ્ઞાન મને શી રીતે પ્રાપ્ત થયું ? તમારો ક્રોધ મને બાળી કેમ ના શકયો ? તેના જવાબ મારી હકીકતમાં આવી જાય છે. નીતિ, સદાચાર, નિષ્કલંક અન્નનો આહાર, નિર્લોભ વૃત્તિ અને સ્વધર્મ વિષે અડગપણું એ જ અમારી સિદ્ધિનું કારણ છે. સંસારમાં રહીને અમે આ જ તપશ્ચર્યાને સર્વ ફલપ્રાપ્તિનું સાધન માનીએ છીએ. અને તે ખરું છે તે તો તમે પ્રત્યક્ષ જોયું.'

દુર્વાસા મુનિનો ગર્વ ગળી ગયો.

આજે હિંદી પ્રજા કયે માર્ગે ચાલી રહી છે ? આઝાદ સરકારના અમલદારો, વેપારીઓ, કારખાનાંમાલિકો, મજૂરો, પોલીસો, યુવાનો, યુવતીઓ, વૃદ્ધો, સૌ પોતાનું હૃદય તપાસે. શેતાનનું સામ્રાજ્ય કાઢી નાખવાના પ્રયત્નનું ફળ શયતાનિયત વધારવામાં આવશે એવું નહોતા ધારતા. આ રામ કે કૃષ્ણ કે ભરતની ભૂમિ છે ? આર્યસંતાનોની આર્ય સંસ્કૃતિ છે ? અહીં પોલીસ, સી.આઈ.ડી., વિજિલન્સબ્રાંચ, લાંચરુશ્વત વિરોધી પોલીસ, આ બધાંની હસ્તી શું બતાવે છે ? આ બધું શાથી બન્યું ? નિષ્કલંક અન્ન કયારે ખાતા થઈશું ? આ શ્રાવણ માસમાં, પવિત્ર માસમાં એનો વિચાર કરીએ અને શ્રી કૃષ્ણે ભગવદ્‌ગીતામાં નર્કના ત્રણ દરવાજા ગણાવ્યા છે, કામક્રોધ અને લોભ, તેનાથી છૂટવા પ્રયત્ન કરીએ. તુલાધાર વૈશ્યની કથાનો ફેલાવો કરવાની જરૂર આ દેશમાં આજ જેટલી કયારેય નહોતી એમ લાગે છે.

બીજું એક અવતરણ તે દિવસોમાં શ્રી અંબાલાલ પુરાણીએ સુરતમાં આપેલા વ્યાખ્યાનમાંથી ઉતારીએ.

ઇંગ્લૅન્ડ છેલ્લા યુદ્ધમાં વિજયી થયું તે કેવળ તેની સંકલ્પશક્તિ જેને અંગ્રેજીમાં 'વિલપાવર' કે ઈચ્છાશક્તિ કહે છે તેથી જ. જ્યારે હિટલરે ફ્રાંસ લઈ લીધું અને ૫૦૦ વિમાનોનો કાફલો લંડન પર હુમલો કરવા મોકલ્યો, ત્યારે તેની સામે લડવા માટે ઇંગ્લૅન્ડ પાસે માત્ર ૩૬ વિમાન જ હતાં, પણ એ છત્રીસેના વિમાનીઓએ ખૂબ જ મરણિયા બની અતિશય વેગથી ફરીફરીને આવ્યા જઈ મારો ચલાવ્યો ને ૧૮૯ વિમાનો તોડી પાડયાં. છત્રીસેએ દેખાવ એવો કર્યો કે જાણે ઇંગ્લૅન્ડ પાસે સેંકડો વિમાનો હોય! પણ ખરું જોતાં તો ફરીફરીને તેનાં તે જ વિમાનો આવ્યાં કરતાં. આ બળ જોઈ હિટલર જરા ડઘાઈ ગયો, ને તેના પર એવી છાપ પડી કે ઇંગ્લૅન્ડ પાસે બહુ મોટો કાફલો છે; ને તે થંભી ગયો. દરમિયાન રાતદહાડો અંગ્રેજ સ્ત્રી પુરુષ બાળક સૌ મંડયાં. ખૂબ ઉત્પાદન કર્યું અને લશ્કરી તાકાત વધારી દીધી. તેમણે તે વેળા ઊંઘ કે ભૂખ જોયાં નહિ. આ વાત હું અધ્ધરતાલ કહેતો નથી. ઇંગ્લૅન્ડના વિમાનદળનો અમલદાર હાલમાં અરવિંદ આશ્રમમાં આવીને વસેલો છે. તેની પોતાની પાસેથી મળેલી આ હકીકત છે.

અને એક ફકરો છેલ્લા પાનામાંથી :

વઢવાણ પાસે રામપુરા ગામના ગંગારામ નામે બ્રાહ્મણ શિક્ષકને રક્તપિત્તનો રોગ થયો. આયુર્વેદના નિષ્ણાત નાનભટ્ટ વૈદ્યે તેને એક વરસ સુધી રોજ એરંડિયું તથા ગળોનો રસ પીવાનું કહી મીઠું, સિંધવ કે કોઈ પણ મસાલા વિનાની, મગની દાળ ને ચોખાની ખીચડી સિવાય બીજું કાંઈ જ ન ખાવાની આકરી પરહેજી ફરમાવી. વર્ષ વીત્યું, રોગ મટી ગયો, પણ નાનભટ્ટ વૈદ્ય ફરતારામ હોવાથી મળે જ નહિ. એમ કરતાં નવ વર્ષ વીત્યા બાદ વૈદ્ય ગંગારામને ગામ આવ્યા ત્યાં સુધી એ જ રીતની પરહેજી એણે પાળેલી. ગંગારામે તબિયત બતાવી રોગમુક્તિ માટે યથાશક્તિ પચ્ચીસ રૂપિયા આપ્યા. વૈદ્યે પોતાના ડગલામાંથી બીજા પચ્ચીસ કાઢીને તેમાં ઉમેરી. ઊભા થઈને ગંગારામની આસપાસ સાત પ્રદક્ષિણા ફરી તેને પ્રણામ કર્યા ને પચ્ચાસે રૂપિયા તેને ચરણે મૂકયા. આશ્ચર્યચકિત થએલા લોકોએ આનો ખુલાસો પૂછતાં નાનભટ્ટ બોલ્યા : 'દર્દીને વૈદ્યો તો મળી રહે, પણ આવી આકરી પથ્ય (પરહેજી) પાળનાર દર્દી મળવા મુશ્કેલ છે. આયુર્વેદથી રક્તપિત્ત મટે છે એની સાબિતી પોતાની ચુસ્ત પરહેજીથી મને કરાવી આપનાર ગંગારામ મારા ગુરુ છે, તેથી તેમને મેં એ ગુરુદક્ષિણા આપી છે.

હવે આપણા રાષ્ટ્રગીતની સ્વરલિપિ ઉતારીએ :

આપણા રાષ્ટ્રગીત તરીકે કવિવર રવીન્દ્રનાથનું 'જનગણમન-અધિનાયક' અને બંકિમ બાબુનું 'વંદેમાતરમ્' બંને મંજૂર રખાયાં છે; પરંતુ રાષ્ટ્રગીતને માટે જે ભાવની ઉત્કટતા સાથે સંઘગાન તથા કૂચગીતને અનુરૂપ રોમાંચક ને પ્રોત્સાહક ગાનલય જોઈએ તે 'જનગણમન'માં વિશેષ છે. એ ગીત સાચા રાગમાં ગવાય તેમ શીખી લેવાની એકેએક દેશવાસીની ફરજ જ નહિ, પણ ઉમળકો હોવો જોઈએ. તે માટે મૂળ સ્વરલિપિ શાંતિનિકેતનના સંગીતકારોએ ગાંધીજીની માગણી ઉપરથી તૈયાર કરી આપી હતી, તે ૨૯૩મા અંકમાં આપી હતી. ત્યાર બાદ લંડનની રાષ્ટ્રીય રેડિયો-સંસ્થા બી. બી. સી.ના સંગીત વિભાગના અધ્યક્ષ શ્રી હર્બર્ટ મુરિલે તેને પશ્ચિમી પદ્ધતિની સ્વરલિપિમાં યોજી આપી હતી તેના નોટેશનનો આલેખ આ નીચે આપીએ છીએ. મૂળ ગીતની પહેલી



કડીમાંનાં પ્રાંતનામોમાં 'સિંધ'નો સમાવેશ થતો હતો, પરંતુ ભાગલાને પરિણામે સિંધ પાકિસ્તાનમાં ગયું હોઈ તે કમી કરીને 'કામરૂપ' ઉમેરવામાં આવ્યો છે. એ સુધારેલી કડી પણ ફરીથી આ નીચે આપીએ છીએ :

જનગણમન-અધિનાયક જય હે ભારતભાગ્યવિધાતા.
કામરૂપ પંજાબ મરાઠા ગુર્જર દ્રવિડ બંગ,
ઉત્કલ વિંધ્ય હિમાચલ યમુના ગંગા જલધિતરંગા;
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે;
ગાયે તવ જય ગાથા.
જનગણ મંગલદાયક જય હે ભારતભાગ્યવિધાતા,
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે.

એ આખું ગીત હિંદી સ્વરલિપિ સાથે ૨૯૩મા અંકમાં આવી ગયું છે. ૩૨૫ ('કુમાર' અંક ૬૨૦)

એક એવું જ રસભર અવતરણ 'અધિક માસ' અંગેનું જોઈએ :

અંગ્રેજી મહિના ને તારીખ ઉપરથી આપણે ઋતુ કહી શકીએ છીએ; પણ ચંદ્રની કળા કહી શકતા નથી. ઈસ્લામી મહિના અને તારીખ ઉપરથી હિંદુ તિથિ પેઠે ચંદ્રની કળા કહી શકીએ છીએ પણ ઋતુ કહી શકતા નથી. હિંદુ મહિના ને તિથિ પરથી આપણે ઋતુ ને ચંદ્રની કળા બંને કહી શકીએ છીએ. ઉપરાંત બીજી કેટલીક બાબતો પણ તરત જણાઈ જાય છે. જેમ કે શ્રાવણ માસ ઉપરથી આપણને જણાય છે કે શ્રવણ નામના તારાનો સમૂહ આ માસમાં સાંજે પૂર્વમાં ઊગશે; એ તારાઓની પાસે ચંદ્ર આ માસની પૂનમે આવશે; વગેરે.

આમ, હિંદુ પંચાંગ ચંદ્રની કળા તથા ઋતુ એ બંનેને એકસાથે શી રીતે સાચવી શકે છે તે બાબતનો વિચાર કરીએ.

ચંદ્રની કળાને શી રીતે સાચવે છે તે સૌ જાણે છે. હિંદુ માસ અમાસથી અમાસ સુધી (ઉત્તર હિંદમાં પૂનમથી પૂનમ સુધી) ગણાય છે. તેમાં ૩૦ તિથિ હોય છે, તેના પરથી ચંદ્રની કળા જણાય છે. પણ હિંદુ માસ ઋતુઓને શી રીતે સાચવે છે એ સમજવું સહેલું નથી. અમાસથી અમાસ સુધી (કે પૂનમથી પૂનમ સુધી) ૨૯.૫૩ દિવસ થાય છે. આને આપણે 'ચંદ્રમાસ' કહીશું. આ વર્ષની અમુક ઋતુથી આવતા વર્ષની તે જ ઋતુ સુધીમાં ૩૬૫.૨૪ દિવસ થાય છે. આને આપણે 'સૌર વર્ષ' કહીશું. અંગ્રેજી વર્ષ સૌર છે. તેમાં ૩૬૫ દિવસ હોય છે; ને વધારાના .૨૪ દિવસ માટે તેમાં દર ચાર વર્ષે એક વધારાનો દિવસ આવે છે. સૈકાના વર્ષમાં તે વધારાનો દિવસ આવતો નથી. તેથી અંગ્રેજી ૧૦૦ વર્ષના ૩૬૫૨૪ દિવસ થાય છે. આ ઉપરથી વર્ષની લંબાઈ ૩૬૫.૨૪ દિવસ મળી રહે છે.

હવે આપણે હિંદુ (ચાંદ્ર) માસ અને અંગ્રેજી (સૌર) વર્ષ વચ્ચેનો તફાવત વિચારીએ ! ૧ સૌર વર્ષના દિવસ =૩૬૫.૨૪

૧૨ ચાંદ્રમાસના દિવસ=૧૨×૨૯.૫૩=૩૫૪.૩૬ તફાવત ૧૦.૮૮ દિવસ


એટલે કે ૧૨ ચાંદ્રમાસ કરતાં ૧ સૌરવર્ષ ૧૦.૮૮ દિવસ મોટું છે. આ તફાવત દર વરસે વધતો જાય છે. તો આ તફાવત ૨૯.૫૩ દિવસ ક્યારે થશે? બીજી રીતે કહીએ તો ૧૦.૮૮ દિવસનો ફરક ૧૨ ચાંદ્રમાસમાં આવે છે, તો ૨૯.૫૩ દિવસનો ફરક કેટલા ચાંદ્રમાસમાં આવશે? જવાબ ૨૯.૫૩×૧૨÷૧૦.૮૮=૩૨.૫૭ ચાંદ્ર માસ.

આનો અર્થ એ કે દર ૩૨ કે ૩૩ ચાંદ્રમાસ પછી એક ચાંદ્રમાસ ઉમેરવાથી ઋતુઓની સાથે ચાંદ્રમાસનો મેળ મળી રહેશે. આ ઉમેરેલા માસને 'અધિક માસ' કહે છે. અંગ્રેજી વર્ષમાં ચાર વરસે આવતી ફેબ્રુઆરીની ૨૯મી તારીખની વ્યવસ્થા આના જેવી જ છે. આપણે એ વધારાની ૨૯મી તારીખને 'અધિક તારીખ' કહી શકીએ !

દરેક અધિક માસ ૩૨ કે ૩૩ માસને અંતરે આવતો નથી, પણ થોડો વહેલો કે મોડો આવે છે. આનું કારણ એ છે કે સૂર્ય-ચંદ્રની ગતિ હમેશાં એકસરખી રહેતી નથી. પરંતુ એકંદરે લાંબે હિસાબે બે અધિક માસની વચ્ચે ઉપર જણાવેલું સરાસરી ૩૨.૫૭ માસનું જ અંતર આવે.

ઇસ્લામી માસ ચંદ્રદર્શનથી ચંદ્રદર્શન સુધી ગણાતો હોવાથી ચંદ્રદર્શનને બીજે દિવસે નવા માસની પહેલી તારીખ ગણાય છે. તેથી ઇસ્લામી માસની લંબાઈ હિંદુ માસના જેવડી જ છે. પણ ઇસ્લામી વર્ષમાં અધિક માસ ઉમેરવામાં આવતો નથી. તેથી ઇસ્લામી પંચાંગમાં ઋતુઓ દર ત્રણ વર્ષે એક માસ જેટલી મોડી આવે છે અને લગભગ ૩૩ વર્ષમાં દરેક માસમાં દરેક ઋતુ આવી જાય છે. તાજિયા (મોહરમ) ને (રમઝાન) શિયાળામાં, ઉનાળામાં તેમ ચોમાસામાં પણ આવે છે એ ઘણાંના ધ્યાનમાં હશે.

હિંદુ પંચાંગમાં અધિક માસની વ્યવસ્થાને લીધે અમુક હિંદુ ચોક્કસ મહિનાઓમાં ચોક્કસ જ ઋતુ હમેશાં આવે છે. □



અને છેલ્લે, ૨૫ વર્ષ પહેલાં આવેલું એક ચિત્ર પૃષ્ઠ: ચાલવામાં પણ શરીરની રચના અનુસાર પગલું માંડવાની કાળજી ન રખાય તો શ્રમ વધારે પહોંચે છે, અંગ વિકૃત થાય છે અને આરોગ્ય જોખમાય છે. ઉપરના આલેખમાં મથાળે ત્રણ પ્રકારની ચાલવાની રીત બતાવી છે, તેમાં પહેલી–પગલાં અંદર નાખીને ચાલવાની રીત અને ત્રીજી–પગલાં બહાર પહોળાં નાખવાની રીત બંને ખોટી છે. વચ્ચે દર્શાવેલી, મધ્યરેખા પર બરાબર સીધાં પડતાં પગલાંવાળી રીત જ સાચી છે. તેનાં કારણો સાથે વર્ણન તેમાં આપ્યાં છે. એ જ રીતે ઊભા રહેવામાં કઈ રીત સાચી અને તંદુરસ્ત તથા ખોડવાળાં પગલાં ક્યાં તે પણ નીચેનાં ચિત્રોમાં દર્શાવ્યું છે. એડી મિલાવીને ઊભા રહેવાની સૈનિકોની રીત આરોગ્યદૃષ્ટિએ ખોટી ઠરી છે અને તેને પડખે, ખુલ્લા પગનું તથા જોડા સાથેનું પગલું કેવું હોવું જોઈએ તે કાળી આકૃતિથી દર્શાવ્યું છે. લીટીવાળી આકૃતિથી દર્શાવ્યા મુજબ તદ્દન ચપટ કે જોડામાં સંકડાએલું પગલું હાનિકારક છે. પગલાંની પ્રક્રિયા સમજવા પગના સ્નાયુ ને હાડકાંનું ચિત્ર પણ જમણી બાજુ આપ્યું છે.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : 'કણો' · 'સાપોલિયું'

સાપના તદ્દન નાના બચ્ચાને 'કણો' કહે છે. 'શૈલકણ' એટલે ખડક કે ટીંબા. તે પ્રમાણે 'સર્પકણ' કે 'સર્પકણક' એટલે 'ઝીણો સાપ'—એવા શબ્દને ટૂંકાવીને 'કણક:' ઉપરથી 'કણઓ' દ્વારા 'કણો' બન્યો હોય. બીજી સંભાવના તેને 'કન્યા', 'કનીયસ્', 'કન્યસ', 'કનીન' વગેરે સંસ્કૃત શબ્દોમાં રહેલા ધાતુ 'કન' એટલે 'બાળ વયનું' એ ઉપરથી ઊતરી આવેલો ગણવાની છે.

સાપના બચ્ચા કે નાનકડા સાપ માટે 'સાપોલિયું' પણ જાણીતો છે. આને મળતો પંજાબીમાં 'સપોલા' અને હિંદીમાં 'સંપોલા' છે. ટર્નરે તેમના મૂળ તરીકે 'સર્પ+પોતલક' સૂચવ્યો છે. સાપના બચ્ચા માટે પાલિમાં 'સપ્પપોતક' મળે છે. પરંતુ આમાં મુશ્કેલી એ છે કે તો 'પોતલક'નો લકાર ગુજરાતી શબ્દમાં ળકાર રૂપે મળવો જોઇએ. 'બચ્ચું'–'બચોળિયું', 'ડાભ'-'ડાભોળિયું' વગેરે જેવા શબ્દોનું ઘડતર જોતાં આપણે 'સાપોલિયું'ના મૂળમાં પ્રાકૃત 'સપ્પ'ને લઘુતાવાચક, 'ઉલ્લ' પ્રત્યય લાગીને બનેલા 'સપ્પુલ્લ', 'સાપોલ્લ' હોવાનું માનવું પડશે. 'દાઝોલાં', 'થપોલાં' જેવાં બીજાં થોડાંક ઉદાહરણો છે.

હરિવલ્લભ ભાયાણી

સ્વ. ત્રિભુવન વ્યાસ

[ઈ. ૧૯૨૨માં ગાંધીજીએ ઉપાડેલા સ્વાતંત્ર્ય-સંગ્રામના શરૂના દિવસોમાં 'નવજીવન'માં સરકારવિરોધી લેખો લખવા માટે ગાંધીજીને સરકારે પહેલી વાર જેલવાસી કર્યા પછી, 'નવજીવન' પત્રો ચાલુ રાખવા ઉપરાંત, ગાંધીજીની ગેરહાજરીમાં એમના વિચારો વિશાળ વાચક-સમુદાયને પહોંચાડવાના ઉદ્દેશથી 'નવજીવન પ્રકાશન મંદિર' શરૂ કરવામાં આવ્યું. તેની શરૂઆત સ્વ. ચન્દ્રશંકર પ્રાણશંકર શુક્લ અને આ લખનારથી થયા પછી થોડા મહિને સૌરાષ્ટ્રના એક ઊગતા કવિ આવીને જોડાયા. ત્યાર બાદ કાકાસાહેબ કાલેલકર પણ જેલ ગયા ને તંત્રીપદે મહાદેવભાઈ દેસાઈ (જેલમાંથી છૂટીને) આવ્યા. એ દિવસોમાં એક દહાડો કાર્યાલયે આવીને જોયું તો કવિ ગણગણતા ગણગણતા કાંઈક લખતા હતા. પૃચ્છા કરતાં મને કાગળ બતાવ્યો તો એક લાંબા ગરબાની ત્રીસેક લીટીઓ એમાં લખેલી હતી. એની શરૂઆત હતી—

અંગરેજી રાજ તો આવ્યું,
આવીને ફાવ્યું, રતનબા !

થોડી વારે મહાદેવભાઈ આવતાં એ તો એ વાંચીને ઝૂમી ઊઠ્યા અને બહુ હોંશભેર એ ગરબો 'નવજીવન'માં છાપ્યો. એ હતો જલિયાંવાલા બાગના હત્યાકાંડ વખતે બનેલા એક પ્રસંગ ઉપર રચાએલો, પેલો અત્યંત લોકપ્રિય બની ગએલો 'રતનબાનો ગરબો', અને એ કવિ હતા ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ.

પછી તો 'કુમાર' શરૂ થતાં એમનાં જાણીતાં કિશોરકાવ્યો એમાં ઉત્તરોત્તર પ્રકટ થતાં રહ્યાં અને અમારો સંબંધ જામતો ગયો. હમણાં થોડા સમય પર એમનું અવસાન થયું. કારકિર્દીના એ આરંભકાળે સાથે ગાળેલા એ ઉદ્રેકસભર-મીઠા દિવસોનું સ્મરણ કરીને તિલોદકમરૂપે આ નીચે એમનો ટૂંકો પરિચય આપું છું. –બ. રા.]



જેમનાં અનેક બાળ-કિશોર કાવ્યોએ બબ્બે-ત્રણત્રણ પેઢીઓથી બાળહૈયાંને મુગ્ધ રાખ્યાં છે તે વયોવૃદ્ધ કવિ ત્રિભુવન ગૌરીશંકર વ્યાસનું ૮૭ વર્ષની પાકટ વયે ૪થી જુલાઈ ૧૯૭૫ના રોજ એમના વતન રાજકોટ ખાતે અવસાન થયું ત્યારે બાળકાવ્યોના ક્ષેત્રે, બાળકોને ખયાલ પણ ન આવે તેવી, ભારે ખોટ પડી છે.

સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લામાં જૂના સાવર ગામના વતની આ બ્રાહ્મણ કવિનો જન્મ સેંજળ નામક નાના ગામમાં ઈ. ૧૮૮૮ના મેની ૨૨મી તારીખે પોતાના મોસાળમાં થએલો. પ્રાથમિક કેળવણી વતનમાં પૂરી કરી, ત્યાં પિતાનું અવસાન થતાં અભ્યાસને તિલાંજલિ આપવી પડેલી. કુટુંબની જવાબદારીને લઇને એમણે સૌપ્રથમ અમરેલી પાસે દલખાણિયામાં શિક્ષક તરીકે નોકરી સ્વીકારી લીધી. ત્યાં એમનું હીર પારખી લઈ શાળાધિકારીએ એમને અમરેલીની શાળામાં બોલાવી લીધા. અમરેલીમાં એમની કામગીરીથી ખુશ થઈ સયાજીરાવ ગાયકવાડે એમને વડોદરા ખાતે અધ્યાપન મંદિરમાં બે વર્ષના વધુ અધ્યયન માટે મોકલ્યા. પૂરા દિલથી આ અભ્યાસ સારી રીતે પૂરો કરી એઓ પાછા અમરેલીની શાળામાં કામે લાગી ગયા. ત્યાં તો આવી પહોંચ્યું ગાંધીજીનું સ્વાતંત્ર્ય–આંદોલન. શ્રી ઠક્કર બાપાના આદેશથી એઓ શાળાની નોકરી છોડી ખાદીપ્રચારના કામમાં લાગી ગયા.

સમય જતાં ખાદીના કાર્યમાં ઓટ આવી અને ત્રિભુવનભાઇને 'સૌરાષ્ટ્ર' પત્રના તંત્રી સ્વ. અમૃતલાલ શેઠે બોલાવી લીધા. અહીં જ ઝવેરચંદ મેઘાણીની પ્રેરણાથી એમનું પ્રસિદ્ધ કાવ્ય 'ધન્ય હો ધન્ય સૌરાષ્ટ્ર ધરણી' રચાયું હતું. વળી પાછી મુશ્કેલી ! હવે એઓ સપરિવાર અમદાવાદ આવ્યા અને 'નવજીવન' કાર્યાલયમાં સ્વામી આનંદે એમને રાખી લીધા. અહીં જ એમણે જલિયાંવાલા બાગના અમાનુષી હત્યાકાંડનું હૃદયદ્રાવક નિરૂપણ કરતો પેલો પ્રસિદ્ધ 'રતનબાનો ગરબો' રચી નામનામાં વધારો કર્યો. પરંતુ અમદાવાદ એમને આરોગ્યની દૃષ્ટિએ અનુકૂળ ન જણાતાં ગાંધીજીએ એમને રાજકોટની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક તરીકે મોકલી દીધા. ત્યાં સર લાખાજીરાજ લોકજીવનની કાયાપલટ કરવા થનગની રહ્યા હતા. એમણે ત્રિભુવનભાઇને સમાજના પ્રત્યેક વર્ગને ઉપયોગી થાય એવો શિક્ષણક્રમ અને એ માટેનાં પુસ્તકો તૈયાર કરવાનું કામ સોંપ્યું. શિક્ષક તરીકે ઘણું મૌલિક કાર્ય કરવાની એમને આથી તક સાંપડી રહી. રાજકોટમાંથી નિવૃત્ત થયા બાદ એમણે શેષ જીવન ત્યાં જ ગાળ્યું.

કુટુંબના સ્વામીનારાયણ સંપ્રદાયે નાનપણથી જ એમના પર સદાચાર અને સંયમની ઊંડી છાપ પાડેલી. એમના શિક્ષણ-વ્યવસાયમાં પણ પ્રજા-ઘડતર અને ચારિત્ર્ય-ચણતર માટે આ સંપ્રદાયદીધા સંસ્કારોએ જ બળ પૂરું પાડેલું. એમની કાવ્યબાનીની સરલતા ને ઉચ્ચ જીવન-નિષ્ઠ આદર્શોનો સંભાર પણ આ જ સંપ્રદાયે એમનામાં કેળવેલાં. સદા બાળકો વચ્ચે જ રહેલા આ સાચદિલ શિક્ષકનાં બાળકાવ્યોમાં કિશોર-કિશોરીઓની કલ્પનાશક્તિને ખીલવે એવાં વિષયનિરૂપણો સાથે ઉમદા ગુણોનું સિંચન કરે તેવા આદર્શો પણ એમણે ગૂંથી લીધા છે. બાળકોને રુચે તેવા સરળ વિષયોને વિશદ ભાષાશૈલીમાં રજૂ કરવાની એમની ફાવટ અજોડ છે. નૈસર્ગિક પ્રાસશક્તિ, પ્રાસાદિક બાની, સરળ લય, ચારુ ચિત્રાત્મકતા વગેરે ગુણોએ એમનાં બાળકાવ્યોને પાઠ્યપુસ્તકો દ્વારા અનેક બાળકોના કંઠમાં ગુંજતાં કરી મૂક્યાં છે.

એમણે સ્વામીનારાયણ સંપ્રદાયના પાંચ

સંતોનું ચરિત્ર નિરૂપતો ગ્રંથ 'સદ્‌ગુરુ ચરિત્ર' પણ તૈયાર કરેલો છે અને મહાકવિ કાલિદાસનાં 'મેઘદૂત' તેમજ 'ઋતુસંહાર'નાં સુચારુ ભાષાંતરો પણ આપેલાં છે. આમ, એક સંસ્કારમૂર્તિ શિક્ષક અને બાળહૃદય તેમજ બાલમાનસને સમ્યક્‌રીતે જાણનાર સફળ બાળકાવ્યોના કવિ ત્રિભુવન વ્યાસના અવસાન પછી પણ એમનાં અમર વારસા જેવાં આ બાળકાવ્યો હજુ ઘણી પેઢી સુધી બાળકોને પ્રેરણા, પ્રોત્સાહન અને પ્રમોદ આપ્યા કરશે, તેની સાથેસાથે એ ક્ષેત્રમાં કલમ ચલાવવા ઇચ્છનાર કવિઓને માર્ગદર્શક પણ બની રહેશે. —ધી. પ.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



જયંત હિ. પાઠક

જન્મ: તા. ૨૦-૧૦-૧૯૨૦, રાજગઢ (પંચમહાલ)માં. '૧૯૨૦ પછીની ગુજરાતી કવિતા' પર મહાનિબંધ લખી પીએચ. ડી. થયા. ૧૯૫૩થી સૂરતની એમ. ટી. બી. કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક, ૧૯૬૫થી '૭૪ ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન સંશોધન સંસ્થા–સૂરતના માનાર્હ અધ્યક્ષ. એમની કૃતિઓ: મર્મર, સંકેત, વિસ્મય, સર્ગ કાવ્યસંગ્રહો; આધુનિક કવિતા પ્રવાહ, આલોક, કાવ્યલોક, ભાવયિત્રી-વિવેચનગ્રંથો; ચેખોવની શ્રેષ્ઠ નવલિકાઓ, ધારે વહે છે દોન-અનુવાદો; વનાંચલ–સ્મૃતિકથા. કાવ્યસંગ્રહ અતીત અને અનુવાદિત નવલકથા ક્રાન્તિની કથા અપ્રકટ. 'કુમાર ચંદ્રક', 'નવચેતન ચંદ્રક' અને 'નર્મદ સુવર્ણચંદ્રક' તથા ગુજરાત રાજ્યનાં પારિતોષિકો મેળવ્યાં છે. નર્મદ સાહિત્ય સભાની કાર્યવાહક સમિતિના સભ્ય, ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી, 'પી. ઈ. એન.'ના સભ્ય અને રાજ્યની સાહિત્ય અકાદમીના સલાહકાર સભ્ય.

૧ કાવ્યપ્રવાહના વળાંકો વિશે આપનું મંતવ્ય જણાવશો?

ઉ. કાવ્યપ્રવાહોમાં નવા વળાંકો આવતા જ રહે છે. દરેક વળાંક રૂઢ થએલી રીતિ છોડીને નવો માર્ગ શોધવા મથે છે. આજની કવિતા પણ એવી એક મથામણ છે. કવિ ભાષા-પ્રપંચના નવાનવા તરીકા અજમાવીને કાવ્યને પામવાનો પ્રયાસ કરી રહ્યો છે. ક્યારેક દેખાદેખીથી તો ક્યારેક પૂરી ગંભીરતા અને સાચી શક્તિથી.

૨ વિવેચનનાં પ્રયોજન ને કાવ્યનો આપનો અનુભવ કયા પ્રકારનો?

ઉ. કલાકૃતિને પામ્યાનો ને આત્મસાત્ કર્યાનો આલેખ તે વિવેચન. કૃતિને જ નજર આગળ રાખીને, પોતાના રાગ-દ્વેષને બને એટલા ગાળીને આસ્વાદ પામવાની શુદ્ધ વૃત્તિથી પ્રેરાઈને જે વિવેચન કરે તે સાચો વિવેચક.

૩ કેળવણીકાર અને પ્રાધ્યાપક તરીકે વર્તમાન કેળવણી સંબંધી આપનું મંતવ્ય?

ઉ. જ્યારે થોડાક થોડું પણ કરવાની હિંમત અને સૂઝ દાખવશે ત્યારે જ કેળવણી-કાર્યનું ખૂંપી ગએલું ગાડું ચીલે ચડે એવો સંભવ છે.

૪ કાવ્યની વ્યાખ્યા સંબંધી આપનું દૃષ્ટિબિંદુ કયા પ્રકારનું છે?

ઉ. કાવ્યની સંપૂર્ણ વ્યાખ્યા આજ સુધી કરી શકાઈ નથી. છતાં જેમાં દર્શન-વર્ણનની લોકોત્તર ચમત્કૃતિ શબ્દમાં સિદ્ધ થતી હોય તે કવિતા એમ કહી શકાએ.

૫ આપ અનુવાદના પણ શોખીન છો. અનુવાદની આપની રીતિ દાખવશો?

ઉ. શબ્દશ: ભાષાંતર, રૂપાન્તર, અનુસર્જન જેવી અનુવાદની અનેક રીતિઓ છે, ને તે બધી અનુવાદના પ્રયોજનના સંદર્ભમાં ઇષ્ટ પણ હોય. એટલે આ કે તે રીતિનો આગ્રહ રાખવો બરોબર નથી. શાસ્ત્રીય ચોકસાઈની અપેક્ષા હોય ત્યાં શબ્દશ: ભાષાંતરનો આગ્રહ રખાય. કાવ્ય, નવલકથા જેવામાં શબ્દશ: ભાષાંતરને બદલે ક્યારેક મુક્ત અનુવાદ વધારે ઉપકારક જણાય.

૬ ગદ્ય ને પદ્ય અંગેની આપની માન્યતા કયા પ્રકારની?

ઉ. પદ્ય અને ગદ્યને સામસામે મૂકવા કરતાં હું કવિતા અને ગદ્યને સામસામે મૂકવાનું પસંદ કરું. કવિતાપંખીની પાંખો મોટી, ગતિ તીવ્ર ને એની ઉડાન વિશાળ વ્યાપવાળી, ગદ્યપંખીની પાંખો ટૂંકી અને ગતિ સીમિત.

૭ સાહિત્યિક ક્ષેત્રે કયો યુગ આપને સવિશેષ ગમે? કેમ?

ઉ. વર્તમાન યુગ. કેમ કે એમાં મને ભૂતકાળના ખભા ઉપર ચડીને ભાવિમાં વધારે દૂર સુધી જોવાની તક ને સગવડ મળતી હોય છે.

જયન્ત પાઠક

નવી કથાઓ

ઉપરવાસ કથાત્રયી (ઉપરવાસ, સહવાસ, અંતરવાસ): 'પૂર્વરાગ' ને 'અમૃતા'ના સર્જક શ્રી રઘુવીર ચૌધરીની આ કથાત્રયી શ્રી પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ'થી આરંભાએલી કથાત્રયીની ઢબે આલેખાએલી સુદીર્ઘ નવલકથા છે. પોતાના વતનની આ કથા આલેખતાં લેખકે સાબરમતીથી દૂર એવા પોતાના ઈલાકાને સાબરમતીની નજીક લાવી છેલ્લાં પચાસેક વર્ષના એ પ્રદેશના બનાવોનું આલેખન પાત્રોને પ્રાધાન્ય આપી કર્યું છે. રઘુવીરની સર્જકતાનો આહ્‌લાદ અનુભવી શકાતો હોવા છતાં આ કથાત્રયીમાં એમને પન્નાલાલ પટેલ જેટલી સફળતા મળી નથી એ સખેદ નોંધવું રહ્યું. (પૃ. ૪૭૨, ૪૫૪, ૪૫૫, અને કિંમત અનુક્રમે રૂ. ૨૨–૫૦, રૂ. ૨૧–૭૫, રૂ. ૧૯–૭૫; ત્રણેનાં પાકાં પૂઠાં)

ઘૂમરી: પોતાના પતિની ખામીના લીધે સંતાન પ્રાપ્ત નહિ કરી શકેલી ઇશિતા પતિના રંગીલા મિત્ર નિમિત્તના સંપર્કથી પુત્ર પ્રાપ્ત કરતાં પતિને પોતે છેતરી રહી છે એવા ખયાલથી જે વેદના અનુભવે છે અને અંતે આપઘાત કરે છે એનું કલાત્મક આલેખન કરતી 'વંચિતા' અને 'કાયર'ના સર્જક શ્રી મોહમ્મદ માંકડની જકડી રાખી શકે એવી આકર્ષક નવલકથા (પૃ. ૨૧૬, પાકું પૂઠું, રૂ. ૧૦–૫૦)

આ ભવની ઓળખ: કલ્યાણી નામની પોતાના પ્રિયતમથી છેતરાએલી યુવતી રાજદેવ નામના હાણચોરીનો ધંધો કરતા યુવક દ્વારા આપઘાત કરતી અટકાવાય છે, એવા સિનેમામાં આકર્ષક લાગે એવા દૃશ્યના વર્ણનથી શરૂ થતી અને રજનીશજીની શિબિરોનું વર્ણન કરતી કથન-પ્રધાન ચીલાચાલુ નવલકથા (લે. શ્રી વિઠ્ઠલ પંડયા; પૃ. ૩૮૫, પાકું પૂઠું, રૂ. ૧૮–૨૫)

કંઈ ચાહ નથી: આજના યંત્રયુગમાં એકબીજાથી વિખૂટા પડી ગએલા, સ્મૃતિ ગુમાવી બેઠેલા અને લાગણીહીન બની ગએલા માનવીઓ દિશાશૂન્યતા અને વ્યર્થતાનો અનુભવ કરી રહ્યા છે એવું જગમોહન, કરુણાશંકર, વિનાયક આદિ પાત્રો દ્વારા જુદાજુદા સંદર્ભોમાં આલેખતી શ્રી ભગવતીકુમાર શર્માની નવી, છતાં નવી શૈલીના ઘટાટોપ વિનાની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ (પૃ. ૧૯૨, પાકું પૂઠું, રૂ. ૯–૨૫)

લોકપ્રિય પ્રકાશન
પ્રિન્સેસ સ્ટ્રીટ • મુંબઈ-૨

આક્રંદ : 'આક્રંદ' અને 'સપનાં સળગ્યાં સાગરમાં' નામની શ્રી ગુણવંત ભટ્ટની બે લઘુ નવલો પૈકી પહેલીમાં, એક પિતા પણ જુદી જુદી માતાઓનાં સંતાનો એવાં ભાઈબહેન વચ્ચેના પ્રેમની અપ્રતીતિકર ઘટના કવેતાઈ ભાષામાં આલેખાઈ છે; અને બીજીમાં એક પ્રૌઢ પુરુષના હવસનો ભોગ બનેલી મુસ્લિમ યુવતીની વેદના આલેખાઈ છે. બંને કૃતિઓ મધ્યમ કક્ષાના કથારસિયા વાચકોને આકર્ષી શકે એમ છે. (પૃ. ૩૦૭, પાકું પૂઠું, રૂ. ૧૦)

સૂકા સાગર—ભીના કિનારા : શ્રી ગુણવંત ભટ્ટની આ રહસ્યભરપૂર નવલકથા સામાન્ય વિશ્રંભકથાઓ કરતાં જુદા પ્રકારની ભાવાત્મક રહસ્યકથા છે એવો એમનો દાવો મહદ અંશે સાચો છે. રાયબહાદુર ભગવાનદાસની હવેલીમાં એમના વારસ ભાવેશને એની પત્ની રૂપરાણીથી દૂર રાખવા કેવાં કેવાં કાવત્રાં યોજાયાં છે એનું આલેખન કરતી આ કથામાં વાચકને જકડી રાખવાની ક્ષમતા છે. (પૃ. ૨૧૮, પાકું પૂઠું, રૂ. ૧૦-૫૦)

ચહેરા મહોરા : પોતાના પ્રિયતમને નહિ પામી શકતી સ્મિતા નામે યુવતી, પતિ રાજેશના અન્ય પુરુષ સાથે સંબંધ બાંધવાના આગ્રહને વશ થવા કરતાં મૃત્યુને ભેટવાનું પસંદ કરે છે એનું આલેખન કરતી લેખક પ્રીતમલાલ કવિની મધ્યમ કક્ષાની નવલકથા (પૃ. ૨૮૮, પાકું પૂઠું, રૂ. ૧૩-૭૫)

અગન પડછાયા : કેતન અને પ્રિયમ્ નામના અનુક્રમે દુર્ગુણી અને સદ્‌ગુણી ભાઈઓના વર્તનથી ઊભી થતી ઘટનાઓનું આલેખન કરતી કરુણાંત નવલકથા. સામાન્ય વાચકોને કથારસ પૂરો પાડતી શ્રી ગુણવંત ભટ્ટની આશાસ્પદ કૃતિ. (પૃ. ૨૨૨, પાકું પૂઠું, રૂ. ૧૦)

અન્ય નવલકથાઓ

સક્કરબાર : વલસાડના એક બ્રાહ્મણ અમૂલખ દેસાઈ ગુલામોનો વેપાર કરતા દેશી ને વિદેશી વેપારીઓ, વહાણો લૂટતા ચાંચિયાઓ ને લોહીના વેપારમાં સંડોવાએલા દલાલો સામે બહારવટે ચડી કેવા જીવસટોસટના ખેલ ખેલે છે એનું આલેખન કરતી જાણીતા દરિયાઈકથાઓના આલેખક ગુણવંતરાય આચાર્યની વાચકોનો આવકાર પામેલી નવલકથાની બીજી આવૃત્તિનું પુનર્મુદ્રણ. (પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ-૧; પૃ. ૩૧૦, પાકું પૂઠું, રૂ. ૧૫)

હજારી : સક્કરબારના અનુસંધાનમાં ચાલતી એ જ લેખક પ્રકાશકની દરિયાઈ સાહસની આકર્ષક કૃતિ. (પૃ. ૩૨૩, પાકું પૂઠું. રૂ. ૧૫)

ઉરુ ('કુમાર' અંક ૬૨૦)

વાચિનીદેવી : શ્રી ધૂમકેતુની જાણીતી ઐતિહાસિક નવલકથાનું છઠ્ઠું પુનર્મુદ્રણ. સોલંકી યુગના મહાન સ્થાપક મૂલરાજદેવની પુત્રી વાચિનીદેવીએ એના પરાક્રમી પણ વિલાસી ભાઈ ચામુંડના સમયમાં રાજની ધુરા કેવી પ્રતિભાથી અને પરાક્રમથી સાચવી એનું આલેખન કરતી આકર્ષક નવલકથા. (પ્રકાશક ઉપર મુજબ; પૃ. ૨૮૨, પાકું પૂઠું, રૂ. ૧૨-૫૦)

તૃષા : કૉલેજકાળમાં પરિચયમાં આવેલાં પોલી, સપન અને સ્વામીમાં પોલી પ્રથમ સપનને ચાહવા લાગે છે અને પોલી સપન સાથે મળી ડૉ. સ્વામીની સંભાળ રાખે છે; પણ ક્ષયના દરદી બનેલા સ્વામીના બબડાટ પરથી સપનને ખયાલ આવે છે કે સ્વામી પોલીને ચાહે છે. એથી તે એમના જીવનને સરળ બનાવવા ચાલ્યો જાય છે પ્રતીતિજનક પ્રસંગો વિનાની આ લઘુ નવલ નીલાબહેન શાહની મુગ્ધાવસ્થાની કૃતિ છે. છતાં ભાવિ માટે આશાસ્પદ છે. (રૂપાલી પ્રકાશન, અમદાવાદ-૪; પૃ. ૧૩૩, પાકું પૂઠું, રૂ. ૫)

ડૉ. રેખા : પ્રિયતમથી છેતરાએલી રેખા નામની યુવતી ડૉક્ટર બની ગામડામાં જાય છે અને ત્યાંના સેવાભાવી યુવાન રવિ તરફ આકર્ષાય છે અને એની સાથે લગ્ન કરે છે તેનું, ગામડા સુધી પ્રવેશી ગએલા રાજકારણ સાથે સફળ આલેખન કરતી વાચનક્ષમ નવલકથા (લે. ખલીલ ધનતેજવી, પ્રકાશક ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ, રાવપુરા, વડોદરા-૧; પૃ. ૨૯૦, પાકું પૂઠું, રૂ. ૧૪)

દરિયે લાગ્યો દવ : એક નપુંસક પુરુષના કાવત્રાનો ભોગ બની ટેસ્ટ ટ્યૂબ દ્વારા પુત્ર પ્રાપ્ત કરતી પત્નીની વેદના પૂર્ણ, વાચનક્ષમ નવલકથા શ્રી અનિલ કોઠારી અને આર. જે. ચીનવાલાના સહિયારા પ્રયાસનું કથા રસિયા વાચકોને આકર્ષે એવું સર્જન. (પ્ર. એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨; પૃ. ૨૫૫, પાકું પૂઠું, રૂ. ૧૧-૫૦)

—બહાદુરશાહ પંડિત

નવાં પ્રકાશનો

બાલગોવિંદ પ્રકાશન
ગાંધીમાર્ગ • અમદાવાદ-૧

ગુરુ નાનક—જીવન અને કાર્ય : શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકની પાંચસોમી જયન્તી નિમિત્તે એમના જન્મથી નિધન સુધીના જીવનકાર્યને આલેખતું શ્રી ઈશ્વરભાઈ પટેલ લિખિત આ સંક્ષિપ્ત ચરિત્ર કિશોરોને પથ્ય વાચન પૂરું પાડવાની સાથે ચરિત્ર-નાયકના જીવનસંદેશ અને કાર્યસાધના સમા માનવ-ઐક્યના, પ્રભુના સર્વસત્તાની, ધર્માંધ રૂઢિના નાશના, મનુજ પ્રેમની ઉત્તમ અને ઉન્નત ભાવનાઓને નાનકના જ જીવન પ્રસંગો દ્વારા સરળતાથી નિરૂપી નવી પેઢીને નવસમાજના પાયાના સિદ્ધાંતો સમજાવી જાય છે. કિશોરભોગ્ય લખાવટ અને સ્વચ્છ છપાઈ પુસ્તકની વિશેષતામાં ઉમેરો કરે છે. (પાકું પૂઠું, પૃ. ૧૪૦, રૂ. ૪)

આવા છે મહારાજ—ભાગ ૧ થી ૪ : ગુજરાતના વયોવૃદ્ધ મૂક સેવક રવિશંકર મહારાજના વ્યક્તિગત, સામાજિક તથા રાજકીય જીવનમાંથી એમની સાદગી, કરકસર, સચ્ચાઈ, કોઠાસૂઝ, હિમ્મત, ક્ષમા વગેરે ઉમદા ગુણોને બાલ-કિશોરભોગ્ય શૈલીમાં રજૂઆત પામેલા પ્રસંગો દ્વારા શ્રી શિવાભાઈ ગો. પટેલે જે સરસ રીતે ઊપસાવી આપ્યા છે તે પ્રેરક વાચન પૂરું પાડે છે. (પ્રત્યેકનું કાચું પૂઠું; ભાગ-૧, પૃ. ૩૫, રૂ. ૧; ભાગ-૨, પૃ ૪૩, રૂ. ૧-૨૫; ભાગ-૩, પૃ. ૪૦, રૂ ૧-૨૫; ભાગ-૪, પૃ. ૪૪ રૂ. ૧-૨૫)

માર્ક્સ, માઓ, ગાંધી—પછી શું ? : શ્રી વિમલા ઠકારે પ્રસ્તુત ત્રણ લોકનેતાઓની વિચારસરણીના વિધેયાત્મક મુદ્દાઓને અહીં ત્રણ પ્રવચનોમાં સચોટતાથી આવરી લીધા છે, જેથી સામાન્ય વાચકને પણ તે તે વિચારસરણીનો સમ્યક્ ખયાલ આવી રહેશે. આ પ્રવચનોનો ગુજરાતી અનુવાદ કર્યો છે શ્રી કિશનસિંહ ચાવડાએ. (કાચું પૂઠું. પૃ. ૩૯, રૂ. ૧-૭૫)

આયુ પ્રકાશન
હરસિદ્ધ ચેમ્બર્સ • ઇન્કમ ટૅક્સ સામે
અમદાવાદ-૧૩

આરોગ્ય પ્રશ્નોત્તરી : શિક્ષણના પ્રચારની સાથે સાથે આરોગ્ય પ્રત્યે આપણે સભાન થતા જઈએ છીએ, અને તે સાથે વળી આયુર્વેદ પ્રત્યે વધુ ને વધુ ઢળતા જઈએ છીએ ત્યારે રોજિંદા જીવનમાં રોગોપચાર કે આરોગ્યવર્ધન માટે ઊભા થતા વિવિધ પ્રશ્નો આપણી સામે ખડા થાય છે. આવા ૧૫૧ ઉપયોગી પ્રશ્નોના જાણીતા વૈદ્ય શ્રી શોભને પોતાની સરળ શૈલીએ ઉત્તરો આપ્યા છે તે પ્રત્યેક વાચકને ઉપયોગી થઈ પડશે. (કાચું પૂઠું, પૃ. ૧૮૪, રૂ.૫)

રોજિંદા રોગો : અજીર્ણ, ઉધરસ, કબજિયાત, પ્રમેહ, દમ, હરસ-મસા, હેડકી જેવા ૧૦૦ રોગોની ઉત્પત્તિ અને ઉપચાર વિષે પ્રસ્તુત લેખકે અહીં સરળ અને સંક્ષિપ્ત રજૂઆત કરી છે. (કાચું પૂઠું. પૃ. ૧૦૦, રૂ. ૪)

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી કલમ-કારોનાં જીવન-કવનનો પરિચય

—[૬૬]— ... ના· જગન માતરી



વેણીભાઇ પુરોહિત

'સિન્જરવ', 'દીપ્તિ', 'ગુલઝારે શાયરી' વગેરે ગ્રંથોના સર્જક, 'વાંસનું વન', 'અટીરના દીવા', 'સેતુ' વગેરે નવલિકા–સંગ્રહોના લેખક વેણીભાઈ જમનાદાસ પુરોહિતની ઓળખાણ મારા માટે નાના મોઢે મોટી વાત જેવી છે.

'બે ઘડી મોજ', 'મોજમજાહ', સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભારતી સાહિત્ય સંઘ, 'ગુજરાત સમાચાર' અને 'પ્રજાબંધુ' જેવાં માતબર પત્રો અને સંસ્થાઓમાં સેવા આપી છેલ્લાં પચ્ચીસ વર્ષથી મુંબાઈના ગુજરાતી દૈનિક 'જન્મભૂમિ'માં સેવા બજાવી રહેલા, આઝાદીના આંદોલનમાં ભાગ લેવાના આરોપસર ૧૯૪૩ના જાન્યુઆરીના ૧૩મીના મધરાત પછી એટલે ૧૪મીના પરોઢિયે ધરપકડ થતાં બાર મહિનાની સજા ભોગવી ચૂકેલા શ્રી વેણીભાઈ એક ખ્યાતનામ કવિ છે. તા. ૧–૨–૧૯૧૬ના રોજ જન્મેલા વેણીભાઇ હાઈસ્કૂલમાં વિદ્યાર્થી અવસ્થામાં જ કવિતા લખવાની શરૂઆત કરીને 'ઊર્મિ', 'ગુજરાત' અને 'કુમાર'માં ચમકવા માંડયા હતા તે કાળથી તે આજ દિન સુધી સતત ચમકતા રહ્યા છે. એમની કલમ કોઈ પણ વિષયની મહોતાજ નથી. એમની કવિતામાં દિલની મસ્તી છે, સાથેસાથે સમદરનો ઘૂઘવાટ પણ છે. એમની કલમ જે ક્ષેત્રમાં ઘૂમે છે એ ક્ષેત્રમાં ચમકદાર રીતે ઘૂમે છે. એમના ચિંતનની ખોજ આગવી છે, એમની રજૂઆતની કળા નોખી છે.

મીર તકી 'મીર', 'મોમીન' અને 'ગાલિબ' તો સનમને 'બેવફા' કહીને ભાંડી છે, પણ વેણીભાઈ સનમને 'હરામી' ગણાવીને ભાંડે છે.

એમના 'દીપ્તિ' કાવ્યસંગ્રહને મુંબાઈ રાજ્યનું દ્વિતીય પારિતોષિક મળ્યું હતું. 'જોઈતારામની જડીબુટ્ટી'ને ગુજરાત સરકાર તરફથી બાલ સાહિત્યનુ પ્રથમ પારિતોષિક મળ્યુ હતું, 'બહુરૂપી' ફિલ્મનાં શ્રેષ્ઠ ગીતો માટેનું ગુજરાત સરકારનું પારિતોષિક અને ટ્રોફી પણ મેળવ્યાં છે.

સનમ ભલે હરામી હોય તો પણ સનમની આંખના અફીણી બોલના બંધાણી અને રૂપની પૂનમના પાગલ આ શાયરના શે'રોને માણીએ :

હકીકતમાં તો હૈયામાં કશી હરકત નથી હોતી,
અરે,સ્વપ્નોનથીહોતાં,અનેમહોબ્બતનથીહોતી;
બીચારુ એ તો ધબકે છે ધરમ જાણી, કરમ જાણી,
કશું હોવું નથી જો, આંખની સોબત નથી હોતી.

∞

હૃદય તો કાચની જાણે કે નકશીદાર પ્યાલી છે,
અને આ જિન્દગીએ મૂજતે હાથે જ ઝાલી છે,
ફ-ક-ત એ રક્તથી રાતું અને રાતું નથી હોતું—
સુરાહી આંખની એમાં ઢળે, તેની જ લાલી છે.

∞

દર્દ મર્દોમાં વસે છે, કાયરોને શી ખબર?
ખુદકશી કરતો નથી, ખુદ દૂર થાતો જાઉં છું.
ઈલ્મીઆંગળીઓની વચ્ચે ઠોઠઅંગૂઠાસમો—
દિલરુબાની પાસ આવી, દૂર થાતો જાઉં છું.

ડાઘ લાગે છે છતાં જે ડાઘ દેખાતો નથી—
ઈશ્કની એવી નજરનું નૂર થાતો જાઉં છું.

∞

દશા પર દાઝનારા ને દશા પર દૂઝનારા સહુ
નથી હોતા ખુમારીથી, જીવનમાં ઝૂઝનારા સહુ.
દયા તો છે સડક જેવી, સડક ચાલી નથી શકતી,
સડકને ખૂંદનારાને સડક ઝાલી નથી શકતી.

∞

નયનની આરતીની આરંકા લેતાં હું દાઝયો છું,
દઝાયા પર દવા પણ એ હવાની લઈને આવે છે;
જિગર ભોળુ હજી પણ નાસમજ, નાદાન છે દોસ્તો,
બળતરા પણ હમેશાં એ બીજાની લઈને આવે છે.

∞

પ્રણય તો છે ગગન કેરી ઘટા જેવો જ મનમોજી,
ઘટાઓ કંઈ બધી હોતી નથી હૈયું વરસનારી;
કોઈ ઝંખીને ચાહે છે, કોઈ ચાહીને ઝંખે
પ્રણયની લાલિમા આવી ચડે છે સાવ અણધાર્યા.

∞

આ તરફ એની મુરાદો, મુજ ઈરાદો એ તરફ
બેઉ બાજુ ખેંચતાં કાવડ બની ગઈ જિન્દગી
વિશ્વમાં હો સાવકું સરનામું લઈ આવી ચડયો
કાળની અબજો અઝીઠી પળ બની ગઈ જિન્દગી;
ફૂલ ને કાંટાની કુદરત છે અરે તેથી જ તો—
ગુલછડીના ખ્યાલમાં બાવળ બની ગઈ જિન્દગી

∞

સમંદરના તરંગોનું શમન થાતું સમંદરમાં,
બન્યુ મઝધારમાં તે હું કિનારા પર નથી કહેતો.
કહ્યું કો શિલ્પકારે અણઘડેલા સગેમરમરને;
તને મૂર્તિ નથી કહેતો અને પથ્થર નથી કહેતો;
કબ્રસ્તાનમાં પડી છે શબ ઊર્મિની ને આશાની,
પ્રણયની ભસ્મને હું કોઈ દિન કસ્તર નથી કહેતો.

∞

જ્યાં કોઇ વસી જ શકે નહિ
પણ જ્યાં અવરનવર સંગ્રામ થતા,
બે સરહદની વચ્ચેનો ટુકડો
એવો આ અવતાર હતો.
ઊર્મિનું કબૂતર બેઠું'તું
નિજ ગભરુ દર્દ છુપાવીને,
આંખોમાં જીવનસ્વપ્ન હતાં,
પાંખોમાં જીવનભાર હતો.

∞

હકીમનું શું કામ છે? ફકીરને શું પૂછવું?
રોગ ક્યાંક હોય છે, બીમાર ક્યાંક હોય છે.
આભમાં દેખાય છે તે તો અજબ મકાન છે,
મોભ ક્યાંક હોય છે, મહાર ક્યાંક હોય છે.
ચાલી જવાના જોશમાં ભૂલા પડી જવાય છે,
મોત ક્યાંક હોય છે, મજાર ક્યાંક હોય છે.

∞

જિન્દગીની હડમજલ થોડી અધૂરી રાખવી,
ચાલવું સાબિત કદમ, થોડી સબૂરી રાખવી.
જામમાં રેડાય તેને પી જવાનું હોય છે,
ઘૂંટડે ને ઘૂંટડે તાસીર વરી રાખવી.

∞

આંખોની મઝા પ્રેમનો પયગામ થવામાં છે,
ને દિલની મઝા ઊર્મિઓનો જામ થવામાં છે;
આ જિન્દગીનો કાફલો એવો છે ઓ દિલબર!
કે આપણી ઈજ્જત હવે બદનામ થવામાં છે.

ઇમર્જન્સી બૉક્સ: ઈમર્જન્સી બૉક્સ એ અંગ્રેજી શબ્દ ઍલોપથીની રોજિંદી અને તાત્કાલિક જરૂરી દવાઓની પેટી માટે ચલણી બની ગયો છે તેને અહીં લેખક આયુર્વેદના અર્થમાં રજૂ કરે છે. આયુર્વેદની દૃષ્ટિએ જે તાત્કાલિક જરૂરી દવાઓ છે તેની પેટી તૈયાર કરવા લેખકે અહીં સાધિકાર છણાવટ કરી છે. કોઈ પણ આયુર્વેદપ્રેમીને આ ગમ્યા વગર રહેશે નહિ. (લેખક:ઉપરમુજબ; કાચું પૂંઠું,પૃ. ૧૨૪, રૂ. ૪)

વિહાર–૨ : 'આરોગ્ય આપણા સૌનું' એ શ્રેણીના ત્રીજા ભાગ રૂપે લખાએલી આ પુસ્તિકા વિહારના નિયમો અને નીતિને સરળ, રુચિકર શૈલીમાં ચર્ચે છે જે કિશોરોને તો સ્વાસ્થ્યરક્ષા માટે ખાસ ઉપયોગી વાચન પૂરું પાડે છે. (લેખક : ઉપર મુજબ; પૃ. ૮૬, રૂ. ૨–૫૦)

શૂળ : શૂળનાં કારણો, પ્રકારો, ઉપચારો, ઔષધો વિષે સંક્ષેપમાં સમજ આપતી શોભન વૈદ્યની ઉપયોગી પુસ્તિકા. (કાચું, પૃ. ૩૨, રૂ.૧)

શ્રીજી સાહિત્યપ્રચાર કાર્યાલય
બંગલી ચોક - બગસરા (જિ. અમરેલી)

સ્વામી શ્રી સહજાનંદજીના પ્રેરક પ્રસંગો: સહજાનંદ સ્વામીના જીવનના પ્રેરક

પ્રસંગોને સરળ અને રસપ્રદરીતે રજૂ કરતી શ્રી ગોરધનદાસ સોરઠિયા લિખિત પુસ્તિકાની ત્રીજી આવૃત્તિ. (કાચું પૂઠું, પૃ. ૬૨, રૂ. ૧–૨૫)

ભગવાન શ્રી સ્વામીનારાયણના જીવન પ્રસંગો : સહજાનંદ સ્વામીના પાવનકારી અને પ્રેરણાદાયી અન્ય પ્રસંગોને રજૂ કરતી પ્રસ્તુત લેખકની બીજી પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ, (કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૧)

ભગવાન શ્રી સ્વામીનારાયણ : સહજાનંદ સ્વામીની આ શ્રદ્ધેય ચરિત્રપુસ્તિકાના લેખક છે ગોરધનદાસ સોરઠિયા. (કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૧–૫૦)

શ્રી બ્રહ્માનંદ સ્વામી : સ્વામીનારાયણ સંપ્રદાયના ગુજરાતી કવિ બ્રહ્માનંદ સ્વામીના જીવનકવનની પ્રસ્તુત લેખકે તૈયાર કરેલી પરિચય પુસ્તિકાની બીજી સંક્ષિપ્ત આવૃત્તિ. (કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૧)

સંતોના પ્રેરક પ્રસંગો : સ્વામીનારાયણ સંપ્રદાયના કેટલાક સંતોનાં જીવનમાંથી ચૂંટી કાઢેલા પાવક-પ્રેરક પ્રસંગોનું સંપાદન પ્રસ્તુત લેખક દ્વારા થયું છે. (કાચું પૂઠું, પૃ. ૫૪, રૂ. ૧–૨૫)

ભગવાન શ્રી સ્વામીનારાયણ : (હિંદી) સહજાનંદ સ્વામીના જીવનનો સંક્ષિપ્ત પરિચય (કાચું પૂઠું. પૃ. ૫૨, રૂ. ૧-૨૫)

નૅશનલ બુક ટ્રસ્ટ
વૉરા ઍન્ડ કંપની, ગાંધી માર્ગ, અમદાવાદ-૧

તેલુગુ વાર્તાઓ : છેલ્લાં સાઠ વર્ષમાં જ જન્મીને વિકસતી રહેલી તેલુગુ વાર્તા વિષય, શૈલી ને આકારની જે વિવિધતા સાધતી રહી છે તેનો સમ્યક્ પરિચય કરાવી રહે તે રીતે ઉક્ત 'કથાભારતી' નામક આવકાર્ય શ્રેણીમાં પુરાણમ્ સુબ્રહ્મણ્ય શર્મા તથા વાકાટિ પાંડુરંગરાવે ૨૭ પ્રતિનિધિ વાર્તાઓનું આ સંપાદન કર્યું છે, જેનો જાણીતાં ગુજરાતી વાર્તાકાર કુન્દનિકા કાપડિયાએ અહીં સરસ અનુવાદ આપ્યો છે. (કાચું પૂઠું, પૃ. ૩૪૬, રૂ. ૮–૫૦)

ગુજરાતી એકાંકી સંગ્રહ : વિદ્વાન પ્રાધ્યાપક અને શિષ્ટ વિવેચક અનંતરાય રાવળે ગુજરાતીમાં એકાંકીના ઉદ્ગમથી અદ્યતન કાળનું પ્રતિનિધિત્વ કરતાં વિવિધ નાટ્યલેખકોનાં નીવડેલાં તેર એકાંકીઓ અહીં સંપાદિત કર્યા છે. (કાચું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૫–૫૦)

ગુજરાતી કાવ્ય-સંગ્રહ : ત્રીશીથી ગુજરાતી કવિતાએ વળાંક લીધો ત્યારથી આ સદીના સાતમા દશકમાં આવી પહોંચેલી કવિતાએ જે વિવિધ વળાંકો પ્રગટ કર્યા છે તેના પ્રતિનિધિરૂપ કવિઓની રસમય રચનાઓના આ સંગ્રહનું સંપાદન સર્વશ્રી યશવન્ત શુક્લ ને ૩૭૧ ('કુમાર' અંક ૬૨૦)

ચન્દ્રકાન્ત મહેતાએ કરેલું છે. કવિક્રમ યથાયોગ્ય જળવાયો હોત તો ? (કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૪)

આપણી નદીઓ ભાગ (બીજો) : બાળકો-કિશોરોને આપણી નદીઓનો રસમય અને સચિત્ર પરિચય કરાવતી આ પુસ્તિકાના મૂળ લેખક છે અલ્ વલિયપ્પા અને ગુજરાતીમાં અનુવાદ કરનાર છે સુરેશ દલાલ. (કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૧–૫૦)

ભારતમાં હૉકીની રમત : હૉકીરસિયા કિશોરો માટે હૉકીની રમતનો ઇતિહાસ, ભારતમાં તેનો વિકાસ અને ખેલાડીઓ, ઑલિમ્પિકમાં તેનું સ્થાન તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ વગેરે વિષે સચિત્ર માહિતી આપતી આ પુસ્તિકા રસપ્રદ રીતે શરદિન્દુ સન્યાલે લખી છે અને વિજયગુપ્ત મૌર્યે તેનો ગુજરાતી અનુવાદ કર્યો છે. (કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૧–૫૦)

પ્રકાશન વિભાગ
પતિયાલા હાઉસ, નવી દિલ્હીનાં
હિંદી પ્રકાશનો

આધુનિક ભારત કી આર્થિક કહાની : ભારત આઝાદ થયા પછી તેની આર્થિક સમસ્યાઓ જટિલ બનતી ગઈ છે તે સાથે તેણે આર્થિક ક્ષેત્રે કેટલીક પ્રગતિ પણ કરી છે. આ પુસ્તકમાં ૧૮ પ્રકરણ દ્વારા લેખક શ્રી ડી. એચ. બુટાનીએ ભારતના પૂર્વસ્વાતંત્ર્યકાળથી આજ સુધીની આર્થિક મજલને અહીં નિરૂપી છે, તો ઈ. ૨૦૦૧માં ભારત આર્થિક ક્ષેત્રે યોજનાપૂર્વક આગળ વધતાં પ્રગતિની સારી તકો પ્રાપ્ત કરશે એવો આશાવાદી સૂર પણ અંતે કાઢ્યો છે. અર્થશાસ્ત્રના અને સામાન્ય જ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છતા પ્રત્યેક વાચક-વિદ્યાર્થીને આ પુસ્તિકા ભારત સરકારની કામગીરીનો કંઈક ખયાલ આપી રહેશે. (કાચું પૂઠું, પૃ. ૧૬૩, રૂ. ૪)

લાલ કિલે કે પ્રાચીર સે–ભાગ ૧ : આ પુસ્તકમાં ૧૯૪૭ થી ૧૯૭૩ સુધીનાં ૨૭ વર્ષો દરમિયાન ભારતના ત્રણ વડા પ્રધાનો (નેહરુ, લાલબહાદુર શાસ્ત્રી, ઇંદિરા ગાંધી)એ પ્રજાસત્તાક દિન નિમિત્તે દિલ્હીના લાલ કિલ્લા પરથી આપેલાં પ્રવચનો સંગૃહીત કરવામાં આવ્યાં છે. પ્રત્યેક પ્રવચન દ્વારા તે તે પ્રવચનકારના વ્યક્તિત્વનો, તેની ભાવનાઓનો, દેશપ્રેમનો અને ભારતની સ્વાતંત્ર્યયાત્રા-યોજનાનો સમ્યક્ ખયાલ આવી રહે છે. (કાચું પૂઠું, પૃ. ૨૧૨, રૂ. ૪)

કોક્કાસ કા ઉડનખટોલા : પ્રાચીન સંઘદાસ ગણિએ પ્રાકૃતમાં રચેલા 'વસુદેવહિંડી' નામક ગ્રંથમાંથી સાહસ અને કલ્પનાને પોષતી પાંચ વાર્તાઓ બાળ-કિશોરો માટે અહીં સુંદર છપાઈ ને દ્વિરંગી ચિત્રો સાથે રજૂ કરી છે શાંતિદેવી મોતીચંદ્રે. (કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ ૨)

આખિરી શેર : મૂળ અંગ્રેજીમાં રસ્કિન બૉન્ડે લખેલા 'ધ લાસ્ટ ટાઈગર'નો આ સચિત્ર હિંદી અનુવાદ વાઘ ઉપરાંત અન્ય વન્ય પ્રાણીઓ તેમજ વનની આજુબાજુ વસતા લોકોનાં જીવનનો રોમાંચકારી પરિચય કરાવી જાય છે. કિશોરોને આ સાહસપૂર્ણ વાર્તા અચૂક વાંચવી ગમશે. (કાચું પૂઠું, પૃ. ૨૯, રૂ. ૨)

અન્ય પ્રકાશનો

પ્રેરણા–પીયૂષ : જીવનમાં ઉચ્ચતા પ્રકટાવવાની પ્રેરણા મળી રહે તેવા વિચારો ગૂંથતી વિવિધ લેખકોની ૧૮ વાર્તાઓનો શ્રી નંદુભાઈ સંપાદિત આ સંગ્રહ પથ્ય વાચનસામગ્રી પૂરી પાડે છે. (પ્ર. ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ વડોદરા; પાકું પૂઠું. પૃ. ૨૧૨, રૂ. ૪-૫૦)

મેવાસની લોકકથાઓ : લોકજીવનમાં પ્રગટ થતાં ઉચ્ચ જીવનમૂલ્યોને વાચા આપતી વડોદરા–પંચમહાલના મેવાસી પ્રદેશની રેવાબહેન તડવી તથા શંકરભાઈ તડવીએ સંપાદિત કરેલી ૯ વાર્તાઓ (પ્રકા. ઉપર મુજબ: કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૩–૫૦)


સુગમ શતરંજ : શતરંજની રમતના અભ્યાસી અને સારા ખેલાડી જિતેન્દ્રકુમાર કંસારાએ આ સચિત્ર પુસ્તકમાં પૂરતી સામગ્રી આપી છે. શતરંજના શોખીનોને આવકાર્ય જણાશે. (પ્ર. સાહિત્ય સંગમ, બાવાસીદી, ગોપીપુરા, સૂરત–૨; પાકું પૂઠું, પૃ.૨૧૫,રૂ.૧૨)

ઘરઘરનાં ઔષધો : આયુર્વેદની દૃષ્ટિએ નિત્ય ઉપયોગી એવાં ઘરઘરનાં ઔષધો વિષે વૈદ્ય લાભશંકર ઠાકર 'પુનર્વસુ' અહીં સરળ ભાષામાં માહિતી પૂરી પાડે છે. (પ્ર. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૩૫૧, રૂ. ૧૨)

—અને છેલ્લે

આજના લેખકો–પ્રોફેસરોની સુધ્ધાં વ્યાકરણના જ્ઞાન અને જોડણી વિષેની ગ્લાનિજનક બેદરકારી અને દારિદ્રય જોઈને ગોંડલના કવિ 'વિહારી' યાદ આવે છે. મૂર્ધન્ય વિદ્વાન, તત્ત્વજ્ઞ ને કવિ હોવા ઉપરાંત એ લેખનશુદ્ધિના ચુસ્ત આગ્રહી હતા. તાલુકાશાળાના હેડમાસ્તર હોઈને પોતાના વિદ્યાર્થીઓ પાસે વ્યાકરણ અને જોડણી શુદ્ધ રખાવવાના આગ્રહથી એ વારંવાર કહેતા : 'જોડણી ખોટી કેમ થાય ? હાથ ભાંગી ન નાખીએ ?' અને ઉમેરતા કે 'રાતની ભર ઊંઘમાંથી કોઇ ઉઠાડીને લખાવે તો પણ જોડણી ખોટી ન લખાવી જોઇએ.'

વૃક્ષ-વેલ-પરિચય [૩૧] મહુડો



દારૂબંધીના અમરખામાં મહુડાના વૃક્ષ પર સરકારે ભલે પ્રતિબંધ મૂક્યો પણ બારસલી રાયણ ચીકુ વગેરેના વર્ગનું આ એક બહુ ઉપયોગી વૃક્ષ છે. પહાડી ગરમ પ્રદેશ ને પૂરતા વરસાદવાળી કરાળ જમીનમાં બધે આ વૃક્ષ થાય છે.

બીજ વડે ઊગીને વીસપચ્ચીસ વર્ષે ફળતો મહુડો ચારે તરફ ફેલાએલી ડાળીઓ સાથે ૧૫-૨૦ મીટર ઊંચો સીધો વધે છે અને દાયકાઓ સુધી ટકી રહે છે. એની છાલ કાળાશ પડતી ચીરાવાળી, આંતરછાલ રાતી ને દૂધિયા રસવાળી. એ ઘા-ચાંદાં રુઝાવે છે. પાન શાખાઓને છેડે ઝૂમખાંમાં, દાંડીવાળાં, જાડાં, લીસાં, બદામનાં પાન જેવાં લગભગ લંબગોળ ને બંને છેડે અણિયાળાં. પતરાળાં બને એટલાં મોટાં. કૂમળાં હોય ત્યારે રુંવાટીવાળાં. પાનખરમાં ખરી ગયાં પછી ફૂલની સાથે નવાં પાન ફૂટે.

ફૂલ શાખાઓના અંતરભાગ પર ઝૂમખાંમાં, ઊગે. રુંવાટીવાળી લાંબી દાંડી પર માવાદાર જાડી આઠનવ પાંખડીવાળાં નાનાં ને મીઠી સુવાસવાળાં. વૃક્ષ પરથી રોજ રાતે એ ખર્યા કરે. વનવાસીઓ એને સુકવીને સંઘરી રાખી વર્ષ દરમિયાન ખાય છે. દર ઋતુએ વૃક્ષ દીઠ ૬૦–૭૦ કિલોગ્રામ જેટલાં ફૂલ મળે, આ ફૂલ તે મહુડાં. એમાં સારી પેઠે શર્કરા હોઈ એનો દારૂ બને છે.

મહુડાંનાં ફળ પરવળ જેવાં લંબગોળ. એને 'કલેંદી' પણ કહે છે. ફૂલના જેવા એમાં પણ ઔષધીય ગુણો છે. એમાંથી એકથી ચાર બીજ નીકળે છે. આ બીજનું તેલ તે 'ડોળિયું'. સાબુ-મીણબત્તી બનાવવામાં ઉપયોગી. ઘીમાં ભેળસેળ માટે એનો પણ દુરુપયોગ થાય છે. ખોળ ખાતરમાં વપરાય છે.

મહુડાનું લાકડું વજનદાર ને મજબૂત હોઈ કિંમતી ગણાય છે.



માધુકરી

આજ સંગ્રામને અંતે ઊગ્યો'તો જયનો દિન!
લીલી આ ધરણી, વ્યોમે છંટાતી કેસરી પ્રભા
પલ્લવે પલ્લવે, પંખી કેરી પાંખે, દિશા ભરી
આજ ઉદ્દ્ગીવની ગુંજે નવ્ય ઉત્થાનની ઋચા.
મંદિરે મંદિરે આજે શંખોનો મંગલ ધ્વનિ,
દુંદુભિનાદ ને નાના લોકના જયઘોષથી
દિશાના બંધ તૂટતા;
કોટિધા દીપમાલાથી ઝંખાતી સૌ નિહારિકા. —રાજેન્દ્ર શાહ

(૧૫મી ઑગસ્ટે)

ભૂતકાળના સંશોધક સ્વ. અમૃત વસંત પંડયા

કોઈક હાય અમુક જ માણસોને ખરો ખયાલ આવશે કે ગઈ તા. ૧૮મી જુલાઈએ ભાઈશ્રી અમૃત વસંત પંડયાનું એકાએક અવસાન થવાથી ગુજરાતે એક કેવી બહુમુખી પ્રતિભા ગુમાવી છે. પ્રબળ જિજ્ઞાસાવૃત્તિથી પ્રેરાએલી એમની નિરીક્ષા ને પરીક્ષાથી ચકાસાએલું એમનું બહુવિધ જ્ઞાન પુરાતત્ત્વ, ભૂસ્તર, ઇતિહાસ-ભૂગોળ, ખગોળ, પુરાલિપિશાસ્ત્ર, માનવવંશશાસ્ત્ર, લોકજીવનની ખાસિયતો ને લાક્ષણિકતાઓ વગેરે કંઈ અનેક દિશામાં વ્યાપ્ત હતું. જે કંઈ એમણે જોયું જાણ્યું એ બધું એમણે લેખન દ્વારા રજૂ કર્યું : પ્રથમ હિંદીમાં, પછી ગુજરાતીમાં અને અંગ્રેજીમાં પણ. એકલે પંડે એમણે ગુજરાતને લગતો જે માહિતીભંડાર સંચિત કરેલો એવો ભાગ્યે જ કોઈએ કર્યો છે. આપકર્મે વિકસેલી આવી બહુમુખી અને પ્રેરક પ્રતિભા ગણીગાંઠી જ હોય છે. શ્રી પંડયા એક એવા પ્રતિભાવંત હતા, ને એટલે જ ગુજરાતને એમની ખોટ સાલશે. અને ગુજરાતનું આગવું વ્યક્તિત્વ નિર્દેશીને મુંબાઈ રાજ્યથી અલગ તેનું સ્વતંત્ર રાજ્ય બનવામાં એમણે જે ફાળો આપ્યો છે એ તો ગુજરાત કદી ભૂલી ન શકે.

એમનો જન્મ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૧૭ના રોજ જામનગરમાં ઔદીચ્ય બ્રાહ્મણ કુટુંબમાં થએલો. બચપણથી જ એમને પુરાણી હકીકતો અને સંશોધિત અવશેષો ને પ્રાચીન વસ્તુઓ વિષે ઊંડો રસ હતો. કૉલેજમાં હતા એ અરસામાં જ તક્ષશિલાનું ઉત્ખનન થવા માંડેલું અને એમને જેમાં રસ હતો એવા અનેક પ્રાચીન અવશેષો મળવા લાગેલા. એના આકર્ષણે એમને એટલું તો ઘેલું લગાડ્યું કે કૉલેજ છોડી તેઓ ત્યાં દોડી ગયા અને એ ઉત્ખનનકાર્યમાં જોડાઈ ગયા! બીજી બાજુ તેઓ પુરાતત્ત્વ પર હિંદી ભાષામાં છૂટક લેખો પણ લખતા થયા.

એક વાર મથુરાનું મ્યૂઝિયમ જોવા ગયા હશે ત્યારે ત્યાં અમારા સ્નેહી શ્રી રાધેશ્યામજીનો એમને પરિચય થયો. તે પરથી રાધેશ્યામજીએ અમને લખેલું કે એક ગુજરાતી યુવાન પુરાતત્ત્વ જેવા વિષય પર અમૃત વસંતના નામથી હિંદીમાં લેખો લખે છે, પણ કોઈ ગુજરાતી સામયિકે તેની નોંધ પણ લીધી નથી. આ પરથી અમે એમને ગુજરાતમાં આવી જવા લખ્યું. અહીં આવી એમણે 'કુમાર કાર્યાલય'ને પોતાનું કેન્દ્ર બનાવ્યું.



વ્યાવસાયિક સ્થિરતા કે નિયત નિવાસનું ત્યારે એમનું ઠેકાણું પડ્યું નહોતું. એ અરસામાં એમણે ઘણું લેખન કર્યું. અમારા ગુજરાત કલાસંઘના વિદ્યાર્થીઓ સાથે એમનું રહેવા-જમવાનું હતું. એ દરમિયાન અનેક કલાકારો સાથે મૈત્રી સાધી ને એથી ચિત્રકળા પ્રત્યે પણ સારો પ્રેમ કેળવાયો. આલેખનની આવડત તો એમનામાં પહેલેથી જ હતી અને પોતાના લેખોને સચિત્ર બનાવતા નકશા તથા આકૃતિઓ દોરવાની એમને સારી ફાવટ હતી. એમની શક્તિ-

આ પ્રીછીને શ્રી ચૈતન્યપ્રસાદ દીવાનજીએ એમને ગુજરાત સાહિત્ય સભાના મંત્રી તરીકે રોકી લીધા. એમને માટે આ મનગમતું કામ હતું. આ કરવા સાથે એમણે ભારતની પ્રાચીન નગરીઓ વિષે લેખો પણ લખ્યા, જે એક માળા રૂપે મુંબાઈના 'જન્મભૂમિ-પ્રવાસી' સાપ્તાહિકમાં છપાએલા. આ લેખોને વ્યવસ્થિત કરી એને ગ્રંથાકારે પ્રકટ કરવાનો ખયાલ શ્રી દીવાનજીનો હતો, જે અનેક કારણોસર ફળીભૂત થઈ શક્યો નહિ. એમના લખાણમાં સંશોધિત વિગતોની સાથોસાથ જનસામાન્યને પણ રુચિ પ્રેરે એવાં રસળતાં વર્ણનોની એક લાક્ષણિકતા હતી. 'કુમાર'માં પ્રકટ થએલી એમની એવી એક લેખમાળા 'ભૂતકાળની શોધમાં' ઘણાને યાદ હશે. એ જ રીતે 'જલપ્રલય પહેલાંનું ગુજરાત' નામક એક રસભર લેખમાળા 'નવચેતન'માં આવેલી. એમની શક્તિઓ પ્રીછીને મિત્રોએ અમદાવાદના જાણીતા ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવનમાં એમને માટે સ્થાન મેળવવા પ્રયત્નો કરેલા, પરંતુ તેઓ ગ્રૅજ્યુએટ ન હોઇને એ શક્ય બન્યું નહિ. પણ વડોદરા રાજ્યના પુરાતત્ત્વ ખાતાના વડા ડૉ. હીરાનંદ શાસ્ત્રીએ એમની શક્તિઓ જોઈ પાટણના સહસ્રલિંગ તળાવના ઉત્ખનનકાર્યમાં એમને જોડેલા.

એમના લેખોથી આકર્ષાઈ શ્રી પોપટલાલ ગો. શાહે એમને મુંબાઇ બોલાવી લીધા અને ત્યાં પોતાના બંગલાના આઉટ હાઉસમાં એમને રહેવાની વ્યવસ્થા કરી આપી. શ્રી પોપટલાલ શાહની ઈચ્છા અમૃતલાલને ગ્રૅજ્યુએટ બનાવી કોઈ મ્યૂઝિયમમાં ગોઠવી દેવાની હતી, પણ સંશોધન-રખડપટ્ટીના રસિયા અમૃતલાલ એ કરી શક્યા નહિ.

એવામાં સોમનાથ જીર્ણોદ્ધાર નિમિત્તે જૂનાગઢમાં કેન્દ્રીય સ્ટેઈટ મિનિસ્ટ્રી તરફથી પુરાતત્ત્વ ખાતું ઊભું થતાં ત્યાં ડાયરેક્ટર ઑવ આર્કીઑલૉજી તરીકે તેઓ નીમાયા. ત્યાં મ્યૂ ઝિયમમાંથી કેટલીક ચીજો ગુમ થતાં ક્યુરેટર તરીકે એની આખરી જવાબદારી એમના પર આવી પડેલી. દરમિયાન શ્રી ભાઈલાલભાઈ પટેલ—વલ્લભ વિદ્યાનગરના વિશ્વકર્મા ભાઈકાકા—એમની શક્તિ તથા જ્ઞાનથી આકર્ષાઈ એમના અનુરાગી બન્યા હતા. ભાઈકાકાને પોતાને પણ પુરાતત્ત્વનો શોખ હતો. એમણે મહેનત કરીને અમૃતલાલ પરનું આળ સત્તાવાર દૂર કરાવ્યું અને રાજપીપળા રાજ્યમાં પુરાતત્ત્વ સંશોધન અધિકારી તરીકે નિમણૂક અપાવી. આ નોકરી દરમિયાન અમૃતલાલે સાતપુડા પર્વતમાળાના માલસામોટ ડુંગરમાં ધોળા ભીલની વસ્તી હોવાની જાહેરાત કરેલી. અલબત્ત ધોળા એટલે ગોરા નહિ પણ સામાન્યતઃ કાળા ભીલ કરતાં અલગ તરી આવતા ઘઉંવર્ણા ભીલ. એમની આ જાહેરાત પછી તો એ કોમને જોવા અનેક વિદ્વાનો એ વિસ્તારમાં ઊતરી પડેલા. વળી, કેન્દ્રીય પુરાતત્ત્વખાતાના પ્રથમ હિંદી ડાયરેક્ટર જનરલ રાવબહાદુર કે. એન. દીક્ષિતે એમની શક્તિઓથી પ્રસન્ન થઈ એમણે નર્મદા ખીણના પૌરાતાત્ત્વિક સંશોધનના કામ પર નીમેલા; અને દીક્ષિતના અનુગામી સર મૉર્ટિમર વ્હીલર એમનું એ કામ જોવા સપત્ની અહીં આવી એમની સાથે એ પ્રદેશમાં ઘૂમેલા.

જૂનાગઢ રાજ્યનો સૌરાષ્ટ્રમાં વિલય થતાં સૌરાષ્ટ્રના નાયબ પંતપ્રધાન અને કેળવણીપ્રધાન શ્રી બળવંતરાય મહેતાએ સૌરાષ્ટ્ર રાજ્યમાં પુરાતત્ત્વખાતું ઊભું કરીને એમને એ સંભાળવા આમંત્રણ આપેલું; પરંતુ એ જ અરસામાં ભાઈકાકાએ એમને આણંદ નજીક આકાર લેતા વલ્લભવિદ્યાનગરમાં સ્થાયી થવા આગ્રહ કર્યો. શ્રી પંડ્યાએ ત્યાં 'ઇન્સ્ટિટ્યૂટ ઑવ આર્કીઑલૉજી'ના ડિરેક્ટર થવાનું સ્વીકાર્યું ને વિદ્યાનગરમાં કળા-પુરાતત્ત્વનું સંગ્રહસ્થાન ઊભું કર્યું. ઈ. ૧૯૬૦માં આ સંગ્રહસ્થાન અને પુરાતત્ત્વ વિભાગ સરદાર પટેલ યુનિવર્સિટીનો એક વિભાગ બનતાં તેઓ એના વડા નિમાયા. રાજ્ય-પુનર્રચના ઝુંબેશના કાળે ગુજરાતનું અલગ રાજ્ય રચવા માટેની હીલચાલના પ્રારંભ કાળથી જ તેની સીમાઓથી માંડી વિશિષ્ટ સાંસ્કૃતિક વ્યક્તિત્વ ઠંડારી આપતું મબલખ સાહિત્ય ઊભું કરવાનું પાયાનું કામ પડદા પાછળ રહીને અવિશ્રાંતપણે અમૃતલાલે જ કર્યું હતું. 'ગુજરાત સીમા પરિષદ'ના મંત્રી તરીકે તથા 'ગુજરાત સીમા સમિતિ'ની કાર્યવાહક સમિતિમાં એમણે કિંમતી સેવાઓ આપેલી. સ્વ. ઈન્દુલાલ યાજ્ઞિકની માહિતીઓની ખાણ એઓ જ હતા. એમની 'જનતા પરિષદ'નું બંધારણ રચવામાં પણ એમનો મુખ્ય હિસ્સો હતો. વિદ્યાનગરમાં ભાઈકાકાની લગભગ તમામ પ્રવૃત્તિ સાથે એક યા બીજી રીતે એ સંકળાએલા રહેતા. ઈ. ૧૯૬૯માં નિવૃત્ત થયા પછી એમણે વલ્લભવિદ્યાનગરમાં જ નિવાસ રાખેલો. ત્યાં રહીને એમણે ખેડા જિલ્લો અને આસપાસના પ્રદેશોમાંથી મધ્ય ગુજરાતના ઇતિહાસની ઘણી ઉપયોગી માહિતી એકઠી કરી હતી. ખંભાત નજીક નગરા ગામેથી એમણે શોધેલી પૂરા કદની સૂર્યની આરસ-પ્રતિમા લગભગ અઢી દાયકાથી ચારુતર વિદ્યામંડળના આંબા નીચે સ્થાપિત થએલી છે. વલ્લભવિદ્યાનગરનું એ પ્રતીક જ બની ગઈ છે.

ભારત સરકારને પણ એમણે ઘણી સેવાઓ આપી હતી. શ્રી મુનશી જ્યારે દિલ્હીમાં સાંસ્કૃતિક પ્રદર્શનમાં અગ્ર ભાગ લેતા હતા ત્યારે ગુજરાત-દર્શન માટે ગુજરાત સંશોધન મંડળને ગુજરાતનો સચિત્ર પરિચય કરાવવાનું કેટલુંક કામ સોંપાએલું. આ કામમાં શ્રી પંડ્યાએ પોતાનું સમસ્ત જ્ઞાન રેડીને ગુજરાતનાં અનેકવિધ પાસાંઓ પર પ્રકાશ પાડતા વિધવિધ નકશાઓ તૈયાર કરવામાં ઘણી સહાય કરેલી.

ભારતભરની પુરાતત્ત્વ પરિષદો, ઇતિહાસ પરિષદો વગેરેમાં તે ભાગ લેતા રહેતા અને એથી દરેક મ્યૂઝિયમ તથા તેના સંચાલકોથી તેઓ પરિચિત હતા. ભારતની ભૂમિની વિવિધ વિશિષ્ટતાઓથી તેઓ સારી પેઠે માહિતગાર હતા. એમના મનમાં પુરાતત્ત્વ સાથે સંકળાએલી અનેક બાબતો પર લખવાની હોંશ હતી. એ માટે પુસ્તકોનું દોહન, ટાઢ તડકો વેઠીને કરવા પડતા પ્રવાસો, અન્વેષણો વગેરેનો એમને કદી થાક નહોતો. અને આમ સ્થળસ્થળનાં ખોરાક-પાણીની એમની તબિયત પર પણ અસર પડેલી. પરિણામે ડાયાબિટિસ અને હાઈ બ્લડપ્રેશરના તેઓ દર્દી બન્યા. ઉપચારો દરમિયાન પણ પોતાના વિષયની બાબત આવતાં એ થનગની ઊઠતા અને લોહીના વેગનો પણ એમને ખયાલ રહેતો નહિ. આમ જ એક મિત્ર જોડે વાર્તાલાપ કરતાં લોહીનું દબાણ ૨૭૦ જેટલા આંકે ચડી ગયું અને મગજની નસ તૂટી જતાં બેભાન બની ઢળી પડ્યા. પાછળથી હૉસ્પિટલમાં તેઓ ચિર નિદ્રામાં સરી પડ્યા.

'કુમાર'માં પ્રકટ થએલી 'ભૂતકાળની શોધમાં'ની એમની લેખમાળા, 'પ્રવાસી'માંની 'ગુજરાતની પ્રાચીન નગરીઓ' તથા 'નવચેતન'-માંના 'જળપ્રલય પૂર્વેનું ગુજરાત' એ એમની લેખમાળાઓ સારી લોકપ્રિયતા પામી હતી. પણ આ ઉપરાંત, પાટણના સહસ્રલિંગ તળાવ, નર્મદા ખીણમાં પાષાણયુગના આદિમાનવના વસવાટ, માહિષ્મતી (મહેશ્વર)માં સિંધુ સંસ્કૃતિની સમકાલીન એવી તામ્રયુગીન નગર-સંસ્કૃતિના અવશેષોની શોધ, તથા તેના અનુસંધાને નેમાવર, નાગદા અને પ્રકાશાની આર્યસંસ્કૃતિની પ્રાચીન નગરીઓની દ્વીપકલ્પ તામ્રપાષાણ સંસ્કૃતિની શોધ, ભારતીય સાહિત્યમાં વર્ણવેલા અસુરો તે જ આસીરિયનો ને આસીરિયાનું નીનેવા એ જ બાણાસુરની રાજધાની શોણિતપુર,—એ એમનાં નોંધનીય સંશોધનો હતાં. એ માટે ગુજરાત રીસર્ચ સોસાએટીના ચંદ્રક ઉપરાંત એમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પણ મળી હતી. લાટપ્રદેશના મધ્યકાલીન કેટલાક રાજ્યવંશોના શિલાલેખો, સાતપુડા પર્વતમાંની ડુમખળ નગરીના અવશેષો, કડિયા ડુંગરની ગુફાઓ, જયસિંહ સિદ્ધરાજના સિક્કાઓ, પંજાબમાં હસ્તિનાપુરના અવશેષો, અયોધ્યાના પ્રાચીન ટીંબાઓ, રાવણની લંકાનગરી જબલપુર પાસેના વનવિસ્તારમાં હોવાના એક મતની શ્રી ડોલરરાય માંકડ સાથે કરેલી ચકાસણી, વૈદિક સરસ્વતીના પ્રવાહમાર્ગની શોધ તથા એ વિસ્તારની

સંસ્કૃતિ અંગે સંશોધન, પ્રાચીન 'કાયાવરોહણ' તે જ આજનું કારવણ વગેરે અંગેનાં એમનાં સંશોધનો નોંધનીય છે. આ ઉપરાંત, ભારતીય ઇતિહાસ-સંશોધનમાં એમણે વિવિધ જ્ઞાન-શાખાઓનો સમન્વય સાધેલો. ઇતિહાસ-સંશોધન સાથે એમણે આર્થિક ને સામાજિક ઇતિહાસ પણ સાંકળી બતાવ્યો. અમદાવાદના દૈનિક 'જનસત્તા'માંની ગુજરાતના જિલ્લાઓની આર્થિક અને ઔદ્યોગિક સમીક્ષા કરતી એમની લેખમાળા આકર્ષક બની રહેલી, સંત પ્રાણનાથ, જત જસવંત વગેરે જેવા મધ્યકાલીન કવિઓને તેઓ પ્રકાશમાં લાવેલા. ગુજરાતનાં ઇતિહાસ, સંસ્કૃતિ, ભૂસ્તર, ભૂગોળ, ખનિજો, ઉદ્યોગો વગેરે પર અસંખ્ય લેખો લખીને એમણે ગુજરાતની અસ્મિતાનો પરિચય કરાવેલો. ઈ. ૧૯૫૧ થી મુંબાઈ રાજ્યના, ને ગુજરાત રાજ્ય રચાતાં એના પુરાતત્ત્વ સલાહકાર બોર્ડના તેઓ છેક સુધી સભ્ય રહ્યા હતા.

નિવૃત્તિ બાદ એમણે ગુજરાત રાજ્ય ગેઝેટીઅર માટે તેમજ નવી દિલ્હીની 'ઇંડિયન કાઉન્સિલ ઑવ હિસ્ટૉરિકલ રીસર્ચ' માટેની કામગીરીની તથા ગુજરાત યુનિવર્સિટી માટે 'ભૂસ્તર-ખનિજ-જ્ઞાનકોશ'ના એક લેખક તરીકેની જવાબદારી લીધેલી. છેલ્લે વળી, વિખ્યાત વયોવૃદ્ધ ઇતિહાસકાર ભિક્ષુક ચમનલાલના આગ્રહથી એમના આગામી પુસ્તક 'ઇંડિયા, ધ ક્રૅડલ ઑવ કલ્ચર્સ' માટે ઈરાક અને ઇજિપ્ત સાથેના પ્રાચીન ભારતના સંબંધો અંગે બે પ્રકરણો લખવાનું પણ સ્વીકારેલું.

ભલે પુરાતત્ત્વ અને ઇતિહાસ તથા એને સંલગ્ન વિષયો માટે એમણે કૉલેજની કોઈ ડિગ્રી નહોતી મેળવી, પણ જાતે અભ્યાસ કરી એ ક્ષેત્રે, તબિયતની કેટલીક પ્રતિકૂળતા છતાં, પ્રબળ પુરુષાર્થ ખેડીને જે આગવું ને વિસ્તૃત કાર્ય કરી બતાવ્યું હતું એનું મહત્ત્વ ડૉ. હસમુખ સાંકળિયાથી માંડી શ્રી શંભુપ્રસાદ દેસાઈ સુધીના એ ક્ષેત્રના અનેક નામી વિદ્વાનોએ આપેલી અંજલિઓ પરથી સમજી શકાય છે. એમાંનાં થોડાં અવતરણો:

'એમની વિદ્વત્તા, નિરભિમાનીપણું ને સ્વમાનપ્રિયતા સાથેની સરળતા તથા એમનું વિશાળ વાચન અને અગાધ જ્ઞાન પ્રભાવક હતાં... 'સૌરાષ્ટ્ર ઇતિહાસ સંશોધન સભા'ની સ્થાપનામાં એમનો સંપૂર્ણ સહકાર અને માર્ગદર્શન મળેલાં...'. '...ગુજરાતભરમાં જાતે રખડી કપરા સંજોગો સામે થઈ એકલે પંડે એમણે જે સંશોધન કરી અપૂર્વ સિદ્ધિઓ મેળવી છે એ કદાચ અન્ય પુરાવિદોએ નથી મેળવી...નર્મદાની ભેંકાર ખીણોમાં ભટકીને આદિ-માનવનો જે સગડ એમણે મેળવ્યો છે એ એક અજોડ કાર્ય છે. એનાથી તેઓ વિદેશોમાં પણ ખ્યાતિ પામ્યા અને ભારત આવતા માનવવંશશાસ્ત્રીઓ એમણે ચીંધેલી કેડીએ આગળ ધપતા...' 'ગુજરાતની એમણે અનેક રીતે એકધારી સેવા કરી છે. મહાગુજરાતની પ્રાપ્તિમાં અને નર્મદા-જળની હિસ્સેદારીમાં એમનો અનુપમ ફાળો છે.' —અને આવી તો અનેક પ્રશસ્તિ-અંજલિઓ છે.

પોતાની રીતે જ જીવન જીવવામાં ને સમજવામાં તેઓ માનતા. આથી માતાપિતા સાથે મતભેદ થતાં ઘરની સમૃદ્ધિ છોડી એમણે આપકર્મથી પોતાનું ઘડતર કરેલું. જીવનના અનેક કડવા મીઠા અનુભવો ને ઇતિહાસના અભ્યાસમાંથી એમણે 'ઇતિહાસનું તત્ત્વજ્ઞાન' વિકસાવેલું.

આમ, પોતાના રસના વિષયમાં અને એને અનુષંગી બધાં ક્ષેત્રોમાં કેવળ આપબળે ઊંડા ઊતરી, આગવાં સંશોધનો કરી એમણે ગુજરાતી, હિંદી ને અંગ્રેજીમાં અનેક પુસ્તકો અને સંખ્યાબંધ લેખો દ્વારા પુરાતત્ત્વના ક્ષેત્રે વ્યાપક કામગીરી કરી બતાવવાનું એક પ્રેરક દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. આજે આવા કેટલા મળે? ('કુમાર')

આંખનો ચેપી રોગ

હમણાં હમણાં આંખનો એક રોગ ઠીકઠીક પ્રસરી રહ્યો છે. વિષાણુઓના ચેપથી ફેલાતો 'કન્જંક્ટિવાઇટિસ' નામનો આંખની પાંપણનો આ રોગ ઘણો ચેપી છે અને એનાથી આંખ લાલઘૂમ થઈ જઈ દુખાવો અને ખટકો અનુભવાય છે. વળી, એનાથી પાંપણોમાંથી પાણી ગળે છે ને ક્વચિત્ નસકોરાંમાં પણ ઊતરે છે. ક્યારેક એની સાથે પરુ પણ જોવા મળે છે. દૃષ્ટિમાં ઝાંખપ વરતાય છે.

ચેપ લાગ્યાનું જણાય તો આંખો ચોળવી નહિ કે ઊંટવૈદું કરવું નહિ. અગાઉથી ઉકાળી રાખેલા પાણીનાં પોતાં વડે આંખ સાફ કરવા સિવાય બીજો કોઈ નુસખો અજમાવવો નહિ. બને તો ઘરમાં આરામ કરવો જેથી અન્યત્ર એનો ચેપ ફેલાતો અટકે. ઍન્ટેરોમાયસેટિન, સાફ્રામાયસિન કે નીઓસ્પોરિન વગેરે ઔષધ આ માટે છે, પણ હાલ આ રોગની વ્યાપકતાને કારણે એના ઉપચારની ઠેરઠેર વ્યવસ્થા કરાઈ રહી છે તેનો લાભ લેવો.

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

અમેરિકાના સ્વાતંત્ર્યની દ્વિશતાબ્દી

ચોથી જુલાઈ ૧૯૭૫ના રોજ અમેરિકાએ પોતાના સ્વાતંત્ર્યના દ્વિશતાબ્દી વર્ષમાં પ્રવેશ કર્યો. હવે આખું વર્ષ એ પર્વની ઉજવણી થશે તે ટાણે ત્યાંની મહાન પ્રજાએ લોકશાહી કઈ રીતે હાંસલ કરી વિકસાવી અને એક આદર્શ સુધી પહોંચાડી છે તે જાણવું રસપ્રદ બની રહેશે.

આજે લોકશાહી પરંપરાના આદર્શ શિખરને આંબવા મથતા અમેરિકાએ માનવ અધિકારોનું જે ગૌરવ કર્યું છે તેની પાછળ ભૂતકાળનાં સંકટોનો, સંઘર્ષોનો અને સાફલ્યનો જ્વલંત ઇતિહાસ સમાએલો છે. આમ તો વર્ષો પહેલાં, યુરોપના શાંત ગ્રામવિસ્તારોમાં રહેતા હડધૂત માનવીઓ મામૂલી જહાજો પર ચડી તોફાની સાગરને ખૂંદતા ખૂંદતા અનેક સંકટોનો સામનો કરીને અમેરિકા ખંડને કિનારે ઊતર્યા હતા, અને ત્યાં વસાહતો બાંધી રહેવા લાગ્યા હતા. ત્યાં સ્થિર થાય તે પહેલાં એમાંના ઘણાને ભારે હાડમારીઓનો સામનો કરવો પડેલો, કેટલાક તો વચ્ચે જ ડૂબી ગએલા, કોઈ રોગોનો ભોગ બનેલા અને રેડ ઇન્ડિયનોને હાથે માર્યા પણ ગએલા. જે બચ્યા તેમણે અપાર આફતો સામે અભંગ આશાથી વસાહતો સ્થાપી. આમ, તેમણે જંગલો સાફ કર્યાં, નવા પાક શોધ્યા, ખેતીની નવી પદ્ધતિઓ ઊપજાવી, તેમના અલગ કાયદાઓ ઘડ્યા અને સરકારી તંત્રો રચ્યાં.

પરન્તુ આ બધુ માત્ર અંગ્રેજ આગંતુકોએ જ નહોતું કર્યું. ત્યાં તો ડચો આવ્યા અને મૅનહાટન ટાપુ પર વસ્યા. સ્વીડનના લોકો ડેલાવેરમાં સ્થિર થયા. સ્કૉચ-આઈરિશ અને જર્મનો પેન્સિલ્વેનિયામાં સ્થાયી થયા. ફ્રેન્ચો અને સ્પૅનિશો ફ્લૉરિડામાં જઈ રહ્યા. અપૂર્વ સિદ્ધિને હાંસલ કરવા આવેલા આ લોકો પોતાના પરંપરાગત સંસ્કારો ભૂલી નવી માટીનાં નવાં માનવી બનવા મથી રહ્યા. આ બધા આગંતુકોનું એમના પોતાના દેશમાં જે નીચું સ્થાન હતું તે જ કદાચ એમની વચ્ચે એક સમાન લક્ષણ બની ગયું હતું. આથી જ કોઈએ કહ્યું છે: 'અમેરિકાના આ મહાન તંબૂ હેઠળ, યુરોપના નિર્ધનો અણધારી રીતે એકઠા થઇ ગયા...આ સેળભેળિયા જાતિમાંથી આજે જેમને "અમેરિકનો" તરીકે ઓળખવામાં આવી રહ્યા છે તે જાતિનો ઉદ્ભવ થયો.' યુરોપમાં 'નકામા ગણાતા લોકો' અહીં 'માનવીઓ' બન્યા. પરિણામે અમેરિકાના સ્વાતંત્ર્યની ઝુંબેશ ચાલી તેમાં લોકશાહીની સ્થાપનાની સાથે સાથે માનવીય ગૌરવ અને અધિકાર પર ખૂબ ખૂબ ભાર મૂકવામાં આવ્યો.

ગ્રેટ બ્રિટને ઉત્તર અમેરિકાના ઍટલાન્ટિક કાંઠે સ્થાપેલાં તેર સંસ્થાનોમાં ભાષા, ધર્મ, સાંસ્કૃતિક પરંપરા, ઐતિહાસિક પ્રદેશ માટે ઊંડી આસક્તિ, સમાન વંશવેલો વગેરે રાષ્ટ્રત્વ માટેનાં કેટલાંક સમાન લક્ષણો ઈ. ૧૭૭૬માં સ્પષ્ટ રીતે સાકાર બન્યાં ન હતાં. આમ છતાં, આ વસાહતીઓમાં બે લક્ષણો આગળ તરી આવતાં—મુક્તિની આંગ્લ પરંપરા માટે ઊંડી લગની અને ૧૮મી સદીના બુદ્ધિવાદમાં અખૂટ શ્રદ્ધા. આ બે વિચારધારાઓએ એક કુંવારા ખંડ પર અમેરિકા જેવા વિશ્વ-સમૃદ્ધ રાષ્ટ્રજન્મમાં અપૂર્વ ફાળો આપ્યો.

અંગ્રેજ સરકારે જે નાગરિક અધિકારોને આપખુદ રીતે કચડી નાખ્યા હતા તેની પુનઃ પ્રાપ્તિ માટે જ જાણે અમેરિકાના અંગ્રેજ નાગરિકોએ ક્રાંતિની મશાલ પ્રકટાવેલી. ધીમે ધીમે અધિકાર-પ્રાપ્તિની આ લડત મહાન ક્રાંતિમાં પલટાઈ તે દરમિયાન માનવ-અધિકારના ગૌરવની વાત સ્વીકારાવા લાગી હતી. ચોથી જુલાઈ ૧૭૭૬ના રોજ સ્વાતંત્ર્યની ઘોષણામાં જાહેર કરાએલા 'જીવન, સ્વતંત્રતા અને સુખની ખોજ'ના અધિકારો પરંપરાગત આંગ્લ સ્વાતંત્ર્યની જ દેન હતા, છતાં બૌદ્ધિક જાગ્રતિએ તેમને 'પ્રકૃતિદત્ત' અને 'જન્મસિદ્ધ' લેખ્યા હતા. માનવ-અધિકારની મહત્તા સ્થાપતા આ દેશમાં પણ કાળા–ગોરાના ભેદભાવે ૧૮૬૧-૬૫ દરમિયાન કાળાં આંતરયુદ્ધો સર્જેલાં તે માનવસહજ સાર્વત્રિક નબળાઈની કરુણ અને શરમજનક સાક્ષી પૂરે છે.

આમ છતાં ય અમેરિકાની ક્રાંતિને આરંભકાળથી જ ફ્રેન્ચ અને રશિયન ક્રાંતિઓના અમૂર્ત ઉદ્દામવાદ અને કલ્પિત સ્વર્ગવાદમાં સરી જતી અટકાવનાર તો આંગ્લ પરંપરા પ્રત્યેની તેની નિષ્ઠા જ હતી. આમાંથી જ વાદનિરપેક્ષ માનવ-અધિકાર-ઝંખુ મહાન રાષ્ટ્રનો જન્મ થવા પામ્યો. ઈ. ૧૭૮૭માં ફિલાડેલ્ફિયામાં 'સ્વાધીનતા ખંડ' (Independence Hall) ખાતે વૉશિંગ્ટન, મૅડિસન, હૅમિલ્ટન, બેન્જામિન ફ્રેન્કલિન જેવા ૫૫ દૂરંદેશ અને માનવપ્રેમી મહાનુભાવોનું અભૂતપૂર્વ અને ઐતિહાસિક મિલન થયું હતું. આ ખાનગી પરિષદે નૂતન રાષ્ટ્રનું ગૌરવશાળી બંધારણ ઘડી કાઢ્યું હતું. વિવિધ રાજ્યો વચ્ચે સુમેળ પ્રવર્તે એવું આ બંધારણ ઘડાયું હતું. ઈ. ૧૭૮૮ સુધીમાં તેર રાજ્યોમાંથી અગિયાર રાજ્યોએ આ બંધારણને બહાલી આપી. પરિણામે સમવાયી શોભાયાત્રાનું સરસ આયોજન થયું. ફિલાડેલ્ફિયાએ ૪થી જુલાઈએ દબદબાપૂર્વક તેની ઉજવણી કરી. દસ પૂરા અને ત્રણ અધૂરા સ્તંભો પર ગોળ ઘુંમટ ધરાવતી ભવ્ય સમવાયી ઈમારતને દસ શ્વેત અશ્વો જેમાં ખેંચી રહ્યા છે તેવું એક ભવ્ય સરઘસ નીકળ્યું. એ ઈમારતની વચ્ચે દસ નાગરિકો બેઠા હતા. જે જનસામાન્યને મંજૂરી માટે બંધારણ સુપરત થયું હતું તેના તેઓ પ્રતિનિધિઓ હતા. એમની પાછળ હતા કારીગરો, વ્યવસાયીઓ, ખેડૂતો, ઉત્પાદકો, ઈંટ પાડનારાઓ, ઘડિયાળ બનાવનારાઓ, લુહારો, સોનીઓ, ગાડીવાળાઓ: સહુ પોતપોતાના સમૂહનાં સુશોભિત વાહન સાથે ચાલતા હતા. સર્વ પંથના ધર્મગુરુઓ પણ બંધુત્વની ભાવના સાથે એમાં કૂચ કરી રહ્યા હતા. વિલિયમ હૅમિલ્ટનની જાગીર—'બુશ હિલ' પાસે સરઘસ અટક્યું. છાયામાં ટેબલો પથરાયાં અને 'રાઇઝિંગ-સન'ની તોપોની ધણધણાટી વચ્ચે ત્રણ ટોસ્ટ (દારૂના સલામી ઘૂંટ) લેવાયા; અમેરિકાની પ્રજાની આબાદી માટે, બંધારણ–પરિષદના ગૌરવ અને અમરત્વ માટે અને અંતે તો સમગ્ર માનવપરિવાર માટે. આ હતો 'ફિલાડેલ્ફિયાનો ચમત્કાર'!

અમેરિકામાં લગભગ ૨૦૦ વર્ષ પૂર્વે કાયદાનું શાસન સ્થાપવાના ઉદાત્ત આશયથી ક્રાંતિનો શંખ ફૂંકનારાઓ હતા જ્યૉર્જ વૉશિંગ્ટન, ટૉમસ જેફરસન અને જેઈમ્સ મૅડિસન જેવા સમૃદ્ધ ખેડૂતો, 'ફૉર્સેટ' બનાવનાર અને પત્રિકાઓ લખનાર ટૉમસ પેઈન, મીણબત્તી બનાવનાર અને મુદ્રક બેન્જામિન ફ્રેન્કલિન અને લશ્કરી સાહસનો રસિયો વેસ્ટ ઈન્ડીઝનો નિર્ધન યુવક ઍલેક્ઝાન્ડર હૅમિલ્ટન. એઓ બ્રિટિશ શાસનથી મુક્ત થવા માગતા હતા, પરંતુ બ્રિટિશ કાયદાના સિદ્ધાંતો અને તેની પરંપરાઓને તો જરા પણ તજી દેવા નહોતા માગતા. ક્રાંતિના આ આરૂઢ નેતાઓ ઈંગ્લૅન્ડના રાજાના ત્રાસને સ્થાને સિદ્ધાંતની ઉચ્ચાભિલાષી ઉદ્ઘોષણાઓ વડે છાવરાએલી અન્ય પ્રકારની આપખુદીને નહિ અપનાવવાના નિર્ધાર સાથે સંસદ, ન્યાયાલયો અને પ્રમુખપદ જેવી કેટલીક સંસ્થાઓ વચ્ચે સત્તાનું વિતરણ કરતા ગયા છે. બસો વર્ષ પૂર્વે શરૂ થએલી અમેરિકાની ક્રાંતિ, ભૂલ અને કસોટીના દીર્ઘ ગાળા પછી આજે

પણ એ લોકશાહીનાં ઊંચાં મૂલ્યોની માવજત અને માનવ-અધિકારના ગૌરવ પ્રતિ એકધારી પ્રગતિ કરી રહી છે. પ્રત્યેક પેઢીના માટે સ્વરાજ-ના સાહસ પર ઉચ્ચાશયી પ્રયોગની પૂરતી તકો પૂરી પાડતી ઉદારમત-વાદી લોકશાહીની દ્વિશતાબ્દીના આ પર્વોત્સવ વર્ષમાં વિશ્વસમસ્તની લોકશાહીના ઉજ્જવળ ભાવિનો ગર્ભિત સંકેત રહેલો છે.

સિક્કીમ: ભારતનું બાવીસમું રાજ્ય

હમણાં જ થોડા સમય પહેલાં સિક્કીમને ભારત સાથે ભેળવી દઈને એને દેશનાં અન્ય રાજ્યોની સમકક્ષ બનાવવામાં આવ્યું. તિબેટ, ભુતાન નેપાળ ને ભારતના દાર્જીલિંગ જિલ્લાથી વીંટળાએલા આ રાજ્યને ભૂલથી ઘણા નેપાળ-ભુતાનની કક્ષાનો સ્વતંત્ર દેશ સમજતા હતા. હકીકતે એ સ્વાતંત્ર્ય બાદ ભારતમાં નહિ ભેળવી દેવાએલું એક રક્ષિત રાજ્ય હોઈ ભારતનું જ એક અંગ હતું.

સત્તરમી સદીની મધ્યમાં તિબેટમાં ગેલુકપા પંથનું વર્ચસ્વ અત્યંત વધી જતાં લાલટોપીવાળા ન્યીંગમાપા બૌદ્ધપંથી ત્રણ તિબેટી લામાઓ અને પુંત્સો નામગ્યે નામે એક જાગીરદાર અહીં નાસી આવેલા. પેલા લામાઓએ અહીંના લેપ્ચાઓને પોતાના પંથમાં ભેળવ્યા અને પુંત્સો નામગ્યે એમનો રાજા બની બેઠો. પોતાનું રાજ જાળવવા એ તિબેટને ખંડણી આપતો. ઈ. ૧૭૮૮માં નેપાળના ગોરખાઓએ સિક્કીમ પર ચડાઈ કરેલી. ચારેક વર્ષ બાદ ફરી એમણે હુમલો કર્યો, પણ તેમાં હાર્યા. ઈ. ૧૮૧૪માં અંગ્રેજોને નેપાળ સાથે લડાઈ જાગી. સિક્કીમના રાજાએ અંગ્રેજોને મદદ કરી. એના બદલામાં એને કેટલોક નવો પ્રદેશ મળ્યો. પણ દીર્ઘદૃષ્ટિવાળા અંગ્રેજોએ ઈ. ૧૮૩૫માં વાર્ષિક ૩૦૦૦ રૂપિયાના બદલા-માં દાર્જીલિંગ પોતાને હાથ કરીને બંગાળ સાથે જોડી દીધું.



એ સમયમાં સિક્કીમમાં ગુલામીજેવી પ્રથા હતી. અહીં-થી બ્રિટિશ હદમાં નાસી જતા ગુલામો અંગે અંગ્રેજો સાથે સિક્કીમને કાયમ ખટરાગ રહેતો. ઈ. ૧૮૪૯માં તક મળ-તાં સિક્કીમની હદમાં આવી ચડેલા દાર્જીલિંગના સુપરિ-ન્ટેન્ડેન્ટ ડૉ. કૅમ્પબેલ અને પ્રકૃતિવિદ્ ડૉ. હૂકરને પકડીને બાન રાખી રાજાએ ગુલામોના પ્રશ્ન અંગે અંગ્રેજો પર દબાણ લાવવા પ્રયાસ કર્યો. બહાનું મળતાં અંગ્રેજોએ રાજાને અપાતું સાલિયાણું બંધ કરી દઈ સિક્કીમનો વધુ કેટલોક વિસ્તાર કબજે કરી લીધો. આ પછી યે અંગ્રેજી હકૂમત તળેના બંગાળીઓનાં અપહરણ થતાં રહેવા-થી ફરી અંગ્રેજોએ ચડાઈ કરી ઈ. ૧૮૬૧માં રાજાને સંધિ કરવા ફરજ પાડી અને એ રીતે સિક્કીમમાં નવા રસ્તા બાંધી મુક્તપણે વેપાર કરવા-ની છૂટ અને પ્રવાસીઓનું રક્ષણ મેળવી એ રાજ્યના આંતરિક પ્રદેશો-માં ઘૂસવાની મોકળાશ મેળવી લીધી.

બીજી તરફ સિક્કીમના શાસનમાં તિબેટનો હસ્તક્ષેપ વધતો ગયો અને પરિણામે છેવટ બંને વચ્ચે લડાઈ જાગી. બ્રિટિશ સૈન્યે સહાય આપીને સિક્કીમમાં ઘૂસી આવેલા તિબેટનોને પાછા હાંકી કાઢ્યા, અને ઈ. ૧૮૮૯માં મહારાજાના સલાહકાર તરીકે એક અંગ્રેજ પ્રતિનિધિએ રાજધાની ગંગટોકમાં રહેવાનું ઠર્યું. ઈ. ૧૮૯૦માં અંગ્રેજો સાથેના કરાર મુજબ ચીને પણ સિક્કીમ પર બ્રિટિશ સાર્વભૌમત્વ સ્વીકારવું પડ્યું અને સિક્કીમના વહીવટ અને વિદેશી સંબંધો પર બ્રિટિશ કાબૂ આવ્યો.

ભારત સ્વતંત્ર થતાં સિક્કીમે ભારત સરકાર સાથે કરાર કરી પૂર્વવત્ સંબંધો જારી રાખવાનું સ્વીકાર્યું. પણ મહારાજા થોડાક લેટિયા જાગીર-દારોની સહાયથી આપખુદી ચલાવતા હતા તેની સામે પ્રજાને લોક-શાસન જોઈતું હતું. એ માટે આંદોલનો પણ થયાં અને એને શમાવવા ભારત સરકારે રાજાનો પક્ષ લઈ સહાય પણ કરી. ઇ. ૧૯૪૯માં કરાર થયા પ્રમાણે સિક્કીમ ભારતના રક્ષિત રાજ્યનો દરજ્જો પામ્યું. તે પછી અન્ય કરાર વડે સિક્કીમના સંરક્ષણ, સંદેશ-વ્યવહાર અને વિદેશી સંબં-ધોની જવાબદારી ભારતે લીધી. લોકશાસન અંગે પ્રજાની સતત માગથી ઈ. ૧૯૭૩માં ચોગ્યાલે એટલે કે ધર્મરાજાએ બંધારણીય રાજા બની પ્રજાને રાજવહીવટ સોંપવાનું સ્વીકાર્યું. એની અમેરિકન રાણીને આ ન ગમતાં એ રાજાને ત્યજીને ચાલી ગઈ. અહીં ચોગ્યાલ પાલ્દેન થોન્ડુપ નામગ્યાલ પણ પ્રજાકીય સરકાર સાથે મેળ રાખી શક્યા નહિ અને એ-મણે ભારત વિરોધીઓ સાથે સંપર્ક સાધવા માંડ્યો. પરિણામે પ્રજાએ ચોગ્યાલનો દરજ્જો રદ કરી નાખ્યો ને ભારત સાથે પૂર્ણતઃ ભળી જવાનું નક્કી કર્યું. ભારત સરકારે એનો સ્વીકાર કર્યો ને સિક્કીમ ભારતનું જ એક રાજ્ય બન્યું. હવેથી એના પ્રતિનિધિઓ ભારતની પાર્લમેન્ટમાં બેસશે.

પશ્ચિમ બંગાળના દાર્જીલિંગ જિલ્લાની ઉત્તરે નેપાલ, તિબેટ અને ભુતાનની વચ્ચે હિમાલયની સિંગાલીલા અને ચોલા પર્વતમાળાના પહાડોમાં ૭૩૨૫ ચો. કિ. મી. ના વિસ્તારવાળું સિક્કીમ દેનજૅાંગ, દેમોજૅાંગ, દેમોશૅાંગ અને બ્રમશૅાન નામે પણ ઓળખાય છે. લાચુંગ, લાચેન, ઝેમુ, તલુંગ, રોંગની અને રાંગપો તથા તિષ્ઠા નદીનાં જળ અને પહાડી વનશ્રીથી આચ્છાદિત સિક્કીમમાં પુષ્કળ તાંબુ, બિસ્મથ અને ઍન્ટીમની વગેરે ખનિજો હોવાની દાયકાઓથી જાણ છે, પણ

[રહસ્યકથા '૨ મૅાર્ગનો હત્યાકાંડ'ના ઉકેલ માટે જુઓ પૃષ્ઠ ૩૦૧]

કદાચ હવે એનો લાભ લેવો શક્ય બનશે. ચોખા, મકાઈ, બટાટા, જુવાર અને જવની ખેતી અને સંતરાં, સફરજન, અનનાસ વગેરે ફળોની બાગબાની અહીં થાય છે. પણ આમાં સૌથી વધુ કિંમતી પેદાશ છે તજની. ગરમ અને સૂતરાઉ કાપડનો ગૃહઉદ્યોગ છે. અહીંનાં સમૃદ્ધ જંગલોમાં એટલા પ્રકારનાં ફૂલ ને પતંગિયાં થાય છે કે સિક્કીમને 'ફૂલ-પતંગિયાનો પ્રદેશ' પણ કહે છે. આ જંગલોમાં વિવિધ પ્રકારનાં બિડાલ વર્ગનાં પ્રાણીઓ, રીંછ, સાબર, ભસતું હરણ, કસ્તૂરી મૃગ વગેરે અનેક પ્રકારનાં જાનવરો ને સંખ્યાબંધ જાતનાં પંખીઓ જોવા મળે છે. મધમાખી અને રેશમના કીડાને અહીં ઉછેરી શકાય. તિષ્ઠા અને બીજી નદીઓ પર જલવિદ્યુત મથકો પણ સ્થાપી શકાય. પ્રદેશ પહાડી હોઈ રેલવે તો નહિ પણ રોપ-વે બાંધી શકાય. ઘાસિયા પ્રદેશની વિપુલતાને કારણે અહીં જાતવાન ગાયો ઉછેરીને દૂધ-ઉદ્યોગ પણ વિકસાવી શકાય. સિક્કીમની પશ્ચિમ સીમા પરનું ૮૬૦૦ મીટર ઊંચું કાંચનજંઘા શિખર પણ અહીંનું એક મોટું આકર્ષણ છે. જો યોગ્ય પગલાં લેવાય તો સહેલાણીઓ માટે અહીં અનેક આકર્ષણો હોઈ એમાંથી પણ સારી આવક કરી શકાય. જંગલમાંથી પણ આવક વધારવાની બીજી ઘણી તકો છે.

સંખ્યાબળના અનુક્રમે, નેપાળી ભોટિયા અને લેપ્ચા એ અહીંની મુખ્ય પ્રજા, નેપાળીઓ હિંદુ ધર્મ પાળે છે. એમનો વસતિ-વધારો પણ ઝડપી છે. એની સરખામણીમાં ભોટિયા અને લેપ્ચાઓનું સંખ્યાબળ સ્થિર જેવું છે. તેઓ લામાઓનો પ્રબોધેલો બૌદ્ધ ધર્મ પાળે છે, પણ બંને કોમ અંદરોઅંદર લગ્નવહેવાર કરતી નથી. વળી, ભોટિયા કુટુંબમાંથી એક જણ તો અચૂક લામા બને છે, એથી યે એમની વસતિ પર મર્યાદા રહે છે. આ બંને કોમો પણ ખેતી અને ઢોરઉછેર કરે છે. મુખ્ય વનવાસી હોઈ પશુપંખીની વિશિષ્ટતાઓ અને વિવિધ વનસ્પતિના ગુણદોષની પરખમાં તેઓ નિષ્ણાત હોય છે.

પુષ્કળ વરસાદ થતો હોવા છતાં સિક્કીમનું હવામાન સરસ છે.

સ્મૃતિ-વન

ચોમાસાનો આરંભ કંઈક આશાજનક થતાં આ વર્ષે વૃક્ષારોપણ અંગે જે ઉત્સાહ જોવા મળે છે એ આનંદપ્રદ અને આવકાર્ય છે. પણ અમદાવાદ નજીક બારેજા પાસેના એક ગામ મહીજડાએ જે રીતે આ કાર્ય હાથ ધર્યું છે એ નવતર, પ્રશંસનીય ને અનુકરણયોગ્ય તથા વધુ વ્યાવહારિક છે. ગામના પોતાના એક નાનકડા વન માટે આ ગામે સરકારના વનવિભાગને ત્રણેક એકર જમીન ભેટ કાઢી આપી છે. આ જમીન પર સૌ ગામવાસી પોતાના કોઈ સ્વજનની સ્મૃતિમાં એક વૃક્ષ રોપશે. આ માટે પ્રારંભમાં કંઈક નામનું જ શુલ્ક એ આપશે. ત્યાર બાદ એ વૃક્ષના ઉછેર ને જાળવણી વનવિભાગ કરશે.

'સ્મૃતિ-વન'ની આ કલ્પનામાં વનવૃક્ષ ઉછેર સાથે પ્રત્યેક ગ્રામવાસીને જોડવાનો આ એક ઘણો સુંદર ખયાલ છે. ઈઝરાએલ અને ફ્રાંસમાં સ્મૃતિ-વનના આ વિચારને ઘણી સારી સફળતા મળી છે. ભારતભરમાં અહીં આ પ્રથમ પ્રયોગ છે અને ગામમાં એને ઘણો આવકાર મળ્યો છે.


પરદેશનાં પત્રમિત્રો

[આ વિભાગમાં માત્ર પરદેશનાં અને વિદેશવાસી ભારતીય પત્રમિત્રોનાં જ નામ પ્રકટ કરવામાં આવે છે.]

(1) Isaar Femi Oguntuyi, Comprehensive High School, Aiyetoro, Egbado, Nigeria (M–19) Pop music, reading, football, dancing, cinema; (2) Ephraim Nwoke, Anum's Photos, P.O. Box 22, Kumba, West Cameroom (M–20) Photo grapher, Foot-ball, music, reading, Travel.

(ચાલુ)

માસમાસ (ઑગસ્ટ-સપ્ટે૦)ના આકાશમાં



આકાશના ઉત્તર ગોળાર્ધમાં લગભગ મધ્યે, ધ્રુવ ને વિષુવવૃત્તની લગભગ વચ્ચે 'હંસ' (Cygnus) નામે તારામંડળ છે. આકાશગંગા પર ઊડી રહેલા 'ગરુડ'ની સામે આ હંસ પણ જાણે ગગનવિહાર કરી રહ્યો છે. ઈસુખ્રિસ્તના વધસ્તંભ-ક્રૉસ (†)ના આકારે એના મુખ્ય તારાઓ દેખાતા હોઈ આ મંડળને 'નૉર્ધન ક્રૉસ' પણ કહે છે. આ ક્રૉસના શિરસ્થાને (એટલે કે ઊડતા હંસની પૂંછડીના સ્થાને 'ડેનેબ' (Deneb) નામે એક તેજસ્વી તારો છે. આપણે એને 'હંસ-પુચ્છ' કહીએ છીએ. આગવા ભારતીય નામાભિધાનથી વંચિત આ અતિ ઉજ્જ્વળ તારાનું બીજી ઘણી રીતે પણ મહત્ત્વ હોઈ ગાંધી-શતાબ્દી વર્ષ દરમિયાન એ તારા સાથે ગાંધીજીનું નામ જોડવાનો સ્વ. પ્રતાપરાય ગિ. મહેતાએ એક યોગ્ય પ્રસ્તાવ મૂકેલો ને એને સારો આવકાર મળ્યો હતો.

પ્રત્યક્ષ તેજસ્વિતાની દૃષ્ટિએ આકાશના સૌથી ઉજ્જ્વળ એવા પ્રથમ વર્ગના વીસ તારાઓમાં આ તારો આગળપડતો છે. આપણાથી ૧૬૦૦ પ્રકાશવર્ષ દૂરના આ વિરાટ તારાનું ખરું તેજ તો સૂર્ય કરતાં યે ૬૦,૦૦૦ ગણું છે. એક ગણતરી છે કે ઈ. ૧૦,૦૦૦માં આ તારો પૃથ્વીના ધ્રુવતારાનું સ્થાન લેશે.

હંસ તારામંડળનો બીજો મુખ્ય તારો તે હંસના મુખ-સ્થાન પરનો 'હંસમુખ' (Albireo). એ યુગ્મ તારક છે. આકાશમાં અને આકાશગંગામાં આ હંસ તારામંડળવાળો વિસ્તાર પણ અત્યંત પ્રેક્ષણીય છે. ત્યાં અનેક યુગ્મ તારકો ને તારાગુચ્છો છે.

હંસની દક્ષિણે સામાન્ય તારાઓનું Vulpecula નામે એક નાનું તારામંડળ છે. એવું જ એક Equuleus નામનું નાનું મંડળ પણ નજીકમાં છે. આ બંને મંડળનાં ભારતીય નામ જાણમાં નથી. પણ બંને મંડળ સાથે જોડાએલું ત્રીજું એક નાનું તારામંડળ આપણું પરિચિત છે. આ મંડળમાં ડૉલ્ફિન (એક જાતની વ્હેલ)ની આકૃતિની કલ્પના છે. આપણે એને 'ધનિષ્ઠા' નક્ષત્રના તારામંડળ તરીકે ઓળખીએ છીએ. □

આ માસ (ઑગસ્ટ) ઇતિહાસમાં

તા. ૧/૧૯૦૭ હિંદુસ્તાનમાં નિકલનો એક આનાનો સિક્કો બહાર પડયો. એક રૂપિયાના સોળ આના અને એક આનાના ચાર પૈસા ત્યારે ગણાતા હતા. આજના નવા બે પૈસાથી કદમાં સહેજ મોટો અને એના જેવી કિનારીવાળો આ સિક્કો હવે તો ચલણમાં નથી રહ્યો, પણ હજી યે વાતચીતમાં પ્રમાણ દર્શાવવા અંગ્રેજોએ પાડેલા, પૂરેપૂરા હિસ્સા માટે 'સોળ આની' અને એમ 'આઠ આની', 'ચાર આની' વગેરે શબ્દપ્રયોગોમાં એની યાદ જળવાઈ રહી છે.

તા. ૫/૧૭૭૫ વૉરન હેસ્ટિંગ્સ પર લાંચ લેવાનો આરોપ મૂકનાર રાજા નંદકુમારને ફાંસી.

તા. ૭/૧૯૦૫ બંગાળના ભાગલાના પ્રતિકાર રૂપે અંગ્રેજી માલના બહિષ્કાર દ્વારા સ્વદેશીનું આંદોલન ઊપડયું. દેશવ્યાપી આ ચળવળ સફળ થઈ.

તા. ૧૦/૧૬૭૫ જગતની પ્રખ્યાત વેધશાળા ગ્રીનિચની રૉયલ ઑબ્ઝર્વેટરીની સ્થાપના.

તા. ૧૨/૧૬૦૨ શાહજાદા સલીમે અકબરના પ્રિય વિદ્વાન અબુલ ફઝલનું ખૂન કરાવ્યું.

તા. ૧૫/૧૯૪૨ ગાંધીજીના મંત્રી અને અંતેવાસી મહાદેવ દેસાઈનું જેલમાં અવસાન.

તા. ૧૯/૧૮૬૧ અમેરિકાનાં સંયુક્ત રાજ્યોએ પાસપોર્ટની પ્રથાનો અમલ આરંભ્યો.

પ્રસંગવિશેષ

તા. ૨૦/૧૮૨૮ રાજા રામમોહન રાયે કલકત્તામાં ધર્મ સુધારણાવાદી બ્રાહ્મ-સમાજની સ્થાપના કરી. શ્રદ્ધાપ્રેરક અને સંરક્ષક એવા શાશ્વત, નિર્વિકાર અને અતર્ક્ય પરમાત્માની ઉપાસના સાથે અદ્વૈત વેદાંતની પુનઃપ્રતિષ્ઠા કરવા તથા બહુસંખ્ય દેવતા, મૂર્તિપૂજા, જ્ઞાતિભેદ, બહુપત્નીત્વ, સતીનો ચાલ, પોથી-પ્રતિષ્ઠા ને શબ્દપ્રામાણ્ય વગેરેના વિરોધ દ્વારા સમાજ સુધારના તેઓ હિમાયતી હતા. આજે તો એનો ખાસ પ્રસાર નથી રહ્યો, પણ એનાં પ્રખર આંદોલનોથી તત્કાલીન હિંદુ સમાજમાં એક નવી ચેતના પ્રસરી ગઈ હતી. એના બુદ્ધિવાદ અને વિવેકનિષ્ઠાના પ્રભાવથી અનેક લોકો ખ્રિસ્તી થતા અટકી ગયા હતા. અલબત્ત, આની સામે સનાતન ધર્માભિમાની હિંદુઓએ 'ધર્મસભા' પણ સ્થાપેલી, પણ બ્રાહ્મ સમાજનો આગવો પ્રભાવ રહેલો.

તા.૨૧/૧૯૩૨ લંડનમાં બી.બી.સી.એ પ્રાયોગિક ટેલિવિઝન કાર્યક્રમનું પ્રથમ પ્રસારણ કર્યું. તેંતાળીસ વર્ષ બાદ આ વર્ષે આ જ માસની પહેલી તારીખે અમેરિકન ઉપગ્રહની સહાયથી સ્વતંત્ર ભારતે ૨૪૦૦ ગામને આવરી લેતી ટેલિવિઝન પ્રસારણ યોજનાનો સફળતાથી પ્રારંભ કર્યો.

વ્યક્તિવિશેષ

તા. ૨૬/૧૮૭૨ નાના ફડનવીસનું ચાતુર્ય, રાનડેની બુદ્ધિમત્તા, ટિળકની લોકસેવા-તત્પરતા ને ગોખલેની ઉદ્યોગશીલતા જેવા ગુણોના સમન્વય જેવા મહારાષ્ટ્રના મહાન પત્રકાર, સાહિત્યસમ્રાટ, દેશભક્ત નૃસિંહ ચિંતામણ કેળકરનો પંઢરપુર નજીક મોડલિંબમાં જન્મ. સતારામાં આરંભેલી વકાલત ટિળકનાં કાર્યોથી પ્રભાવિત થઈને છોડી દીધી અને પૂના જઈ એમની પ્રવૃત્તિમાં જોડાઈ ગયા બાદ ટિળકની ગેરહાજરીમાં એમનાં 'કેસરી' અને 'મરાઠા' પત્રોનું કૌશલપૂર્ણ સંચાલન કરેલું અને 'સહ્યાદ્રિ' નામે એક સાહિત્યિક માસિક પણ શરૂ કરેલું. સ્થાનિક મ્યુનિસિપાલિટીના અધ્યક્ષ, વડી ધારાસભાના સભ્ય, સ્વરાજ્ય પક્ષના એક સૂત્રચાલક, પ્રતિસહકાર પક્ષના સંસ્થાપક, ગોળમેજી પરિષદ અને કૉંગ્રેસ કારોબારીના સભ્ય, સાહિત્ય સંમેલનના બે વાર પ્રમુખ અને એમ અનેક પદ પર રહી બહુવિધ કાર્યો કરી દેશભરમાં પ્રતિષ્ઠા પામ્યા હતા. 'સમગ્ર કેળકર વાઙ્મય'નાં ૧૨૦૦ પૃષ્ઠો પર એમની બહુમુખી સાહિત્યપ્રતિભાનાં દર્શન થાય છે. રાજકીય બાબતોમાં ક્વચિત્ વિચારભેદ જણાવા છતાં એમના મિલનસાર સ્વભાવ, સમન્વયકારી વૃત્તિ ને જ્વલંત દેશભક્તિ માટે સૌને માન હતું.

તા.૨૭/૧૬૬૪ અંગ્રેજોએ ડચ લોકો પાસેથી અમેરિકાનું એમનું ન્યૂ આમ્સ્ટર્ડામ કબજે કરી એને નવું નામ આપ્યું. આજે 'ન્યૂ યૉર્ક' નામથી અમેરિકાનું એ મહાનગર બન્યું છે.

તા. ૨૮/૧૮૭૧ ગુજરાતના ખ્યાતનામ સુધારક કરસનદાસ મૂળજીનું અવસાન. સુધારાના એવા જ એક આગ્રહી અને રસિક શૂર કવિ નર્મદાશંકરનો જન્મ પણ આ જ માસની ૨૪મી એ ઈ. ૧૮૩૩માં થએલો.

તા. ૨૫/૧૯૪૨ અંગ્રેજોને છક્કડ આપી નાસી છૂટેલા નેતા સુભાષચંદ્ર બોઝે બ્રહ્મદેશમાં 'આઝાદ હિન્દ ફોજ'ની સ્થાપના કરી. ઈ. ૧૯૪૫માં આ જ માસની ૧૯મી તારીખે વિમાન અકસ્માતમાં એમનું અવસાન થયાનું મનાય છે.

અથાણું

બે બહેરા રસ્તે સામસામા મળી ગયા. એકના હાથમાં ઝોળી હતી, તે જોઈ બીજાએ પૂછ્યું: 'ક્યાં, શાક લેવા જાઓ છો?

પહેલો બોલ્યો: 'ના, હું તો શાક લેવા જાઉં છું.'

બીજાએ એ સાંભળી કહ્યું: 'એમ? મેં તો જાણ્યું કે તમે શાક લેવા જતા હશો.'

ઐ

એક નવપરિણીત યુગલ રસ્તે જતું હતું ત્યાં એક કુંભાર કેટલાંક ગધેડાં સાથે સામે મળ્યો. પતિને એ જોઈ મશ્કરી સૂઝી, અને પત્નીને કહ્યું: 'આ બધાં તારાં સગાં લાગે છે.'

'હા, પરણ્યા પછીનાં.' પત્નીએ સંભળાવ્યું.

ઐ

'ભાનુકાકા, તમારા મનુએ મને પથરો માર્યો.'

'અરેરે, ક્યાં વાગ્યો?'

'વાગ્યો તો નહિ, સહેજમાં રહી ગયો.'

'તો એ મારો મનુડો નહિ. એનો ઘા કદી ખાલી જાય જ નહિ ને!'

ઐ

ખરાબ અક્ષરવાળા છોકરાની નોટમાં શિક્ષકે લખ્યું: 'અક્ષર સારા લખો.' બીજા દિવસે છોકરાએ શિક્ષકને કહ્યું: 'સાહેબ, મારા બાપુજીએ પુછાવ્યું છે કે તમે આ શું લખ્યું છે, એ સારા અક્ષરે લખી આપો.'

ઐ

'પણ એવું તે શું છે કે તું એના પર આટલો ચિડાઈ ગયો છે?'

'એ મારે માટે બધે જૂઠું જૂઠું કહ્યા કરે છે.'

'તો એમાં ગભરાવાનું શું? જ્યાં સુધી એ સાચું નથી કહેતો ત્યાં સુધી એનો પાડ માન.'



('જનસત્તા'માં શિવ)

ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ
ને ગમતાંનો કરીએ ગુલાલ.

—મકરન્દ દવે

ગાંધીજી જેમને ગુરુતુલ્ય ગણતા એ રાયચંદભાઈ (શ્રીમદ્ રાજચંદ્ર)એ પોતાના (હીરાના) વેપારમાં એક વેપારી સાથે સોદો કર્યો કે તેણે અમુક મુદતમાં બાંધેલા ભાવમાં અમુક ઝવેરાત આપવું. પણ તે પછી અચાનક બજાર વધી ગયો અને વેપારી બાંધી મુદતમાં ઝવેરાત પૂરું પાડે તો તો તેને ઘરબાર વેચી દેવાં પડે તેમ હતું. આથી રાયચંદભાઈ તેની દુકાને ગયા. એમને જોઈ વેપારીએ કહ્યું: 'હું તમારો સોદો પાર પાડવાની ચિંતામાં જ છું અને કોઈ પણ ભોગે હું તેમ કરીશ. તમે ચિંતા ના કરશો.' રાયચંદભાઈએ અત્યંત કરુણાથી કહ્યું: 'તમને મારી ચિંતા છે તેમ મને પણ તમારી ચિંતા છે. આપણા બંનેની ચિંતાનું કારણ આ કરારનો દસ્તાવેજ છે. તમને પાયમાલ કરીને હું કમાવા માગતો નથી. રાયચંદ દૂધ પી શકે છે, લોહી નહિ.' એમ કહીને એમણે પેલો દસ્તાવેજ ફાડી નાખ્યો.

∞

અનેકાર્થી શબ્દ: રજ=બારીક ધૂળ; કસ્તર; ધૂળનો કણ; જરા જેટલું; પુષ્પનો પરાગ; સ્ત્રીનો માસિક અટકાવ; પિંગળશાસ્ત્રમાં એક છંદ; એ નામના એક ઋષિ; ત્રણ માંહેનો એક ગુણ—રજોગુણ; લંબાઈ માપવાનું એક માપ: ૮ અણુ=૧ રજ; રાત, અંધકાર; એક પ્રકારનું વાદ્ય; રૂપું; કલાઈ; ખેડેલી જમીન; પાપ કે માનસિક મેલ; વરસાદનું પાણી; લોહી; વરાળ; વાતાવરણ.

∞

ગણિતગમ્મત: પાસે પાસેની કોઈ પણ બે સંખ્યાનો સરવાળો, તે બે સંખ્યાના વર્ગની બાદબાકી જેટલો જ આવશે, દા. ત. ૨+૩=(૩×૩)−(૨×૨)= ૯−૪=૫ (ધીરજલાલ)

∞



રેલવે અકસ્માતમાં પાટાની જે 'ફિશપ્લેટો' કાઢી નાખ્યાના હેવાલો આવે છે તેનું ચિત્ર ઉપર આપ્યું છે. બે પાટાના છેડાને જોડતી તે લોઢાની પ્લેટ હોય છે, ને આ રીતે બોલ્ટ વડે પાટાને જકડી રાખે છે. ભાંગફોડિયાઓ એ બોલ્ટ કાઢી નાખી પ્લેટને દૂર કરે છે, તેથી પાટા છૂટા થઈ જવાને પરિણામે ગાડી ઊથલી પડી અકસ્માત થાય છે.


विश्रान्तिः यस्य संभोगे
सा कला, न कला मता ।
लीयते परमानन्दे
सदात्मा, सा कला मता ॥

જે વિલાસ અને ભોગમાં પરિણમે, તે કલાને કલા ન કહી શકાય: જે વડે મનુષ્યનો આત્મા પરમ આનંદમાં લીન બને તે સાચી કલા.

કહેવતોના અર્થ: 'આર વગર ચીંથરું અક્કડ રહે નહિ.'—કોઈ નમાલો માણસ કોઈક બીજા બળિયાની શેહ, સહાય કે હિંમત ઉપર રુઆબ કે શેખી મારતો હોય તે દર્શાવવા વપરાતી સચોટ દૃષ્ટાંતવાળી આ કહેવતનો બીજો અર્થ એ પણ થાય કે ઢીલા અથવા નબળા માણસને આગળ આવવા માટે કોઈ સધ્ધર ટેકો જોઈએ. એ દર્શાવતી એક બીજી કહેવત તો જાણીતી છે કે 'વાડ વિના વેલો ન ચડે'.

∞

'સૅન્ડવિચ' ટાપુઓના લોકોમાં જો કોઈને સૂતક આવે તો તે તેનો એક દાંત પડાવી નાખે છે! ◧ ઈ. ૧૮૯૮ પહેલાં હિંદમાં છાપાના અંકો જો એકબીજાને બદલામાં મોકલવાના હોય તો તે ટપાલમાં મફત મોકલી શકાતા!



'આંતરરાષ્ટ્રીય મહિલાવર્ષ' નિમિત્તે ભારતમાં આ સ્વાતંત્ર્યદિને (૧૫-૮-'૭૫) ૧૦ પૈસા અને ૧૦ તથા ૫૦ રૂપિયાના ખાસ સિક્કા બહાર પડયા છે. ત્રણેય ઉપર આ પ્રમાણે સ્ત્રી ઉપરાંત જળબંધ અને અનાજની ડૂંડી દ્વારા દેશના વિકાસનું સૂચન કોરેલું છે, એ સાથે આ નિમિત્તે ભારતે અપનાવેલું સૂત્ર પણ આપ્યું છે. ત્રણે સિક્કાની પાછલી બાજુએ અશોકસ્તંભ તથા હિંદી-અંગ્રેજીમાં 'ભારત' શબ્દ કોરેલો છે.




કેટલીક પ્રાચીન માન્યતાઓ હતી કે પૃથ્વી એ એક કાચબાની પીઠ પર ઊભેલા ચાર હાથીઓએ ધરી રાખેલી તાસક જેવી છે. ગ્રીક કવિએ એને ચારે પાસ દરિયાથી વીંટળાએલા, વચ્ચેથી ઊપસેલા ટાપુ જેવી વર્ણવી હતી. અનેક પ્રાચીન આદિવાસીઓ માનતા કે તેઓ જ્યાં વસે છે એટલો ભૂભાગ એ જ પૃથ્વી. આપણે ત્યાં યે મનાતું કે શેષનાગે એને પોતાની ફેણ પર ધરી રાખેલી છે. પણ ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં પાયથાગોરાસ નામના ગ્રીક દાર્શનિકે એને પ્રથમ ગોળા જેવી ગણાવી છે. ઈ. ૧૯૫૮માં તરતા મુકાએલા અમેરિકન સેટેલાઈટ દ્વારા જાણવા મળ્યું કે એનો આકાર અંશતઃ જામફળ જેવો છે.

∞

તાઈવાન (ફૉર્મોસા)માં જગતનું સૌથી જટિલ ટાઈપરાઈટર પ્રચારમાં છે, જેમાં ચીની ચિત્રલિપિના ૩૦૦૦ અક્ષરો ઉપરાંત રોમન અને સાઈરિલિકના ૫૦ અક્ષર પણ છે. પરંતુ એના ઉપર ઝડપીમાંઝડપી ટાઇપિસ્ટ પણ માત્ર દર મિનિટે નવ અક્ષર જ ટાઈપ કરી શકે છે.



કલાકણિકા: ખાવાની તમાકુ રાખવા માટેની બસ્તરના આદિવાસી મુરિયાઓની અગાઉ આવી ગએલી દાબડી જેવી એક બીજી.



તાતા સેન્ટર • કલકત્તા (ફોટો : શિવકુમાર લોયા). શોધવા બેસીએ તો આ ફોટોચિત્રમાં ગઈ કાલ અને આજ, કુદરત અને માનવીનું સર્જન, ખખડધજતા અને અડીખમતા, અસમ અને સમરેખ રૂપ-સૌન્દર્ય, એમ એકબીજાને પડછે વધુ ઉઠાવ લેતી અનેક કલ્પના મૂર્ત થતી લાગે. અને આ બધાં ઉપરાંત ખડી ગએલા વૃક્ષની બખોલેથી દૂર દેખાતી ભવ્ય ઇમારતોના આ ફોટોચિત્રનું સંયોજન અને તેજછાયાનો સમાન ભાર નજરને અચૂક આકર્ષી રાખે છે.



◁
ઘોલકાંનું રાજ

ભલેને મહોલ્લાંના માચડા જેવાં ઘોલકાં હોય, પણ ખુલ્લા આકાશ તળે શાંત એકાંત ભૂમિ પર એના આશરામાં યે પરમ સંતોષ છે. એનું એક આગવું સૌન્દર્ય છે. ચિત્રકારે એ અહીં ઉતાર્યું છે.

ચિત્રકાર: મહેન્દ્ર મિસ્ત્રી
જુઓ આ અંકની 'કલાવાર્તા'

ગાંધીજી જેમને ગુરુતુલ્ય ગણતા એ રાયચંદભાઈ (શ્રીમદ્ રાજચંદ્ર)એ પોતાના (હીરાના) વેપારમાં એક વેપારી સાથે સોદો કર્યો કે તેણે અમુક મુદતમાં બાંધેલા ભાવમાં અમુક ઝવેરાત આપવું. પણ તે પછી અચાનક બજાર વધી ગયો અને વેપારી બાંધી મુદતમાં ઝવેરાત પૂરું પાડે તો તો તેને ઘરબાર વેચી દેવાં પડે તેમ હતું. આથી રાયચંદભાઈ તેની દુકાને ગયા. એમને જોઈ વેપારીએ કહ્યું: 'હું તમારો સોદો પાર પાડવાની ચિંતામાં જ છું અને કોઈ પણ ભોગે હું તેમ કરીશ. તમે ચિંતા ના કરશો.' રાયચંદભાઈએ અત્યંત કરુણાથી કહ્યું: 'તમને મારી ચિંતા છે તેમ મને પણ તમારી ચિંતા છે. આપણા બંનેની ચિંતાનું કારણ આ કરારનો દસ્તાવેજ છે. તમને પાયમાલ કરીને હું કમાવા માગતો નથી. રાયચંદ દૂધ પી શકે છે, લોહી નહિ.' એમ કહીને એમણે પેલો દસ્તાવેજ ફાડી નાખ્યો.


∞

અનેકાર્થી શબ્દ : રજ=બારીક ધૂળ; કસ્તર; ધૂળનો કણ; જરા જેટલું; પુષ્પનો પરાગ; સ્ત્રીનો માસિક અટકાવ; પિંગળશાસ્ત્રમાં એક છંદ; એ નામના એક ઋષિ; ત્રણ માંહેનો એક ગુણ—રજોગુણ; લંબાઈ માપવાનું એક માપ: ૮ અણુ= ૧ રજ; રાત, અંધકાર; એક પ્રકારનું વાદ્ય; રૂપું; કલાઈ; ખેડેલી જમીન; પાપ કે માનસિક મેલ; વરસાદનું પાણી; લોહી; વરાળ; વાતાવરણ.

∞

ગણિતગમ્મત : પાસે પાસેની કોઈ પણ બે સંખ્યાનો સરવાળો, તે બે સંખ્યાના વર્ગની બાદબાકી જેટલો જ આવશે, દા. ત. ૨+૩= (૩×૩)-(૨×૨)= ૯-૪=૫ (ધીરજલાલ)

∞



રેલવે અકસ્માતમાં પાટાની જે 'ફિશપ્લેટો' કાઢી નાખ્યાના હેવાલો આવે છે તેનું ચિત્ર ઉપર આપ્યું છે. બે પાટાના છેડાને જોડતી તે લોઢાની પ્લેટ હોય છે, ને આ રીતે બોલ્ટ વડે પાટાને જકડી રાખે છે. ભાંગફોડિયાઓ એ બોલ્ટ કાઢી નાખી પ્લેટને દૂર કરે છે, તેથી પાટા છૂટા થઈ જવાને પરિણામે ગાડી ઊથલી પડી અકસ્માત થાય છે.

विश्रान्तिः यस्य संभोगे
सा कला, न कला मता।
लीयते परमानन्दे
ययात्मा, सा कला मता॥

જે વિલાસ અને ભોગમાં પરિણમે, તે કલાને કલા ન કહી શકાય: જે વડે મનુષ્યનો આત્મા પરમ આનંદમાં લીન બને તે સાચી કલા.

કહેવતોના અર્થ : 'આર વગર ચીંથરું અક્કડ રહે નહિ.'–કોઈ નમાલો માણસ કોઈક બીજા બળિયાની શેહ, સહાય કે હિંમત ઉપર રૂઆબ કે શેખી મારતો હોય તે દર્શાવવા વપરાતી સચોટ દૃષ્ટાંતવાળી આ કહેવતનો બીજો અર્થ એ પણ થાય કે ઢીલા અથવા નબળા માણસને આગળ આવવા માટે કોઈ સધ્ધર ટેકો જોઈએ. એ દર્શાવતી એક બીજી કહેવત તો જાણીતી છે કે 'વાડ વિના વેલો ન ચડે'.

∞

'સૅન્ડવિચ' ટાપુઓના લોકોમાં જો કોઈને સૂતક આવે તો તે તેનો એક દાંત પડાવી નાખે છે! ❡ ઈ. ૧૮૯૮ પહેલાં હિંદમાં છાપાના અંકો જો એકબીજાને બદલામાં મોકલવાના હોય તો તે ટપાલમાં મફત મોકલી શકાતા!



'આંતરરાષ્ટ્રીય મહિલાવર્ષ' નિમિત્તે ભારતમાં આ સ્વાતંત્ર્યદિને (૧૫-૮-'૭૫) ૧૦ પૈસા અને ૧૦ તથા ૫૦ રૂપિયાના ખાસ સિક્કા બહાર પડયા છે. ત્રણેય ઉપર આ પ્રમાણે સ્ત્રી ઉપરાંત જળબંધ અને અનાજની ડૂંડી દ્વારા દેશના વિકાસનું સૂચન કોરેલું છે, એ સાથે આ નિમિત્તે ભારતે અપનાવેલું સૂત્ર પણ આપ્યું છે. ત્રણે સિક્કાની પાછલી બાજુએ અશોકસ્તંભ તથા હિંદી-અંગ્રેજીમાં 'ભારત' શબ્દ કોરેલો છે.



કેટલીક પ્રાચીન માન્યતાઓ હતી કે પૃથ્વી એ એક કાચબાની પીઠ પર ઊભેલા ચાર હાથીઓએ ધરી રાખેલી તાસક જેવી છે. ગ્રીક કવિએ એને ચારે પાસ દરિયાથી વીંટળાએલા, વચ્ચેથી ઊપસેલા ટાપુ જેવી વર્ણવી હતી. અનેક પ્રાચીન આદિવાસીઓ માનતા કે તેઓ જ્યાં વસે છે એટલો ભૂભાગ એ જ પૃથ્વી. આપણે ત્યાં યે મનાતું કે શેષનાગે એને પોતાની ફેણ પર ધરી રાખેલી છે. પણ ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં પાયથાગોરાસ નામના ગ્રીક દાર્શનિકે એને પ્રથમ ગોળા જેવી ગણાવી છે. ઈ. ૧૯૫૮માં તરતા મુકાએલા અમેરિકન સેટેલાઈટ દ્વારા જાણવા મળ્યું કે એનો આકાર અંશતઃ જામફળ જેવો છે.

∞

તાઈવાન (ફૉર્મોસા)માં જગતનું સૌથી જટિલ ટાઈપરાઈટર પ્રચારમાં છે, જેમાં ચીની ચિત્રલિપિના ૩૦૦૦ અક્ષરો ઉપરાંત રોમન અને સાઇરિલિકના ૫૦ અક્ષર પણ છે. પરંતુ એના ઉપર ઝડપીમાંઝડપી ટાઇપિસ્ટ પણ માત્ર દર મિનિટે નવ અક્ષર જ ટાઈપ કરી શકે છે.



કલાકણિકા : ખાવાની તમાકુ રાખવા માટેની બસ્તરના આદિવાસી મુરિયાઓની અગાઉ આવી ગએલી દાબડી જેવી એક બીજી.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૨૯૫થી

શકાય તેમ નથી. વિક્રમ સંવતનું વર્ષ માનીએ તો શું થાય તે જોઈએ: તેમાં આગળ ૧૧નો અંક ઉમેરતાં સં૦ ૧૧૩૧ / ઈ૦ સ૦ ૧૦૫૭ માનવા જતાં મોટી આપત્તિ એ ઊભી થાય કે ઈ૦ સ૦ ૧૧૪૩ સુધી તો કટુદેવનો પિતા અશ્વરાજ કિંવા આસરાજ પોતે ગાદી ઉપર છે! જો '૧૧'ને બદલે '૧૨'નો અંક લગાવીએ તો સં૦ ૧૨૩૧ / ઈ૦ સ૦ ૧૧૭૫ પ્રાપ્ત થાય. પણ તેમાં પણ ઘણા વાંધા ઊભા થાય છે જે (વિષે જોઈએ.

સેવાડીના મહાવીર જિનાલયના સં૦ ૧૧૬૭ / ઈ૦ સ૦ ૧૧૧૧ના લેખ અનુસાર એ કાળે ત્યાં અશ્વરાજપુત્ર કટુદેવ 'યુવરાજ' પદે બિરાજમાન હતો. જે માણસ ઈ૦ સ૦ ૧૧૧૧માં યુવરાજપદે છે, તે છેક ઈ૦ સ૦ ૧૧૭૫માં, ૬૪ વર્ષ બાદ, ગાદીએ બેઠો હોય? છતાં એ વાત સંભવિત માનીએ તો પણ સં૦ ૧૨૧૩/ઈ૦ સ૦ ૧૧૫૭માં તો અશ્વરાજના પુત્ર પ્રતાપસિંહનું અને સં૦ ૧૨૧૮માં પ્રતાપસિંહના પુત્ર આલ્હણદેવનું એ પંથકમાં શાસન હોવાનું નાડલાઈ ને નાડોલના અભિલેખોથી સિદ્ધ છે! આથી કટુદેવના યુવરાજ જયતસિંહના લેખના 'સં૦ ૩૧' માટે વિક્રમસંવત નહિ પણ 'સિંહસંવત' જ બંધબેસતો થાય છે, અને તેમ થતાં તિથિવાર પણ મળી રહે છે. આથી પ્રસ્તુત લેખ વિ. સં. ૧૨૦૧ / ઈ૦ સ૦ ૧૧૪૪ના વર્ષનો ઠરે છે, જે અશ્વરાજના મળતા બાલિના છેલ્લા લેખ (ઈ૦ સ૦ ૧૧૪૩) પછીનો હોઈ, આનુપૂર્વીમાં સુસંગત પણ બની રહે છે. સવાલ એ થાય કે નાડોલના ચાહમાનો, દૂર સૌરાષ્ટ્રમાં રહેલા જેઠવા રાણકસિંહના સંવત્સરનો ઉપયોગ શા માટે કરે? બાલિના લેખમાં તો અશ્વરાજ જયસિંહદેવ સિદ્ધરાજનું આધિપત્ય સ્વીકારતો હોવાનું સ્પષ્ટ કહ્યું છે. જો 'સિંહસંવત' જયસિંહદેવે પ્રવર્તાવ્યો હોય તો તેનો ક્યારેક ઉપયોગ ('સિંહ' નામ પાડ્યા સિવાય પણ) તેનો નાડોલનો સામંત કરે તે વાત તદ્દન સુસંગત છે. આ નાડોલવાળો મુદ્દો આથી સિંહસંવતનો નિર્ણય લેવામાં ઘણો મહત્ત્વનો છે, ને સિંહસંવત જયસિંહદેવે પ્રવર્તાવ્યો હોવાના તર્કને સબળ ટેકો આપી રહે છે.

આ સંદર્ભમાં કુમારપાળના સમયમાં પ્રવર્તિત થએલા 'સિદ્ધ-હેમ-કુમાર' સંવત વિષે જોઈએ. એનો ઉલ્લેખ આચાર્યપ્રવર હેમચંદ્રે અભિધાન ચિંતામણિ (સં. ૧૨૦૭/ઈ. સ. ૧૧૫૧)માં કર્યો છે.અને પ્રસ્તુત સંવતના વર્ષ ૪/ વિ. સં. ૧૨૦૩નો લેખ ધરાવતી પ્રતિમા શત્રુંજય પર મળી છે. પણ આ સંવત્સર બિલકુલ ચાલ્યો જ નથી. જૈનોએ પણ તેનો ઉપયોગ કર્યો હોવાનું અન્ય એક પણ દૃષ્ટાંત નથી. નવા સંવત્સરો ચલાવવા બહુ મુશ્કેલ હોય છે.

જેઠવા રાણા સિંહે વ્યાઘ્રપલ્લીના ઠાકોર પર મોરબી પાસે ધીંગાણામાં ફતેહ મેળવી હોય તેને ભાગ્યે જ 'મહાન વિજય' કહેવાય. વધુમાં વધુ પચાસ-સાઠ માઈલની ત્રિજ્યા ધરાવતા જેઠવા રાજવંશની સંવત્સર ચલાવવા જેટલી હેસિયત ખરી? એમ નાના નાના વિજયો પછી નાનાં નાનાં રાજ્યો સંવત્સરો ચલાવી શકતા હોત તો ભારતમાં પ્રાચીન અને મધ્યકાલીન મળી સેંકડો સંવત્સરો ચાલ્યા હોવાના આભિલેખિક પ્રમાણો મળત! જયસિંહદેવ જેવા ચક્રવર્તીપદ ધારણ કરેલા, ગુજરાત ઉપરાંત માળવા, સપાદલક્ષ અને સિંધુદેશ પર જય કરનાર રાજાએ સિંહસંવત ચલાવ્યો હોય તે વાત ગળે ઊતરે તેવી છે, અને તેનો સંવત્સર પણ જે જયાતરા ગતિમાં આવ્યો તે પણ તેના બહોળા શાસનનાં અંતિમ વર્ષોમાં, અને તે પણ તેની ખ્યાતિ ખૂબ જ ફેલાયા બાદ જ! સોલંકી-વાઘેલાઓનો અમલ સૂચવતા લેખોમાં જે સિંહસંવત હોય તે સોલંકી રાજવંશના વિખ્યાત પુરુષનો હોઈ શકે, ઘુમલીના સિંહ રાણકનો તે હોવાની ભાગ્યે જ અપેક્ષા રાખી શકાય.

શ્રી રાયજાદાની ચૂડાસમા રા'ખેંગારે તે ચલાવ્યો હોવાની વાત અને તે માટે કલ્પેલાં કારણો બિલકુલ પ્રતીતિકારક ન હોઈ, અહીં તેની ચર્ચા કરીશ નહિ.

(વારાણસી —મધુસૂદન ઢાંકી

[• આ ચર્ચા હવે બંધ કરવામાં આવે છે.-તંત્રી]

સ્વ. ડૉ. સોમપુરા

અંક ૬૧૮માં શ્રી મનસુખલાલ સોમપુરાએ જણાવેલું કે અંક ૬૧૩માં સ્વ. કાંતિલાલ ફૂ. સોમપુરા, સોમપુરા જ્ઞાતિમાં સૌપ્રથમ ગ્રૅજ્યુએટ થયાનું જણાવ્યું છે, પરંતુ પાલીતાણાના સ્વ. રેવાશંકરભાઈ આજથી સાઠ વર્ષ પર પહેલવહેલા ગ્રૅજ્યુએટ થએલા.

હકીકત એ છે કે અંક ૬૧૩માંની અવસાનનોંધમાં તો ડૉ. કાન્તિલાલ સોમપુરા 'તળ ગુજરાતની સોમપુરા જ્ઞાતિના પ્રથમ સ્નાતક' હોવાનું નોંધાયું છે, 'સમસ્ત સોમપુરા જ્ઞાતિના' એવું નોંધાયું નથી. આથી શ્રી મનસુખલાલે સૌરાષ્ટ્રના જ્ઞાતિવિભાગને બદલે તળ-ગુજરાતના જ્ઞાતિ વિભાગમાં ૧૯૪૪ પહેલાં સ્નાતક થયાનો દાખલો આપ્યો હોત તો લેખે લાગત. સોમપુરા જ્ઞાતિ વિષે તે જ્ઞાતિના જનો વધુ જાણે ને કંઈ વિગતદોષ હોય તો જરૂર જણાવે. ૧૯૬૩ પહેલાં સમસ્ત સોમપુરા જ્ઞાતિમાં કોઈ પીએચ. ડી. થયું હોય તો તે પણ જરૂર જણાવે. વિગતદોષ નીકળે તો જરૂર સુધારી લેવાય.

અંક ૬૧૭માં શ્રી નરોત્તમ પલાણે સ્વ. ડૉ. સોમપુરાને અપાતી અંજલિમાં એમની અતિપ્રશંસા થઈ હોવાની ફરિયાદ કરી છે. હરકોઈ મનુષ્યમાં અમુક શક્તિઓ અને અમુક મર્યાદાઓ હોય છે. સામાન્ય રીતે વિદેહ વ્યક્તિને અપાતી અંજલિમાં એની શક્તિઓનું બહુમાન થતું હોય છે. ડૉ. સોમપુરાના કાર્યની ગુણવત્તા વિષે અભિપ્રાયભેદ હોઈ શકે છે, પરંતુ વિદેહ વ્યક્તિ વિષે લેખકો તથા પ્રકાશકો આવી ટીકા કરવાનું ટાળે તો તે ઇષ્ટ ન ગણાય?

(અમદાવાદ) —હરિપ્રસાદ શાસ્ત્રી

પારસીઓનું આગમન

મે અંકમાં મારા પત્રના અનુસંધાનમાં શ્રી નરોત્તમ પલાણે વિદ્વાનોની માન્યતા અનુસાર પારસીઓના આગમન વિષેની વિવિધ રસપ્રદ માહિતી આપીને પ્રકાશ પાડવા પ્રયત્ન કર્યો છે.

૧) શ્રી પલાણે ચાર પ્રચલિત મતોને દર્શાવી ઈ. સ.ની દસમી સદીમાં પારસીઓ ગુજરાતમાં ઘણે સ્થળ 'આતશ બહેરામ' સાથે રહેતા હતા તે અતિ પ્રસિદ્ધ હકીકતનો નિર્દેશ કરી છેવટે 'આ હિસાબે આઠમી સદીની આજુબાજુનો સમય વધારે સંભવિત જણાય છે' એવો અનિશ્ચિત આગમનકાળ નોંધી 'ઈરાનથી નીકળ્યા, રસ્તામાં પણ સારો સમય ગયો, ગુજરાતમાં ઊતર્યા વગેરેમાં દિવસ, માસ, વર્ષની નિશ્ચિત તારીખ કાઢવી શક્ય નથી' એવો નકારાત્મક મત દર્શાવ્યો છે. એથી મૂળની 'અપેક્ષા' અધૂરી જ રહેવા પામે છે.

૨) જૂની જળવાએલી નોંધમાં નિર્દિષ્ટ 'સને ૮૫ ઈયજદ જરદી'ને નેપથ્યમાં કેમ રખાય? સવિશેષ મહત્ત્વ તો તેનું જ ઘટે.

૩) જલ સી. એન્જિનીઅર પોતાના ઈરાનિયન ઝોરોઍસ્ટ્રિયન્સ' (જુઓ 'ધી ઈલસ્ટ્રેટેડ વીક્લી ઑવ ઇન્ડિયા' માર્ચ ૧૯૭૨) લેખમાં નોંધે છે કે Persian King once ruled half civilised world. વળી ઈરાન સાથે હિંદુસ્તાનનો ખાસ કરીને ગુજરાતનો રાજકીય વ્યાવહારિક સંબંધ અતિ પ્રાચીન કાળથી રહ્યો હોઇ મહાભારત ને કાલિદાસમાં 'પારસી'ના ઉલ્લેખો મળે એ સ્વાભાવિક જ છે. પરંતુ મારો અભિગમ મુસલમાનોના ત્રાસથી ધર્મની રક્ષા માટે ઈરાનનો પરિત્યાગ કરીને પારસીઓ ગુજરાતમાં ક્યારે આવ્યા તે છે.

૪) 'મગી' બ્રાહ્મણો પારસી હોવાની સંભાવના દર્શાવાઈ છે ત્યારે સહજ જ પ્રશ્ન સ્ફુરે છે કે એ પારસીઓએ ક્યારે ધર્મપરિવર્તન કર્યું? શા માટે? વળી તે કાળે પોતાની વિદ્વત્તાને લીધે સમાજના ઉચ્ચ સ્થાને વિરાજતા બ્રાહ્મણોએ પોતાની જ્ઞાતિમાં એ પરદેશીઓને કેવી રીતે સમાવિષ્ટ કર્યા હશે?

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

ભારતીય પક્ષી

'કુમાર'ના અંક ૬૧૭માં કિશોર ગોહિલની

'ભારતીય પક્ષી' શિર્ષક નીચેની તેમની ચર્ચા યોગ્ય છે. વળી પક્ષીના નામ સાથે તેનું વૈજ્ઞાનિક નામ હોય તો ક્યા ચોક્કસ પક્ષી વિષે વાત કરીએ છીએ તે સમજી શકાય. દા. ત. Pericrocotus flammues flammues (Foster) જેવું નામ સાથે લખ્યું હોત તો Scarlet Minivet કે 'રાજાલાલ' જેવી ગરબડ નિવારી શકાઈ હોત. એ જ રીતે Falco tinnunculus જેવું નામ સાથે લખ્યું હોત તો 'નરઝી' કે 'લરજી' એ પ્રશ્ન ન થાત.

પક્ષીનિરીક્ષણ એ ઘણી જ આનંદપ્રદ પ્રવૃત્તિ હોવા ઉપરાંત ઘણી વખત ખૂટતી વૈજ્ઞાનિક કડીઓ પૂરી પાડે છે. દિવાળીઘોડા અને Starlings આપણે ત્યાં પાંચ મહિના કરતાં પણ વધુ સમય રહે છે. Starlings તો આઠ મહિના સુધી અહીં નોંધવામાં આવ્યા છે. પ્રવીણ ભણસાળી લખે છે તેમ 'મહેમાનગતિ માણી, જાણે વિદાય લેતાં હોય એવું લાગે છે.' આમ લાગવાનું કારણ એ છે કે કેટલાંક ઘણા દૂરનાં પ્રવાસી છે જ્યારે પતરંગા જેવાં પક્ષીઓ Locally migratary છે. એ જ પત્રમાં Sterlings છપાયું છે. તે Starlings જોઈએ. Starlings એ order: Passeri formcsની family: Sturnidaeના પક્ષીઓ છે. Starlingsની પણ જુદી જુદી Species છે કે જેમાં સામાન્ય કહેવાય તેવાં નીચેનાં બે છે: ૧) Rosy Starling scientific name: Sturnus roseus linn. ગુજરાતી નામ: ગુલાબી મેના, વૈયું; ૨) Common Indian Starling scientific name: Sturnus vulgaris poltaratskiy finch, ગુજરાતી નામ: તીલિયર મેના. કાળું વૈયું.

(ભાવનગર) —ભવભૂતિ પારાશર્ય, કર્દમ ભટ્ટ

સ્વ. ડૉ. મોતીચંદ્ર

સ્વ. ડૉ. મોતીચંદ્રજીએ મુંબાઈના પ્રિન્સ ઑવ વેઈલ્સ મ્યૂઝિયમના વડા તરીકે જીવનભર ગુજરાતને અપાર સેવાઓ આપી છે. તેમની અથાગ વિદ્વત્તા, સૌજન્ય અને વિશાળ કાર્યપ્રદેશનો સુષ્ઠુ પરિચય આપવા માટે શ્રી મધુસૂદન ઢાંકી અભિનંદનપાત્ર છે. આ તકે તેમની સાથેના લાંબા સંબંધનું સ્મરણ કરું છું. અમદાવાદમાં ઇતિહ-પરિષદ થઈ ત્યારે મારી સાથેના અંગત સંબંધ અને લાગણીના કારણે મારું નમ્ર આતિથ્ય સ્વીકારવા તેમનાં પત્ની સહિત ભોજન લેવા મારે ત્યાં પધાર્યા હતા. હજી ગયા જ વર્ષે મારી 'અજંતાના કલામંડપો'-ની પ્રકટ થનારી નવી આવૃત્તિની પૂર્તિ માટે તેમણે છપાવેલો 'અજંતાનાં વસ્ત્રાભૂષણ અને મસ્તક-સુશોભન' ઉપરનો અભ્યાસપૂર્ણ લેખ પ્રકટ કરવા પ્રેમપૂર્વક સંમતિ આપી છે. હવે એ પત્ર તેમનું છેલ્લું સ્મરણ મારી પાસે રહેશે.

ઈરાની કલાકાર કયાદોરિયાંએ એકલે હાથે ભારતભ્રમણ કરી બધી પાષાણ ગુફાઓની ભીંતો પરનાં ચિત્રોની કરેલી પ્રતિકૃતિઓનું પ્રદર્શન મુંબાઈમા કર્યું ત્યારે તે ચિત્રોની કાળક્રમાનુસાર ટિપ્પણી સહિત જે સચિત્ર સ્મરણિકા ડૉ. મોતીચન્દ્રે લખી છે તે એ વિશાળ કાળવિસ્તારના તેમના ચોક્કસ જ્ઞાનનો પુરાવો છે. વળી તેમણે મારા શિષ્ય જગન મહેતાને 'કુમાર'ના પ્રમાણપત્ર પરથી જ તેમના મ્યૂઝિયમના ફોટોગ્રાફી વિભાગના નિયામક તરીકે કાયમી નિમણૂક આપેલી, હાલ તે વયના કારણે નિવૃત્ત છે, પણ મહેતા વિષે તેમણે મને પૂરા સંતોષ બતાવ્યો હતો. જગન મહેતાએ ત્યાની પોતાની કારકિર્દી દરમિયાન ભારતના હજારો પ્રાચ્ય પદાર્થો, પ્રતિમાઓ, લેખો વગેરેની ફોટોપ્રતોનો વ્યવસ્થિત સંગ્રહ તેમની દોરવણી નીચે મ્યૂઝિયમના આગાર માટે કરી આપ્યો છે.

'જૈન ચિત્ર કલ્પદ્રુમ'નું પ્રકાશન કુમાર કાર્યાલયમાં ઈ. ૧૯૩૨માં થઈ શક્યું ત્યારથી તેઓ 'કુમાર'ના પ્રશંસક બન્યા હતા અને સારાભાઈ નવાબને એ પુસ્તકનું અંગ્રેજી ભાષાંતર કરી આપવા સ્વીકાર્યું હતું.

ભારત મ્યૂઝિયમ એસોસીએશનના તે ઉપપ્રમુખ હતા અને મુંબાઈમાં ડૉ. કુમારસ્વામી હૉલમાં તેનું સંમેલન થયું ત્યારે એસો.ના કાયમી સભ્ય તરીકે હું ત્યાં હાજર હતો તે વખતે વિદ્યાર્થીઓને જવાબ આપવા તે ઊભા થયા ત્યારે મેં એમનું રુદ્ર સ્વરૂપ જોએલું; એ જ રીતે મિત્રને માન ને પ્રેમભરે મુખે ભેટતા કે સત્કારતા પણ જોયા છે. શ્રી ઢાંકી કહે છે તેમ તેમના જેવા બહુ ક્ષેત્રોના વિદ્વાન હવે મળે ત્યારે ખરા.

માથે ટોપી બાંકી રાખેલા, સુગોળ સુંદર હસતા ચહેરાવાળા સદૈવ યુવાન લાગતા ડૉ. મોતીચંદ્રને હું કદી ભૂલી શકીશ નહિ. બીમાર અને અશક્ત હું એમને યથાયોગ્ય અંજલિ આપી શકતો નથી.

(અમદાવાદ) —રવિશંકર રાવળ

રહી ગએલો સંવત

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના 'ગુજરાતમાં વપરાએલા સંવતો' (અંક ૬૦૦)માં એક સંવતનો ઉલ્લેખ કરવો રહી ગયો લાગે છે. તે છે 'કલચૂરિ સંવત' યા 'ચેદિ સંવત્' યા 'ત્રૈકૂટક સંવત.'

ડૉ. મંજુલાલ સેવકલાલ દવેના જણાવ્યા પ્રમાણે 'ગુજરાત વગેરે પ્રાંતોમાં ચોલુક્ય, ગુર્જર વંશના લેખોમાં તેમજ ચેદિ દેશમાં—એટલે મધ્ય પ્રાંતના ઉત્તર તરફના ભાગમાં—મળેલા લેખમાં આ શક મળે છે. કોંકણમાં પણ મળે છે....ઈ. સ.ના તેરમા શતકના આરંભથી બંધ પડી ગયો હશે એમ જણાય છે.'

આ શક શરૂ કોણે કર્યો તે વિષે કોઈ નિશ્ચિતપણે કહી શકતું નથી, એમ જણાવી તેઓ ડૉ ફ્લીટનો મત ઉલ્લેખે છે કે 'અભીર ઈશ્વરદત્ત તથા તેમના પિતા શિવદત્તે આ શક ચલાવ્યો છે.' જ્યારે ડૉ. રમેશચંદ્ર મજમુદાર પ્રમાણે 'કુશાન વંશના કનિષ્ક રાજાએ આ શક પ્રચારમાં આણ્યો છે.'

આ શકની શરૂઆત ક્યારે થઈ તે વિષે પણ અનિશ્ચિતતા પ્રવર્તે છે. પરંતુ 'ડૉ. કિલહૉર્ને ગણિત કરીને એવું ઠરાવ્યું છે કે ઈ. સ. ૨૪૯-ની ૨૬મી ઑગસ્ટથી કલચૂરિ શકનો આરંભ થયો એમ ગણીને ચાલતાં તે શકના શિલાલેખો તથા દાનપત્રોમાં જે તિથિ આપવામાં આવે છે તે બરાબર મળે છે.'

(વલ્લભ વિદ્યાનગર) —એ. કે. દેસાઈ

સુરખાબ

શ્રી હરિનારાયણ આચાર્યની સુરખાબ અંગેની માહિતી (અંક ૬૦૭)ના સમર્થનમાં જણાવવાનું કે ચાલુ વર્ષના મે માસની ૧૪-૧૫ અને ૨૨ તારીખના રોજ તેઓ ૮-૯ના ટોળામાં પ્રાંતીજ મુકામે (અમદાવાદથી ૩૫ માઈલ ઉત્તરે) દેખાયાં હતાં. સંભવ છે કે ૧૪ થી ૨૨ તારીખના અરસામાં, કે ૧૪મી પહેલાં પણ દેખાયાં હોય. પરંતુ તે સમયે હું ત્યાં હતો નહિ. પરંતુ ૨૨/૫ પછી તો દેખાયાં નથી. ત્યાંના એક મિત્રનું કહેલું થયું કે છેલ્લાં બેત્રણ વરસથી આવા 'નવતર' પક્ષી ત્યાં દેખાય છે.

(વલ્લભ વિદ્યાનગર) —એ. કે. દેસાઈ

ભગવાન મહાવીરનાં માતા

મે અંકમાં 'ભગવાન મહાવીર અને જૈન ધર્મ' એ વિષે શ્રી ધીરુભાઈ પરીખનો અતિ સુંદર ને રસપદ માહિતી પૂરી પાડતો લેખ વાંચ્યો. તેમાંની નીચેની બે વાત ઉપર ધ્યાન દોરું છું:

૧) ભગવાન મહાવીરના જન્મ વિષે બહુમતી નિર્ણય એવો છે કે તેમનો જન્મ ઈ. સ. પૂર્વે ૫૯૯ના ચૈત્ર સુદ તેરસના દિવસે થએલો. (નોમને દિવસે નહિ)

૨) વાચકો એ વાત પર પ્રકાશ પાડે કે ભગવાન મહાવીરનાં માતા ક્ષત્રિયાણી ત્રિશલા દેવી કે બ્રાહ્મણી દેવાનંદા? શ્રી ધીરુભાઈ ત્રિશલાદેવીને ભગવાનની માતા ગણાવે છે, જ્યારે ભગવતીના નવમા શતકમાં ભગવાન પોતે જ કહે છે કે હું તો દેવાનંદા-પુત્ર છું. તો આમાં ખરું શું? શું બંને ખરાં? છતાં વાચકો, વિદ્વાનો વધુ પ્રકાશ પાડી શકે.

(વીરમગામ) —કિશોર સી. ઠાકર.

કપાસી

'કુમાર'ના જાન્યુ. '૭૪ના અંકમાં વૈદ્ય નવીનભાઈએ કપાસી માટે થોડા ઉપચારો જણાવ્યા છે કે જે બધા કષ્ટદાયક છે અને સુગમ નથી..

અને ત્રણેક મહિના પહેલાં પગના અંગૂઠામાં કપાસી થએલી પણ મેં તે ચપલનો ડંખ હોવાનું માની ટોપરાનું તેલ લગાડેલું; પણ કંઈ ખાસ ફેર ન પડતાં ને એક ડૉક્ટર મિત્રને મળવા જતાં તેમણે તે કપાસી હોવાનું અને તે પર Corn cap (કેપ) લગાડવાનું કહેલું. આ ખર્ચાળ ટોપીઓ ત્રણેક લગાવવા છતા બહુ ફેર ન જણાતાં અંતરપ્રેરણાથી જખમનું પાન (મહારાષ્ટ્રમાં તેને ખોમરા કહે છે) ટુકડો ટુકડો કરી ત્રણેક અઠવાડિયા લગાવતાં (પાનનો ટુકડો મૂકી પાટો બાંધી) કપાસી મટી ગઈ છે આ સાદો સરળ ઉપચાર અનુભવવા જેવો છે.

(મલાડ, મુંબાઈ) —વલ્લભદાસ સચદે

ફિલ્મ વગેરે

ઘણાં વર્ષોથી 'કુમાર' વાંચું છું. જીવનના દરેકે દરેક ક્ષેત્રને આવરી લેવા માટે 'કુમાર' જાણીતું છે, પણ ફિલ્મક્ષેત્ર પર 'કુમારે' ધ્યાન નથી આપ્યુ. બહુ નહિ તો યે કોઈ કોઈ સારી ફિલ્મ નીકળે જ છે, અને તે વિષે 'કુમાર'ના વાચકોને માહિતી મળે તે સારું નહિ? ફિલ્મ, ટી. વી. અને રેડિયોને આવરી લેતું એક પાનું પણ હોવું જોઈએ.

આજનાં અને આવતી કાલનાં નાગરિકો પર જેની અસર પ્રબળ રહેવાની છે એને ધ્યાન બહાર રાખીને 'કુમાર' આવતી કાલનાં નાગરિકો માટેના માસિકનો દાવો કરી શકે નહિ.

(વડોદરા) —અમિત અફ્ફડ

નવી લેખમાળા

'કુમાર'માં જેમ વર્ષો પહેલા ફાધર વાલેસની લેખમાળા સંસ્કાર સિંચન માટે આવતી હતી તેમ આજના દિશાશૂન્ય વિદ્યાર્થીને માર્ગદર્શન રૂપ લેખમાળા સારા કેળવણીકાર પાસે લખાવી પ્રસિદ્ધ કરે તો ઊગતી પેઢીને આશીર્વાદરૂપ બને. અને જીવન વિષે, અભ્યાસ વિષે જે કેળવણીકારો ફક્ત સલાહ જ આપે છે કે 'આમ ન થવું જોઈએ' તેને બદલે જો 'આટલું કરવું જોઈએ' ને વાસ્તવિક ઉપાય બતાવતી લેખમાળા પ્રગટ કરો તો ચોક્કસ નવી દિશા મળે.

(જામ ખંભાળિયા) —દિલીપકુમાર વ્યાસ

'કુમાર'ની વાર્તાઓ

હમણાંની 'કુમાર'ની વાતોઓ બહુ ટૂંકી આવે છે. તો આપણી આવી ગએલી આગળની સારી વાર્તાઓ '૨૫ વર્ષ પહેલાં'માં ક્રમશઃ આપો તો? 'દરિયાનો દાનવ', 'સુકાની'ની વાર્તાઓ, પ્રાણીકથાઓ વગેરે...તો આજની બીજી-ત્રીજી પેઢીને 'કુમાર'નાં આગળના સંસ્કાર-વારસાની ખબર પડે. મારો નાનો બાબો કહે છે કે હવે 'કુમાર' કુમારો માટે નથી આવતું, તમારા જેવડાં માટે છે. અને તે 'કુમાર'ની આગળની ફાઈલો વાંચે છે.

(બોરીવલી) —શોપા વસા

સબમરીન વિષે

સામાન્ય રીતે 'કુમાર'ના લેખો 'માહિતીપ્રદ' શબ્દ સાથે સંકળાએલા રહે છે. 'આપણી સબમરીન' વિષયક લેખ એ પરંપરાને હાનિ પહોંચાડનારો લાગ્યો. અસંગત વસ્તુકથા ઉમેરીને સબમરીનને તો લેખકે પેટાળમાં જ ઉતારી દીધી છે. છેલ્લા ચાર ફકરાઓ એમની છાપાળવી શૈલીની સાક્ષી પૂરે છે.

(મુંબાઈ) —ગૌતમ કોઠારી

[* સંરક્ષણ મંત્રાલયના નિયમોને અધીન રહીને આથી વધુ માહિતી આપી ન શકાય.]

ચંદ્રક વિજેતાઓ વિષે

'કુમાર' ચંદ્રક વિજેતા શ્રી. મધુસૂદન ઢાંકીનો તમે માર્ચ અંકમાં ફોટો છાપ્યો છે, એ તો સારું કર્યું છે. પરંતુ ફોટાની સાથે સાથે શ્રી ઢાંકીના સંક્ષિપ્ત પરિચય આપ્યો હોત તો વધારે સારું થાત.

ચંદ્રક વિજેતાના ફોટાની સાથે વિજેતાનો સંક્ષિપ્ત પરિચય આપવાની પ્રથા અપનાવશો તો એ ઘણા વાચકોને ગમશે.

(પાટણ) —જિતેન્દ્ર વ્યાસ

સાંઢણી અને બોતડું

એપ્રિલ અંકમાં શ્રી હસિત શાહના 'ઊંટના વાંકા દિ' બાબત લખવાનું કે સાંઢિયાની માદા 'સાંઢિયણ' નહિ પણ સાંઢણી; ઊંટનું બચ્ચું 'વછેરું' ન કહેવાય 'બોતડું'. હાથીનું મદનિયું, ગધેડીનું ખોલકું, અને બકરીનું લવારું.

(પાછતર તા. ભાણવડ) —નર્મદ વૈદ્ય

સૌથી અંતિમ દક્ષિણ છેડે

૬૧૭મા અંકના છેલ્લા પાને જણાવ્યા મુજબ 'પુન્ટા આરેનાસ' દુનિયાના સૌથી અંતિમ દક્ષિણ છેડે આવેલું શહેર હોવાની હકીકત સત્ય નથી. આ શહેરની દક્ષિણે બીજાં ચાર શહેરો આવેલાં છે, જેમાં હવાઈ મથકો પણ છે. ક્રમ વાર તેઓ નીચે મુજબ છે: ૧) પોરવેનીર (ચીલી), ૨) રીઓ ગ્રાન્ડે (આર્જેન્ટીના), ૩) યુશુઆઈઆ (આર્જેન્ટીના), ૪) પુર્ટો વિલિયમ્સ (ચીલી) એ (હવાઈ મથક નથી).

આ પ્રમાણે દુનિયાના અંતિમ દક્ષિણ છેડે આવેલું શહેર પુર્ટો વિલિયમ્સ છે.

'નૅશનલ જિયૉગ્રાફિક મૅગેઝીન'ના ૧૯૭૨ના ઑક્ટોબરના અંક સાથેનો દક્ષિણ અમેરિકાનો વિસ્તૃત નકશો આ હકીકતને સમર્થન આપે છે.

(અમદાવાદ) —વિપુલ ત્રિવેદી

શ્રીમતી કેસરબાઈ ને શ્રીમતી મોઘુબાઈ

મે અંકમાં 'આ માસ ઇતિહાસમાં' એ વિભાગમાં શ્રી રામકૃષ્ણ વઝેબુવા વિષેના લખાણમાં 'કેસરબાઇ, મે ઘુબાઈ, બાપુરાવ પેંઢારકર, વિનાયકરાવ પાગળકર ગુરુરાવ દેશપાંડે વગેરે પણ એમના જ શિષ્યો'—એમ ઉલ્લેખાયું છે તે સંબંધમાં જણાવવાનું કે શ્રીમતી કેસરબાઈએ સંગીતની તાલીમ મુખ્યત્વે અતરૌલીવાળા ખાં સાહેબ અલ્લાદિયા ખાં પાસે લીધી હતી. એમની પાસે તાલીમ લેવા શ્રીમતી કેસરબાઇએ સાડા ત્રણ વર્ષ સુધી રાહ જોવી પડી હતી. કારણ, ખાં સાહેબ અલ્લાદિયા ખાં જેન-તેને પોતાના શિષ્ય તરીકે સ્વીકારતા નહોતા.

'એકલવ્ય' લિખિત 'સંગીતાએ માન કરી' નામના મરાઠીભાષી પુસ્તકમાં એમ જણાવાયું છે કે 'શ્રીમતી કેસરબાઈએ ખાં સાહેબ અલ્લા-

દિયા ખાં પાસેથી તાલીમ લેતાં પહેલાં રામકૃષ્ણ બુવા વઝે, ભાસ્કર બુવા બખલે, અબ્દુલ કરીમ ખાં તથા બરકતઉલ્લા ખાં પાસેથી પણ સંગીતની તાલીમ લીધી હોવાનું જાણવા મળે છે.' આમ રામકૃષ્ણ બુવા વઝે પાસેથી શ્રીમતી કેસરબાઇએ તાલીમ લીધી તો હતી, પરંતુ તે પોતાના છેક પ્રારંભકાળમાં થોડાક સમય પૂરતી લીધી હતી. એમના ખરા ગુરુ તો પૂરાં પચીસ વર્ષ સુધી જેમની પાસેથી એમણે તાલીમ લીધી હતી તે ખાં સાહેબ અલ્લાદિયા ખાં લેખાય. અને અંશતઃ બરકતઉલ્લા ખાં લેખાય.

શ્રીમતી કેસરબાઈની ગાયકી ઉપર ઊંડા અને ચિરંતન સંસ્કાર ખાં સાહેબ અલ્લાદિયા ખાંના ઘરાનાની ગાયકીના જ પડયા છે. અલ્લાદિયા ખાંની ગાયકીની તમામ વિશિષ્ટતાઓ પચાવવા ઉપરાંત શ્રીમતી કેસરબાઇએ પોતાની નિજી શૈલી પણ વિકસાવી હતી, જેનું ઘણું મહત્ત્વ છે. ગુરુપ્રાપ્ત ગાયકીમાં શ્રીમતી કેસરબાઈનું પોતાનું વ્યક્તિત્વ અલગ નીખરી આવતું તે એ કે તેઓ લયને કાપીને ગાતાં; અને પછી લયમાં રાગ ઉપર જોરદાર વજનથી આવતાં રાગને અનુરૂપ અંગથી તેઓ તેનો વિસ્તાર કરતાં. દરબારી રાગ ગાતાં હોય તો શ્રીમતી કેસરબાઈ તેના આલાપચારીનું અંગ વિશેષ ખીલવવા ઉપર ધ્યાન આપતાં. તેઓ બોલતાન લેતાં તેમાં પણ પોતાની વિશિષ્ટતા ઝળકાવ્યા વિના રહેતાં નહિ. ખાં સાહેબ અલ્લાદિયા ખાંએ કેટલાક ખયાલો (ગાયકીનું સ્વરૂપ) ધ્રુપદ પરથી ને કેટલાંક વૈષ્ણવ મંદિરોમાં ગવાતાં પદો ઉપરથી 'અહમદપિયા'-ના ઉપનામથી તૈયાર કર્યા હતા, જે શ્રીમતી કેસરબાઇએ તેમની પાસેથી શીખી, પોતાના સ્વકીય શૈલીની રંગતથી વિશેષ ખીલવી જાણ્યા હતા. અત્યંત અટપટી ને જોરદાર, કૌશલ્યવાળી ચક્રતાનો એ શ્રીમતી કેસરબાઈની ગાયકીની સ્વયંનિર્મિત વિશિષ્ટતાઓ છે. ખયાલ ઉપરાંત તેઓ ઠુમરી, ચૈતી અને કજરી પણ ગાતાં.

શ્રીમતી મોઘુબાઇએ પણ સંગીતની ખરી તાલીમ અલ્લાદિયા ખાં અને તેમના ભાઈ હૈદર ખાં પાસે લીધી હતી. તેઓ માત્ર ખયાલ ગાય છે; ઠુમરી, ચૈતી કે કજરી ગાતાં નથી.

શ્રીમતી કેસરબાઈ અત્યારે તો અત્યંત વૃદ્ધ છે. વર્ષોથી તેમણે ગાવાનું બંધ રાખ્યું છે. દુઃખની વાત એ છે કે તેમના વ્યક્તિત્વથી સભર અને સમૃદ્ધ એવી તેમની પોતાની વિશિષ્ટ ગાયકી કોઈ જ ઝીલી શક્યું નથી કે ખીલવી શક્યું નથી; એટલે એ ગાયકીનો આનંદ હવે માત્ર સ્મરણ કરીને જ માણવો રહ્યો. શ્રીમતી મોઘુબાઈ પણ ઘણાં વૃદ્ધ થયાં છે અને ક્યારેક જ ગાય છે. એમની વિશિષ્ટ ઢબની ગાયકી પણ કોઈ એ ઝીલી કે ખીલવી નથી, એટલે એનો આનંદ પણ માત્ર એનું સ્મરણ કરીને જ માણવો રહ્યો.

(મુંબાઈ) —કૃષ્ણવીર દીક્ષિત

શીળસ ઉપર

જૂનના 'કુમાર'માં વૈદ્ય નવીનભાઈ એ શીળસના ઉપાયો લખ્યા તે ઠીક છે, પણ મેં શીળસનો ખૂબ અસરકારક ઈલાજ અનુભવ્યો છે અને તે એક વૈદરાજે બતાવેલો. મારાં પોતાનાં તેમજ ત્રણ ચાર જણનાં શીળસ ત્રણ-ચાર દિવસમાં જતાં રહેલાં, ને વર્ષો થયાં ફરી થયાં નથી. વાચકોના હિતાર્થે એ ઉપાય નીચે આપું છું :

કીડામારી નામની વનસ્પતિના એકાદ ફૂટ ઊંચા છોડ શિયાળામાં ખેતરોમાં ઊગી નીકળે છે. પાંદડાં સ્વાદે અત્યંત કડવાં. શીળસ માટે એના છોડ લાવી સૂકવવા અને વાટીને આખા છોડનો પાઉડર કરવો. એ સવાર સાંજ બે વખત બે બે ગ્રામ પાણી સાથે પીવો. ખૂબ કડવો લાગે તો કૅપ્સ્યુલમાં ભરી પાણી સાથે ગળી જવો. ત્રણચાર દિવસમાં ગમે એટલા વખતનાં શીળસ મટી જાય છે. મટી ગયા પછી પણ દસપંદર દિવસ કીડામારી પીવાનું ચાલું રાખવું. ફરી શીળસ થતાં નથી. આયુર્વેદનાં પુસ્તકો 'આર્યભિષક' અને 'નિઘંટુ આદર્શ'માં કીડામારીનો ઉપયોગ તાવ ઉપર બતાવ્યો છે, પણ શીળસ ઉપર લેવાથી અનુભવથી જાણ્યું કે એ અત્યંત અસરકારક છે. અને તુરત ફાયદો થાય છે.

(અમદાવાદ) —મણિભાઈ દેસાઈ

ભૂલ

અંક ૬૧૬માં 'કલાવાર્તા'માં માઈકેલૅન્જેલોનો પરિચય આપતાં પૃ. ૧૪૨/૧૪૩ પર જ્યાં 'સેન્ટ પીટર્સના દેવળના સિસ્ટાઈન ચૅપલ', તથા 'સેન્ટ પીટર્સના જગવિખ્યાત દેવળ' એમ છપાયું છે તેમાં હું માનું છું કે 'સેન્ટ પીટરના' એમ હોવું જોઈએ. તથા પૃ. ૧૪૦ પર 'સિસ્ટાઈન ચૅપલ' છે ત્યાં ચૅપલ જ હોવું જોઈએ. ખાસ કરીને નામો અંગે તમે જે ચીવટ રાખો છો તે જાણતો હોવાથી આશ્ચર્ય થયું.

(વલ્લભ વિદ્યાનગર) —રાજેન્દ્રસિંહ જાડેજા

જૂની ફાઈલો

એપ્રિલ '૭૫ના અંકમાં પા. ૧૩૮ના બીજા કૉલમની છેલ્લી લીટીમાં ડૉ. પી. જી. મહેતાને બદલે 'ડૉ. પી. જે. મહેતા જોઈએ.

મારી પાસે 'કુમાર'ની ૪૦, ૪૨, ૪૪, ૪૫, ૪૭ આ વર્ષની ફાઈલો વેચાણ છે. ઈચ્છુકોએ છોટાલાલ માનસિંગ કામદાર વાંકાનેર, એ સરનામે લખવું.